# હરિયાળી

## સ્વરૂપ અને વિભાવના

| | | | | | |
|---|---|---|---|---|---|
| હ | રિ | યા | ળી | કા | વ્ય |
| રી | ડ | લ | લી | યા | હિ |
| ટ | ફૂ | ય | રિ | સા | ઈ |
| બા | લ | ભા | સ | સ્યા | નિ |
| ઉ | ડ | રુ | મ | એ | ગ્મા |

લે. ડૉ. કવિન શાહ

# હરિયાળી

## સ્વરૂપ અને વિભાવના.

: લેખક :

ડૉ. કવિન શાહ

: પ્રકાશક :

કુસુમ કે. શાહ

૩/૧, અષ્ટમંગલ ફલેટ, બીલી ચાર રસ્તા,

બીલીમોરા - ૩૯૬ ૩૨૧

Hariyali Swarup Ane Vibhavana
A Study of Hariyali Form
and its critical appreciation.

: પ્રથમ આવૃત્તિ :
મહાવીર જન્મ કલ્યાણક
સંવત ૨૦૫૬, ૧૬ એપ્રિલ ઈ.સ. ૨૦૦૦

પ્રત : ૫૦૦
મૂલ્ય - રૂા. ૧૦૦

: મુદ્રક :
અમૃત પ્રિન્ટર્સ
કીકાભટ્ટની પોળ, દરિયાપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૧૬૯૮૫૨

# અર્પણ

**સ્વ. મોહન**

ગૂર્જરગિરાની ગરિમાના

ધુરંધર

જૈન સાહિત્યના

સંશોધક, શ્રુતજ્ઞાનોપાસક,

ઇતિહાસવિદ્, પત્રકાર,

વકીલ અને જૈન સાહિત્યના

વારસાને ઝળહળતો

રાખી આજીવન સાહિત્ય

સેવાની કર્મઠતાની

ચિરંજીવ સ્મૃતિમાં

સાદર અર્પણ

ધી લા

આ લ

દે દ

દ લી

ચં

सर्व विद्यासु श्रेष्ठा वै या विना निष्फला क्रियाः ।
आत्मविद्या सदाराध्या दुर्लभा जन्म कोटिभिः॥१६८॥

આત્મદર્શન ગીતા - લે. આ. બુદ્ધિસાગરસૂરિજી. પા. ૩૩૮

સંર્વવિદ્યામાં આત્મવિદ્યા સર્વોત્તમ છે. આત્મવિદ્યા વગરની કરેલી સર્વ ક્રિયા નિરર્થક છે. ક્રોડો જન્મના અભ્યાસથી પણ આત્મવિદ્યાની પ્રાપ્તિ થવી તે અતિ દુર્લભ છે. હંમેશા આત્મવિદ્યા આરાધવા યોગ્ય છે.

❀ ❀ ❀

"When ordinary people sleep in delusion a wise person who remains watchful will not put trust in carelessness. Time is horrible and the body is fragile, Therefore you should move about carefully like a Bharand Bird."

(Jin Vachana Page 189)

# આવકાર

જૈન શ્રમણની બે મુખ્ય જીવન પ્રવૃત્તિ ગણી શકાય : સ્વાધ્યાય અને ધ્યાન : વ્યક્તિગત સાધનાનો સમાવેશ આ બંનેમાં થઇ જાય તેમ છતાં સ્વાધ્યાય એક એવી પ્રવૃત્તિ છે કે જેનો લાભ અન્યોને પણ મળી શકે છે. સ્વાધ્યાયનાં અનેક રૂપ છે. દૈનિક વ્યાખ્યાનો સ્વાધ્યાયનો જ એક પ્રકાર છે. અધ્યયન, અધ્યાપન અને નવસર્જન પણ સ્વાધ્યાયના પ્રકારો છે.

નવસર્જન યુગે યુગે નવાં રૂપ ધારણ કરે છે. પ્રારંભમાં આગમોના ભાષ્ય-ચૂર્ણિ, નિર્યુક્તિઓ રચાયા પછી ટીકા-ટિપ્પણ, ચરિત્ર-કાવ્ય-પ્રકરણનો કાળ આવ્યો. ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓનો યુગ આવતાં આગમો, શાસ્ત્રોના ટબ્બા - બાલાવબોધ ભાષાન્તરો થયાં તેની સાથે ચોપાઇ, રાસ-છંદ-સ્તવન જેવાં સાહિત્ય સ્વરૂપો દ્વારા ધર્મની ભાવના-વિભાવનાને જનતામાં વહેતી રાખવાનું કામ શ્રમણવર્ગે ચાલુ રાખ્યું છે.

'હરિયાળી' એ જૂની ગુજરાતી ભાષામાં ખેડાયેલો આવો જ એક કાવ્યનો પ્રકાર છે. કોઈક ધાર્મિક, આધ્યાત્મિક તત્ત્વ, વસ્તુ વિચારને ચમત્કારિક સમસ્યા રૂપે રજૂ કરતી આ હરિયાળીઓ ઉચ્ચસ્તરનો બૌદ્ધિક આનંદ આપી જાય છે. ભજનિકો અને સંતકવિઓએ આનો ઉપયોગ કર્યો છે. જૈન કવિઓની આવી રચનાઓ જો કે પ્રમાણમાં ઓછી પ્રસિદ્ધ છે.

સાહિત્યોપાસક અને સ્વાધ્યાય શીલ ડૉ. શ્રી કવિનભાઈએ આવી રચનાઓ પર સ્વાધ્યાય કર્યો અને તેના ફળ તરીકે 'હરિયાળી-સ્વરૂપ અને વિભાવના' પુસ્તક તૈયાર કર્યું છે. આ પુસ્તક સાહિત્યરસિકો અને જિજ્ઞાસુઓ માટે ઉજાણી સમું બની રહેશે અને અન્ય વાચકો માટે પ્રાચીન

ગુજરાતી સાહિત્યથી પરિચિત થવા માટે પ્રવેશિકા જેવું કામ કરશે.

શ્રી કવિનભાઈ પોતાના નિવૃત્તિકાળનો આવો શ્રાવકજનોચિત સદુપયોગ કરી રહ્યા છે, એ એક દષ્ટાંત લેવા જેવી વાત છે. જૈન કવિઓની ગઝલો વિશે શ્રાવક કવિ મનસુખલાલ વિશે તેમના અભ્યાસપૂર્ણ નિબંધો પ્રગટ થઈ ચૂક્યા છે. આવી સુંદર શ્રુતજ્ઞાનની ઉપાસના બદલ તેમને હાર્દિક ધન્યવાદ આપું છું અને આ ઉપાસના અખંડપણે ચાલતી રહે એવી મનોકામના વ્યક્ત કરું છું.

મોટી ખાખર (કચ્છ)

સંવત ૨૦૫૬, મહાવદ-૧૦ — મુનિ ભુવનચંદ્ર

તા. ૨૯-૨-૨૦૦૦

"Poetry is the art of uniting pleasure with truth by calling *imagination to the help of reason.*"

**- Dr. Johnson**

# આર્થિક સૌજન્ય

**જૈન એકેડેમી, મુંબઇ**

મુખ્ય દાતા.

જૈન સાહિત્યના સંશોધન અને
પ્રકાશનની પ્રવૃત્તિના પુણ્યકાર્યમાં
સહકાર આપવા માટે હાર્દિક અનુમોદના
અને આભાર

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ.
કાંદીવલી (વેસ્ટ) મુંબઇ.

પૂ. પ્રવચન પ્રભાવક **મુનિરાજશ્રી અક્ષયચંદ્ર સાગરજી મ. સા.**ના સદુપદેશથી આર્થિક સહયોગ.

શ્રી માટુંગા રોડ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ, મુંબઈ. **પ.પૂ.પં. શ્રી પદ્મયશવિજય મ. સા.** ની પ્રેરણાથી

વિશ્વમંગલ ઇન્વેસ્ટમેન્ટ પ્રાઇવેટ લિમિટેડના ડીરેક્ટર અને શ્રુતજ્ઞાન રસિક મુરબ્બી શ્રી શાંતિભાઇ એન. શાહ, મુંબઇ.

હાર્દિક આભાર અને અનુમોદના

# જૈન એકેડેમી
## ભૂમિકા અને દષ્ટિબિંદુ :

જગતના વિવિધ ધર્મોમાં જૈન ધર્મ એક પ્રાચીન ધર્મ છે. જૈન તત્ત્વદર્શનનું વિશ્વના તત્ત્વાર્થ દર્શનમાં આગવું પ્રદાન છે. આ ધર્મના સિધ્ધાંતો અહિંસા, અનેકાન્તવાદ, અપરિગ્રહ, જીવનની પ્રત્યેક પ્રકારની પરિસ્થિતિમાં સૂક્ષ્મ વિચાર તેનું સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ વિપુલ, વૈવિધ્યપૂર્ણ અને સમૃધ્ધ સાહિત્ય વગેરેનું અર્વાચીનકાળના સંદર્ભમાં અભ્યાસ અને સંશોધન કરવું અનિવાર્ય છે. ભારત અને વિદેશોમાં જૈન સાહિત્ય અને સંસ્કૃતિનો સંશોધનમૂલક અભ્યાસ અને સંશોધન થઇ શકે, જૈન અને જૈનેતર અભ્યાસીઓને જોઇતી સામગ્રી અને સુવિધાઓ પ્રાપ્ત થઇ શકે, અધ્યયન અને સંશોધનનું પ્રેરણાદાયી વાતાવરણ નિર્માણ થાય એવી લાંબાગાળાની કાયમી યોજનાને મૂર્તિમંત કરવા માટેના શુભાશયથી જૈન એકેડેમીની સ્થાપના કરવામાં આવી છે.

**કાર્યક્ષેત્ર :**

જૈન એકેડેમીનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસ્નાતક કક્ષાએ એમ. એ. અને ત્યાર પછી એમ. ફિલ્, પીએચ-ડી તથા સ્નાતકકક્ષાએ સર્ટિફિકેટ અને ડીપ્લોમા કોર્સ માટે જૈન ધર્મનો અભ્યાસક્રમ દાખલ કરવાનો છે. જૈન ધર્મની પ્રાકૃત, સંસ્કૃત અને અન્ય ભાષાઓમાં સુરક્ષિત રહેલી જ્ઞાનસાગરની સમૃદ્ધિ સમાન હસ્તપ્રતો તથા અન્ય જૈન સાહિત્યનું અધ્યયન અને સંશોધન કરવાનું છે. તદુપરાંત વિવિધ પરિસંવાદ ને પ્રકાશનની પણ યોજના છે. આ હેતુ સિધ્ધ કરવા માટે સુવિધાપૂર્ણ ગ્રંથાલયોનું નિર્માણ અને સ્કોલરશીપ આપીને નિયત કરેલા અભ્યાસક્રમમાં અભ્યાસ અધ્યયન અને સંશોધન માટે આવશ્યક સુવિધાઓ ઊભી કરીને યુનિ. તેમજ અન્ય શૈક્ષણિક

સંસ્થાઓ જૈન ધર્મના તીર્થધામ બની રહે એવી મંગલ ભાવના છે.

## મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ :

જૈન એકેડેમીની સ્થાપના મુંબઈ શહેરમાં ઈ.સ. ૧૯૯૫ માં થઈ અને જાન્યુ. ૧૯૯૬ થી મુંબઈ યુનિ.ના તત્ત્વદર્શન વિભાગમાં જૈન એકેડેમી એજ્યુકેશનલ એન્ડ રીસર્ચ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેન્ટર દ્વારા મુંબઈ યુનિ.માં એમ.એ., એમ.ફિલ્ અને પીએચ.ડી કક્ષાના અભ્યાસક્રમમાં જૈનધર્મને સ્થાન આપવામાં આવ્યું છે. મુંબઈ યુનિ. તરફથી જૈનોલોજીનો સિર્ટિફિકેટ અને ડીપ્લોમા કોર્સ ઘણી સફળતાપૂર્વક ચલાવવમાં આવે છે.

સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટમાં જૈન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. શ્રેષ્ઠિવર્ય મુરબ્બી શ્રી દીપચંદભાઈ ગાર્ડીના ઉદાર અનુદાનથી આ સેન્ટર કાર્યાન્વિત થયું છે. "શ્રીમતી રૂક્ષમણીબહેન દીપચંદ ગાર્ડી જૈન એકેડેમી એજ્યુકેશમલ અને રીસર્ચ સેન્ટર" નામાભિધાન કરવામાં આવ્યું છે. આ યુનિ.ના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં તેની પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો છે. મુંબઈ યુનિ.ના સેન્ટરમાં ચાલતા અભ્યાસક્રમનું આયોજન અને અમલીકરણ કરાવવામાં આવ્યું છે.

## એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા :

તાજેતરમાં એમ. એસ. યુનિ. વડોદરામાં જૈન એકેડેમી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ દોશીના રૂા. ૧૧ લાખના અનુદાનથી તેમના પૂ. પિતાશ્રીના નામથી "કાલિદાસ સાકરચંદ દોશી જૈન એકેડેમી એજ્યુકેશનલ એન્ડ રીસર્ચ સેન્ટર"ની સ્થાપના કરવામાં આવી છે. અહીં ઉપરોક્ત કોર્સ શરૂ થયેલ છે.

## યોજના અને કાર્યસ્વરૂપ :

જૈન એકેડેમી એજ્યુકેશનલ એન્ડ રીસર્ચ સેન્ટરમાં એમ.ફિલ અને પીએચ.ડી કક્ષાએ સંશોધન માટે આર્થિક રીતે સહાયભૂત થઈ વિશેષ

સુવિધાઓ આપવામાં આવે છે. અધ્યાપકો અને અન્ય શિક્ષકોને સંશોધન માટે, પરિસંવાદમાં નિબંધ વાંચન માટે કે ઉપસ્થિત રહેવા માટે અનુદાનની જોગવાઈ કરવામાં આવી છે. જૈન એકેડેમી દ્વારા જૈન સાહિત્ય પ્રકાશનની પરંપરા ઊભી કરવામાં આવશે.

તત્ત્વજ્ઞાન વિષયક વ્યાખ્યાનો, સન્માનો, પરિસંવાદો અને ટૂંકાગાળાના પરિચયાત્મક અભ્યાસક્રમોનું આયોજન પણ એકેડેમીની કાયમી પ્રવૃત્તિ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ સેન્ટર સ્થાપવામાં, સંચાલન કરવામાં અમોને જૈન સોશ્યલ ગ્રુપ અને તેના મુખપત્ર મંગળયાત્રાનો ખૂબ જ સાથ અને સહકાર મળ્યો છે. સાઉથ ગુજરાત યુનિ. સુરતમાં જૈન સેન્ટરની સ્થાપના માટેનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે. અને આશા છે કે નજીકના ભવિષ્યમાં સેન્ટરની સ્થાપના થશે.

**નાણાંકીય સહાય માટે અપીલ :**

જૈન એકેડેમી શિક્ષણ અને સંશોધન કેન્દ્રના અભિગમથી જૈન ચિંતકોએ પ્રબોધેલ તત્ત્વજ્ઞાન અને તેના આધુનિક વિશ્વ પર પ્રભાવ વિશે શિક્ષણ અને સંશોધનની સુવિધાઓ પૂરી પાડવાની, હવે પછીના સમય દરમિયાન જુદીજુદી યુનિ. અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઉપરોક્ત વિચારધારાને લક્ષમાં લઈને કેન્દ્રોની સ્થાપના કરવા માટે ઉત્સુક છીએ. અનુસ્નાતક કક્ષાએ જૈન ધર્મનો અભ્યાસ અને સંશોધન અંગેનું કાર્ય વિદ્યાર્થીઓ માટે ઘણું ખર્ચાળ થઈ જાય એટલે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી પડે, તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ઇનામો આપવાનાં રહે. જૈન ધર્મના અભ્યાસ અને સંશોધન માટે પુસ્તકાલયની સુવિધા પૂરી પાડવી પડે, યુનિ.ઓ અને બીજી શૈક્ષણિક સંસ્થાઓને જરૂરી માળખાકીય સગવડ પણ આપવાની રહેશે. ઉપરોક્ત પ્રવૃત્તિઓને કાર્યાન્વિત કરવા માટે જૈન એકેડેમીને નાણાંકીય સ્રોતની

વિપુલ પ્રમાણમાં આવશ્યક્તા રહેશે. આ પ્રગતિનો બધો આધાર સંસ્થાને નાણાંકીય ટેકો કેટલો મળે છે તેના પર આધારિત છે.

આ ઉમદા કાર્યમાં સર્વ રીતે સફળતા મળે તે માટે જેટલી શક્ય હોય તેટલી નાણાંકીય સહાય આપવા અમારી વિનંતી છે. આ ટ્રસ્ટમાં આપેલું દાન ઇન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦ ની હેઠળ સર્ટિફિકેટ ઓફ એક્ઝમશન મળ્યું હોવાથી આવકવેરામાંથી બાદ મળે છે.

પત્ર વ્યવહારનું સરનામું :


**જૈન એકેડેમી**

સેટેલાઇટ, ૨-એ, ૨, કોર્ટ ચેમ્બર્સ,

૩૫, ન્યુ મરીન લાઇન્સ, મુંબઇ-૪૦૦૦૨૦.

ફોન : ૨૦૦૬૪૭૭, ૨૦૦૭૮૮૩

ફેક્સ : ૨૦૦૬૫૫૬.


**જય જિનેન્દ્ર**

# પ્રાસ્તાવિક

મધ્યકાલીન જૈન સાહિત્ય કાવ્ય પ્રકારોની વિવિધતાની દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે. કેટલાક પ્રચલિત કાવ્ય પ્રકારો રાસ, ફાગુ, વિવાહલો, પવાડો વિશે જૈન અને જૈનેતર સાહિત્યમાં વિશેષ નોંધ લેવામાં આવી છેં. હરિયાળી કાવ્યો અલ્પપરિચિત છે. જૈનેતર સાહિત્યમાં ધીરાની અવળવાણીનાં પદો પ્રાપ્ત થાય છે. હિન્દી સાહિત્યમાં ઉલટબાંસી નામથી સુંદરદાસ, ગોરખનાથ, સૂરદાસ, કબીર જેવા કવિઓએ આવી રચનાઓ દ્વારા અભિનવ કાવ્ય શૈલીનો પ્રયોગ કર્યો છે. જૈન સાહિત્યમાં 'હરિયાળી' શબ્દથી કેટલાંક કાવ્યો રચાયાં છે. તે દૃષ્ટિએ હરિયાળી કાવ્ય પ્રકારના સ્વરૂપ વિશે ઉપલબ્ધ હરિયાળીઓને કેન્દ્રમાં રાખીને પરિચય આપવામાં આવ્યો છે. હરિયાળીના પાયામાં સંસ્કૃત ભાષા, બૌધ્ધ ધર્મની અધ્યાત્મ સાધના, સમસ્યા, પ્રહેલિકા વગેરે ક્રમશઃ કાવ્ય રચનાનાં પ્રેરણા સ્રોત છે.

કવિ પંડિત વીરવિજયજી એક અધ્યયન મહાનિબંધના સંશોધનમાં વીરવિજયજીની ત્રણ હરિયાળીઓનો પરિચય થયો ત્યારે આ સ્વરૂપનો સઘન અભ્યાસ કરવાનો વિચાર સ્ફુર્યો હતો તે આ પુસ્તક દ્વારા પૂર્ણ થયો છે.

આ પ્રકારનાં કાવ્યો કેટલાંક પુસ્તકોમાંથી ઉપલબ્ધ થાય છે. કેટલીક હરિયાળીઓ પુસ્તકોમાંથી સાર્થ મળી છે તેને મૂળ લખાણ સાથે આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવી છે. સ્વ. ઉપા. શ્રી ધરણેન્દ્રસાગરજી મહારાજ સાહેબે આધ્યાત્મિક "હરિયાળી સંગ્રહ" પુસ્તકનું પ્રકાશન કર્યું હતું તેમાં કેટલીક હરિયાળી સાર્થ અને માત્ર મૂળ કૃતિઓનો સંચય હતો. વિશેષ સુધનહર્ષની (કૂટકાવ્ય) - વર્ણનાત્મક હરિયાળીઓનો અભ્યાસ પૂ. આ. શ્રી જગતચંદ્રસૂરિ અને એમના વિદ્વાન્ શિષ્યરત્ન હીરવિજયજી મ. સા. સાથે રૂબરૂ મુલાકાત અને માર્ગદર્શન દ્વારા હરિયાળીઓ સાર્થ પ્રગટ કરવામાં આવી છે. પૂ.શ્રીએ અન્ય હરિયાળીઓ અંગે પણ એમના

જ્ઞાનનો લાભ આપીને મારા સંશોધન કાર્યમાં સહયોગ આપ્યો છે. તેની સહર્ષ નોંધ લઈને અનુમોદના કરવાની સોનેરી તક ઝડપી લીધી છે.

લીંબડી જ્ઞાનભંડાર અને મુનિભુવનચંદ્રજી પાસેથી પણ હરિયાળીની હસ્તપ્રત મળી છે. તેને આ પુસ્તકમાં સ્થાન આપ્યું છે.

આનંદઘનજીની હરિયાળીઓના અર્થ માટે આનંદઘનજીનાં પદોનું વિવેચન મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ કર્યું છે, તેમાં વધુ વિસ્તારથી માહિતી છે. વિશેષ જિજ્ઞાસા માટે એમનું વિવેચન વાંચવા ભલામણ છે. હરિયાળીનો ગૂઢાર્થ વિવિધ રીતે બુદ્ધિ અને શક્તિ અનુસાર પ્રાપ્ત થઈ શકે છે.

પ્રો. હીરાલાલ કાપડિયાની હરિયાળીઓ પ્રતીકાત્મક શીર્ષકથી પ્રગટ કરવામાં આવી છે જેવીકે મુનિપતિ, સમભાવી ભક્ત, સંનિષ્ઠ, તારક પ્રતિભા, સૌમ્ય, ક્ષપણક અને બિહારી. કવિએ વર્ણમાળાના અક્ષરોનો આશ્રય લેવાની સાથે પાત્રગત લાક્ષણિક્તાનો પણ સુયોગ સાધીને હરિયાળીઓ રચી છે. સમગ્ર રીતે અવલોકન કરતાં હરિયાળીઓમાં વર્ણાક્ષરનો વિશિષ્ટ પ્રયોગ અને કવિ કલ્પના એમની ઊંચી કાવ્યપ્રતિભાનો પરિચય કરાવે છે.

પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયાને ગણિતનો વિષય પ્રિય હોવાથી હરિયાળી પ્રત્યે આકર્ષણ જાગ્યું હતું. કવિ પંડિત વીરવિજયજીનું શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન "સહજાનંદ શીતલ સુખભોગી"નું પરિશીલન કર્યા પછી હરિયાળી રચનાઓ કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ અને વિશિષ્ટ પ્રકારની હરિયાળીઓનું સર્જન કર્યું છે. પ્રો. હીરાલાલે ૩૭ હરિયાળીઓ રચી છે. ઉદાહરણ રૂપે નવ હરિયાળીઓ સાર્થ પ્રગટ કરવામાં આવી છે. એમને વર્ણમાળાના અક્ષરોના સંદર્ભ દ્વારા કૂટકાવ્ય કલાપ નામથી આવી કૃતિઓ રચી છે. આ પ્રકારની હરિયાળીઓ કાવ્યની સમૃદ્ધિની સાથે ગૂઢાર્થ રચનાની નવીનતા દર્શાવે છે.

હરિયાળીના અભ્યાસ માટે હિન્દી સાહિત્યમાં પ્રગટ થયેલ 'હિન્દી સંતોંકા ઉલટબાંસી સાહિત્ય' પુસ્તકનો સંદર્ભ ગ્રંથ તરીકે આધાર લઇને કાવ્યસ્વરૂપ અને વિભાવના વિશેની વિગતો એકત્રિત કરીને પુસ્તકમાં સમાવેશ કર્યો છે.

હરિયાળીના પર્યાયરૂપે હિન્દીમાં ઉલટબાંસી શબ્દ છે. પણ જૈન સાહિત્યમાં હરિયાળીનો અર્થ માત્ર અવળવાણીમાં મર્યાદિત ન રહેતાં રૂપકો, પ્રતીકો, કૂટકાવ્ય, સમસ્યા, સંકેતો આદિની રચનાઓનો સમાવેશ થાય છે. તે દષ્ટિએ તેના પાંચ પ્રકાર પ્રતીકાત્મક, રૂપકાત્મક, વર્ણનાત્મક, સમસ્યાપ્રધાન અને સાંકેતિક (સંખ્યા વાચક) છે. આ અંગેની વધુ સ્પષ્ટતા તથા વિગતો પ્રકરણ-૧માં આપવામાં આવી છે. પ્રકરણ-૨માં હરિયાળીનો વિકાસ આલેખવામાં આવ્યો છે.

ત્રીજા પ્રકરણમાં સાર્થ હરિયાળીઓના અભ્યાસથી આ સ્વરૂપનો વાસ્તવિક પરિચય થાય તેમ છે. હરિયાળીની વિશેષતાઓમાં બીજા ગમે તે લક્ષણો હોય પણ મહત્વનું લક્ષણ એ ગૂઢાર્થ છે. સીધી સાદી રીતે તેનો અર્થ પામી શકાય નહિ, કાવ્યને આત્મસાત્ કરવા બૌધ્ધિક પરિશ્રમ કરવો પડે અને ગુરુચાવીનો ઉપયોગ કરવો પડે તેવી ગહન - રહસ્યમય કાવ્ય રચના છે.

પરંપરાથી વિરૂદ્ધ જઇને યોગસાધનાના સંદર્ભમાં આધ્યાત્મિક અનુભૂતિને વ્યક્ત કરવાની આ વિશિષ્ટ શૈલી કાવ્ય જગતમાં આકર્ષણ રૂપ બની છે. હરિયાળીનાં પ્રતીકો વૈવિધ્યપૂર્ણ હોવાની સાથે આધ્યાત્મિક પરિવેશમાં ગૂંથાયેલાં છે તે અંગેની નોંધ આપવામાં આવી છે. આવાં પ્રતીકોમાં લિંગભેદનો કોઇ વિચાર થયો નથી. અમૂર્ત શબ્દોને પશુપંખીઓના પ્રતીકો દ્વારા મૂતિમંત સ્વરૂપ આપવામાં આવ્યું છે. લોક વ્યવહાર અને પ્રકૃતિથી વિરૂધ્ધ કલ્પનાઓ કરીને કાવ્યમાં ચમત્કૃતિની સાથે અનેરું આકર્ષણ (ચુંબકીય) જમાવવાનો કવિઓએ પ્રશસ્ય પુરુષાર્થ કર્યો છે.

હરિયાળી કાવ્ય વિશેનું પુસ્તક જૈન સાહિત્યના એક સુષુપ્ત કાવ્યપ્રકારને પ્રગટ કરવામાં મહત્વનું લેખાશે. સાહિત્યરસિક, જ્ઞાનપિપાસુ અને અધ્યાત્મપ્રેમી વર્ગના સભ્યોને માટે માર્ગદર્શક બનીને કાવ્ય અને અધ્યાત્મના સુભગ સમન્વયની અનેરી ઝાંખી કરાવવાની ક્ષમતા ધરાવે છે. આ કૃતિઓ યોગના સંદર્ભમાં હોવા છતાં બાહ્ય સાધનોનો પણ તેમાં વિષય તરીકે વિશિષ્ટ પ્રકારનો પ્રયોગ્ કર્યો છે. તેનાથી કાવ્યાનંદ માણી શકાય છે. હરિયાળી માટે કહેવાય છે કે તેનો અભ્યાસ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે, તે યથાર્થ લાગે છે. હરિયાળીની વિચારધારા મધ્યકાલીન શુદ્ધ જ્ઞાનમાર્ગની પરંપરાનું અનુસરણ કરે છે. અને નિર્ગુણ-નિરાકાર ઉપાસના તરફનું લક્ષ્યબિંદુ સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે.

હરિયાળીઓની સમીક્ષામાં છંદ, અલંકાર, રસ, શૈલી વિષયક વિગતો આપવામાં આવી છે. સ્વરૂપલક્ષી માહિતીની સાથે તુલનાત્મક રીતે વિચારતાં સ્વતંત્ર કાવ્યપ્રકાર તરીકે ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કરાવે છે. હરિયાળી કાવ્યો ગૂઢાર્થ ને રહસ્યમય છે કે જેની પંક્તિઓનું ચિંતન અને મનન કરતાં અધ્યાત્મવાદનાં ગહન સત્યને પામવાનો સમાધિમય આનંદ પ્રાપ્ત થાય છે.

હરિયાળીઓના રચયિતા સાધુ કવિઓનો પરિચય આપ્યો નથી કારણ કે તેનાથી પૃષ્ઠ સંખ્યા વધી જાય. મુખ્યત્વે તો હરિયાળી કાવ્યો મહત્વનાં હોઈ તે તરફ વાચક વર્ગનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે જ હરિયાળીઓને પ્રાધાન્ય આપ્યું છે.

દેપાલ, આનંદઘનજી, જશવિજયજી, વીરવિજયજી, રૂપવિજયજી, આ. બુદ્ધિસાગરસૂરિ, જ્ઞાનવિમલસૂરિ, કાંતિવિજય, સુધનહર્ષ, ઉદયરત્ન, વિનયસાગર, દીપવિજય, જ્ઞાનવિજય, વિશુધ્ધવિમલ, દયાશીલ, વિજયસાગર, મણિપ્રભવિજય, પાર્શ્વચંદ્રસૂરિ, હરખવિજય, અજીતસાગરસૂરિ, સહજાનંદ, પ્રો. હીરાલાલ કાપડિયા, જૈનેતર કવિઓ,

સંતકબીર, સુંદરદાસ, ધીરાભગતની કૃતિઓનો નમૂનારૂપે સમાવેશ કર્યો છે.

જૈન સાહિત્યની સમૃદ્ધિના પ્રતીક સમાન હરિયાળી પૂરક બનશે એવી શ્રદ્ધા છે. વિવિધ હરિયાળીઓ, ગ્રંથોમાં સુષુપ્ત છે. તેને પણ પ્રકાશમાં લાવી શકાય તેમ છે. મારો આ પ્રયત્ન વધુ સંશોધન માટે પથપ્રદર્શક બને તેવી આશા સાથે અપૂર્વ જ્ઞાનાનંદની પરમાવધિથી પુસ્તકને પ્રગટ કરવાનો અનેરો લ્હાવો લીધો છે.

જ્ઞાનમાર્ગ અને સાધનાની અનુભૂતિમાં ગૂઢાર્થભર્યા રહસ્યને પામવા માટે હરિયાળી પ્રકારની કાવ્યકૃતિઓ વાચક વર્ગને નિર્દોષ આનંદની સાથે આત્મજાગૃતિ માટે જીવનમાં પ્રેરક બનશે એવી અપેક્ષા સાથે વિરમું છું

મુખપૃષ્ઠ ઉપર ચોરસ ખાનાવાળા ચિત્રમાં 'હરિયાળી' કાવ્યના પર્યાયવાચી શબ્દો અવળા ગોઠવ્યા છે તે સ્હેજ ધ્યાનપૂર્વક વિચારવાથી સમજાઇ જશે. હિન્દી ભાષામાં ઉલટબાંસી, બંગાળીમાં બાઉલગીત, મરાઠીમાં ભારૂડગીત, રાજસ્થાનીમાં હિયાલી, અરબી ફારસીમાં ઇસારિયા, અંગ્રેજીમાં રીડલ એનિગ્મા, સંસ્કૃતમાં કૂટકાવ્ય સમસ્યા. આ અંગેની વિશેષ વિગતો હરિયાળી સ્વરૂપ અને વિકાસ પ્રકરણમાં આપવામાં આવી છે.

જૈન એકેડેમી, મુંબઇ તરફથી આ પુસ્તક પ્રકાશન અંગે મુખ્ય આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે તે માટે એકેડેમીના ટ્રસ્ટીઓ અને સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

- ડૉ. કવિન શાહ

# :- ઋણ સ્વીકાર :-

- હરિયાળીના ગૂઢાર્થ શોધવામાં માર્ગદર્શક પૂ. આ. શ્રી જગતચંદ્રસૂરિ, પૂ.મુનિશ્રી હીરવિજયજી, પૂ. મુનિભુવનચંદ્રજી, પૂ. આ શ્રી પ્રદ્યુમ્નસૂરિ અને પૂ. આ. શ્રી શીલચંદ્રસૂરિની ગુરુકૃપા ને માર્ગદર્શન.
- શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર, કોબા.
- માતૃશ્રી દીવાળીબહેન ભગવાનદાસ, જૈન જ્ઞાનભંડાર, લીંબડી.
- શ્રી ચંદનસાગરજી જ્ઞાનભંડાર, વેજલપુર (પંચમહાલ)
- લીંબડી ભંડારની હસ્તપ્રત ઉપરથી હરિયાળી તૈયાર કરવામાં સહાયક પૂ. મુનિ શ્રી નંદીઘોષવિજયજી.
- ગુજરાતી ભાષા અને જૈન સાહિત્યના સંશોધક પ્રકાંડ પંડિત પ્રો. ડૉ. હરિવલ્લભ ભાયાણી.
- ગુજરાતી ભાષાના વિવેચક, સંશોધક અને જૈન સાહિત્યના પ્રખર વિદ્વાન્ પ્રો. જયંતભાઈ કોઠારી.
- બંગાળી ભાષાનાં બાઉલગીતની માહિતી પ્રદાયક ગુજરાત વિદ્યાપીઠ કોશ વિભાગના અધ્યક્ષ શ્રી મોહનભાઈ પટેલ.
- મરાઠી ભાષાના 'ભારૂડ' ગીતોની માહિતી પૂરી પાડવા માટે નિવૃત્ત આચાર્યશ્રી શ્રીપાત્ આર. ફળણીકાર અને નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી શશિકાંત અભ્યંકર.
- મારી સંકલન પ્રવૃત્તિના સહભાગી પ્રો. ડૉ. વીરસિંહ ચૌધરી, મારી સંશોધન - સર્જન પ્રવૃત્તિમાં માર્ગદર્શક અને શુભેચ્છક પૂ. અધ્યાપક શ્રી શાંતિલાલ ગુલાબચંદ શાહ.
- મુદ્રણ કાર્યમાં સહકાર આપવા માટે અમૃત પ્રિન્ટર્સ.
- પુસ્તકની હસ્તપ્રત તૈયાર કરી આપનાર શ્રીમતી રીટાબહેન શાહ.

# અનુક્રમણિકા


| પ્ર.નં. | | વિષય | | પૃષ્ઠ નં. |
|---|---|---|---|---|
| ૧ | | હરિયાળી સ્વરૂપ | | ૨૨ |
| ૨ | | હરિયાળી : ક્રમિક વિકાસ | | ૪૮ |
| ૩ | | હરિયાળી (સાર્થ) | | |
| ૩ / ૧ | ૧. | વરસે કંબલ | કવિ દેપાલ | ૭૭ |
| | ૨. | અવધૂ એસો જ્ઞાન | આનંદઘનજી | ૮૦ |
| | ૩. | અવધૂ એસો...પ્રીતમ | ,, | ૮૪ |
| | ૪. | મગરી ઉપર કૌવા | ,, | ૮૭ |
| | ૫. | નાવમેં નદિયાં ડૂબ | ,, | ૯૪ |
| | ૬. | અવધૂ નટ નાગરકી | ,, | ૧૦૧ |
| | ૭. | અવધૂ સો જોગી ગુરુ | ,, | ૧૦૩ |
| | ૮. | અમથે આવી ઠગે | દીપવિજયજી | ૧૦૯ |
| | ૯. | કહિયે પંડિત એ કોણ | જશવિજયજી | ૧૧૧ |
| | ૧૦. | સ્ત્રી યુગ્મ | જ્ઞાનવિમલસૂરિ | ૧૧૩ |
| | ૧૧. | ચેતન ચેતો ચતુર | ,, | ૧૧૪ |
| | ૧૨. | સખી રે ! મેં તો... | ,, | ૧૧૯ |
| | ૧૩. | સેવક આગળ | વિનયસાગરજી | ૧૨૫ |
| | ૧૪. | ડાળે બેઠી એક | હરખવિજયજી | ૧૨૭ |
| | ૧૫. | સુણજો કૌતુકમાળા | મણિપ્રભવિજયજી | ૧૨૮ |
| | ૧૬. | હંસલો કોઇ ભૂલો | ,, | ૧૩૩ |
| | ૧૭. | સહજાનંદિ શીતલ | પંડિત વીરવિજયજી | ૧૩૫ |
| | ૧૮. | ચંપકવન્ની ચતુર | પદ્મવિજયજી | ૧૩૮ |
| | ૧૯. | સખી રે ! મેં તો... | આ. બુધ્ધિસાગરસૂરિ | ૧૩૯ |

| પ્ર.નં. | | વિષય | | પૃષ્ઠ નં. |
|---|---|---|---|---|
| | ૨૦. | સુણો સુણો ચંદ્રગુપ્ત | – | ૧૪૧ |
| | ૨૧. | નારીજી મોટા | પંડિત વીરવિજયજી | ૧૪૨ |
| | ૨૨. | ઉઠી સવારે | ભાવપ્રભસૂરિ | ૧૪૫ |
| ૩/૨ | ૧. | મૂલડો થોડો | આનંદઘનજી | ૧૪૯ |
| | ૨. | અવધૂ ક્યા સોવે | ,, | ૧૫૧ |
| | ૩. | ધોબીડા તું ધોજે | સમયસુંદર | ૧૫૨ |
| | ૪. | કાયાવાડી રે... | મુનિ રત્નતિલકજી | ૧૫૩ |
| | ૫. | પાંજરું પોતાનું | કાંતિવિજયજી | ૧૫૪ |
| | ૬. | નિસ્પૃહ દેશ | આનંદઘનજી | ૧૫૫ |
| | ૭. | સાસરિયે અમ. ... | વિનયપ્રભસૂરિજી | ૧૫૬ |
| | ૮. | અવધૂ વૈરાગ્ય | આનંદઘનજી | ૧૫૯ |
| | ૯. | નાહલો ન માને | દયાશીલ મુનિ | ૧૬૪ |
| | ૧૦. | મોક્ષ નગર... | જ્ઞાનવિમલસૂરિ | ૧૬૮ |
| | ૧૧. | માતા વામાદે.... | સૌભાગ્યવિજય | ૧૬૮ |
| | ૧૨. | પ્રભુની સાથે | બુધ્ધિસાગર | ૧૭૨ |
| | ૧૩. | વેપાર કીજે | વિશુધ્ધવિમલ | ૧૭૩ |
| ૩/૩ | ૧. | કામિની કોઈ | સુધનહર્ષ | ૧૭૫ |
| | ૨. | બોલાવી એક... | ,, | ૧૭૫ |
| | ૩. | ધવલ શેઠ | ,, | ૧૭૬ |
| | ૪. | એક નગર | ,, | ૧૭૭ |
| | ૫. | સાત નારી... | ,, | ૧૭૮ |
| | ૬. | ડુંગર છે રળિયામણો | ,, | ૧૭૯ |
| | ૭. | કાન છે પણ. | ,, | ૧૮૦ |
| | ૮. | બેઉ નપુંસક | ,, | ૧૮૦ |

| પ્ર.નં. | વિષય | | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૯. | પુરૂષ એક નપુંસક | ,, | ૧૮૧ |
| ૧૦. | રે! કોઇ અજબ | આનંદઘનજી | ૧૮૨ |
| ૧૧. | અવધૂ નામ હમારા | ,, | ૧૮૩ |
| ૧૨. | સરસ્વતી સ્વામિની | ,, | ૧૮૩ |
| ૧૩. | તે વિણ સરગ | પાર્શ્વચંદ્રસૂરિજી | ૧૮૪ |
| ૧૪. | ચતુર વિચારો | કાંતિવિજયજી | ૧૮૫ |
| ૧૫. | કહેજો ચતુર નર | વિનયવિજયજી | ૧૮૬ |
| ૧૬. | એક નારી દોય | ઉદયરત્નજી | ૧૮૭ |
| ૧૭. | સુગુણ નર એ... | રવિવિજયજી | ૧૮૭ |
| ૧૮. | સુણિયો (જો) પંડિત | પદ્મવિજયજી | ૧૮૮ |
| ૧૯. | કહેવો પંડિત | પદ્મવિજયજી | ૧૮૯ |
| ૨૦. | હું સર્વમાં છું. | આ. બુધ્ધિસાગરસૂરિજી | ૧૯૦ |
| ૨૧. | વાયુ વિના... | અજિતસાગરસૂરિ | ૧૯૦ |
| ૨૨. | બોલો બન્ધુ તમારા | ,, | ૧૯૨ |
| ૨૩. | વિના વાદળી | ,, | ૧૯૩ |
| ૨૪. | નહીં હાથ પર | ,, | ૧૯૪ |
| ૨૫. | ભૂમિ નથી હું. | ,, | ૧૯૫ |
| ૨૬. | ધનનન ઝનનન | મણિપ્રભવિજયજી | ૧૯૭ |
| ૨૭. | સાંભળજો મુનિ | ,, | ૧૯૮ |
| ૨૮. | એ ચીજ તે એવી | ,, | ૧૯૮ |
| ૨૯. | ચંચલ મન પંછી | સહજાનંદ | ૧૯૯ |
| ૩૦. | જગમાં જેની | પ્રો. હીરાલાલ કાપડિયા | ૨૦૨ |
| ૩૧. | સંક્રાંત કાળે | ,, | ૨૦૪ |

| પ્ર.નં. | | વિષય | | પૃષ્ઠ નં. |
|---|---|---|---|---|
| | ૩૨. | જગે વિરોધી | ,, | ૨૦૬ |
| | ૩૩. | દંડે મંડિત | ,, | ૨૦૮ |
| | ૩૪. | ભારત કેરી | ,, | ૨૧૦ |
| | ૩૫. | સર્વ વર્ણનું | ,, | ૨૧૨ |
| | ૩૬. | હંકાર રડતો | ,, | ૨૧૪ |
| | ૩૭. | આદ્ય વર્ગનો | ,, | ૨૧૫ |
| | ૩૮. | શંકર કેરી | ,, | ૨૧૭ |
| ૩/૪ | ૧. | મેં તો નજીક... | ઉદયરત્નજી | ૨૨૦ |
| | ૨. | મેં તો હજુર... | આ. લબ્ધિસૂરિજી | ૨૨૧ |
| | ૩. | વણજારો ધુતારો | આનંદઘનજી | ૨૨૫ |
| ૩/૫ | ૧. | મંગલકારી અન્ત્યાક્ષર | સુધનહર્ષ | ૨૨૭ |
| | ૨. | એ પ્રભુ પ્રતિદિન | મણિપ્રભવિજયજી | ૨૨૮ |
| ૩/૬ | ૧. | શ્રવન હું દેખૈ | સુંદરદાસ | ૨૩૦ |
| | ૨. | અવધૂ સો જાગી | સંત કબીર | ૨૩૫ |
| | ૩. | અલખ લ્હે લાગી | ધીરાભગત | ૨૩૭ |
| ૩/૭ | ૧. | બાઉલગીત (બંગાળી) | | ૨૩૯ |
| ૩/૮ | ૧. | ભારૂડગીત (મરાઠી) | | ૨૪૩ |
| ૪. | | હરિયાળી : અવલોકન | | ૨૪૯ |
| ૫. | | ઉપસંહાર | | ૨૭૧ |
| ૬. | | પરિશિષ્ટ | | ૨૭૪ |
| ૭. | | સંદર્ભ પુસ્તક સૂચિ | | ૨૮૩ |

# પ્રકરણ - ૧

# હરિયાળી : કાવ્ય સ્વરૂપ

જૈન કાવ્ય પ્રકારોમાં અભિવ્યક્તિની દૃષ્ટિએ નવીનતા, આકર્ષણ અને અર્થ ગંભીરતાવાળી કાવ્ય રચના તરીકે 'હરિયાળી' ઉચ્ચકક્ષાનું સ્થાન પામે છે. તેનો સ્વરૂપલક્ષી પરિચય કાવ્ય તરીકેની વિશિષ્ટતા દર્શાવે છે. હિન્દી, સંસ્કૃત અને ગુજરાતી ભાષાના તુલનાત્મક અભ્યાસને આધારે સ્વરૂપલક્ષી પરિચય આપવામાં આવ્યો છે.

સાહિત્યનાં અન્ય સ્વરૂપોની તુલનામાં કાવ્ય રચના અને આસ્વાદ અતિ કઠિન છે ત્યારે તેને સરળ અને સુગ્રાહ્ય બનાવવા માટે હરિયાળીનો પરિચય માર્ગદર્શક નીવડે તેમ છે.

'હરિયાળી'નો શબ્દાર્થ વિચારીએ તો 'લીલોતરી', 'શોભા', 'Greenery'. અહીં કોઇ લીલોતરી હોય તો સંતોની સાધનાના પરિણામ સ્વરૂપે આધ્યાત્મિક વસંતોત્સવની અનુભૂતિ છે તેને વ્યક્ત કરવા માટે 'હરિયાળી' કાવ્ય રચના છે. એટલે લીલોતરીનો અર્થ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ એ પણ જીવનની અનેરી ક્ષણોનો સમય છે તેને પ્રગટ કરતી રચના એ હરિયાળી છે એમ અર્થઘટન કરવામાં આવે છે. શબ્દાર્થથી કાવ્ય સ્વરૂપનો પૂર્ણ પરિચય થાય તે શક્ય નથી. તેને પૂર્ણરૂપે સમજવા માટે વિશેષ રીતે વિચારવું પડે તેમ છે. જૈન સાહિત્યમાં હરિયાળી રચનાઓ પ્રાપ્ત થાય છે અને કેટલાક સંદર્ભો તેના સ્વરૂપને સમજાવવામાં સહાયભૂત થાય છે તે દૃષ્ટિએ નીચે દર્શાવેલી માહિતી 'હરિયાળી' શબ્દની સ્પષ્ટતા કરીને અર્થબોધ કરાવે છે.

જૈન સાહિત્યમાં હરિયાળી પ્રયોગ થાય છે. હિન્દી ભાષાના સાહિત્યમાં ઉલટબાંસી શબ્દ છે. ગુજરાતી ભાષાના સાહિત્યમાં 'અવળવાણી' શબ્દ છે. તુલનાત્મક રીતે વિચારીએ તો અવળવાણી અને

ઉલટબાંસી એ શબ્દો એક બીજા વચ્ચે વધુ સામ્ય ધરાવે છે જ્યારે હરિયાળી તદ્દન સ્વતંત્ર શબ્દ છે છતાં તેની રચનારીતિને કારણે અન્ય પર્યાયવાચી શબ્દો સાથે સ્થાન પામે છે.

અવળવાણી અને ઉલટબાંસીમાં અવળીવાણી-વિરોધનો ધ્વનિ પ્રગટે છે. જ્યારે હરિયાળીમાં આવો કોઈ ધ્વનિ શબ્દમાંથી નીપજતો નથી પણ તેની અંતર્ગત અભિવ્યક્તિમાં વિરોધનો ધ્વનિ અવશ્ય રહેલો છે.

હરિયાળી વિશે સ્વયંભૂ છન્દ ગ્રંથમાં નીચેનો શ્લોક છે તે ઉપરથી હરિયાળીનો અર્થ સમજી શકાય છે.

सुण्णाइं अक्खराइं णाणाछंदेसु जत्थ बज्झंति
हिअए वि वसइ अत्थो हिआलिआ भण्णए एसा (१)

**અર્થ :** જેમાં જુદા જુદા પ્રકારના છંદોમાં શૂન્ય અક્ષરો બાંધવામાં આવે છે અને હૃદયમાં પણ જેનો અર્થ વસે છે તેને હૃદયાલિકા કહેવામાં આવે છે.

હરિયાળી શબ્દના મૂળમાં સંસ્કૃત ભાષાનો હૃદય શબ્દ છે, પ્રાકૃતમાં હિયાલિયા શબ્દ છે, તે ઉપરથી હરિયાળી શબ્દનો ઉદ્‌ભવ થયો છે.

હરિયાળી કહો કે હરીયાળી કહો એ બંન્ને ગુજરાતી ભાષાના શબ્દ છે. જૈન સાહિત્યમાં આ પ્રકારની કૃતિઓ વિશેષ રૂપે પ્રાપ્ત થાય છે. તદુપરાંત 'હઈઆલી' 'હીઆલી' શબ્દ પ્રયોગ હરિયાળીના અર્થમાં પ્રયોજાયા છે. પાઈય ભાષામાં 'હિઆલી' શબ્દ છે, સંસ્કૃતમાં 'હૃદયાલી' શબ્દ છે.

હરિયાળી શબ્દપ્રયોગવાળી રચના વિ. સં. ૧૫૦૦ થી ૧૫૨૨ સુધીમાં વિદ્યમાન કવિ દેપાલ ભોજકની કૃતિમાંથી પ્રાપ્ત થાય છે.

**"એ હરિયાળી જે નર જાણે, મુખે કવી દેપાલ વખાણે".**

ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપા.ની હરિયાળીમાં પણ આવો ઉલ્લેખ મળી આવે છે.

લક્ષ્મીસાગરના શિષ્યે હીઆલી ગીત રચ્યું છે. આવી બીજી રચના અજ્ઞાત કવિની મળી આવે છે. પ્રથમ કૃતિની છઠ્ઠી કડીમાં 'હઈઆલી' શબ્દ પ્રયોગ છે. અજ્ઞાત કવિની રચના પાંચ કડીની છે.

જૈન સત્ય પ્રકાશમાં ઉખાણાં - હરિયાળી શીર્ષકથી પ્રગટ થયેલ છે તે ઉપરથી અનુમાન કરવામાં આવે છે કે હરિયાળી એક ઉખાણાના પર્યાય તરીકે પ્રયોજાયેલો શબ્દ છે. 'હિઆલી' શબ્દ શ્વેતાંબર સંપ્રદાયના કવિ જયવલ્લભે પાઈયમાં રચેલા 'વજ્જાલગ્ગમાં' હિઆલીવજ્જામાં વાપર્યો છે. રત્નદેવે એની મોટે ભાગે જે છાયારૂપ સંસ્કૃત ટીકા રચી છે તેમાં એને 'હૃદયાલી પદ્ધતિ' કહી છે.

આ સંદર્ભમાં વિચારીએ તો હૃદયાલી, હિયયાલી, હિયાલી, હિઆલી શબ્દનું રૂપાંતર હઈઆલી - હરિયાળીમાં થયું હોય તેવો સંભવ છે.

ગૂઢાર્થ હરિયાળીનું બીજ છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને એક ચોરે પૂર્વ ભવના અનંગ (સેન) સુવર્ણકારે 'या सा' એવો જે સાંકેતિક પ્રશ્ન પૂછયો હતો, મહાવીરસ્વામીએ એનો ઉત્તર આપતાં 'सा सा' એમ જણાવ્યું હતું. બ્રહ્માએ ઉપદેશરૂપે ત્રણ અક્ષરો 'દ દ દ' દેવ, માનવ અને દાનવને ઉદ્દેશીને કહ્યા હતા. તેનો અર્થ દેવને દમન, દાનવને દયા અને માનવને દાનનો હતો. હરિયાળીને નાળિયેર સાથે સરખાવવામાં આવે છે. એના ઉકેલની મથામણ નાળિયેરમાંથી કોપરું કાઢવાની મહેનતના પરિણામ સાથે સંબંધિત હોવાથી આ ઉપમા વિનોદયુક્ત હોવાની સાથે યથાર્થ લાગે છે.

જૈન આગમ સાહિત્યના ઉત્તરાધ્યયન સૂત્રમાંથી પ્રહેલિકાનાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

સુધનહર્ષ એ તપગચ્છ પ્રસિધ્ધ હીરવિજયના શિષ્ય ધર્મવિજયના શિષ્ય હતા. તેમણે સં. ૧૬૭૭ માં જંબુદ્વીપ વિચાર સ્તવન તથા બીજી કૃતિઓ નામે દેવ-કુરૂક્ષેત્ર સ્તવન અને મંદોદરી રાવણ સંવાદ રચેલ છે. હરિયાળી એટલે સમસ્યા. કોઇ શબ્દ કે અર્થ ગૂઢ રાખી તે પછી તે ગૂઢ શબ્દ કે અર્થ શોધી કાઢવાનો આ હરિયાલી શબ્દ રૂઢ જણાય છે. આ શબ્દ નીચેના સ્થળે વપરાયેલો જોવા મળે છે.

" ગુણાવલી કહે પ્રભુ! અવધારી એક હરિઆલી કહો સુવિચારી".

" મોટાં પાંચ ધ્યેયનાં નામ આરાધઇ સવિ સીઝઇ કામ
ત્રણ અક્ષર માંહી તે જાણી ઇહ પરભવિ સુખીઆ મન આણી".

" મુજ હરિઆલી કવણ વિચાર તે કહેજો પ્રભુ અરથ ઉદાર".

(૯૩, પ્રેમલા લચ્છી, આ. કા.મ. પૃ. ૪૪૩)

" કાવ્ય સિલોક અનંઇ હરિઆલી રે ગાહા પ્રહેલી કહે રસાલી રે".

(પૃ. ૪૦૬)

આ રીતે સુધનહર્ષની કૃતિઓમાં હરિયાળી શબ્દપ્રયોગ થયો છે. હરિયાળી એક ગંભીર સાગર છે. સાગરમાં સફર કરીને પ્રચંડ પુરૂષાર્થને અંતે મરજીવા મોતી પ્રાપ્ત કર્યાનો અપૂર્વ આનંદ માણે છે તેવી રીતે હરિયાળીનો અર્થ સમજાતાં અનમોલ મોતી સમાન વિચારો પ્રાપ્ત થાય છે. હરિયાળી એટલે બુદ્ધિની તીક્ષ્ણતા કરવાવાળી રચના.

જૈન સાહિત્યમાં હરિયાળીનો અર્થ એવો છે કે પ્રથમ દષ્ટિએ વિચિત્ર લાગે અને વિરોધાભાસ હોય પણ તેનો સાચો અર્થ તો કંઈક જુદોજ હોય છે.

સત્ય વાતને વિપરીત ભાષામાં વ્યક્ત કરવાની કલા હરિયાળીમાં છે. આવી રચનાને વિપર્યય કહેવામાં આવે છે.

હરિયાળી રચનાઓ એ યોગીઓની વિશિષ્ટ પ્રકારની ભાષા છે. લગભગ બે હજાર વર્ષથી આ પ્રકારની ભાષા પ્રચલિત છે, જે યોગીઓની શિષ્ય પરંપરા દ્વારા વિસ્તાર પામી છે. સંત કબીર અને ધ્યાન યોગીઓ એને 'સંધા ભાષા' 'સૈના-બૈના' શબ્દોથી ઓળખાવે છે. ચીની ભાષાના ધ્યાન અંગેના સાહિત્યમાં આવાં કાવ્યોની વિપુલ સંખ્યા મળી આવે છે. લગભગ આવાં ૬૦૦ 'જિલ્દ્' (ચીની કાવ્ય) ઉપલબ્ધ થાય છે. ચીની ભાષામાં 'કોઆન' શબ્દ હરિયાળીનો પર્યાયવાચક છે, ચીની યોગીઓએ જાપાનમાં પ્રવેશ કર્યા પછી ત્યાં પણ આવી કૃતિઓ વધુ પ્રચાર પામી છે. ગુરુ શિષ્યના પ્રશ્નોત્તર રૂપે પણ આવી કૃતિઓ રચાઇ છે.

જૈન સાહિત્યમાં આવા યોગી મહાત્મા આનંદઘનજી છે. એમનાં પદોમાં યોગ સાધનાનો પ્રભાવ છે અને હરિયાળી સ્વરૂપને મૂર્તિમંત રૂપે પ્રગટ કરે છે. તેમાં કોઇ લૌકિક અર્થ નથી પણ લોકોત્તર અર્થ છે જે બુધ્ધિની પરિપક્વતા વગર સમજી શકાય તેમ નથી.

હરિયાળી એ નામની રચનાઓ સાહિત્ય વિનોદ માટે કરવામાં આવતી હતી. આજે આપણે ઉખાણાં, અંતકડી, પાદપૂર્તિ વગેરે કરીએ છીએ તેમ. એટલે તેમાં કશો ગૂઢ આધ્યાત્મિક અર્થ હોતો નથી. આચાર્ય સ્વયંભૂની વ્યાખ્યામાં 'શૂન્ય' અક્ષરો કહ્યા છે તેનો અર્થ એ છે કે વ્યંજનો બતાવ્યા ન હોય માત્ર સ્વરોજ બતાવ્યા હોય. તે ઉપરથી પદ્યનો પાઠ પકડવાનો હોય. આઠમી શતાબ્દીમાં રચાયેલી ઉદ્યોતનસૂરિ કૃત કુવલયમાળા કથામાં (પ્રાકૃત) આ હિયાલીયાનું ઉદાહરણ આપ્યું છે ત્યાં તેનું નામ 'બિંદમતી' છે.

(ડૉ. હરિવલ્લભ ભાયાણી)

હરિયાળીમાં મનોગત સૂક્ષ્મ ભાવ ધારણા કે સાધનાની અનુભૂતિના વિચારો અસંગત, અતાર્કિક અને લોકવ્યવહાર વિરૂધ્ધ લાગે તેવા વિચારો

પ્રતીકાત્મક રીતે વ્યકત થયેલા હોય છે. સંત કબીરનું એક ઉદા. જોઈએ તો -

"पहिले पूत पिछे भई माई, चेलाके गुरु लागी पाई" (२)

પહેલાં બેટો (પુત્ર) પેદા થાય છે પછી માતાનો જન્મ થાય છે આવો વિચાર સાંભળતાની સાથે જ લોકો આશ્ચર્યચકિત થઇ જાય છે. પણ બુદ્ધિપૂર્વક વિચારીએ તો એમ જાણવા મળે છે કે પુત્ર એટલે જીવાત્મા. માઇ - એ માયાનું પ્રતીક છે એમ પ્રતીકનો આશ્રયલઇને અભિવ્યક્તિ થઇ છે.

હરિયાળીનો અર્થ લોક વિરૂધ્ધ લાગે છે પણ તેમાં રહેલો ગૂઢાર્થ પ્રગટ થાય છે ત્યારે આવો વિરોધ લાગતો નથી, આવી કાવ્ય રચનાઓ પ્રતીકાત્મક હોવાથી અર્થબોધ થતાં સમસ્યા કે શંકા નિર્મૂળ થઇ જાય છે.

ભક્તિમાર્ગના પૂર્વ કવિઓમાં આવી કાવ્યકૃતિઓ ઉપલબ્ધ થતી નથી, માત્ર કબીરની રચનાઓમાં તેનો સંદર્ભ મળે છે. જૈન કાવ્ય પરંપરામાં 'હરિયાળી' નામ આપવામાં આવે છે તે ઉપરોક્ત લક્ષણોયુક્ત છે.

એક જાપાનીઝ ધર્મગુરુને શિષ્યે પ્રશ્ન પૂછયો કે ભગવાન બુધ્ધ કોણ છે ? ગુરુએ પ્રત્યુત્તર પાઠવતાં જણાવ્યું કે -

"दुलहिन गधे पर बैठी हुई है और
उसका सास लगाम पकडे हुअे है"। (३)

તેનો અર્થ એવો છે કે તું અને હું બન્ને અજ્ઞાની છીએ. હરિયાળીમાં કવિઓની અભિવ્યક્તિમાં ઉપરોક્ત રીતિનો પ્રયોગ થયો છે.

ઉલટબાંસીમાં આધ્યાત્મિક અનુભૂતિની સૂક્ષ્મતા વ્યક્ત કરવા માટે પ્રતીકોનો આશ્રય લેવામાં આવે છે. આ પ્રકારની રચનામાં અમૂર્તને મૂર્ત કરવા માટેનો પ્રયાસ કરવામાં આવે છે. વ્યક્તિની અનુભૂતિનું ક્ષેત્ર વિશાળ પટ પર પથરાયેલું છે ત્યારે અભિવ્યક્તિમાં વિવિધતા માટે શબ્દશક્તિ,

પ્રતીક, અપ્રસ્તુત વિધાન, અલંકાર અને વક્રોક્તિનો આશ્રય લવામાં આવે છે. ઉલટબાંસીની રચના આજ પ્રકારની છે. સંત કબીર તેને "ગૂંગેકે ગુડ" નામથી દર્શાવે છે.

અવળવાણીની રચનાનો સંદર્ભ અતિ પ્રાચીન છે. ઋગ્વેદમાં તેનો સંદર્ભ મળે છે.

इदंवपुर्निवचनं जनासश्चरन्ति यन्नद्यस्तस्थुरपिः (४)

**અર્થ :** હે મનુષ્યો આ શરીર નિર્વચન છે. તેમાં નદીઓ વહે છે. અને પાણી સ્થિર છે.

ઉપનિષદ્‌માં પણ આવાં દષ્ટાંતો રહેલાં છે. ઈશોપનિષદ્‌માંથી નીચેનું ઉદા. નોંધવામાં આવ્યું છે. -

तदेजति तन्नेजति तद्दूरे तद्वन्ति के
तदन्तरस्यसर्वस्य तत्सर्व सास्य बाह्यतः ॥ (५)

**અર્થ :** તે ચાલે છે અને ચાલતો પણ નથી. તે દૂર છે અને નજીક પણ છે. તે બધાંની અંદર છે અને બહાર પણ છે.

ભારતીય સાહિત્યમાં ઉલટી વાત રજૂ કરવાનો પ્રયોગ શ્રમણ (સાધુ-સંત) પરંપરાથી થયો છે. બૌધ્ધ ધર્મમાં સિધ્ધોની 'સંઘા' ભાષા દ્વારા આવી અભિવ્યક્તિ થઇ છે.

ત્યાર પછી નાથ સંપ્રદાયના સાધકોએ નિર્ગુણ ઉપાસનાની અભિવ્યક્તિ માટે ઉલટી વાણીની શૈલી અપનાવી હતી. આવી કૃતિઓમાં ગુહ્યતા-ગોપનીયતા પણ રહેલી હોય છે. બૌધ્ધ-શૈવ અને તાંત્રિકોનો સ્ત્રીઓ સાથેનો સંબંધને કારણે ગુહ્ય પધ્ધતિ પ્રચલિત બની હતી. આવાં કેટલાંક પ્રતીકો સર્વ સાધારણ જનતામાં ઉલટસુલટ ગણાતાં હતાં. સિધ્ધ *સાહિત્યમાં 'કમલ' સ્ત્રીની જનનેન્દ્રિયનો અર્થ દર્શાવે છે. 'કુલીશ' શબ્દ* પુરૂષના વીર્યનું પ્રતીક છે. એટલે ઉલટબાંસીમાં પ્રતીકો પણ નોંધપાત્ર

સ્થાન ધરાવે છે. સંધાભાષા એટલે પ્રકાશ અને અંધકારની સંધિ તેના સંદર્ભમાં સંધાભાષા એટલે તે સ્પષ્ટ નથી કે અદશ્ય નથી પણ તેનું પરિણામ જ્ઞાનનો સંયોગ છે. - ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી.

ડૉ. વિધુશેખર ભટ્ટાચાર્ય - આભિપ્રાયિક વચન કહે છે.

બૌધ્ધધર્મમાં વિરોધી વસ્તુઓનો સંબંધ દર્શાવીને મધ્યમમાર્ગના સિધ્ધાંત સમજાવવામાં આવતા હતા. જન્મ-મૃત્યુ, પૃથ્વી-સ્વર્ગ, ચંદ્ર-સૂર્ય, અસ્તિ-નાસ્તિ, દિન-રાત જેવાં પરસ્પર વિરોધી શબ્દયુગ્મો દ્વારા સિધ્ધોની વાણી પ્રચાર પામી હતી. મનની સ્થિતિ સુધારવા માટે વિરોધી અભિવ્યક્તિ ઉપકારક માનવામાં આવે છે. આવી સાધનાની સાથે ધર્મમાં પણ અભિવ્યક્તિ માટે વિરોધી વિચારોનો, ઉલટી વાણીનો આશ્રય લેવામાં આવ્યો છે. (૬)

બ્રાહ્મણ ધર્મમાં ‘ગોમાંસભક્ષણ’ અને વારૂણીનો નિષેધ કરવામાં આવ્યો છે, જ્યારે સિધ્ધોએ જાહેર કર્યું કે જે ગોમાંસ ખાશે અને વારૂણીનું પાન કરશે તેને અમે કુલીન માનીશું. અહીં શબ્દાર્થ સમજવાનો નથી ગોમાંસ એટલે ખેચરી મુદ્રા છે. વારૂણીનો અર્થ સહસ્ત્રદલ કમલમાંથી ઝરતો અમૃત રસ છે. (૭)

કબીરનું ઉદા. જોઈએ તો -

બાબુલ મેરા વ્યાહકરિ, વર ઉત્તિમ લૈ આઈ;
જબ વર પાવે નહીં તબ લગ તૂંહી વ્યાહિ. (૮)

બેટી બાપને કહે છે કે હે પિતાજી, મારો વિવાહ કોઈ ઉત્તમ વર સાથે કરી દો, જ્યાં સુધી આવો વર ન મળે ત્યાં સુધી તમે મારા વર બનો. અહીં બાબુલનો અર્થ ગુરુ છે. અને ઉત્તમ વર પરમાત્મા છે. આ અર્થ સમજીએ ત્યારે સત્ય સમજાય છે. એટલે આવી રચનાથી લોકોની જિજ્ઞાસા જગાડીને પોતાની વાત પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

શૈલી, વિષય, પ્રયોજન અને છંદ એમ ચાર પ્રકારની ઉલટબાંસી છે.

શૈલીના ત્રણ ભેદ - વિરોધાભાસ, સાર્દશ્યાશ્રિત, ગૂઢાર્થ પ્રતીતિ.

વિષય : ઉપદેશપ્રધાન, ત્યાગ-રાગપ્રધાન, વિશ્વાસપ્રધાન સાધનામૂલક માયાવિષય, સિધ્ધિ-ફળ સંબંધી.

પ્રયોજનની દષ્ટિએ - સાધનાત્મક અનુભૂતિ, ગુહ્યપ્રવૃત્તિ પ્રધાન, કૌતુહલ-વિસ્મય પ્રધાન, પાંડિત્ય પ્રદર્શન,

છંદની દષ્ટિએ - પૂર્ણપદ અને અંશપદ

ઉલટબાંસીમાં મુખ્યત્વે નીચેના ત્રણ તત્વો રહેલાં છે.

૧ વિરોધાભાસી - અસંબંધ પદરચના, પરસ્પર વિરોધનો ભાવ

૨ પ્રતીક પ્રધાન - શબ્દોની વિચિત્રતા છે

૩ સાધનાત્મક વિચારોની અનુભૂતિ

ઉપલબ્ધ રચનાઓને આધારે એમ જાણવા મળે છે કે તેમાં કેટલીક વિગતો અનિવાર્ય હોય છે તો કેટલીક પ્રયોગશીલતાનું લક્ષણ ધરાવે છે. તો વળી કેટલાંક સામાન્ય લક્ષણો હોય છે. તેમ છતાં લક્ષણોની પ્રધાનતા કે ગૌણતા હોવાની સાથે એની શૈલી-રચના રીતિથી ઉલટબાંસીનું નિર્માણ થયેલું હોય છે. પારિભાષિક શબ્દો, સાંકેતિકધ્વનિ શબ્દ પ્રયોગો, વ્યંગ્યનો પણ સમાવેશ થાય છે.

*તેમાં પ્રયોજાતાં પ્રતીકો પારિભાષિક, રૂપકાત્મક, સાંકેતિક* સંખ્યામૂલક હોય છે. (૮)

કબીરની રચનાઓમાં ગગનમંડળ - એ બ્રહ્મરંધ્રનું પ્રતીક છે. જ્યારે 'બકનાલ' સુષુમ્ણા નાડી માટે છે.

પારિભાષિક પ્રતીકો હઠયોગની સાધનાની નિષ્પત્તિ છે. હઠયોગની સાધના દર્શાવતો શ્લોક ઉપરોક્ત વાતની પ્રતીતિ કરાવે છે.

इडा भगवती गंगा पिंगला यमुना नदी
इडा पिंगलयोर्मध्ये, बालरण्डाच कुण्डली (१०)

ઈડા નાડી માટે ગંગા, પિંગલા માટે યમુના, કુંડલિની શક્તિ માટે બાલરંડા પ્રતીકોનો પ્રયોગ થયો છે.

નાથપંથીઓએ મૂળાધાર ચક્ર માટે સૂર્ય અને સહસ્રાર ચક્ર માટે અમૃતનો પ્રયોગ કર્યો છે.

સંખ્યામૂલક પ્રતીકો સિધ્ધો અને નાથ સંપ્રદાયમાં વિશેષ છે. કબીરે પણ તેના પ્રભાવથી આવો પ્રયોગ કર્યો છે.

चोसठ दीया जीयके चौदह चंदामांहि
ते हि घर किसका चानडो जेहि घर गोविन्द नाहिं (११)

ચૌદહ શબ્દ ૧૪ વિદ્યાઓ ચોસઠ શબ્દ ૬૪ કલાઓના સંદર્ભમાં સમજવાનો છે.

ઉલટબાંસીમાં અલંકાર, અદ્ભુતરસ, વિરોધાભાસ, અસંભવ, અસંગતિ, અન્યોન્ય વ્યાઘાત, અતિશયોક્તિ જેવાં તત્ત્વો રહેલાં છે.

ઉદા. જોઈએ તો -

अेक अचंभो देखिया, बिटिया जाई बाप
बाबुल मेरा व्याहा करी, वर उत्तम ले आई
जब लग वर पावे नहीं, तब लग तूंही व्याही. (१३)

આ પ્રકારના વિચારોમાં સૂફીવાદની વિચારધારાનો પ્રભાવ છે. બદરૂદીન કહે છે કે મારી માતાએ મારા પિતાને જન્મ આપ્યો છે. મારા પિતા એમના ખોળાનું બાળક છે અને તે દૂધ પીવડાવે છે.

જીવ કહે છે કે હું એક બાળક છું, જેના પિતા એ મારો પુત્ર છે હું એવી માતાને મળ્યો છું કે જેને મને જન્મ આપ્યો છે. મેં વિવાહની વાત કરી તો તે તૈયાર થઈ ગઈ. સૂફી કવિઓએ આવી શૈલી અપનાવી હતી. કબીર હિન્દુ અને મુસલમાન એમ બન્ને ધર્મના હતા એવી પ્રચલિત લોકોક્તિ છે કબીરે મુસલમાન કાજીઓના ધર્મ ઝનૂનથી રક્ષણ મેળવવા માટે આવી શૈલીનો પ્રયોગ કર્યો હતો.

હરિયાળી શૈલીનાં કાવ્યોમાં પ્રતીકો ચાર પ્રકારનાં છે તે ઉપરથી તેની વિવિધતાનો ખ્યાલ આવે છે.

**પારિભાષિક પ્રતીકો** : તેમાં સાંપ્રદાયિક અને ધાર્મિક સંબંધ ધરાવતા શબ્દોનો પ્રયોગ થાય છે.

**સંખ્યામૂલક પ્રતીકો** : તેમાં સંખ્યાવાચક શબ્દો સંકેત તરીકે પ્રયોજાય છે. તેમાં પણ સાંપ્રદાયિક શબ્દોનું પ્રમાણ વિશેષ છે.

**રૂપકાત્મક પ્રતીકો** : અધ્યાત્મ સાધનાની અનુભૂતિને રૂપકો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. આ પ્રતીકો નિરાકાર ઉપાસના દ્વારા જ્ઞાનશક્તિના આવિષ્કાર સમાન છે.

**સમસ્યામૂલક પ્રતીકો** : કોઈ એક સાધન કે વસ્તુનું વર્ણન કરીને તેનું નામ શોધવાનું હોય છે. તદ્દુપરાંત પ્રહેલિકા સમાન રચના કરીને વસ્તુનું નામ શોધવાનું હોય છે.

હરિયાળી પ્રકારની કૃતિઓમાં આવાં પ્રતીકોનો વિશેષ પ્રયોગ *થયેલો હોવાથી સમગ્ર કાવ્યરચના અન્ય કાવ્ય પ્રકારો કરતાં વિશિષ્ટ* કોટીની ગણાય છે.

सुंदरदास – सुंदर उलट बात है समझो चतुर सुजान।

ઉલટબાંસી એક શૈલી વિશેષરચના છે તેમાં ઉલટીવાંત, ઉલટો ખ્યાલ, અટપટી વાણી એમ સમજાય છે. ઉલટબાંસીમાં ઉલટ શબ્દ વિશેષણયુક્ત છે જે વાણીની વિશેષતા દર્શાવે છે. ઉલટબાંસી એક એવી રચના છે કે સમજ્યા પછી તૃપ્તિ - સંતોષનો અનુભવ થાય છે. રહસ્યમય વિચારોને પ્રગટ કરવા માટે અતિકઠિન અને દુર્બોધ પ્રતીકોનો આશ્રય લેવામાં આવે છે.

અભિધા શક્તિથી અર્થ થતો નથી એટલે કુતૂહલ વૃત્તિ થાય છે. શબ્દ વૈચિત્ર્ય અને અસંભવિત ઉક્તિઓ હોય છે. ધાર્મિક અને આધ્યાત્મિક વિચાર ધારાને આવી રીતે વ્યક્ત કરવામાં આવે છે. આચારશુધ્ધિ અને ઉપદેશની સાથે અધ્યાત્મવાદની ઉક્તિઓ વિશેષ છે.

ઉલટબાંસી એટલે ઉલટા ભાષણ, અવળી વાણીની રચના. (૧૩)

ગુજરાતી સાહિત્યમાં અવળવાણી 'હિન્દી સાહિત્યમાં' ઉલટબાંસી અને જૈન સાહિત્યમાં 'હરિયાળી' કાવ્ય સ્વરૂપની વિવિધ પ્રકારની વિગતો ઉપલબ્ધ થાય છે.

હિન્દી સાહિત્યના કવિ સુંદરદાસ ઉલટબાંસીને વિપર્યયમૂલક સંજ્ઞાથી ઓળખાવે છે. સંતકબીરની ઉલટબાંસી રચનાઓ થઈ ત્યાર પહેલાં નાથ સંપ્રદાય અને બૌદ્ધ સાહિત્યમાંથી આવી કૃતિઓ પ્રાપ્ત થાય છે.

કવિ ગોરખનાથ ઉલટી ચર્ચા નામથી ઓળખાણ આપે છે.

તુલસીદાસ ઉલટી રીતિ અને શિવદયાલ ઉલટી ચર્ચા એવો અર્થ જણાવે છે.

ડૉ. પરશુરામ ચતુર્વેદી સંભાવનાઓનો સંકેત છે એમ માને છે. ડૉ. સરનાથસિંહ 'બાંસી' શબ્દ બાંસ (વાંસ) ઉપરથી નિષ્પન્ન થયો છે

તેમ માને છે. તેનો અર્થ નિહિત (અંદર રહેલું) છે (નિવાસ) તે દષ્ટિએ તેમાં ઉલટી વાત રહેલી છે.

ડૉ. ભરતસિંહ ઉપાધ્યાય બાંસને અવળો કરવો એમ જણાવે છે. બૌધ્ધધર્મમાં બ્રાહ્મણધર્મ માટે 'અંધવેણુ' શબ્દ પ્રયોગ થયો છે. બધા અંધો એક વાંસ પકડીને તેનું અનુસરણ કરે છે. તેને બદલે વાંસને ઉલટો કરીને સાચો માર્ગ શોધવાનો છે.

ઉપરોક્ત વિધાનને આધારે ઉલટબાંસી એટલે અવળી વાતની પ્રતીતિ થાય તેવી કાવ્ય રચના. (૧૪)

જૈન સાહિત્યમાં હરિયાળી શબ્દપ્રયોગ થાય છે તેનો સંદર્ભ કોઇ શબ્દકોશમાં મળી આવતો નથી. જૈન સાહિત્યમાં તેનો અર્થ વિચિત્ર લાગે તેવી હકીકત થાય છે.

શ્રીમન્નથુરામ શર્માએ બત્રીસ સવૈયા પ્રસિધ્ધ કર્યા છે તે પુસ્તકની પ્રસ્તાવનામાંથી નીચે જણાવ્યા પ્રમાણેનો હરિયાળીનો સંદર્ભ પ્રાપ્ત થાય છે.

"કહેવાનો ઉપયોગી વિષય જો ઉલટી રીતના શબ્દોમાં કહેવામાં આવે તો તે વિષય વાંચનારને સાંભળનારને આશ્ચર્ય જેવો પ્રતીત થઇ તેનો વાસ્તવિક અર્થ જાણવા તેની વૃત્તિ વેગવતી થાય છે. મનુષ્યોનાં મનનો આ સ્વભાવ ધ્યાનમાં રાખી કેટલાક સત્પુરૂષોએ જિજ્ઞાસુ જનોના હિતાર્થે ઊલટી વાણી લખી છે." (૧૫)

આવી ઊલટી વાણીનો ઉદ્દેશ વિનોદ સાથે જ્ઞાન પ્રાપ્તિનો છે.

(શ્રી આનંદઘનજીનાં પદો ભા.૨)

"હરિયાળી, અન્યોક્તિ અને વ્યાજસ્તુતિમાં તફાવત રહેલો છે. અન્યોક્તિમાં કોઇને કહીને બીજાને સંભળાવવાનું હોય છે. વ્યાજસ્તુતિમાં વખાણનો દેખાવ કરીને ટીકા કે નિંદા કરવાનો હેતુ રહેલો છે. હરિયાળી

ટીકા-નિંદા કે અન્યને સંબોધીને કહેવાતું નથી. પણ દેખીતી રીતે વિરોધ લાગતી વાતનો મેળ મેળવવાનો હોય છે." (૧૬)

અગરચંદજી નાહટાએ પ્રાચીન કાવ્યોંકી રૂપપરંપરામાં જિજ્ઞાસામૂલક કાવ્યરચનાઓ વિશે જણાવ્યું છે. આ પ્રકારના હરિયાળી કાવ્યોમાં કૂટવાણી, ઉલટબાંસી, ઉખાણા, સુભાષિત અને સમસ્યાનો સમાવેશ થાય છે.

બૌધ્ધ ધર્મના સાહિત્યમાં આવી રચનાઓ મળી આવે છે. હરિયાળી વિશે જણાવ્યું છે કે જે કાવ્ય સહેલાઈથી સમજી શકાય નહિ અને રૂપકો, દૃષ્ટાંતોમાં ધાર્મિક પારિભાષિક સંદર્ભ હોય તેવી રચના હરિયાળી પ્રકારની છે.

મધ્યકાલીન સાહિત્યમાં છૂટા વાક્યો કે વિધાનો આપીને સમસ્યા પૂછવામાં આવતી હતી તે વાક્ય સમસ્યા કહેવાય છે. આવો સંદર્ભ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની રચનાઓમાં પણ મળી આવે છે.

કૂટ પ્રશ્ન પણ સમસ્યાના પર્યાયરૂપ છે તેના ઉપરથી 'કોયડો' ઉદ્‌ભવ્યો હોય એમ લાગે છે. જે કાવ્યનો અર્થ સરળતાથી સમજાય નહિ અને ગુંચવાડા ભરેલો અર્થ હોય ત્યારે તે કૂટપ્રશ્ન યુક્ત કવિતા કહેવાય છે. આ પ્રકારની રચનાઓ મધ્યકાલીન ભક્તિમાર્ગની કવિતાની અવળવાણી સાથે સામ્ય ધરાવે છે. કબીરની પ્રસિધ્ધ ઉક્તિનું ઉદા. જોઈએ તો -

**"પાનીમેં મીન પ્યાસી, મોહે દેખત આવે હાંસી."**

આ પંક્તિ દ્વારા આત્માને નહિ ઓળખનાર અને બાહ્ય જગતમાં શોધવા નીકળનાર અબૂઝ માણસની હાંસી મજાક કરી છે. દયારામનો કુંડળિયો 'પારસમણિને વાટકે, ભટજી માગે ભીખ'. અને 'ધીરાનું પદ' 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ' પણ આજ પ્રકારની ઉક્તિ છે.

કવિ અજિતસાગર - અવળ વાણીનો અર્થ કરવામાં શાસ્ત્રો - પુરાણો કે ન્યાય ભણેલા પંડિતનું કામ નથી. ન્યાય ભણેલા કે વ્યાકરણ શીખેલા પંડિતો તો માત્ર શબ્દાર્થ જ કરી શકે છે કે તે સંબંધી ઉહાપોહ ચલાવી શાસ્ત્રાર્થ સાધી શકે છે પણ અવળવાણીના ખરા અર્થને તે પામી શકતા નથી. અવળવાણીનો અર્થ કરવો એ અનુભવી મહાત્માઓનું કામ છે, એમાં ડહાપણ કામ કરતું નથી. એક કહેવત છે કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી'.

હરિયાળીમાં કોઈ વસ્તુ કે વિષયનો નામોલ્લેખ કર્યા વગર તેના ગુણોનું વર્ણન કરવામાં આવે છે તે ઉપરથી વર્ણ્યવિષય કે વસ્તુનું નામ શોધી કાઢવામાં બુધ્ધિને કસવી પડે છે અંતે નામ પ્રાપ્તિ થતાં કવિતાનો ચમત્કૃતિપૂર્ણ આનંદ અનુભવી શકાય છે અને આશ્ચર્ય પણ થાય છે. ટૂંકમાં હરિયાળી એટલે પરોક્ષ રીતે સાનંદાશ્ચર્ય અનુભવ કરાવતી અધ્યાત્મ વિષયક રચના છે. પ્રાકૃત ભાષામાં ૧૨મી ૧૩મી સદીમાં (સુભાષિત ગ્રંથ,) હિયાલી નામની પદ્યાવલી રચના મળે છે. જૈન સાહિત્યમાં આનો વિકાસ થયેલો છે. પ્રબંધ રચનાઓમાં આવો સંદર્ભ મળી આવે છે એટલે 'હિયાલી' સ્વરૂપની સ્વતંત્ર રચનાઓ નથી.

કવિ સમયસુંદરની રચના નળદમયંતી ચોપાઈમાં છંદ દુહાની સાથે હરિયાળી પણ જોવા મળે છે.

હરિયાળી રચનાઓ વિવિધ કવિઓએ કરી છે. અને તેના સ્વરૂપમાં નવીનતા હોય છે. સંખ્યાવાચક શબ્દો હોય, કોયડો કે સમસ્યાને પણ હરિયાળીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ગણિતના પ્રશ્નો પણ હરિયાળી રૂપે પૂછવામાં આવતા હતા. ઉદા. -

एक समै वृषमान लली काहार विहारमे तूटी मिरया<br>
सैतिस सेज और तिरसक अंचल और सत्तर ग्वालिन लूटि लियो<br>
अर्धम भाग मिरयो छिति पै प्रभु पंचम भाग चुराइ लियो

नवम भाग सहेलिन के वगहि उग्त् वोतिक मोतीन हार गिरयो मोती। (१८)

(હિન્દી સાહિ. બૃહદ્ ઇતિહાસ પા.-૫૦૯) (મોતી)

ભારતીય સાહિત્યમાં કાવ્ય વિશે કેટલાક મત પ્રચલિત છે. તેમાં કુંતકનો વક્રોક્તિવાદ કાવ્ય મીમાંસામાં નવો અભિગમ છે. કાવ્યમાં વક્રોકિત પણ મહત્ત્વનું લક્ષણ ગણાય છે. કવિએ જે કંઇ કહેવાનું હોય છે તે પોતાની આગવી રીતે કહેવાનું છે તેમાં વક્રોકિતનો આશ્રય લેવામાં આવે છે. વક્રોકિત એટલે જે ઉક્તિ અસાધારણ છે, વિચિત્ર છે, અતિશયવાળી છે, રમણીય છે, વિદગ્ધતાની છટાવાળી છે, જે પ્રતિભાવંત કવિની પ્રવૃત્તિનું પરિણામ છે. કૃતિના ભાવંનથી ભાવકને વૈચિત્ર્યનો અનુભવ થાય છે તે અર્થમાં તે અલૌકિક છે. કવિ પ્રસિધ્ધ માર્ગ ત્યજી દઇને અર્થ અન્યથા કહે છે. વક્રોકિત એ કવિ કૌશલ્યની છટા છે.

કુંતક જણાવે છે કે કાવ્ય દ્વારા લોકોત્તર ચમત્કારકારક વૈચિત્ર્યની ભાવકને અનુભૂતિ થાય છે. એ સાક્ષાત્ અનુભવની બાબત છે. તર્ક કે અનુમાનનો વિષય નથી.

(નગીનદાસ પારેખ પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી સેક્ટર - ૧૭ ગાંધીનગર
(સંદર્ભ - પા. ૬-૭) કુન્તકનો કાવ્ય વિચાર)

હરિયાળી સ્વરૂપને સમજવા માટે વક્રોક્તિનો મત સુસંગત લાગે છે. વિચિત્ર અભિવ્યક્તિ દ્વારા રહસ્યમય અનુભૂતિ થાય છે.

अगरचंदजी नाहटाका हरियाली विषयक मत :

जैन कवियोंने हियाली संज्ञक ऐसी बहुत सी रचनाऐं की है जो बड़ी ही समस्या मूलक्त होती है। हियाली शब्द का सबसे प्राचीन उल्लेख प्राकृत भाषा के वजालग्ग ग्रन्थमें देखने को मिलता है। उसमें दी हुई हियालियों से परवर्ती प्राचीन राजस्थानी भाषाकी हियालिये कुछ भिन्न प्रकारकी है। इससे हमे हियाली के स्वरूप विकास की जानकारी मिल जाती है। (२०)

કૂટકાવ્ય રચના સંસ્કૃત અને હિન્દી સાહિત્યમાં પ્રાપ્ત થાય છે. તેને

માટે દષ્ટકૂટ શબ્દ પ્રયોગ થાય છે. હરિયાળી ઉલટબાંસીની માફક આ શૈલીની રચનાઓ તેની સાથે સામ્ય ધરાવે છે. આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી એને 'વિચિત્ર પદ' રચના નામથી ઓળખાવે છે. દષ્ટકૂટ રચના વિષય કે વસ્તુનું પદ્યમાં વર્ણન નિરૂપણ કરવામાં આવે છે. આ કાવ્ય રચના વાંચીને વાચક ભ્રમમાં પડી જાય છે. તદુપરાંત કવિનું પાંડિત્ય પ્રગટ થવાની સાથે વાચકવર્ગના જ્ઞાનની કસોટી પણ થાય છે. જૈન સાહિત્યની વર્ણનાત્મક હરિયાળીઓનો સંચય કૂટકાવ્ય પ્રકારનો છે. હરિયાળીમાં લોકોનું આકર્ષણ જમાવવાની શક્તિ રહેલી છે.

કૂટ કાવ્યમાં વિનોદ અને મનોરંજન થાય તે સ્વાભાવિક છે પણ હરિયાળીમાં રહેલો ગૂઢાર્થ ધીર ગંભીર બનીને સમજવાનો તે દષ્ટિએ આવી હરિયાળીઓ પ્રતીકાત્મક સ્વરૂપની ગણાય છે. પ્રતીકો સાંપ્રદાયિક અને લોકવ્યવહારનાં હોવા છતાં તેમાં રહેલો અધ્યાત્મવાદ-વૈરાગ્ય અને નિરાકાર ઉપાસનના વિચારો જાણવા મળે તેવો હેતુ છે. હિન્દી ભાષાના કવિ વિદ્યાપતિ અને સૂરદાસના પદ્યમાં કૂટકાવ્યનો સંદર્ભ પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મના સ્તોત્ર સાહિત્યમાં પરમપ્રભાવક અને અદ્‌ભુત ચમત્કારયુક્ત ઋષિમંડલ સ્તોત્ર જાણીતું છે. તેના પૂજનમાં કેટલાક મંત્રોનો સમાવેશ થયો છે. તેમાંનો એક મંત્ર "कूटाक्षरेभ्यः नमः स्वाहा" આ મંત્રમાં કૂટ શબ્દ પ્રયોગ નોંધપાત્ર ગણાય છે. મંત્રાક્ષરોમાં પ્રયોજાતા સ્વર અને વ્યંજનો માત્ર એક-બે-અક્ષર નથી પણ તે મંત્રાક્ષરોમાં ગર્ભિત રહસ્ય રહેલું છે. મંત્રનો અર્થ જાણવાથી આ વાત સ્વાભાવિક રીતે સમજી શકાય છે. હરિયાળીના સ્વરૂપમાં 'કૂટ કાવ્ય' પ્રયોગ થાય છે તે યથાર્થ લાગે છે.

ભાષા એક સમર્થ માધ્યમ છે કે એના ઉપાદાન દ્વારા અનુભૂતિની કલાત્મક અભિવ્યક્તિ કરવામાં આવે છે. તેમાં માત્ર શાબ્દિક અનુભૂતિ નથી પણ સર્જકના ચિત્ત અને બુધ્ધિની પ્રતિભાથી અભિવ્યક્તિમાં અવનવી

કલ્પનાઓનો સમન્વય સધાયેલો હોય છે.

બાહ્ય જગતમાં વિદ્યમાન પદાર્થોને અનુભવોને આધારે વ્યક્ત કરવા સરળ છે. જ્યારે માનવ ચેતનાના સંસ્પર્શથી અંતરમાં ઉદ્‌ભવેલા તરંગો, વિચારો ને સૂક્ષ્મ ભાવનાઓ વ્યક્ત કરવી અતિ કઠિન કાર્ય છે. અંતસ્તલમાં હજી પણ કંઈક અવ્યક્ત છે તેને પ્રગટ કરવાની તીવ્ર ઈચ્છાથી હરિયાળી પ્રકારની રચનાઓ પ્રગટ થઈ હોય તેમ સંભવે છે. કવિ પોતાની અભિવ્યક્તિને વધુને વધુ સમર્થ બનાવવા માટે પુરૂષાર્થ કરે છે આવી મનોવૃત્તિ સામાન્ય માનવ સમૂહ કરતાં સર્જકમાં વિશેષ પ્રબળ હોય છે તે કારણથી હરિયાળી પ્રકારની રચનાઓનો ઉદ્‌ભવ થયો છે. ભાવ સ્થિતિની સૂક્ષ્મતાને વ્યક્ત કરવા માટે પ્રતીકોનો આશ્રય લેવામાં આવે છે. આવી પ્રતીકાત્મક અભિવ્યક્તિ હરિયાળીનું અંગભૂત લક્ષણ બને છે. તેમાંથી નિષ્પન્ન થતો અર્થ ચમત્કૃતિવાળો હોય છે.

રાજસ્થાની ભાષામાં હિયાલી ગેય પદ્યરચના છે. ૧૩મા શતક સુધીમાં હરિયાળી સાહિત્ય મળે છે. આવી હરિયાળી સાંભળીને બાળકો, યુવાનો, વૃધ્ધો બધા તેનો અર્થ સમજવા માટે બુધ્ધિને કસોટીએ ચઢાવે છે. તેનો જવાબ પરિચિત તથા સાદો હોવા છતાં ખ્યાલ આવતો નથી પણ જ્યારે જવાબ મળે છે ત્યારે આનંદ સાથે અજ્ઞાનતાને કારણે દુઃખ પણ થાય છે.

હરિયાળી પ્રાચીન ગુજરાતી રાજસ્થાની સાહિત્યની એક મનોરંજક રચના છે. જેના પઠન પાઠનથી બુધ્ધિની તીક્ષ્ણતાની સાથે સાહિત્યનો અનેરો રસાસ્વાદ થાય છે. વળી તેમાંથી આધ્યાત્મિક જ્ઞાનના ઉપકારક વિચારો પ્રાપ્ત થાય છે.

બુધ્ધિની પરીક્ષાના સંદર્ભમાં પ્રહેલિકા સમાન કાવ્ય રચનાને રાજસ્થાની સાહિત્યમાં 'હિયાલી' કાવ્ય કહેવામાં આવે છે. આ શબ્દ પ્રયોગ વિશે અગરચંદજી નાહટા એમ જણાવે છે કે ૧૨મી ૧૩મી સદીનો

પણ ઉચ્ચ કોટિનો કવિ પણ હતો. ૧૧મી સદીના કરીરૂદ્દીન અત્તાર ૧૨મી સદીના જલાલુદ્દીન રૂમી આવી રચનાઓ માટે જાણીતા છે.

ઉપરોક્ત સંદર્ભોનો તુલનાત્મક વિચાર કરીએ તો જૈન સાહિત્યની હરિયાળીના મૂળમાં રાજસ્થાની 'હિયાલી' શબ્દ રહેલો છે. કવિ ગોરખનાથની એક પંક્તિમાં 'હિયાલી'નો ઉલ્લેખ મળે છે.

> ''याहि हियाली जे कोइ बूझै
> ता लोगोंकी तुभुवन सुझै.'' (૨૧)

રાજસ્થાનમાં જમાઈની પરીક્ષા કરવા માટે શ્વસુર પક્ષ તરફથી પ્રચલિત પ્રહેલિકાઓ અને અટપટી માહિતી પૂછવામાં આવતી હતી. તેને માટે 'હિયાલિયા' શબ્દપ્રયોગ થતો હતો. આ સંદર્ભ પણ 'હરિયાળી' શબ્દને સમર્થન આપે છે.

રાજસ્થાની ભાષાના 'હિયાલી' શબ્દના મૂળમાં હિય-હૃદયનો સંબંધ જણાય છે. હૃદય શબ્દ પરથી હિય બનીને હિયાલી શબ્દ રચના થઈ એમ લાગે છે. આ રચના ચોટદાર, વેધક અસર કરે તેવી છે. તેમાં રહેલો ગૂઢાર્થ અને અભિવ્યક્તિમાં વિરોધાભાસ હોવાથી તેની વેધક અસર થાય છે પણ ગૂઢાર્થ સમજાય એટલે વેધક્તાની માત્રા વધૂ પ્રબળ બને છે. 'હિયાલી' શબ્દ પરથી જૈન સાહિત્યમાં હરિયાળીનો પ્રયોગ થયો હોય એમ માનવાને માટે આ સંદર્ભ સમર્થન આપે છે.

હિયાલીના ઉદાહરણ તરીકે નીચેની પંક્તિઓ નોંધવામાં આવી છે.

ઉંડોરોટો ઘી ઘણોરે બૈરે માંય ઉડદી દાલ મ્હોરા રાજ.
પુરીસણ આલો પદમણીરે, ઓતો જોગણ આલી ગંવાર મ્હોરા.

મ્હોરી હીયાલીકો અરથ કરો. જે થાને અરથ ન ઉકલૈ રે થારે
બડૌરૈ વીરૈને તંડાવો મ્હોરી હીયાલી કો અરથ કરો.

(ઉત્તર - મતીરા. તડબુચ, ખરબુજા)

આઠ કૂઆ ને નવ વાવડીરે વોતો દોનોં સમય તલાબ મ્હારા રાજ.
હાથી ઘોડા ડૂબ ગયા રે પણિહારી ખાલી જાય મ્હારા.
મ્હોરી રે હીયાલી રો અરથ કરો.
જે થાને અરથ ન ઉકલે રે, થારે કાકોજીને તેડાવો મ્હોરા રાજ.
મ્હોરી રે હીયાલી રો અરથ કરો.
(ઉત્તર - કાચ, દર્પણ, આદર્શ)

'હિયાલી' પ્રહેલિકા સમાન છે. રાજસ્થાની કાવ્ય રચનાઓમાં પ્રહેલિકાના સ્વરૂપ ઉપરાંત પ્રહેલિકાનાં અન્ય પ્રકારોની સાથે ગૂઢાર્થ વ્યક્ત થયેલો હોય છે. તેનું મુખ્ય પ્રયોજન બુધ્ધિ પરીક્ષાની સાથે મનોરંજન કે વિનોદ પ્રાપ્ત કરવાનું છે. હરિયાળી રચના માટે સુપ્રસિધ્ધ કવિ સમયસુંદર છે. તેમાં પંડિતોની પાંડિત્યને પડકાર કરવામાં આવે છે. (Challenge), હરિયાળીમાં પહેલિકા સમાન એક શબ્દમાં જવાબ આપવાનો હોય છે. મુકરીની માફક વસ્તુના ગુણ, ક્રિયા વગેરેનું વર્ણન કરવામાં આવે છે. તેમાં અપ્રસ્તુતા અને ઉલટબાંસી જેવો વિરોધ પણ રહેલો છે.

કવિવર ધર્મવર્ધનની હિયાલીનું ઉદા. - અત્રે નોંધવામાં આવ્યું છે. તેમાં એક પુરુષ કોણ? તેનો જવાબ 'મન' છે. તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

અરથ કહૌ તુમ બહિલૌ એહનો સગર હિયાલી હૈ સાર
ચતુર એક પુરુષ જગ માહૈ પરગડૌ સહુ બાળે સંસાર ॥૧॥ ચ.॥

પગ વિહુલો પરદેસે જામેં, આવૈ તુરતઉ બાપ ।
બૈઠી રહૈ આપળે ધરિ બાપડૌ તૌ પિણ ચપલ કહાય ॥૨॥ ચ.॥

કોઈક તો તેહનૈ રાજા કહૈ કોઇ તો કહૈ રંક ।
સાંચૌ સરલ સુબાળ કહૈ સહુ, બલિ તિજ ગાહૈ રે બંક ॥૩॥ ચ.॥

પૌતે સ્વસ્થ સું પાંચાં મિલૈ આપ મુરાદૌ રે એહુ ।
ધન તિકૈ નર કહૈ શ્રી ધર્મસી, લોપૈ તેહ રે જેહ ॥૪॥ ચ.॥

(કવિ ધર્મવર્ધન) (૨૨)

**ઈશારિય :** પ્રાચીન અરબી - ફારસી ભાષાના સાહિત્યમાં વૈચારિક અભિવ્યક્તિ માટે ઈશારિયતની શૈલી અપનાવવામાં આવી હતી. તેમાં લોકપ્રચલિત ઉદાહરણો આપીને અલૌકિક જગતની વાતો - વિચારો વ્યક્ત કરવામાં આવતા હતા. સાગર, મધુ, મધુપાત્રના માધ્યમથી રચના થતી હતી તેમાં અસંબંધ કે વિરોધ દર્શાવવામાં આવતો નથી. ઈશારિયતની રચના કરનાર માત્ર સાધક ન હતો.

હરિયાળી સ્વરૂપને સમજવા માટે અન્ય પ્રાદેશિક ભાષા સાહિત્યની માહિતી વધુ ઉપયોગી નીવડે છે.

**બાઉલ ગીત :** બંગાળી ભાષામાં બાઉલગીત વધુ પ્રચલિત છે. તેમાં આધ્યાત્મિક પ્રણયની વિભાવના અવળવાણીનો આશ્રય લઈને પ્રગટ કરવામાં આવે છે. બાઉલ એટલે ભગવત્ પ્રેમમાં વ્યાકુળ-વ્યાપ્ત-વિક્ષિપ્ત એમ થાય છે. બંગાળી સાહિત્યમાં સાધકો માટે બાઉલ શબ્દ પ્રયોગ થાય છે. એમની વાણીને બાઉલગીત કહેવામાં આવે છે. આ ગીતો વ્યક્તિગત સાધનાની નીપજ છે. ઉલટબાંસી કે અવળવાણીમાં સાધનાગત અનુભૂતિ ઉપરાંત લોકોનું આ તરફ આકર્ષણ થાય તેવો હેતુ રહેલો છે.

હરિયાળીના તુલનાત્મક અભ્યાસની દષ્ટિએ બાઉલગીતની ઉપરોક્ત માહિતીના સંદર્ભમાં ચાર બાઉલગીત સાર્થ દષ્ટાંતરૂપે નોંધવામાં આવ્યાં છે.

Songs of this type which are still now to be heard in the *rural areas particularly of Bengal, are genrally known as the*

Songs of the ulta Boul (બાઉલ)... The enigmatic Style was a popular technique also with the Vaishnav and the bouls of Bengal Ragatmic Padas of Chandidas are full techniqualities and riddles. (૨૪)

They proceed in a direction opposite to that followed by the general run of Pupil...It is for this reason that the boul would call their path Ulta (the Reverse) and would Call the process of their spiritual advance as the process of proceeding against the Current (૨૫)

હરિયાળી કાવ્યો રચવાનું પ્રયોજન શું છે? તેનો પણ વિચાર કરવો જોઇએ.

અધ્યાત્મ સાધના અને તત્ત્વની ગહન વાતો જનતા સુધી પહોંચાડવા માટે હરિયાળી કાવ્યો રચાયાં છે. તેમાં રહેલા વિચારો આત્મોન્નતિકારક છે. કવિની અભિવ્યક્તિમાં ગૂઢાર્થ-ભાવની ગંભીરતા-અર્થઘનતા રહેલી છે. વળી આવો અર્થ સીધી રીતે પ્રગટ થતો નથી એટલે ગુપ્તતા-ગોપનનો પણ અંશ રહેલો છે. કવિઓએ આવી કાવ્ય કૃતિઓ દ્વારા સર્વમાન્ય પ્રયોજન આનંદનું છે તે તો સૌ કોઇ સ્વીકારશે. આ આનંદ સામાન્ય કોટીનો નથી પણ અતિઉચ્ચતમ એવા આત્માનુ-ભૂતિની કક્ષાએ લઇ જાય છે. તેમાં આનંદ, આશ્ચર્ય, જિજ્ઞાસા અને આકર્ષણ દ્વારા અનેરો રસાસ્વાદ થાય છે. તેનાથી સાચા અર્થમાં મનોરંજન થાય છે. કવિઓ વિદ્વાન્ છે. એમની કલ્પનાઓ અને વિચારો પણ અવનવા છે. બન્નેના સમન્વયથી રચાયેલી હરિયાળી દ્વારા એમના પાંડિત્યનો ખ્યાલ આવે છે. સામાન્ય વાચકવર્ગને આવી કૃતિઓનું પ્રત્યાયન થાય નહિ. બુધ્ધિને કસોટીએ ચઢાવે તો જ અર્થ પામી શકાય એટલે તેમાં પાંડિત્ય દર્શાવવાનો હેતુ પણ રહેલો છે એમ માનીએ તો વાંધો નથી. જૈન સાધુ કવિઓ અધ્યયન-અધ્યાપન અને સ્વાધ્યાયમાં ખૂબજ પ્રવૃત્તિશીલ હોવાથી

એમનું જ્ઞાન પણ અગાધ છે. આવા જ્ઞાનના વારસાને કાવ્ય દ્વારા વ્યક્ત કરીને કવિત્વ શક્તિની સાથે જ્ઞાનની ગહનતા ચિંતન અને મનનના અંતે વ્યક્ત થયેલા ઉપદેશાત્મક વિચારો પ્રગટ થાય છે. હરિયાળી કાવ્યો એ કવિઓના ઊંડા જ્ઞાનના પ્રતીક સમાન છે.

અંગ્રેજી ભાષામાં નીચેના શબ્દો હરિયાળી વિશે પ્રકાશ પાડે છે. Cartoon કાર્ટૂન અને Cari Cature - અળવીતરો, અવળવાણીનું ચિત્રમય સ્વરૂપ. તેમાં પ્રથમ દૃષ્ટિએ કોમીક-વ્યંગ જેવો અર્થ સમજાય છે પણ ઊંડો વિચાર કરતાં તેમાં રહેલા ગંભીર વિચારો પામી શકાય છે. હરિયાળીમાં આવો અર્થ નિહિત છે.

અંગ્રેજી ભાષામાં Enigma, Mystery, Puzzle જેવા શબ્દો છે તેની સાથે હરિયાળી રચના કંઈક અંશે સામ્ય ધરાવે છે.

To Speak in riddle an intentionally obscure statement that depends for the comprehension on the alertness and injunity of the hearer or reader syn-puzzle.

(Webster's third new international dictionary of the English language Volume-one Page 753)

Seen puzzles riddle, enigma.

Puzzle applies to any problem notably daffling and challenging ingenuity or skill.

Riddle - indicates question of problem involving paradox or contradiction proposed for solution. (૨૬)

Puzzle - To make it difficult for person to proceed along in a mentally laborious manner to exercise once mind a question problem of contrivante designed for testing ingenuity. (૨૭)

Riddle - To Find the solution of explained interprete, to create or set a riddle for to speak in or propounded riddles, a mistifying misleading or puzzling question posed as a problem to be solved or guessed. (૨૮) P. 275

Because of this ulta nature of sadhna the language of the songs in which the secret-of the sadhna is caught also generally of a ulta nature or extremely paradoxical and enigmatic (29)

The process has frequently been styled in the vernacular as the ulta sadhna of the regressive process such yogik tractites lead the sidha to his original ultimate the immortal being in his perfection or divine body back from the ordinary creative process of becoming. (30)

## હરિયાળી સ્વરૂપ : મહત્ત્વના મુદ્દા.

* ગૂઢાર્થ રહસ્યમય વિચારોની અભિવ્યક્તિ. વ્યંજના શક્તિનો વિશેષ પ્રયોગ.
* વિવિધ પ્રકારનાં પ્રતીકો, રૂપકો, વક્રોક્તિ, વિરોધાભાસ, જિજ્ઞાસા જેવાં લક્ષણોને આધારે પદ્ય રચનાની વિશિષ્ટ શૈલી.
* યોગ સાધનાની અનુભૂતિનું પદ્યમાં નિરૂપણ.
* અમૂર્ત વિચારોને પ્રકૃતિ અને વ્યવહારની પ્રચલિત માન્યતાનો આશ્રય લઈને વિરોધમૂલક અભિવ્યક્તિ.
* મધ્યકાલીન પદ સ્વરૂપ સમાન પદબંધ રચના. 'કાફી'નો પ્રયોગ વિશેષ થયો છે.

* ઓછામાં ઓછી ત્રણ કડીથી વધુ કડીઓમાં હરિયાળી રચાઇ છે.

* કાવ્યને અનુરૂપ લયાન્વિત રચના.

* તત્વજ્ઞાન અને દર્શન શાસ્ત્રના વિચારોનો વિષય તરીકે સ્વીકારીને હરિયાળીની રચના.

* સાંપ્રદાયિક્તાનો સંસ્પર્શ ને પ્રભાવનું પ્રમાણ વિશેષ છે.

* અદ્‌ભુત રસની સૃષ્ટિ કેન્દ્ર સ્થાને છતાં શાંતરસ-ભક્તિનો આસ્વાદ કરાવે તેવી રસ સૃષ્ટિ.

* જ્ઞાન સાથે વિનોદનું પ્રયોજન, કવિનું પાંડિત્ય, નવીનતા, પ્રયોગશીલતાનો પરિચય, ગુપ્તતા, આકર્ષણનું વલણ. હરિયાળીની શૈલીજ પ્રત્યાયન માટે કઠિન છે.

* પારિભાષિક સાંપ્રદાયિક શબ્દપ્રયોગોથી કઠિનતા વધે છે છતાં તેની આકર્ષક અને કલાત્મક અભિવ્યક્તિથી વેધક અસર ઉપજાવે છે.

* ચોટદાર અને કલાત્મક અભિવ્યક્તિ.

* હરિયાળી એટલે આધ્યાત્મિક વસંતના વૈભવની અનેરી અનુભૂતિ, આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણોના પ્રભાવનું અંશાત્મક પ્રગટીકરણ કરીને ચિંતનાત્મક વિચારો વ્યક્ત કરતી કાવ્ય રચના.

**પ્રકરણ - ૧. સંદર્ભસૂચિ**


| | | |
|---|---|---|
| નં-૧. | સ્વયંભૂ છંદોગ્રંથ | પા. - ૫૯ |
| ૨. | કબીર વાણી સુધા | પા. - ૧૨૮ |
| ૩. | ,, ,, | પા.-૧૩૩ |
| ૪. | ,, ,, | પા.-૧૩૩ |
| ૫. | ,, ,, | પા.-૧૩૩ |

| | | |
|---|---|---|
| ૬. | ,, ,, | પા.-૧૩૪ |
| ૭. | ,, ,, | પા.-૧૩૭ |
| ૮. | ,, ,, | પા.-૧૩૭ |
| ૯. | કબીરકી વિચારધારા | પા.-૨૭૯ |
| ૧૦. | ,, ,, | પા.-૨૭૯ |
| ૧૧. | ,, ,, | પા.૨૮૦ |
| ૧૨. | કબીર વાણી સુધા | પા.-૧૩૭ |
| ૧૩. | ,, ,, | પા. ૧૨૮ |
| ૧૪. | ,, ,, | પા.-૧૨૯ |
| ૧૫. | શ્રી આનંદઘનજીનાં પદો (ભા.૨) | પા.-૪૮૭ |
| ૧૬. | ,, ,, | પા. ૩૯૨ |
| ૧૭. | કાવ્ય સુધાકર | પા.-૪૪ |
| ૧૮. | હિન્દી સાહિત્યકા બૃહદ્ ઈતિહાસ | પા.-૫૦૯ |
| ૧૯. | કુન્તકનો કાવ્ય વિચાર | પા.-૬/૭ |
| ૨૦. | પ્રાચીન કાવ્યોંકી રૂપપરંપરા | પા.-૧૪૭ |
| ૨૧. | હિન્દી સંતોકા ઉલટબાંસી સાહિત્ય | પા.-૨૭૨ |
| ૨૨. | ,, ,, | પા.-૨૭૩ |
| ૨૩. | ,, ,, | પા.-૨૭૦ |
| ૨૪. | ,, ,, | પા. ૨૭૦ |
| ૨૫. | ,, ,, | પા.-૨૭૦ |
| ૨૬. | ,, ,, | પા.-૨૭૪ |
| ૨૭. | ,, ,, | પા.-૨૭૫ |
| ૨૮. | ,, ,, | પા. ૨૭૫ |
| ૨૯. | ,, ,, | પા. ૨૬૨ |
| ૩૦. | ,, ,, | પા.-૨૬૨ |

## પ્રકરણ - ૨

# હરિયાળી સ્વરૂપનો વિકાસ

જૈન કાવ્ય પ્રકારોમાં સિધ્ધિનું સોપાન સર કરે તેવો હરિયાળી કાવ્ય પ્રકાર છે. કાવ્યગત લક્ષણોની વિશિષ્ટતાથી અલંકૃત હરિયાળીના વિકાસ માટેની ઐતિહાસિક વિગતો સ્વરૂપને જાણવા માટે મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે.

હરિયાળીના વિકાસની માહિતીમાં ભક્તિમાર્ગની નિર્ગુણ ઉપાસના વિશેના વિચારો મહત્વના છે. યોગ સાધનાની અગમ્ય અનુભૂતિને વ્યક્ત કરવાના પ્રયાસમાંથી હરિયાળી ઉદ્‌ભવી છે એમ સંત કબીરની ઉલટબાંસીઓમાંથી ફલિત થાય છે.

સંસ્કૃત ભાષાની વેદ અને ઉપનિષદમાં પ્રતીક રચનાઓ રૂપકાત્મક અભિવ્યક્તિ, સમસ્યા પ્રધાનકાવ્ય, પાદપૂર્તિ જેવી કૃતિઓએ હરિયાળીના વિકાસમાં યોગદાન કર્યું છે. હિન્દી સાહિત્યમાં સંતોએ 'ઉલટબાંસી' નામની પદ રચનાઓ કરી છે. જ્યારે ગુજરાતી ભાષામાં 'અવળવાણી' નામથી પદો પ્રાપ્ત થાય છે. જૈન સાહિત્યમાં આવા પદોને 'હરિયાળી' નામથી ઓળખવામાં આવે છે. એટલે 'હરિયાળી' પ્રકારની રચનાઓના વિકાસમાં ઉપરોક્ત કાવ્યો વિશેના વિચારો સ્વરૂપ સાથે સુસંગત હોવાથી તેની માહિતી આપવામાં આવી છે. પરિણામે વિશિષ્ટ પ્રકારની કાવ્ય રચનાનો પૂર્ણ પરિચય થાય છે. વસ્તુની દષ્ટિએ વિચારતાં ભક્તિ અને સાધનાની અનુભૂતિ અને શૈલીની દષ્ટિએ ગૂઢાર્થ યુક્ત વિચિત્ર અભિવ્યક્તિ ધરાવતી કાવ્ય રચનાનો ઈતિહાસ પ્રાચીન સંસ્કૃત ભાષાના વેદ ઉપનિષદ કાળથી અવનવા સ્વરૂપે વર્તમાન સમયમાં તેનું અનુસંધાન થયેલું છે.

# ભક્તિ

ભક્તિ વિશે વિવિધ વિચારો પ્રવર્તે છે. પ્રભુ સેવા, આરાધના, શ્રધ્ધા, અનુરાગ વગેરે શબ્દો ભક્તિના સંદર્ભમાં પ્રયોજાય છે. ભગવદ્ગીતા, મહાભારત, શાંતિપર્વ, શાંડિલ્ય ભક્તિસુકત, નારદભક્તિ સુકત, શ્રીમદ્ ભાગવત્ પુરાણ વગેરે ગ્રંથોમાંથી ભક્તિનો સંદર્ભ પ્રાપ્ત થાય છે. ભાગવત્માં વ્યાસ મુનિએ કપિલના મુખેથી ભક્તિની વ્યાખ્યા પ્રગટ કરાવી છે તદ્ અનુસાર વેદના વિચારો પ્રમાણે લોકોની ભગવત્ પ્રત્યે અનન્ય ભાવવાહી સાત્ત્વિક પ્રવૃત્તિનું નામ ભક્તિ છે.

નારદના મત અનુસાર પ્રભુ પ્રત્યે પરમોચ્ચ પ્રેમભાવના એટલે ભક્તિ ''સા ત્વમસ્મિન્ પરમ પ્રેમરુપા'' રામાનુજાચાર્ય જણાવે છે કે સ્નેહપૂર્વક કરવામાં આવેલું અવિરત (સતત્) ધ્યાન ભક્તિ છે.

''સ્નેહપૂર્વક અનુધ્યાન ભક્તિરિત્યુયાતે બુધૈઃ'' પૌરાણિક વિચારોના સંદર્ભમાં ભક્તિ વિશે નીચેના વિચાર મહત્વના છે. અનન્ય પ્રેમ અને શરણાગતિ દ્વારા પ્રભુ પ્રત્યેનો પ્રેમ, આત્મસમર્પણની ભાવનાનું નામ ભક્તિ છે.

ભક્તિના બે પ્રકાર છે. સગુણ અને નિર્ગુણ (સાકાર અને નિરાકાર) ઉપાસના છે. નિર્ગુણ ભક્તિ કેવલાદ્વૈત આત્મજ્ઞાનીની નિરાકાર બ્રહ્મ વિષયક ભક્તિ છે. આચાર્ય બાદરાયણના મતાનુસાર નિર્ગુણ ભક્તિનું સ્વરૂપ સોઽહમ્ ની વૃધ્ધિનું છે. સગુણ ભક્તિનું સ્વરૂપ સોઽહમ્ની ભાવનાની વૃધ્ધિ માટે છે. એટલે આ પ્રકારની ભક્તિ અભેદ - ભેદ એમ બે પ્રકારની છે. કવિ તુલસીદાસ અભેદ ભક્તિના વિરોધી નથી પણ વિશેષતઃ ભેદ ભક્તિના ઉપાસક છે. તેમાં દાસ્યભાવની તીવ્રતાનું વલણ નિહાળી શકાય છે. ઉદા. -

''સેવક સેવ્ય ભાવ બિનુ ભવ ન તરિય ઉરગારિ''

(માનસ. ૩ કાંડ) (૧)

શું નિરાકાર ભક્તિ શક્ય છે ? ભક્તિ માટે ભક્ત અને ઉપાસ્ય દેવની અનિવાર્ય આવશ્ક્તા છે. તો તે વગર ભક્તિ કેવી રીતે થાય ? આ શંકાનું સમાધાન થાય તે માટે ડૉ. દાસગુપ્તનું અર્થઘટન નીચે પ્રમાણે નોંધવામાં આવે છે.

''भक्ति के स्वरुप को दढता प्रदान करनके लिये ही भक्त और भगवान के दार्शनिक अभेदका निरुपण किया गया है। इतना ही प्रगट होते है कि अनुरक्ति के द्वारा अनुभूति अेकत्व दर्शन द्वारा समर्पित है।

**The assertion of the philosophic identity of self and the Brahma is only for the purpose of strengthening the nature of Bhakti. It merely shows that the oneness that is felt through attachment can also be philosophically supported.**

(A history of Indian philosophy Vol. IV P-353) (૨)

નિર્ગુણ ઉપાસનામાં અનુભવગમ્યતાનો અનેરો આનંદ અને ભક્તિની તીવ્રતા (intencity) વિશેષરૂપે રહેલી છે. ભક્તિ સાથે યોગ-સાધના પણ અધ્યાત્મ જગતમાં પ્રચલિત છે. ભક્તિ અને યોગ એ સાધન છે. સાધ્ય આત્મસ્વરૂપની અનુભૂતિ કરીને પૂર્ણતાના પંથે પ્રયાણ કરવાનું છે.

યોગસાધનાનું લક્ષ્ય ચંચળ મનને સ્થિર કરીને આત્માનુસંધાન સોઽહમ્‌માં જોડવાનું છે.

સાધનાના ક્ષેત્રમાં મન સ્થિર કરવા વિશે અનેકવિધ ક્રિયાવિધિ ને પધ્ધતિઓ છે. બૌધ્ધ ધર્મમાં સિધ્ધોની સાધનાનો વિચાર કરતાં ચિત્તની સ્થિરતાનો વિષય મૂળભૂત ગણવામાં આવે છે. સિધ્ધોની અભિવ્યક્તિમાં ચંદ્ર-સૂરજ પાર્થિવ નથી. તેઓ લલના રસના ઈડા-પિંગલા નાડીનો સંદર્ભ માને છે. ડાબી નાડી ઈડા અને જમણી નાડી પિંગલા છે. ડાબી નાડી ચંદ્ર અને જમણી નાડી સૂર્ય છે. સિધ્ધો આ નાડીઓને દિવસ-રાત, જ્ઞાન,

અજ્ઞાનભાવ, અભાવ, અસ્તિત્વ, અનઅસ્તિત્વ જેવા અર્થમાં પ્રયોજે છે. હઠયોગમાં 'હ' અને 'ઠ' સૂર્ય અને ચંદ્ર પ્રતીકાત્મક માનવામાં આવે છે. મનને સ્થિર કરવા માટે નાથ સંપ્રદાય આ વિચારો ધરાવે છે. કાવ્ય શાસ્ત્રમાં શબ્દ શક્તિના અભિધા, લક્ષણા અને વ્યંજના ત્રણ પ્રકાર છે. તેમાં અભિધા અને લક્ષણા કરતાં વ્યંજના દ્વારા થયેલી અભિવ્યક્તિમાં અર્થગાંભીર્ય વિશેષ રીતે નિહિત છે. સંતકબીરની રચનાઓમાં વ્યંજનાપૂર્ણ અભિવ્યક્તિ કાવ્યની વિશિષ્ટતા દર્શાવે છે. કબીરની ઉલટબાંસી રચનાઓનું આ અંગભૂત લક્ષણ છે.

(સંદર્ભ કબીરવાણી - સુધા પા.-૮૬)

પ્રાચીનકાળમાં ધ્યાનયોગની અનુભૂતિને વ્યક્ત કરવા માટે આવી અવળવાણીનો પ્રયોગ થયો હતો.

દા.ત. ઋગ્વેદની એક ઉક્તિ નીચે મુજબ છે.

इद वपुनिर्वचनं जनासश्चरन्ति यन्नद्यस्तस्युरापः (૩)

**અર્થ :** હે મનુષ્યો આ શરીર નિર્વચન છે. તેમાં નદીઓ વહે છે. અને પાણી સ્થિર છે.

ઉપનિષદનું ઉદા. જોઇએ તો-

तदेजति तन्नेजति तद्दूरे तद्वन्तिके।
तदन्तरस्य सर्वस्य तत्सर्वेस्यास्य बाह्यतः॥ (૪)

**અર્થ :** તે ચાલે છે, નથી પણ ચાલતો, તે દૂર છે અને નિકટ પણ છે. તે સર્વના અંતરમાં છે અને બહાર પણ છે.

અવળવાણીનો પ્રયોગ નવો નથી. એનું મૂળ ઋગ્વેદની ઋચાઓમાં જોવા મળે છે.

द्वा सूपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वत्वजाते।
तस्योरन्यः विप्पलं स्वाद्त्यन श्नन्भ्योः अभिचाक शोंति॥ (૨૨)

સદા એકબીજાની સાથે હળીમળીને રહેવાવાળા બે પક્ષીઓ એક જ વૃક્ષ પર સ્થિત છે. એક પક્ષી તેના સ્વાદિષ્ટ ફળનો આસ્વાદ કરે છે. જ્યારે બીજું પક્ષી તેનું નિરીક્ષણ કરે છે. આ શ્લોકમાં ચમત્કારનું તથ્ય એ છે કે એક જ વૃક્ષ પર બેઠેલાં બે પક્ષી મિત્ર હોવા છતાં બંનેની પ્રવૃત્તિ ભિન્ન છે. વિરોધી પ્રકૃતિવાળો જીવ અને બ્રહ્મ સંસારરૂપી વૃક્ષ પર નિવાસ કરે છે. જીવાત્મા અને પરમાત્મા પોષક શક્તિયુક્ત હોવાથી સમાન છે. વૃક્ષ અંતે તો કપાય છે. તેવી રીતે આ નશ્વર શરીરમાં જીવાત્મા આશ્રય પામીને રહેલો છે. જીવાત્મા મધુરફળ એટલે કે પુણ્ય અને પાપના ફળનો સ્વાદ લે છે, અને પરમાત્મા તેનો દષ્ટા-સાક્ષી છે. પક્ષી અને વૃક્ષના રૂપક દ્વારા વિરોધી સ્વભાવવાળા જીવાત્મા અને પરમાત્માની પરિસ્થિતિનો સંદર્ભ દર્શાવવામાં આવ્યો છે.

मातरं पितरं हत्वा राजानो द्वचस्वतिये।
रट्ठ सानुचरं हन्त्वा अनोधो यति ब्राह्मगो। (२३)

માતા, પિતા, બે ક્ષત્રિય, રાજા અને નોકર સહિત સમગ્ર રાષ્ટ્રનો નાશ કરીને બ્રાહ્મણ પાપ રહિત બને છે.

આ અવળવાણીમાં વિરોધાભાસ છે. છતાં તેનો રહસ્યાર્થ નોંધપાત્ર બની રહે છે. માતા એટલે તૃષ્ણા, પિતા એટલે અહંકાર, બે ક્ષત્રિય રાજા એટલે શાશ્વત દષ્ટિ અને ઉચ્છેદ દષ્ટિ, રાષ્ટ્ર સાથે સેવકનો નાશ એટલે કે વાસના સહિત સંપૂર્ણ આસક્તિઓનો નાશ કરવાથી બ્રાહ્મણ પાપ રહિત બને છે.

અવળી વાત રજૂ કરવી એ ભારતીય સાહિત્યમાં શ્રમણ પરંપરા પ્રથમ છે. બૌધ્ધ ધર્મમાં અને સિધ્ધોએ સંધા ભાષામાં આવી અભિવ્યક્તિ કરી છે. ત્યાર પછી નાથ સંપ્રદાયના સંતોની રચનાઓમાં અવળી અભિવ્યક્તિની શૈલી જોવા મળે છે. અવળવાણીમાં ગુહ્યતા અને ગોપનીયતા પણ રહેલી છે. બૌધ્ધ અને શૈવ ધર્મના તાંત્રિક સ્ત્રીઓના

સહવાસને કારણે ગુહ્યરીતે અભિવ્યક્તિ કરવા માટે પ્રતીકાત્મક શબ્દ-પ્રયોગ કરતા હતા. ઉદા. - સિધ્ધ સાહિત્યમાં 'કમલ' સ્ત્રીની જનનેન્દ્રિય અને 'કુલિશ' વીર્ય માટે પ્રયોજાતો હતો. 'કમલકુલિશ' સાધના નામથી ઓળખાય છે.

સંધાભાષા વિશે પંડિત હરપ્રસાદ શાસ્ત્રી જણાવે છે કે પ્રકાશ અને અંધકારના સંધિકાળની ભાષા છે કે જે નાશ પામતી નથી કે સ્પષ્ટ હોતી નથી. પણ તેનું પરિણામ છે જ્ઞાનની અનુભૂતિ.

પ્રો. વિધુશેખર ભટ્ટાચાર્ય વ્યુત્પત્તિને આધારે અર્થ જણાવે છે કે આભિપ્રાયિક અથવા નૈયાર્થ વચન. એટલે સંધાભાષા ચીનીભાષામાં તેનો અર્થ ગુપ્ત અથવા છિપા હુઆ એવો થાય છે. સાંધ્યવાણીમાં સિધ્ધોની કાવ્યરચના થઈ એટલે સંધાભાષા શબ્દ પ્રયોગ થયો છે.

સિદ્ધો અને સંતોની અવળીવાણી એ સાધનાનો પ્રભાવ છે. બૌધ્ધધર્મમાં મધ્યમ માર્ગ પ્રચલિત હતો. આ સિધ્ધાંત અનુસાર બે વસ્તુ વચ્ચેનો સંબંધ એકબીજાના આશ્રયે સમજાવવામાં આવતો હતો. સ્વર્ગ અને પૃથ્વી, અસ્તિ અને નાસ્તિ, સારુ અને ખરાબ, જન્મ અને મૃત્યુ, દિવસ અને રાત, ચંદ્ર અને સૂર્ય વગેરેનો વિરોધ દૂર કરીને એક બનાવવાનો પ્રયોગ કર્યો હતો. તેમાં સિધ્ધોની પ્રજ્ઞાનો પ્રભાવ છે. 'અમનસ્ક'એ સાધનાનો એક પ્રકાર છે. અને તેમાં ઉલટી વાત કહેવામાં આવે છે. મન બદલાઈ જતાં સનાતન થઈ જાય છે. દુશ્મન બદલાઈ જતાં દોસ્ત થાય છે. અને શત્રુ મિત્ર થાય છે. કબીરની આ પ્રકારની ઉક્તિ મળી આવે છે. ઉદા. -

वैरी उलटि भये है मीता, साखत उलटि सुजन भये चीता॥
अब मन उलटि सनातन हुवा, तब जाना जब जीवत मूवा॥ (५)

સિદ્ધો અને સંતોનો ઉપદેશની ભાષાનું મુખ્ય લક્ષણ અવળવાણી હતું.

શ્રમણ ધર્મ અને બ્રાહ્મણધર્મ વચ્ચે કટ્ટર શત્રુતા હતી. એટલે એ બ્રાહ્મણધર્મના ગોમાંસ ભક્ષણ અને વારૂણીનો નિષેધ કર્યો હતો તેનું અવળીવાણી દ્વારા સમર્થન કરીને જણાવ્યું કે જે રોજ ગોમાંસ ખાય અને વારૂણીનું પાન કરે તે કુલીન છે. અને બાકીના કુળનો નાશ કરનાર છે.

गोमांस खादयेन्नित्यं पिबेदभरवारुणीम्।
कुलीनं तमहं मन्ये इतराः कुल घातकाः॥ (६)

**અર્થ :** ગોમાંસ ભક્ષણનો શબ્દાર્થ નહિ લેતાં ખેચરી મુદ્રા સમજવાનોં છે. અમરવારૂણી એટલે સહસ્રદલ કમલમાં રહેલો પદ્મપરાગ અમૃતરસ સમજવાનો છે.

કબીરે પણ આવીજ અવળવાણીનો પ્રયોગ કર્યો છે. ઉદા. -

કબીરની દીકરી પિતાને કહે છે કે હે પિતાજી, મારો વિવાહ કોઈ ઉત્તમ પુરૂષ ન મળે ત્યાં સુધી તમે મારી સાથે વિવાહ કરો.

बाबुल मेरा ब्याह करि वर उत्तम लै आइ।
जब लग वर पावैं नहीं, तब लग तूही ब्याही॥ (७)

અહીં બાબુલનો અર્થ ગુરુ છે. અને ઉત્તમ વર એટલે પરમાત્મા છે. સમાજમાં પરંપરાગત જે મર્યાદાઓ છે તેનાથી વિરોધી રજુઆત કરીને આશ્ચર્યચકિત કરે તેવી અભિવ્યક્તિ કરવાની ચતુરાઈ સંતોમાં હતી.

અવળવાણીમાં મુખ્યત્વે નીચેના વિષયોને કેન્દ્રમાં રાખવામાં આવે છે. સંસારની માયા, ભ્રમ, પ્રપંચ, વ્યવહાર સાધનાનાં રહસ્યનો પરિચય, જ્ઞાન-વિરહ, સહજાનુભૂતિ, આધ્યાત્મિકજીવન, સાધકનું આત્મજ્ઞાન, કાળ, સૃષ્ટિ, મન વગેરેને પ્રતીકો તથા વિરોધમૂલક શબ્દો દ્વારા વિચારો વ્યક્ત કરવામાં આવે છે.

ડૉ. રમેશચંદ્ર મિશ્ર - અવળવાણીના પ્રકાર નીચે મુજબ જણાવે છે. -

શૈલી, વિષય, પ્રયોજન અને છંદ

શૈલીમાં વિરોધાભાસ સાર્દશ્યતાનો આધાર, ગૂઢાર્થનો સમાવેશ થાય છે.

વિષયની દૃષ્ટિએ ઉપદેશપ્રધાન વિરક્તિ અથવા અનુરક્તિની ભાવના વિશ્વાસપ્રધાન, સાધનાપ્રધાન, પરીક્ષા, માયા, સિધ્ધિ-અનુભૂતિ સાથે સંબંધ ધરાવે છે.

પ્રયોજનની દૃષ્ટિએ, સાધનાત્મક અનુભૂતિની અભિવ્યક્તિ, ગુહ્ય-ગુપ્ત પ્રવૃત્તિ પ્રધાન, કૌતુક કે વિસ્મયવૃત્તિ, વિદ્વત્તાનું પ્રદર્શન એમ કોઈ એક અથવા વધુ પ્રયોજન હોય છે. છંદની દૃષ્ટિએ પૂર્ણપદ અને અંશતઃ પદ એ બે પ્રકાર છે.

ડૉ. ગોવિંદ ત્રિગુણાયત ત્રણ પ્રકાર દર્શાવે છે. અલંકારપ્રધાન, અદ્‌ભુતરસપ્રધાન અને પ્રતીકપ્રધાન. હિન્દી ભાષાના સાહિત્યમાં 'उलटबांसी' શબ્દ પ્રયોગ થાય છે. તે વિશેની ઉપરોક્ત ભૂમિકા જૈન કાવ્યપ્રકાર હરિયાળીને સમજવા માટે વિશેષ માર્ગદર્શક છે. તે ઉપરથી હરિયાળીનું સ્વરૂપ અને તેમાં વ્યક્ત થયેલા વિચારો આધ્યાત્મિક કે તાત્ત્વિક વિચારોનું નિરૂપણ કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

---

સંદર્ભ કબીર વાણી - સુધા - પા. ૧૨૮ થી ૧૩૯ ડૉ. પારસનાથ તિવારી

સમાજના લોકો પર યોગીઓની સાધનાનો વિશેષ પ્રભાવ પડ્યો હતો. યોગીઓની બાહ્ય ક્રિયાઓ જન સાધારણને માટે આશ્ચર્યકારક લાગતી હતી. પરિણામે લોકો ગૌરવપૂર્વક એમ કહેતા હતા કે જે લોકો આવા યોગીઓની માફક હઠવાદના સિધ્ધાંતોનું અનુસરણ કરે તો તે આધ્યાત્મિક રીતે સાચા માર્ગે પ્રગતિ કરી રહ્યા છે.

અવળવાણીમાં આ મતનો વિશેષ પ્રભાવ પડ્યો છે. આવી વિરોધભાસયુક્ત અભિવ્યક્તિથી યોગીઓ અને તાંત્રિકોની પ્રતિષ્ઠા વધી ગઇ. પરિણામ એ આવ્યું કે સીધી સાદી વાતને પણ ઉલટી, જટિલ અને ભેદયુક્ત બનાવીને વ્યક્ત કરવાની પ્રણાલિકાનું અનુસરણ થવા લાગ્યું. પ્રચલિત માન્યતાઓથી વિરૂધ્ધ વિચારો વ્યક્ત કરતાં તેઓ જણાવે છે કે સૂર્ય, પ્રકાશ અને જીવનદાતા છે. તેને બદલે સૂર્ય મૃત્યુકારક છે. ચંદ્રમાંથી અમૃત ઝરે છે તે તો સૂર્ય આરોગે છે. એનું મુખ બંધ કરવાનું કામ યોગી કરે છે. કારણ કે આકાશમાં તપે છે તે સૂર્ય નથી, ખરેખર તો સૂર્ય નાભિ ઉપર રહે છે અને ચંદ્રમા તાલુ નીચે છે. ગોમાંસ ભક્ષણ મહાપાપ છે. તે માટે યોગીઓ કહે છે કે ગો એ જીભનું નામ છે. તેને તાલૂમાં ફેરવીને બ્રહ્મરંધ્ર તરફ લઇ જવું એ ગોમાંસ ભક્ષણ કહેવાય છે. તાલુની નીચે ચંદ્રમાંથી સોમરસ નામનું અમૃત ઝરે છે. તે વારૂણી કહેવાય છે તે પીવાની ક્રિયા પુણ્યકાર્ય કહેવાય છે. વ્યવહારમાં વારૂણી પીવાનો નિષેધ છે. તે યોગીઓ સ્વીકારતા નથી.

બાલવિધવાનું સન્માન કરવું અને પૂજા કરવી એ સમગ્ર સમાજના લોકો સ્વીકારે છે. આ માન્યતા સત્ય નથી. ગંગા અને યમુનાની મધ્યવર્તી પવિત્ર ભૂમિમાં નિવાસ કરનારી એક તપસ્વિની બાલ વિધવા છે તેનો બળાત્કારપૂર્વક ગ્રહણ કરવાથી વિષ્ણુ જેવા પરમપદની પ્રાપ્તિ થાય છે. ગંગા ઇડા છે. યમુના પિંગલા છે. આ બન્ને વચ્ચેની નાડી સુષુમના છે. તેમાં કુંડલીના નામની બાલરંડાને બળાત્કારપૂર્વક ઉપર લઇ જવાની પવિત્ર ફરજ છે.

આવી અવળી વાણી માટે હિન્દી ભાષામાં ઉલટબાંસી શબ્દપ્રયોગ થાય છે. સહજાયાનિયો આવી વાણીને 'સંધ્યાભાષા' નામ આપે છે.

મ. મ. હરપ્રસાદ શાસ્ત્રી જણાવે છે કે સંધ્યાભાષા એવી અભિવ્યક્તિ છે કે કંઇક સમજાય છે અને કેટલુંક સમજાતું નથી. અંશતઃ પણ જ્ઞાનદીપકની સહાયથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

'સંધ્યા'નો અર્થ સાંજ છે. અંધકાર અને પ્રકાશ વચ્ચેનો સમય સંધ્યા છે. સંધ્યાભાષાનો એક અર્થ અભિપ્રાયયુક્ત ભાષા છે. બૌધ્ધધર્મના ગ્રંથોમાં સહજયાનના ગ્રંથોમાં વજ્રયાન પંથમાં આવી વાણી ઉપલબ્ધ થાય છે. આ ભૂમિકાને આધારે એવો નિષ્કર્ષ કાઢવામાં આવે છે કે યોગીઓએ પારિભાષિક શબ્દોનો આશ્રય લઈને અવળવાણીમાં પ્રભાવશાળી, અદ્‌ભુત ને આશ્ચર્યકારક કાવ્ય રચનાઓ કરી છે.

હઠયોગ પ્રદીપિકા, શિવસંહિતા અને ઘેરંડ સંહિતા ઉપમારૂપ કેટલાક સંકેતો પ્રાપ્ત થાય છે. સંત કબીર અને અન્ય કવિઓની અવળવાણી સમજવા માટે આવા રૂપકો સહાયભૂત થાય છે. (૧) ચિત્ત - ભ્રમર (૨) મન-મત્તગજેન્દ્ર (૩) અંતઃકરણ - ભુજંગ - હરિણ (૪) વાયુ - સિંહ - ગજ - વાઘ (૫) બ્રહ્મનાડી - બિલાડી (૬) નાદ - શિકારી (૭) ઈડા - સૂર્ય - કરુણા - ગંગા (૮) પિંગલા - ચંદ્ર યમુના.

સુષુમ્ના - શૂન્યમાર્ગ, રાજપથ, બ્રહ્મરંધ્ર, મહાપંથ, શ્મશાન, મધ્યમાર્ગ બ્રહ્મનાડી - સરસ્વતી મૂલધાર - સૂર્ય, કુંડલિની - કુટિલાંગી - ભુજંગી - શક્તિ ઈશ્વરી - અરૂંધતી - બલિરંડા - ચંદ્ર, ત્રિવેણી, શૂન્ય કમલ, કૂળ - ગગન, ચંદ્રનોરસ - સોમરસ, અમરવારૂણી.

આ સૂચી સર્વાંશે અવળવાણી સમજવામાં ઉપયોગી નથી પણ કવિગત વિચારોનો સંબંધ શોધીને ઉપયોગમાં લઈ શકાય છે. ઉપમાન અને ઉપમેયનો યોગ્ય સંબંધ અર્થ પ્રાપ્તિમાં ઉપકારક બને છે.

ચિત્તની ચંચળતા માટે હરિણનું રૂપક છે. સંસારમાં પડેલો માણસ તેમાં વધુને વધુ લેપાતો જાય છે. એટલે સંસાર સાગર વન જેવા પર્યાયોથી અભિવ્યક્તિ થાય છે.

યોગીઓ આવી રીતે રૂપકાત્મક અભિવ્યક્તિ કરતા હતા. સંત કબીરની અવળવાણીમાં નીચે દર્શાવ્યા પ્રમાણે શબ્દ પ્રયોગોથી અભિવ્યક્તિ થઈ છે.

મન-મચ્છ, મીન, જુલ્લાહા, હસ્ત, મતંગ, નિરંજન. જીવાત્મા-પુત્ર, દુલહા, સિંહ, મૂસા, ભૌરા, (ભ્રમર) યોગી. માયા-માતા, નારી, ગૈયા, બિલૈયા. સંસાર - સાયર વન, ઈન્દ્રિય - સખી, સહેલરી વગેરે.

સંતકબીરની ઉલટબાંસીમાં આવા શબ્દપ્રયોગ પ્રાપ્ત થાય છે.

---

હરિયાળી-ઐતિહાસિક સંદર્ભ

(સંકલન - લે. આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી પ્રકરણ - ૭ પા. ૯૩ થી ૧૦૭)

મધ્યકાલીન કાવ્ય પ્રકારોમાં મુક્તક, સુભાષિત, ઉખાણાં, સમસ્યા, પ્રહેલિકા રાસ - રાસો, પ્રબંધ, છંદ, પવાડો, શલોકા, આખ્યાન, ફાગુ, વિવાહલો, વેલિ, પદ્યાત્મક લોકવાર્તા, બારમાસી, સંદેશકાવ્ય, કક્કો, હિતશિક્ષા, ભડલીવાક્ય, ભજન - પદ, સંતવાણી, ગરબો-ગરબી વગેરેની ગણના થાય છે જેનો અર્થ પૂર્ણ કરવાનો છે તેને સમસ્યા કહેવામાં આવે છે. ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા અપૂર્ણ શ્લોકને સ્વરચિત પદથી પૂર્ણ કરવાની રીત એ પણ સમસ્યા જ છે. સમસ્યાપૂર્તિ એક પ્રકારની કાવ્ય કૃતિ છે. રાજદરબારમાં શીઘ્ર કવિ તરીકે નામના મેળવવાની મનોવૃત્તિમાંથી સમસ્યાપૂર્તિ કાવ્ય પ્રકાર ઉદ્ભવ્યો હોય એમ માનવામાં આવે છે.

સમસ્યામાં પાદપૂર્તિ દ્વારા અપૂર્ણ અર્થને પૂર્ણ કરવાનો હોય છે. તેનું પ્રયોજન એ છે કે કવિ થનાર વ્યક્તિમાં અસાધારણ તર્ક શક્તિ કે વિરોધનો પરિહાર કરવાની ક્ષમતા છે કે કેમ? તેની પરીક્ષા કરીને કવિ તરીકેની યોગ્યતાનો નિર્ણય થાય છે.

શ્લોક સમસ્યાના ત્રણ પ્રકાર છે. ચાર ચરણમાંથી એક ચરણ આપવામાં આવે પછી પાદપૂર્તિ કરવાની હોય છે. બે ચરણ આપવામાં આવે અને ત્રણ ચરણ આપવામાં આવે ત્યારે બાકીના ચરણની પૂર્તિ કરવાની હોય છે. છૂટાં વચનો આપીને સમસ્યા પૂછવામાં આવે તે વાક્ય સમસ્યા કહેવાય છે. આવી ચાર પ્રકારની સમસ્યા સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં રાસ-પ્રબંધ-

પદ્યાત્મક લોકવાર્તામાં સમસ્યા કાવ્યના એક ભાગરૂપે સ્થાન પામેલી હોય છે.

કૂટપ્રશ્ન પણ પ્રહેલિકા (સમસ્યા)નો જ પ્રકાર છે.

જે કવિતાનો અર્થ સરળતાથી ન સમજાય અને ગુંચવાડા ભરેલો હોય તે કૂટપ્રશ્નયુક્ત કવિતા છે. પ્રથમ દષ્ટિએ વિચાર કરતાં ભૂલાવામાં નાખે એવા અર્થોવાળા શબ્દો હોય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જ્ઞાન ભક્તિની કવિતાની સાથે પ્રહેલિકા સામ્ય ધરાવે છે. સંત કબીરની પંક્તિ જોઈએ તો ''પાનીમેં મીન પિયાસી, મોહે દેખત આવત હાંસી''

चा समासार्था पूरणी चार्थों कवि शक्तिपरीक्षणार्थं पूर्णतयैव पठयमानार्थौ वा सा समस्या ।। (૮)

જેનો અર્થ પૂર્ણ કરવાનો હોય છે અથવા કવિની શક્તિની પરીક્ષા કરવા માટે તેને અપૂર્ણ અર્થનું વાક્ય પૂર્ણ કરવા આપવામાં આવે છે તેને સમસ્યા કહેવામાં આવે છે.

શબ્દાનુશાસનની ટીકામાં આત્માને નહિ ઓળખનાર અને બહારની દુનિયામાં તેની શોધ કરનાર અબૂઝ માણસની હાંસી મશ્કરી કરી છે. ''તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ'' એ ધીરાની પંક્તિ આજ સ્વરૂપની છે. અખાની ઉક્તિમાં પણ આવો સંદર્ભ મળી આવે છે.

''તરણા ઓથે ડુંગર રહે, એહ ઉખાણો સાચો કહે'' (૯)

તરણું એટલો મનનો અહંકાર અર્થ નિષ્પન્ન થાય છે. 'અન્તરાલાપ' એ પણ સમસ્યાનો જ પ્રકાર છે. કાવ્યમાં પ્રશ્નો ગૂંથ્યા હોય છે તેનો જવાબ તેમાંથી જ શોધવાનો હોય છે. સંસ્કૃત ભાષાનું જાણીતું સુભાષિત એના ઉદાહરણ રૂપે નોંધવામાં આવે છે.

''भोजनान्ते चकिंपेयं? जयन्तः कस्यवै सुत।
कथं विष्णु पदं पोक्तं? तक्र शक्रस्य दुर्लभम्''।। (૧૦)

બીજું પ્રસિધ્ધ દૃષ્ટાંત જોઈએ તો -

कं बलवन्तं न बाधते शीतम्?
कंबलवन्तं न बाधते शीतम्? (११)

કોને શીત બાધા કરતી નથી? બળવંતને. કયા બળવાન માણસને શીત બાધા કરતી નથી? કામળી (કંબલ) ઓઢનારને.

હીરાણંદસૂરિએ વિદ્યાવિલાસ'પવાડો'ની રચના કરી છે. તેમાં અંતરલાપિકા રહેલી છે.

સાર કિસિંઉ જીવીતણઉ? પ્રિય સંગમિ સિઉં થાઈ?
ફૂલમાંહિ સિઉં મૂલ ગઉં? સ્ત્રી પરણી કિહાં જાઈ? (૧૨)
જવાબ -૧ - સાસ (શ્વાસ) ૨-રતિ ૩-જાતિ ૪-સાસરે.

કવિ દલપતરામનો અંતરલાપિકાનો છપ્પો અહીં દૃષ્ટાંત તરીકે નોંધવામાં આવે છે.

"નાથ નરકનો કોણ? સાર દહીંનું શું કહિયે?
પોથી બાળક તણી નામ તેનું શું લઈએ?
ઘંઉનું થું નિત્ય ઘેર કરે ભોજન નરનારી?
ચતુર પુરૂષ એ ચાર ઉત્તર મન લહો વિચારી,
જો સમજી શકો તો માન દઈ આપું બેસવા ઓટલી,
નહિ સમજી શકે તો કહું તને જમ ઘી ચોપડી રોટલી". (૧૩)

જવાબ -૧. જમરાજ ૨. ઘી ૩. ચોપડી ૪. રોટલી. સમસ્યાપૂર્તિ એ કવિની તર્ક શક્તિની પરીક્ષા છે. પ્રહેલિકાનું લક્ષણ નીચેના સૂત્રથી જાણી શકાય છે.

અન્તરાલાપ - આ પ્રકારની સમસ્યામાં પ્રશ્નોમાંથી જ જવાબ શોધવાનો હોય છે.

હરિયાળીની ભૂમિકામાં સમસ્યા-પ્રહેલિકા અને રૂપક કાવ્યનો સંદર્ભ રહેલો છે. હરિયાળીમાં આ ત્રણેનો સમન્વય થયેલો છે.

હરિયાળીમાં અર્થ ચમત્કૃતિ, ગૂઢાર્થ અને જિજ્ઞાસા જેવા તત્ત્વો છે તેને કારણે આધ્યાત્મિક અનુભૂતિ વ્યક્ત કરવાની અનોખી કાવ્ય શૈલી તરીકે સ્થાન ધરાવે છે.

દાર્શનિક વિચારો અતિ શુષ્ક કે નીરસ હોવાને કારણે લોકોનું આકર્ષણ થાય તે માટે પણ 'હરિયાળી' કાવ્ય સર્જન થયું હોવાનો સંભવ છે. કારણ કે તેમાં રહેલો વિરોધાભાસ, જિજ્ઞાસાને કારણે સત્ય જાણવાની તીવ્ર ઈચ્છાથી આવાં કાવ્યો વાંચીને અર્થ સમજવાનો પ્રયાસ અને સંતોષ થાય છે. ભક્તિમાર્ગની નિરાકાર અનુભૂતિને વ્યક્ત કરવા માટે આ પ્રકારની રચના શૈલી નવીનતા ને વિવિધતા દર્શાવે છે.

નમૂનારૂપે નીચેનાં દષ્ટાંત અત્રે નોંધવામાં આવ્યાં છે. કવિ ન્યાયસાગરના નવપદના સ્તવનમાં સમસ્યાનો સંદર્ભ મળી આવે છે. પ્રજાપાલ રાજા પોતાની બે રાજકુંવરીઓનો અભ્યાસ પૂર્ણ થયા પછી પરીક્ષા કરવા માટે નીચે પ્રમાણેની સમસ્યા પૂછે છે.

જીવલક્ષણ શું જાણવું કોણ કામદેવ ઘર નાર,
શું કરે પરણી કુમારીકા, ઉત્તમ ફૂલ શું સાર,
રાજા પૂછે ચારના આપો ઉત્તર એક,
બુધ્ધિશાળી કુંવરી આપે ઉત્તર છેક. ॥૧૨॥

શ્વાસ લક્ષણ પહેલું જીવનું રે લોલ,
રતિ કામદેવ ઘર નાર રે,
જાઈનું ફૂલ ઉત્તમ જાતિમાં રે લોલ,
કન્યા પરણીને સાસરે જાય રે. ॥૧૩॥

પ્રથમ અક્ષર વિના જીવાડનાર જગનો કહ્યો,
મધ્યમ અક્ષર વિના સંહાર જગનો તે થયો,

અંતિમ અક્ષર વિના સૌમન મીઠું હોય,
આપો ઉત્તર એકમાં જેમ સ્ત્રીને વ્હાલું હોય.
આપે ઉત્તર મયણા સુંદરી રે લોલ,
મારી આંખોમાં કાજળ સોહાય રે. ॥૧૪॥

પહેલો અક્ષર કાઢતાં સોહે નરપતિ સોય,
મધ્યાક્ષર વિના જાણવું, સ્ત્રી મન વહાલું હોય,
ત્રીજો અક્ષર કાઢતાં પંડીત પ્યારો ભયો,
માગું ઉત્તર એકમાં તાત પુત્રને કહ્યો.
મયણાએ ઉત્તર આપીયો રે લોલ,
અર્થ ગણો તો વાદળ થાય રે. ॥૧૫॥

ઉપરોક્ત ઉદાહરણને આધારે 'સમસ્યા'નો ખ્યાલ આવે છે. હરિયાળી સ્વરૂપમાં આ સમસ્યાની શૈલી જુદી છે. કોઇ વસ્તુ પદાર્થ કે સાધનનું બાહ્યવર્ણન કરીને પરિચય આપવામાં આવે છે. અને તેના સંદર્ભથી વસ્તુ કે પદાર્થનું નામ શોધવાનું હોય છે. હરિયાળીના પાયામાં સમસ્યા પણ રહેલી છે. સમસ્યાત્મક કાવ્ય રચનાનો વિસ્તાર એ હરિયાળી પ્રકારમાં જોવા મળે છે.

**प्रहेलिका नाम यथा परः संदिह्यते सार्दश गुप्ता भिधानस्य ।**

પ્રહેલિકા એટલે બીજાને સંદેહ કે સંશયમાં નાખે તેવું વર્ણનીય વસ્તુનું નામ ગુપ્ત રાખવું તે. આવી પ્રહેલિકા સમજવા માટે શબ્દ જ્ઞાન ઉપરાંત બહુશ્રુતપણાની જરૂર છે. બુધ્ધિને કસવાની જરૂર પડે છે. હરિયાળી સ્વરૂપને સમજવા માટે સમસ્યા પ્રહેલિકા માર્ગદર્શક બને છે. હરિયાળીના બીજ સ્વરૂપે સમસ્યા રહેલી છે. આ સમસ્યામાંથી હરિયાળી પ્રકારની રચનાઓનો ઉદ્ભવ થયો હોય એમ માનવા માટે ઉપરોક્ત માહિતી સમર્થન આપે છે.

પ્રાચીન કાળમાં ઋષિ મુનિઓ અવારનવાર સમય મળતાં

લોકભાષામાં રચના કરીને જ્ઞાન સાથે વિનોદ પ્રાપ્ત કરાવતા હતા. આ પ્રકારની કૃતિઓ સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે. સમસ્યામૂલક હરિયાળીમાં તેનો ઉત્તર પણ આપવામાં આવ્યો છે, જિજ્ઞાસાનું તત્ત્વ રહેલું છે, અને ઉત્તર જાણ્યા પછી પણ સંતોષની અનુભૂતિ થાય છે. સમસ્યામૂલક રચના એ હરિયાળીના બીજ સ્થાન છે. આ બીજમાંથી સંપૂર્ણ હરિયાળીની રચના થઇ શકે તેવી ક્ષમતા છે.

હરિયાળી સ્વરૂપને સમજવા માટે રૂપકાત્મક અભિવ્યક્તિવાળાં રૂપક કાવ્યોની ભૂમિકા વધુ માર્ગદર્શક બને છે. આ અંગેની કેટલીક વિગતો નીચે દર્શાવવામાં આવી છે. કવિ પોતાની અભિવ્યક્તિને સઘન અને પ્રત્યાયનક્ષમ બનાવવા માટે અલંકારોનો પ્રયોગ કરે છે. વિશેષતઃ ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ અને દૃષ્ટાંત જેવાં અલંકારો સર્વ સામાન્ય રીતે પ્રયોજાયેલા હોય છે.

રૂપકાત્મક અભિવ્યક્તિ ભારતીય સાહિત્યનો જ વારસો નથી. પશ્ચિમના સાહિત્યમાં 'Allegrory' રૂપક કાવ્યો પ્રચલિત છે. ભારતીય સાહિત્યની સંસ્કૃત ભાષામાં શ્રીકૃષ્ણમિશ્રનું 'પ્રબોધચંદ્રોદય', યશપાલનું 'મોહપરાજય', 'વેકંટનાથનું 'સંકલ્પસૂર્યોદય', અનંતનારાયણ સૂરિનું 'માયાવિજય', વાદિચંદ્રનું 'જ્ઞાનસૂર્યોદય', પદ્મસુંદરનું 'જ્ઞાનચંદ્રોદય', ગોકુળનાથ ઉપાધ્યાયનું 'અમૃતોદય', કવિ કર્ણપૂરનું 'ચૈતન્ય ચંદ્રોદય', આનંદરાયમખીનું 'વિદ્યાપરિણયન', અને 'જીવાનન્દન' જય શેખરસૂરિનું 'પ્રબોધચિંતામણિ' જેવી રૂપક રચનાઓ ઉપલબ્ધ થાય છે. તેમાં રૂપકોની લાંબી સંકલનાની એક લાક્ષણિક્તા ગણાય છે.

અંગ્રેજી સાહિત્યમાં કવિ બનિયનનો Pilgrim's Progress' યાત્રીઓનો સંઘ અથવા સંઘ પર્યટન સુપ્રસિધ્ધ રૂપક કાવ્ય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નાની-મોટી રૂપક રચનાઓ મળી આવે છે.

પ્રેમાનંદનું 'વિવેક વણઝારો' એ વાણિયાનું રૂપક છે. શ્રાવક કવિ જિનદાસની 'વ્યાપારી રાસ'ની રચનામાં દોશી-વૈરાગીની વેપારમાં જીત અને જૂઠરૂપી જુગારીના હારની વિગતો ગૂંથાયેલી છે. કવિ ઉદયરત્નનું વણઝારાનું રૂપક કાવ્ય પ્રેમાનંદના કાવ્યની અસરથી સર્જાયું છે. તેમાં જીવરૂપ વણઝારાનો સંબંધ માનવજન્મરૂપી નગર સાથે દર્શાવ્યો છે.

નરભવ નગર (નિર્ભય) સોહામણું વણઝારા રે,
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયક રે. (૧૪)

સળંગ રૂપક કાવ્યોની સાથે લઘુરૂપક કાવ્યો પણ રચાયાં છે. મધ્યકાલીન સમયની કેટલીક પદ રચનાઓમાં લઘુરૂપકો દ્વારા ઉપદેશાત્મક વિચારોને હૃદયંગમ બનાવવામાં આવ્યા છે. જ્ઞાનમાર્ગી કવિઓએ રૂપક કાવ્યો જનતાને ચરણે ભેટ ધર્યાં છે.

વેપાર સંબંધી રૂપકોમાં નાણાવટ, હુંડી, શરાફી, લાભ, ખોટ જેવા શબ્દપ્રયોગો સ્થાન પામ્યા છે.

મનનાં રૂપકો માટે 'મનોદૂત' 'ચેતોદૂત' જેવા સંસ્કૃત ભાષામાં શબ્દપ્રયોગો થયા છે. મરાઠી ભાષામાં સ્વામી રામદાસનો મનાચે શ્લોક મનના રૂપકનો નિર્દેશ કરે છે.

કર્મ બંધ અને કર્મથી મુક્ત થવા માટે મન મુખ્ય છે. તેનો નિગ્રહ કરવો જોઈએ. મન સ્થિર થાય તો જ સાચો માર્ગ જોઈને મુક્ત થવાય છે. તે દષ્ટિએ વિચારતાં મનને કેન્દ્રમાં રાખીને કાવ્યો રચાયાં છે.

કવિ દયારામની મનજી મુસાફરની પંક્તિઓ જોઈએ તો -

''મનજી મુસાફર ચાલો નિજ દેશભણી
મુલક ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી'' (૧૫)

હરાયા ઢોર જેવા મનને વૃંદાવનમાં શ્રી કૃષ્ણની વિહારભૂમિમાં ચારવાનું કાર્ય ગોપાળગુરુને પ્રાર્થના રૂપે દર્શાવ્યું છે.

"મનમતિ બગડતાં સર્વ કાંઈ બગડિયા
ડરવું બહુ નાથજી, દયા આણો
જન દયાના પ્રીતમ શ્રી ગોવર્ધન
કરુણા દષ્ટે જુઓ નિજને જાણો" (૧૬)

"ફહારું ઢણકતું ઢોર, ઢણક છે સહુ નગ્રમાં
સીમા ખેતર ખળું કોઈ ના મૂકે." (૧૭)

ધીરાભગતે મનને 'સૂબા' તરીકે રાજકીય પરિભાષામાં પ્રયોગ કરીને સર્વસત્તાધીશ છે એમ કલ્પના કરી છે.

ખબરદાર, મનસૂબાજી ખાંડાની ધારે
હથિયાર બાંધી રે, સત્ય લડાઈએ લડવું છે.
મન પવનથી ગગન મંડળ ચડી
ધીરો સુધારસ પીજે. (૧૮)

મન મેવાસી (લૂંટારો) મન સિકલીંગર હરદાના હથિયારા
સરાણે ચઢાવ રે,
અચ્છા ઉતારી મસકો મોળાવી મેલને તો બઢાવ રે. (૧૯)

કવિએ સૂબાથી ઊતરતું થાણેદારનું રૂપક આપીને જણાવ્યું છે કે -

"થાણેદાર થયા છોરે થાણું રાખો ઠેકાણે,
દુર્લભ દેહનગરી રે, માંહી બેઠા માણે." (૨૦)

અને આજ કવિ દયારામની વિખ્યાત પંક્તિ -

"નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો,
જે રે જાય તે ઝાંખો થાયેજી."(૨૧)

'તન'નાં રૂપકો પણ કવિઓએ પ્રયોજીને કાવ્યવાણીમાં નવીનતા આણી છે. કાયા-નગર, દેહ-દેવળ, બંગલો, રેંટિયો, તંબૂરો, જેવાં રૂપકોનો પ્રયોગ થયો છે. સંત કબીરે કાયા માટે 'ચામડાની પૂતળી'નો પ્રયોગ કર્યો છે.

આ રીતે રૂપક કાવ્યોની માહિતી હરિયાળીના રૂપકાત્મક અભિવ્યક્તિના એક અંગભૂત લક્ષણ તરીકે ગણાય છે. હરિયાળી માત્ર વિરોધાભાસ નથી પણ રૂપકો અને પ્રતીકો પણ મોટી સંખ્યામાં સ્થાન પામ્યાં છે. એટલે રૂપકાત્મક અભિવ્યક્તિ તેના વ્યાવર્તક લક્ષણ તરીકે ગણવામાં આવે છે.

હરિયાળી સાથે સંબંધ ધરાવતા કેટલાક કવિઓની કૃતિઓનો ઉલ્લેખ મહત્ત્વનો હોવાથી અત્રે નોંધવામાં આવ્યો છે.

ઉદ્યોતનસૂરિની (આઠમી શતાબ્દી)ની કુવલયમાળા કથા પ્રાકૃતમાં છે. તેમાં વિવિધ રૂપકોનો પ્રયોગ થયો છે. જૈન કવિ સિધ્ધર્ષિ ગણીની ઉપમિતિ ભવ પ્રપંચ કથા સંસ્કૃત ભાષામાં છે જે રૂપક કથા તરીકે અજોડ ગણાય છે. શ્રી જયશેખરસૂરિએ સં. ૧૪૬૨માં પ્રબોધ ચિંતામણિ નામના રૂપક ગ્રંથની રચના સંસ્કૃતમાં કરી છે. વિક્રમની પંદરમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી ભાષામાં ત્રિભુવન દીપકપ્રબંધની રચના થઈ છે. આ ગ્રંથને 'પરમહંસ પ્રબોધ' 'પ્રબંધ ચિંતામણિ' નામથી ઓળખવામાં આવે છે જે પ્રબોધ ચિંતામણિને સુપ્રસિધ્ધ સાહિત્યકાર કેશવ હર્ષદ ધ્રુવ આ ગ્રંથને પ્રાચીનરૂપક ગ્રંથ તરીકે ગણાવે છે.

હરિયાળીમાં રૂપકોનો પણ પ્રયોગ થાય છે તે દષ્ટિએ ઉપરોક્ત વિગતો સ્વરૂપના વિકાસમાં ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે.

હરિયાળીઓના સર્જનમાં ઉપરોક્ત કવિઓનાં રૂપકોની યોજનાનો પ્રભાવ પડ્યો હોય એમ લાગે છે. પ્રતીક યોજના માટે પણ આ ગ્રંથો પ્રેરક બન્યા હોય એમ માનીએ તો પણ ઉચિત લાગશે.

ત્રિભુવન દીપક પ્રબંધમાં રૂપકો જોઈએ તો - આત્મારૂપી હંસ, ચેતના પ્રિયરાણી, કાયાનગરી, મનકારભારી, માયારાણી, પ્રવૃત્તિપુત્ર, મોહરાજા, નિવૃત્તિ અણમાનીતી વિવેકપુત્ર, વિવેકની પત્ની સુમતિ અને

સંયમશ્રી, પુણ્યરંગ પાટણનું રાજ્ય, શુકલધ્યાન અગ્નિ, કામચોર, વગેરે રૂપકોથી ગ્રંથ સમૃધ્ધ છે. જૈન સાહિત્યના ઉત્તમ કવિ તરીકે ખ્યાતિ અપાવે તેવી એમની અદ્‌ભુત કાવ્યશક્તિ અને કલ્પનાના રંગોનો પરિચય કરાવે છે. હરિયાળીમાં આવા પ્રયોગો થયા છે. તે દષ્ટિએ પૂર્વે થઇ ગયેલા જૈન કવિઓની કૃતિઓનો અવશ્ય પ્રભાવ પડ્યો છે તે નિર્વિવાદ છે.

પ્રતીકના પ્રયોગથી વિરોધ ગર્ભિત શૈલીનાં કાવ્યો સંતકબીરની રચનાઓમાંથી ઉપલબ્ધ થાય છે. ભક્ત કવિઓ સગુણ ઉપાસનામાં જેટલી સહજતાથી ઉપમા-રૂપક આદિથી અભિવ્યક્તિ કરતા હતા તેવી જ સંત કવિઓએ પોતાની રહસ્યાત્મક અનુભૂતિને વ્યક્ત કરવા માટે પ્રતીક યોજના અને સાંકેતિક શૈલીનો સ્વાભાવિક ઉપયોગ કર્યો છે.

અવળવાણીમાં શબ્દો હેતુપૂર્ણ છે. તેમ છતાં આ શબ્દોનો અર્થ શબ્દકોશ વ્યાકરણ અને લોક વ્યવહારથી ભિન્ન હોય છે. અવળવાણી સમજવા માટે નિર્ગુણ ઉપાસનાના રહસ્ય ઉપરાંત સાધનાનો મર્મ આત્મસાત્ કરવો વિશેષ આવશ્યક છે.

અવળવાણીની રચના નવીન નથી. તેની પરંપરા ભક્તિ માર્ગની સાથે સંબંધ ધરાવે છે. શિવ, વૈષ્ણવ, શક્તિ, મહાયાની સહજ્યાની બૌધ્ધ સંપ્રદાયમાં અને સૂફીમતમાં અવળવાણીનું નિરૂપણ થયેલું છે.

અવળવાણી એ પ્રતીકાત્મક નિરૂપણ કરતી કાવ્ય શૈલી છે. અવળવાણી હિન્દી સાહિત્ય સિધ્ધ અને નાથ સંપ્રદાયમાં મળી આવે છે. પં. હરપ્રસાદ શાસ્ત્રી, શ્રી ડૉ. પ્રબોધચંદ્ર બાગચી, મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન, આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી, ડૉ. શશીભૂષણ દાસગુપ્ત, ડૉ. ધર્મવીર ભારતી, ડૉ. રાંગેય રાઘવ જેવા નામાંકિત સર્જકોએ પોતાના વિષયોની અભિવ્યક્તિની સાથે આવી અસંબંધ અભિવ્યક્તિ અંગે પણ નિર્દેશ કર્યો છે. હિન્દી ઉલટબાંસી શબ્દપ્રયોગ અવળવાણી માટે થાય છે. અટપટી બાની, અટપટી અભિવ્યક્તિ શબ્દો પણ પર્યાયવાચી ગણાય છે.

આ શૈલીની રચનામાં ભાષાનો ચમત્કાર અને રહસ્યાત્મક અભિવ્યક્તિ મહત્ત્વની છે. હિન્દી સાહિત્યમાં આવી રચનાઓ રમૈની, કુંડલિયા, સવૈયા, અરિલ્લ, દોહા, સાખી વગેરે સ્વરૂપમાં મળી આવે છે. તેમાં પ્રથમ પંક્તિ ધ્રુવ તરીકે સ્થાન પામેલી હોય છે જે અંતિમ પંક્તિ સાથે વિષયવસ્તુનું સૂચન કરે છે. અંતિમ પંક્તિમાં કે કડીમાં કોઈ એક ક્રિયાપદનો વિશેષ રીતે પ્રયોગ થાય છે. આ શૈલીનું લક્ષણ વિરોધાભાસ દ્વારા અભિવ્યક્ત કરવાનું છે. શબ્દોનો અસંબંધ વિચિત્ર પ્રયોગ નોંધપાત્ર છે. આધ્યાત્મિક અનુભવની અભિવ્યક્તિ અને વિચારપ્રધાન રચનાઓ એ અવળવાણીનું લક્ષણ ગણાય છે. પારિભાષિક શબ્દ પ્રયોગોથી આવી રચનાઓ સામાન્યતઃ આત્મસાત્ થઈ શકતી નથી. જ્યારે તેનો અર્થ સમજાય છે ત્યારે અનહદ આનંદની અનુભૂતિ થાય છે. ધાર્મિક જિજ્ઞાસાવૃત્તિ ઉત્ન્ન કરીને તે માર્ગમાં લોકોને પ્રવૃત્ત થવા માટે અવળવાણીનો પ્રયોગ આ છે.

આધ્યાત્મિક અનુભૂતિને વ્યક્ત કરવા માટે અવળવાણીની શૈલી સફળ નીવડે છે. સાધના દ્વારા પ્રાપ્ત અનુભવને સર્વ સાધારણતા સુધી પહોંચાડવા માટે વિચિત્ર અસંબંધ વિરોધાભાસ યુક્ત શબ્દોથી અભિવ્યક્તિ કરવામાં આવે છે. તેનો હેતુ કાવ્યાનંદની પ્રાપ્તિ ઉપરાંત વ્યવહાર જીવનમાં વ્યસ્ત લોકોને અધ્યાત્મજ્ઞાનની દિશામાં પ્રવૃત્ત થવાનો સૂચિતાર્થ ઉપલબ્ધ થાય છે.

આ રીતે અવળવાણીમાં વિચિત્રતા-ગેયતા, ભાવની ગંભીરતા, પાંડિત્ય, આકર્ષણ, રૂપકનિરૂપણ, વ્યંગ્ય વક્રોકિત, રહસ્યાત્મક્તા જેવા કેટલાંક લક્ષણો હોય છે. પરિણામ સ્વરૂપે આવી રચના પ્રથમ દષ્ટિએ પ્રત્યાયન કરવામાં સમર્થ નથી બની શકતી પણ બુધ્ધિને કસોટીએ ચઢાવીએ ત્યારે તેનો સાચો આનંદ માણી શકાય છે.

હિન્દી સાહિત્યમાં અવળવાણીનો સર્વોત્તમ કવિ સંતકબીર ગણાય છે. એની પદ રચનાઓ વિષય, પ્રતીક, રૂપકો અને ચમત્કાર જેવાં લક્ષણોથી

અત્યંત સમૃધ્ધ છે. કબીર ઉપરાંત ધર્મદાસ, રૈદાસજી, ગુરુનાનક, દાદુદયાળજી, હરિદાસજી, તુલસીદાસજી, સેવાદાસજી, બાબા મલુકદાસજી અને સુંદરદાસજી વગેરે સંત પરંપરાના કવિઓએ અવળવાણીમાં રચનાઓ કરી છે. જગજીવનસાહબ, દરિયાસાહબ, ચરનદાસ, ગરીબદાસ, પલટૂસાહબ, સ્વામી શંકરદાસ પણ આજ પરંપરાના અનુયાયીઓ છે.

આ પ્રકારની રચનાઓમાં અલંકારોનું પ્રમાણ વિશેષરૂપે હોય છે. રસની દૃષ્ટિએ અદ્દ્ભુત અને શાંત રસ હોય છે. ઉપરોક્ત સંદર્ભ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે જૈન સાહિત્યમાં હરિયાળી રચનાઓ નવી નથી. પણ સાધુ કવિઓએ અધ્યાત્મ સાધનાની અનુભૂતિને વ્યક્ત કરવા હરિયાળીનો આશ્રય લીધો છે. સંત પરંપરામાં આવી રચનાઓ વિશેષ છે. તે દૃષ્ટિએ જૈન સાધુઓની આવી કૃતિઓ અધ્યાત્મ માર્ગના રહસ્યને માટે કેટલીક સજ્ઝાયની રચનાઓની સાથે હરિયાળીની રચનાઓ કરી છે. હરિયાળીને સજ્ઝાયના પર્યાયરૂપે પણ ગણવામાં આવે છે. સજ્ઝાયમાં તત્ત્વતઃ વૈરાગ્યભાવ દ્વારા આત્માભિમુખ થવાનો હેતુ રહેલો છે. તેનું જ અનુસરણ હરિયાળી થયું છે. છતાં હરિયાળી શૈલીની દૃષ્ટિએ નવીન હોવાથી સજ્ઝાય કરતાં જુદી પાડવામાં આવે છે. સજ્ઝાયમાં પ્રત્યાપન માટે વિચાર મંથન કરવાનું નથી જ્યારે હરિયાળીમાં તો ધીરગંભીર બનીને વિચારવા છતાં અર્થ બોધ થશે કે નહિ તે નિશ્ચિત નથી એટલે સજ્ઝાયની સાથે વૈચારિક સામ્ય હોવા છતાં અર્થ બોધ ને શૈલીની દૃષ્ટિએ ભિન્નતા રહેલી છે.

હરિયાળી સ્વરૂપની ઐતિહાસિક માહિતી નીચે પ્રમાણે છે. આગમ ગ્રંથોથી આરંભીને અર્વાચીન કાળ સુધીમાં હરિયાળીના વિકાસમાં આ વિગતો મહત્વની ગણાય છે.

## [૧] પાઇય (૧-૫૦)

(૧) નન્દીસૂત્રની ચૂર્ણિના રચયિતા જિનદાસ ગણિ મહત્તરે માતા-

પિતાના નામનો પ્રહેલિકામાં ઉલ્લેખ કર્યો છે. પોતાનું નામ પદ્વી સાથે આડાઅવળા અક્ષરોમાં દર્શાવ્યું છે. આ રચના વિ. સં. ૭૩૩ ની છે. પ્રહેલિકા જૈન અને જૈનેતર સંસ્કૃત ગ્રંથોમાં શબ્દાલંકાર પ્રયોગ રૂપે માનવામાં આવે છે. પ્રહેલિકાનો ઉદ્ભવ પાંચ હજાર વર્ષ જેટલો પ્રાચીન છે. વર્તમાન હરિયાળીમાં પ્રહેલિકા પણ પ્રેરક બની છે.

(૨-૩) પં. નંદિસહજગણિના શિષ્ય કે ભક્ત અભયપ્રભગણિએ લખેલી પણ અજ્ઞાતકર્તૃક તેત્રીસ હરિયાળીઓ. આને મેં "હરિયાળી સમુચ્ચય" એ નામે ઓળખાવી છે. આના અંતમાં અભયપ્રભગણિએ રચેલી એક હરિયાળી છે. આમ જે ૩૪ હરિયાળીઓ છે તેમાં ત્રણ સંસ્કૃતમાં, બે પાઇયમાં અને બાકીની ૨૯ ગુજરાતીમાં છે.

(૪) ભોજવિજયે લખેલી અને કર્તાના નામ વિનાની ચોર્યાસી હરિયાળીઓ. આમાં બે હરિયાળીઓનો અંક ૩૭નો અપાયેલો છે એટલે ખરી રીતે ૮૫ હરિયાળીઓ છે. એને મેં "હરિયાળી-કદંબક' નામ આપ્યું છે. એમાં એક હરિયાળી સંસ્કૃતમાં છે; બાકીની ગુજરાતીમાં છે.

(૫-૭) લેખક કે કર્તા કોણ છે એના નિર્દેશ વિનાની ૨૫ હરિયાળીઓ. એના પછીની એક હરિયાળી એ જ પાનામાં એ જ હસ્તાક્ષરમાં લખાયેલી હોય એમ જણાય છે. ત્યાર બાદ જેની પાસે આ પાનું હશે તેણે આમાં સંસ્કૃતમાં એક હરિયાલી નોંધી છે. આ હરિયાળીઓને મેં "હરિયાળી-નિકર" એવું નામ આપ્યું છે.

(૮) પ્રકીર્ણક હરિયાળીઓ. જુદી જુદી હાથપોથીમાંથી જે છૂટીછવાઈ અને કર્તાના નામ વિનાની હરિયાળીઓ મને મળી છે તેને માટે મેં આ નામ યોજ્યું છે.

(૯) લીંબડીના ભંડારના સૂચીપત્રમાં 'અજ્ઞાતકર્તૃક' તરીકે ઓળખાવાયેલી હરિયાળીઓ.

(૧૦) હર્ષવિજયે લખેલી અને મોહન નામની કોઇ વ્યક્તિએ રચેલી ૪૩ હરિયાળીઓ. ૪૪મી હરિયાળી વાસ્તવિક રીતે ૪૩મી છે. આ હરિયાળીઓને મેં "હરિયાળી-પ્રકાર" એવું નામ આપ્યું છે.

(૧૧) હીરાનંદસૂરિએ વિ. સં. ૧૪૮૫માં રચેલો "વિદ્યાવિલાસપવાડુ" માંની હરિયાળીઓ.

(૧૨) કવિ દેપાલકૃત હરિયાળી. "વરસઇ-કાંબલી'થી એ શરૂ થાય છે. એમાં એકંદર છ પદ્યો છે. એનો ટબ્બો મને મળ્યો છે. દેપાલે આ ઉપરાંત બીજી હરિયાળીઓ રચી હોય એમ લાગે છે.

(૧૩) લાવણ્યસમયે વિ. સં. ૧૫૪૦ થી વિ. સં. ૧૫૭૫ના ગાળામાં રચેલી હરિયાળી. આની એક પ્રતિ લીંબડીના ભંડારમાં છે.

(૧૪-૧૮) બ્રહ્મમુનિકૃત પાંચ હરિયાળીઓ.

(૧૯) કુશલલાભે વિ. સં. ૧૬૧૬માં રચેલી "માધવાનવલકથા"માંની હરિયાળીઓ (સમસ્યાઓ.)

(૨૦) નયસુન્દરે વિ. સં. ૧૬૩૭માં રચેલા "રૂપચંદ કુવંર રાસ"માંની હરિયાળી. (સમસ્યાઓ.)

(૨૧) ઋષભદાસે વિ. સં. ૧૬૭૦માં રચેલા "રૂપચંદ કુંવર રાસ"માંની હરિયાળી.

(૨૨-૨૮) સમયસુન્દરગણિકૃત સાત હરિયાળીઓ.

(૨૯) આનંદઘનજીકૃત હરિયાળીઓ.

(૩૦) પદ્મવિજયકૃત હરિયાળી. આની એક પ્રતિ લીંબડીના ભંડારમાં છે.

(૩૧-૩૨) ન્યાયાચાર્ય યશોવિજયગણિકૃત બે હરિયાળીઓ. એ પૈકી 'ચેતના' - હરિયાળી ઉપર એમણે જાતે ટબ્બો રચ્યો છે એવો ઉલ્લેખ

જોવાય છે. આ ટબ્બો મને મળ્યો નથી પરંતુ વિ. સં. ૧૮૦૨ એવો લિપિકાળના નિર્દેશવાળો ટબ્બો મને મળ્યો છે. બીજીનો ઉત્તર 'દેશવિરતિ અને સર્વવિરતિ' છે.

(૩૩) જિનચંદના શિષ્ય દેવચંદે રચેલી હરિયળી.

(૩૪) ભાવપ્રભસૂરિએ રચેલી હરિયાળીઓ.

(૩૫-૩૬) વિનયવિજયગણિએ શરૂ કરેલો અને ન્યાયાચાર્યે વિ. સં. ૧૭૩૮ના અરસામાં પૂર્ણ કરેલો "શ્રીપાલ રાજાનો રાસ" ખંડ ૧, ઢાલ ૨ અને ખંડ ૩, ઢા. ૭) માંની હરિયાળીઓ (સમસ્યાઓ.)

(૩૭) જ્ઞાનવિમલસૂરિએ વિ. સં. ૧૭૭૪માં રચેલા "અશોક રોહિણી રાસ" માંની હરિયાળી તેમ જ બીજી કેટલીક.

(૩૮-૪૦) શુભવિજયગણિના શિષ્ય પંડિત વિરવિજયે રચેલી ત્રણ હરિયાળીઓ. આ ત્રણે સજ્જન સન્મિત્રની પ્રથમ આવૃત્તિમાં પૃ. ૫૭૭-૫૮૧માં છપાયેલી છે.

(૪૧-૪૨) "જૈન સત્ય પ્રકાશ" (વ. ૫ અં. ૯ અને વ. ૬, અં. ૧) માં છપાવાયેલી એકેક હરિયાળી.

(૪૩-૪૪) બે હીયાલીગીત. જુઓ પૃ. ૧૦, ટિ. ૩-૪.

(૪૫-૪૭) શામળભટ્ટ વિ. સં. ૧૭૪૦-વિ. સં. ૧૮૨૧)ની છપ્પારૂપ સમસ્યાઓ તેમજ એની કૃતિ 'નંદબત્રીસી"માંની અને "પદ્માવતી-આખ્યાન"માંની હરિયાળીઓ.

(૪૮) દયારામે (વિ. સં. ૧૮૪૫-વિ. સં. ૧૯૦૯) રચેલ "ચાતુરી ચિત્તવિલાસ".

(૪૯-૫૦) ઉખાણાંઓ અને કોયડાઓ.

## [૨] પાઈય (૧-૬)

(૧) ઉત્તરજ્ઝયણગત પ્રહેલિકાઓ.

(૨) જિનદાસગણિ મહત્તરે રચેલી સમસ્યાઓ.

(૩) ધનેશ્વરસૂરિએ વિ. સં. ૧૦૯૫માં રચેલી "સુરસુંદરીકહા"-માંની વિનોદાત્મક પહેલિયા.

(૪) લક્ષ્મણગણિએ વિ. સં. ૧૧૯૯માં રચેલ "સુપાસનાહચરિય" ગત પહેલિયા.

(૫) જયવલ્લભકૃત હિયાલી-વજ્જા. આમાં ચૌદ પદ્યો છે.

(૬) રત્નશેખરસૂરિકૃત સિરિવાલકહાના ૭૧મા પદ્યમાં 'સમસ્યાપદ' તરીકે નિર્દેશાયેલું પદ ૭૨મા પદ્યમાં નીચે મુજબ અપાયું છે :-

**"पुन्निहिं लब्भइ एहु".**

આની બે રીતે પાદપૂર્તિરૂપે રચાયેલાં પદ્યોના ક્રમાંક અનુક્રમે ૭૩ અને ૭૬ છે.

## [૩] પાઈય-સંસ્કૃત (૧)

(૧) જ્ઞાનવિમલસૂરિકૃત શ્રીપાલચરિત્ર (પત્ર ૩ આ)માં પાઈયમાં એક સમસ્યારૂપ પદ્ય છે. ત્યાર બાદ "पुण्येनैव तल्लभ्यते"ની બે રીતે પાદપૂર્તિ છે. અને બે પ્રશ્નરૂપ એકેક સંસ્કૃત સમસ્યા છે.

---

સંદર્ભ. હરિયાળી સંચય - પ્રો. હીરાલાલ કાપડિયા પા. ૧૩ થી ૧૭

હરિયાળી કાવ્ય પ્રકારના વિકાસની ઉપલબ્ધ માહિતીને આધારે એમ ફલિત થાય છે કે એક શ્લોકથી પ્રારંભ થયેલી આવી કાવ્ય રચઓનો મધ્યકાલીન પદ સ્વરૂપનો આશ્રય લઈને લઘુકાવ્ય પ્રકાર તરીકે વિસ્તાર

થયો છે. જૈન સાહિત્યની હરિયાળીઓ સમસ્યા, રૂપકો, પ્રતીકો અને સાંકેતિક પ્રતીકોથી સમૃધ્ધ છે. એટલે તેનો અર્થવિસ્તાર થતાં અભિનવ કાવ્ય પ્રકાર તરીકે અનેરું આકર્ષણ જમાવે છે. હરિયાળીના પ્રેરક બળ તરીકે કાર્યરત સમસ્યા, યૌગિક સાધનાની અનુભૂતિ, બૌધ્ધધર્મની સાધના ભૂમિકાને હરિયાળીમાં સ્થાન મળ્યું છે. એટલે હરિયાળીના પ્રકારો પણ અર્થ ગંભીરતાની સાથે વિનોદ-મનોરંજન કરાવવાનો ગુણ ધરાવે છે. સાહિત્ય દ્વારા નિર્દોષ આનંદાનુભૂતિ કરાવતી હરિયાળીઓ કાવ્ય જગતમાં ચિરસ્મરણીય બની રહે છે.

## પ્રકરણ - ૨. સંદર્ભસૂચિ


| | | |
|---|---|---|
| નં-૧. | કબીર વાણી સુધા | પા. - ૮૦ |
| ૨. | ,, ,, | પા. - ૮૧ |
| ૩. | ,, ,, | પા.-૧૩૩ |
| ૪. | ,, ,, | પા.-૧૩૩ |
| ૫. | ,, ,, | પા.-૧૩૬ |
| ૬. | ,, ,, | પા.-૧૩૭ |
| ૭. | ,, ,, | પા.-૧૩૭ |
| ૮. | ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો | પા.-૫૦ |
| ૯. | ,, ,, | પા.-૫૨ |
| ૧૦. | ,, ,, | પા.-૫૩ |
| ૧૧. | ,, ,, | પા.૫૩ |
| ૧૨. | ,, ,, | પા.-૫૩ |
| ૧૩. | ,, ,, | પા.-૫૪ |
| ૧૪. | ,, ,, | પા.-૫૫ |
| ૧૫. | ,, ,, | પા.-૪૧૪ |
| ૧૬. | ,, ,, | પા.-૪૧૫ |

| | | |
|---|---|---|
| ૧૭. | ,, ,, | પા.-૪૧૫ |
| ૧૮. | ,, ,, | પા.-૪૧૬ |
| ૧૯. | ,, ,, | પા.-૪૧૬ |
| ૨૦. | ,, ,, | પા.-૪૧૮ |
| ૨૧. | ,, ,, | પા.-૪૧૮ |
| ૨૨. | હિન્દી સંતોકા ઉલટબાંસી સાહિત્ય | પા.-૫૬ |
| ૨૩. | ,, ,, | પા.-૭૫ |
| ૨૪. | જિન ગુણમંજરી | પા. ૪૭૧ |

# પ્રકરણ - ૩

## ૧. પ્રતીકાત્મક હરિયાળી

હરિયાળીઓની વિવિધતામાં કાવ્યકલાની દષ્ટિએ વિશિષ્ટ ગુણો છે. રૂપકો, પ્રતીકો, વક્રોક્તિ, જિજ્ઞાસા, રસ અને અલંકાર વગેરેથી સમૃદ્ધ કાવ્યકૃતિઓ સ્વતંત્ર કાવ્ય તરીકેની અસ્મિતા સિદ્ધ કરે છે. નિરાકાર ઉપાસના, શુધ્ધ આત્મસ્વરૂપની અનેરી અનુભૂતિ અને નિજાનંદને પરમાનંદની અવર્ણનીય અનુભૂતિને વ્યક્ત થયેલી નિહાળી શકાય છે.

આ પ્રકારની કૃતિઓ એટલે કાવ્ય અને અધ્યાત્મનો સુભગ સમન્વય. અધ્યાત્મસાધનાની શુષ્કતાને જન સાધારણ સુધી પહોંચાડવાનો પ્રયત્ન હરિયાળી દ્વારા થયો છે. કાવ્યરસ એ આકર્ષણનું અંગ છે એટલે આવી રચનાઓમાં રસિક્તા દ્વારા વિચારો પ્રગટ થાય છે. તેમાં અર્થઘનતા હોવાથી પ્રથમ દષ્ટિએ તો માત્ર જિજ્ઞાસા જાગે, વારંવાર ચિંતન-મનન થાય પછી જ અર્થ બોધ થાય છે. કવિ કલ્પના પ્રતીકો, રૂપકો ને વિરોધમૂલક શૈલી હોવાથી આવી હરિયાળીઓમાં ઊંચી કવિપ્રતિભાનું દર્શન થાય છે. કવિતા એ કોઇ સામાન્ય રચના નથી પણ તેમાં ઊંડું રહસ્ય છે તે પામવા માટે બુધ્ધિ, હૃદય, લાગણીના ત્રિવિધ સમન્વયથી તેના આંતર દેહમાં રહેલા વિચારો આત્મસાત્ કરી શકાય છે.

ટૂંકમાં એમ કહી શકાય કે હરિયાળીઓમાં અધ્યાત્મસાધનાની સાંપ્રદાયિક અનુભૂતિ સાથે કોઇ નવીજ શૈલીનો પ્રયોગ થયો છે. હિન્દી ભાષાના સાહિત્યમાં તેને ‘ઉલટબાંસી શૈલી’’ નામ આપવામાં આવ્યું છે તે યથાર્થ લાગે છે.

વર્ણનાત્મક, સમસ્યામૂલક, રૂપકાત્મક હરિયાળીની સરખામણીમાં એવી રચનાઓ ભાવકની કસોટી કરીને મંથન દ્વારા અમૃત પામ્યાનો સાહિત્યિક આનંદનો પરિતોષ થાય છે.

'પદ' બંધમાં રચાયેલી હરિયાળીઓ હોવા છતાં બે હરિયાળી અધ્યાત્મ 'સ્તુતિ' કાવ્ય પ્રકારની છે. 'ઉઠી સવારે સામાયિક લીધું અને નારીજી મોટા ને કંથજી નાના' એ સ્તુતિસ્વરૂપની હરિયાળી છે. તેનો બાહ્યદેહ સ્તુતિનો છે, આંતરદેહ હરિયાળીનો છે. રસ, અલંકાર, વિચારસમૃધ્ધિ, અભિવ્યક્તિમાં રહેલાં રૂપકો, પ્રતીકો અને વિરોધાભાસની વિશિષ્ટતાને કારણે કાવ્ય સાહિત્યના અણમોલરત્ન તરીકે તેને સ્થાન આપીએ તો તે અતિશયોક્તિ નહિ કહેવાય. કવિની અનેરી મસ્તી - મિજાજનો સ્વાભાવિક પરિચય તેમાંથી થાય છે.

(૧)

વરસે કંબલ ભીંજે પાણી, માછલીએ બગ લીધો તાણી,
ઉડ ઉડ રે આંબા,કોયલ મ્હોરી,કલીય સીંચતા ફલીઅ બીજો રે. ॥૧॥

ઢાંકણીએ કુંભારજ ઘડીયો, લંગડા ઉપર ગર્દભ ચઢીયો,
નિશા ધોવે ઓઢણ રોવે, શકરો બેઠો કૌતુક જોવે. ॥૨॥

આગ બળે અંગીઠા તાપે, વિશ્વાનલ બેઠો ટાઢે,
ખીલો દૂઝે ને ભેંસ વિલોએ, મીની બેઠી માખણ તાપે. ॥૩॥

વહુ વીઆઇ સાસૂ જાઈ, લહૂડે દેવર માતા નીપાઈ,
સસરો સૂતો વહુ હિંડોળે, હાલો હાલો શોભાવી બોલે. ॥૪॥

સરોવર ઉપર ચઢી બિલાઇ, બંભણ ઘરે ચંડાળી જાઇ,
કીડી સુતી પોલન માવે, ઊંટ વળી પરનાળે જાવે. ॥૫॥

ડોકરી દૂઝી ભેંસ વહુકે, ચોર ચોરે ને તલાર બાંધી મૂકે,
એ હરિયાળી જે નર જાણે, મુખે કવિ 'દેપાલ' વખાણે. ॥૬॥

અકલંક ગ્રંથમાળા - પુષ્પ - ૧૭૭, પા. ૩૯

**વરસે કાંબલ ભીંજે પાની**

**(૧) અર્થ** : 'વરસે કાંબલ' એટલે ઇન્દ્રિયો કર્મ કરે છે તેથી

'ભીંજે પાણી'. જીવ કર્મે ભારે થાય છે. ઇન્દ્રિય રૂપ કામળ, વરસતા જીવ રૂપ પાણી કર્મથી ભીંજાય છે અને ભારે થાય છે.

લોભરૂપી માછલીએ બગલારૂપી જીવને સંસારમાં તાણી લીધો છે.

ઉડ-સાવધાન થા. આંબા-જીવ, કોયલ-તૃષ્ણા, મ્હોરી-વિસ્તારી, વિકાસ પામી. કલી-માયારૂપી કળી સીંચતા લોભ અને ખેદ રૂપી બીજોરૂ વૃક્ષ ફળ્યું-વધ્યું.

(૨) **અર્થ :** ઢાંકણ-માયા, કુંભાર-જીવાત્મા, મનજીભાઇ. માયા રૂપી ઢાંકણીએ જીવને કુંભાર જેવો બનાવ્યો - સંસારમાં રખડાવ્યો. લંગડો એટલે રાગ, દ્વેષ, અભિમાન તે ઉપર ગર્દભરૂપી જીવ ચઢ્યો-સંસારી જીવાત્મા કષાયોથી લેપાયો.

નિશા-કાયા, ધોવે-ઘડપણ આવવાથી, ઓઢણ-જીવાત્મા રૂપે છે. ખેદ પામે છે.- દુઃખી દુઃખી થાય છે.

શકરો-સઘળું કુટુંબ બેઠું બેઠું ખેલ જુવે છે - વિનોદ માણે છે, પરંતુ જીવને તે કંઇ મદદ કરી શકતું નથી. જીવ એકલો જ ઘડપણની યાતના ભોગવે છે.

આ પદ્યમાં કેવી સુંદર રીતે 'એકત્વ ભાવના' ગુંથી લીધી છે.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઇથી લઇ ના શકાય, એ ભોગવે એક સ્વ-આત્મ પોતે. એકત્વ ભાવનાની બાકીની ભાવનાઓનું સ્વરૂપ વિચારવું.

(૩) **અર્થ :** વિશ્વાનલ-કામાગ્નિથી જીવરૂપી વિષયવેલી કંપે છે, ધ્રુજે છે.

ખીલો-જીવો, પુણ્યે કરીને દુઝે-દૂધ આપે, સુખી થાય તેથી ભેંસ-કાયા, વિલોએ એટલે સુખ ભોગવે છે, અને મીની-માયારૂપી માખણ જીવને તાવે છે-સંસારમાં ભમાવે છે.

(૪) **અર્થ :** વહુ-કુમતિ, વીઆઈ-વ્યાપી. જ્યારે કુમતિરૂપ વહુનો વિકાસ થયો, પરંતુ... લહુડે દેવરે-લઘુકર્મી, હળુકર્મી જીવે તે વખતે સુમતિરૂપ માતા ઉત્પન્ન કરી. જીવાત્મા સુમતિની સોબતથી સમભાવી થયો.

સસરો-જીવ, સૂતો-પ્રમાદમાં પડ્યો, ત્યારે સુમતિરૂપી પુત્રવધૂ તેને હિંડોળે છે-હિંચકા નાખે છે અને હાલો-હાલો ઉદ્યમ કરો, પુરુષાર્થ કરો, કાળ ઢુંકડો આવે છે એમ કહે છે.

મહાવીર પ્રભુએ ચાર જ્ઞાનના ધણી ગૌતમ ગણધરને ઉપદેશ આપ્યો : સમય ગોયમ મા પમાયે ! (માગધી)

હે ગૌતમ! એક 'સમય'નો પ્રમાદ કરીશ નહિ. (જૈન તત્વજ્ઞાનમાં *'સમય'નો અર્થ જ્ઞાની પાસેથી જિજ્ઞાસુએ જાણવો)* 'ઉત્તરાધ્યયન' આગમમાં આ મતલબના ચૌદ પંદર શ્લોકો છે. એક ક્ષણ-પળનો પણ પ્રમાદ કરવો નહિ.

**વર્ધમાનસ્વામીના બીજાં વાક્યો :**

'જો ઉત્થિત હૈ, પ્રમાદ ન કરે'' (આચારાંગ) સાવધાન થઈ, જે સૂતો છે તેણે જાગવું જોઈએ : જે જાગૃત છે તેણે પ્રમાદ છોડી, સાધના-માર્ગે ચાલી, સિધ્ધિ પ્રાપ્ત કરવાનું લક્ષ રાખવું જોઈએ.

**અલં કુસલસ્સ પમાએણં** (આચારાંગ)

કુશળ વ્યક્તિએ-બુધ્ધિશાળી, સમજદાર આત્માએ પ્રમાદ ન કરવો જોઈએ-એક ક્ષણભર પણ આળસ ન કરવી જોઈએ કારણ કે પ્રમાદ જીવાત્માનો મહાન શત્રુ છે.

આપણું મન એટલું ચંચળ છે કે ઇન્દ્રિયના વિષયો તરફ લોભાય છે તેથી રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ જન્મે છે. જે જીવાત્માને સંસારમાં રખડાવે છે, જન્મ-જરા-મૃત્યુના ચક્કરમાં ફસાવે છે.

કરુણાના સ્વામી પ્રભુએ આપણને કેવો સરસ-સરળ-સુંદર 'માર્ગ' બતાવ્યો છે પણ માનવીનું અવળચંડુ મન-અરેરે, હાય હાય! અવળે પાટે ચઢાવી દે છે.

(૫) **અર્થ :** સરોવર-શરીર, વીલાઈ-ઘડપણ, કાયા, ઘડપણથી વ્યાપ્ત બની, અને બંભણ-બ્રાહ્મણ એટલે જ્ઞાનવંત જીવને કદાગ્રહરૂપી ચંડાલણી ઉત્પન્ન થઈ. કીડી-માયા, સુતી-વિસ્તાર પામી, પોલ-કાયા, ન માવે-સમાય નહીં. વિસ્તાર પામતી પાપ માયા શરીરમાં સમાતી નથી. ઊંટ-લોભ પરનાળ-વહેવાર વગેરે. લોભ, વ્યાપાર વગેરે વ્યવહાર રૂપી પરનાળમાં વહી જાય છે.

(૬) **અર્થ :** ડોકરી એટલે ચિંતા, દુઝે એટલે વધે તેથી ભેંસરૂપી શરીર વસુકી જાય-સુકાય.

ચોર રૂપી મન, ચોરી કરે છે-પાપ કરે છે, તેથી તલાર એટલે જીવાત્મા કર્મ-બંધ પામે છે.

આ હરિયાળીના કવિ દેપાલ કહે છે કે ચતુર પુરુષ આ હરિયાળીનો સાચો અર્થ સમજે છે તે પુરુષની કવિ દેપાલ પોતે સ્વ-મુખે પ્રશંસા કરે છે.

('દેપાલ ભણે' - મંગળ દીવામાં આવે છે - વિચારો.)

## (૨)

અવધૂ એસો જ્ઞાન વિચારી, વામે કૌન પુરૂષ કૌન નારી,
બમ્મન કે ઘર નહાતી ધોતી, જોગી કે ઘર ચેલી,
કલમા પઢ પઢ ભઈ રે તરકડી, આપહી આપ અકેલી.
અવધૂ. ॥૧॥

સસરો મારો બાલો ભોલો, સાસુ બાળકુંવારી,
પિયુજી મારો પોઢે પારણિયે, તો મૈં હું ઝુલાવણહારી.
અવધૂ. ॥૨॥

નહીં હું પરણી નહીં હું કુંવારી, પુત્ર જણાવણ હારી,
કાલી દાઢીકો મેં કોઇ ન છોડ્યો, હજુએ હું બાલકુંવારી.
અવધૂ. ॥૩॥

અઢીદ્વીપમેં ખાટ ખટુલી, ગગન ઓશીકું તળાઈ,
ધરતી કો છેડો આભકી પીછોડી, તોયે ન સોડ ભરાઈ.
અવધૂ. ॥૪॥

ગગન મંડલમેં ગાય વિહાણી, વસુધા દૂધ જમાઈ,
સૌ રે સુનો ભાઈ વલોણું વલોવે, તો તત્ત્વ અમૃત કેઈ પાઈ.
અવધૂ. ॥૫॥

નહિં જાઉં સાસરીએ, નહિ જાઉં પિયરીએ, પિયુજીકી સેજ બિછાઈ,
આનંદઘન કહે સુનો ભાઈ સાધુ, જ્યોતિસે જ્યોત મિલાઈ.
અવધૂ ॥૬॥

હે અવધૂત! હે મસ્ત સંયમી આ પ્રકારના જ્ઞાનનો વિચાર કર કે આમાં કોણ પુરુષ છે ને કોણ સ્ત્રી છે.

જ્યારે એ બ્રાહ્મણને ઘેર ગઈ ત્યારે હિંદુધર્મના કર્મકાંડ પ્રમાણે ન્હાવા ધોવામાં પરોવાઈ ને નિત્ય ક્રિયા કરવા લાગી.

યોગીને ઘેર ગઈ ત્યારે એની શિષ્યા તરીકે યોગના કામકાજમાં લાગી ગઈ. વળી મુસલમાનને ત્યાં ગઈ ત્યારે મુસ્લિમ ધર્મના કુરાનના કલમા પઢતી બીબી થઈ ગઈ અને છતાં એ પોતે જાતે તો એકની એક રહી છે. આ જીવાત્મા જે જાતિમાં અવતર્યો તે જાતિના ધર્મમય થઈ ગયો અને અવિશુધ્ધ ચેતના જાત જાતના ખેલ ખેલે છે. છતાં અંદર રહેલો શુધ્ધ ચેતન તો પવિત્ર-પોતે એકલો જ છે. જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ત્યારે શુધ્ધાત્મા તો પોતે તેનો તે જ રહે છે. કર્મોના આવરણને લીધે નવા-નવા વેશ જન્મ ધારણ કરે છે. આમાં કોણ પુરૂષ ને

કોણ સ્ત્રી છે તે વિચારો. આ પદમાં એક ગૂઢ સમસ્યા રહેલી છે. એક સ્ત્રી કુંવારી નથી કે પરણેલી પણ નથી. આવું કેવી રીતે સંભવે છે? શું તે વેશ્યા છે? પદમાં એમ જણાવ્યું છે કે એને કોઇ કાળી દાઢી વાળાને પણ છોડ્યો નથી, તેમ છતાં તે સ્ત્રી બ્રહ્મચારિણી છે. આવી પરસ્પર વિરોધી વાતોને સમજવા માટે સૌ પ્રથમ 'ભવિતવ્યતા'નું સ્વરૂપ જાણવું જોઇએ.

આનંદઘનજીએ આ પદમાં 'તૃષ્ણા'ના રૂપકનો આશ્રય લીધો છે. તે જણાવે છે કે, ક્રોધ નામનો મારો સસરો છે. તે એવો ભોળો છે કે જ્યાં જ્યાં જાય છે ત્યાં તુરત જ દેખાય છે. મારી 'માયા' નામની સાસુ બાળ કુમારી છે. તે અત્યંત ચંચળ સ્વભાવની હોવાથી કોઇ એક ઘરમાં સ્થાયી રહેતી નથી. મારા પતિ જીવાત્મા અજ્ઞાનતાના પારણામાં ઝુલે છે અને હું સ્વયં તે પારણું ઝુલાવું છું. હું પોતે પરણેલી નથી કે વિવાહિત પણ નથી અને હું બાળકુંવારી પણ નથી, તેમ છતાં મારે 'સંકલ્પ-વિકલ્પ' નામના બે પુત્ર છે. આ સંસારમાં મેં કોઇને પણ બાકી રાખ્યો નથી, તેમ છતાં હું બાળકુંવારી છું. કારણ કે મારું પેટ કદીપણ ભરાતું નથી ( અસંતુષ્ટ સ્થિતિ) મેં દેવતાઓને પણ છોડ્યા નથી. દેવતાઓને ખાવા-પીવાની કોઇ ચિંતા નથી, બાળકોના વિવાહની પણ ચિંતા હોતી નથી. એમને અલંકારો બનાવવા પડતાં નથી કે મકાન બનાવવું પડતું નથી. એમને રહેવા માટે શાશ્વત વિમાનો છે. તેમ છતાં એમનામાં એટલી બધી તૃષ્ણા હોય છે કે પોતાનાથી અધિક ઋધ્ધિસમૃધ્ધિવાળા દેવોને જોઇને ભયંકર ઈર્ષ્યા થાય છે. આનંદઘનજી કહે છે કે તૃષ્ણા મહાભયંકર છે.

હવે ભવિતવ્યતાનો વિચાર કરીએ. કર્મ પરિણામ (ફળ) રાજા છે. કાળ પરિણતિ મહારાણી છે. કર્મ પરિણામ મહારાજાને નાટક જોવાનો, તમાસો જોવાનો બહુ શોખ છે. તે લોકોને અનેક પાત્રોનો વેશ આપીને એમની પાસે વિવિધ જાતનાં નાટક કરાવે છે. સંપૂર્ણ સત્તાધીશ એવી કાળપરિણતિ મહારાણી આ રાજ્ય ચલાવે છે. રાજા કરતાં પણ આ

મહારાણી વધુ પ્રભાવશાળી છે. તેમ છતાં આ મહારાણીને સંસારમાં વાંઝણી જાહેર કરવામાં આવી છે.

એક વખત મહારાણીને પુત્ર પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ. ફળસ્વરૂપ પૂર્વ સ્વપ્નસૂચિત એને સુમતિ નામનો પુત્ર ઉત્પન્ન થયો, પરંતુ આ પુત્રને કોઈની નજર ન લાગે તે માટે મંત્રીઓએ મહારાણીને વાંઝણી જાહેર કરી. વાંઝણીની લોકમાન્યતાથી ગભરાઈને મહારાણીએ ફરીથી પુત્ર પ્રાપ્તિની ઇચ્છા કરી.

રાજાએ રાણીની ઇચ્છાનો સ્વીકાર કરીને કહ્યું કે તને પુત્ર પ્રાપ્તિ થશે. આ દૃષ્ય જોઇને રાજા-રાણીની પુત્રવધૂ અશુધ્ધ ચેતના (ભવિતવ્યતા)એ કહ્યું કે મારો સસરો તો બહુ બાળો-ભોળો છે, મારી સાસુને લાખો, કરોડો, અબજો પુત્રો થઇ ગયા છે, તેમ છતાં તે પોતાની જાતને વંધ્યા, અપુત્રવાન્ માને છે. અને પુત્ર જન્મ થાય તેવી ઇચ્છા રાખે છે માટે સાસુને બાળકુમારી માનવી પડે છે.

જ્યારે સંસારી જીવ અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં આવે છે ત્યારે તે કર્મપરિણામ રાજા કાળપરિણતિ મહારાણીનો પુત્ર માનવામાં આવે છે. આ પુત્રને ભવિતવ્યતા નામની સ્ત્રી પ્રાપ્ત થાય છે. સંસારી જીવો પર આ ભવિતવ્યતા રૂપી સ્ત્રીનું જોર બહુ ચાલે છે. (પ્રભાવ પડે છે.)

આ સ્વાધીનતા પતિ ભવિતવ્યતા પતિદેવને અનેક ભવ સંબંધી ગોળીઓ ખવડાવે છે, જુદા જુદા ભવોમાં ભ્રમણ કરાવે છે. આ ગોળીનો રસ પતિદેવે ગળામાં ઉતારવો પડે છે. તેના રસ અનુસાર પતિદેવનું નામ અને રૂપ નક્કી થાય છે. ભવિતવ્યતાનો ચેતનદેવ સાથે થોડો પણ શરીર સંબંધ થતો નથી. ભવિતવ્યતા તો પ્રાણીને એકજ ભવમાં ભોગવવાનાં કર્મો આપે છે. મતલબ કે ચારગતિમાં જીવાત્મા ભ્રમણ કરે છે.

માટે હે અવધૂત વિચાર કરો કે ઉપરના પદમાં વાસ્તવમાં કોણ પુરૂષ છે? કોણ સ્ત્રી છે? સ્વાધીન કોણ છે? પરાધીન કોણ છે? સ્વામી કોણ છે? કોની સત્તા ચાલે છે?

---

અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૭૭, પા.-૨

અવધૂત એટલે જે વ્યક્તિએ વર્ણ અને આશ્રમનો ત્યાગ કરી આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હોય તે. તેના માટે ગુજરાતી ભાષામાં જોગી કે વૈરાગી શબ્દ પ્રયોગ થાય છે. ગુરદત્તાત્રયના શિષ્યો શરીરે ભસ્મ લગાવીને હાથમાં ચીપિયો રાખી અલેક, અલેક પોકારે છે તેને પણ અવધૂત કહેવામાં આવે છે.

## (૩)

એસા જ્ઞાન વિચારો પ્રીતમ, ગુરૂગમ શૈલી ધારી રે,
સ્વામી કી શોભા કરે સારી, તેતો બાળકુમારી રે,
જે સ્વામી તે તાત તેહનો, કહ્યો જગત હિતકારી રે.
એસા. ॥૧॥

અષ્ટ દીકરી જાઈ બાળા, બ્રહ્મચારિણી જોવે રે,
પરણાવી પૂરણ ચંદાથી, એક સેજ નવિ સોવે રે.
એસા. ॥૨॥

અષ્ટકન્યાકા સુત વળી જાયે, દ્વાદશ તે વળી સોઈ રે,
તે જગમાંહે અજન્મા કહી એ, કરતા તાસ નહીં કોઈ રે.
એસા. ॥૩॥

માત તાત સુત એક દિન જનમે, છોટે બડે કહાવે રે,
મૂલ તીનોંકા સહુ જન જાણે, શાખ ભેદ ન પાવે રે.
એસા. ॥૪॥

જો ઈણકે કુળ કેરી શાખા, જાણે ખોજ ગમાવે રે,
ખોજ જાય જગમેં તો પણ તે, સહુથી બડે કહાવે રે.
એસા. ॥૫॥

અથવા નરનારી નપુંસક, સઉકી એ છે માતા રે,
ષટ્ મત બાલકુમારી બોલત, એ અચરિજકી બાતારે.
એસા. ॥૬॥

લોક લોકોત્તર સહુ કારજમેં, યા વિન કામ ન ચાલે રૈ,
ચિદાનંદ એ નારીશું રમણ, મુનિ મનથી નવિ ટાલે રે.
એસા. ॥૭॥

હંસરત્ન મંજૂષા. ભા.૨ - પા.૩૧૧

**એસા જ્ઞાન વિચારો પ્રીતમ !**

હે પ્રીતમ! હે શુધ્ધ ચિદાનંદસ્વરૂપ આત્મા, ગુરૂગમથી શૈલી સમજીને હું હવે પછી કહું છું તેના જ્ઞાનનો વિચાર કરો.

એક સ્ત્રી છે તે બાળકુમારી છે છતાં સ્વામીની શોભા કરે છે, તેનો જ સ્વામી છે તે જ તેનો પિતા છે તેને જગતનો હિતકારી કહ્યો છે.

આ સ્ત્રી સમતા-વિરતિ છે, તેના સ્વામી વિરતિ ધારણ કરનારની શોભા વધારે છે વળી તે બાળકુમારી છે તેણે એક નાથ સ્વીકારેલો નથી જે તેનો સ્વામી કહેવાય છે તે વિરતિધારી જ તેના પિતા કોણ છે તેને જન્મ આપનાર છે. વિરતિ ધારણ કરનાર પોતાનામાંથી જ તેને પ્રગટાવે છે. વળી તે વિરતિધારી આખા જગતના સર્વ પ્રાણીના હિતેચ્છુ હોય છે.

હવે તે બાળા (વિરતિ) આઠ દીકરી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ થઈ છતાં તે સ્વભાવે બ્રહ્મચારિણી જ કહેવાય છે. તે આઠ પુત્રીને પૂર્ણચંદ્ર જે શુધ્ધસ્વરૂપી આત્મા તેની સાથે પરણાવી છે, તેણે તેને

પોતાની કરીને સ્વીકારી છે. પણ તેઓ એક શય્યા ઉપર સૂતા નથી. સહજ માત્ર પણ પ્રમાદ સેવતા નથી. અથવા એક શય્યાએ શયન કરવાનું તે આઠ પ્રવચન માતા કહેવાતી હોવાથી તેનું કામ પણ નથી.

હવે તે આઠ કન્યાઓને બાર પુત્રો - બાર અવિરતિનો ત્યાગ થયો, પરંતુ તે પુત્રો અજન્મા કહેવાય છે કારણે કે તેનો કર્તા કોઈ નથી, તેઓ પોતેજ આત્મરૂપ કહેવાય છે. આ માતા પિતા અને પુત્ર એક દિવસના જન્મેલા હોવા છતાં નાના મોટા કહેવાય છે એટલે કે તેઓ આત્માના ગુણરૂપ હોવાથી તેનો જન્મ સાથે જ કહેવાય છે. છતાં પ્રથમ વિરતિ ધારકને પછી તેની આઠ પુત્રી ને બાર પુત્ર એમ નાના મોટા કહેવાય છે. તે બધાનું મૂળ પરમાત્મા અથવા એમની વાણી છે. એમ સૌ જાણે છે છતાં તેની બધી આશા ને બધા ભેદ કોઈ છદ્મસ્થ મનુષ્ય જાણી શક્તો નથી.

જે એના કુળની બધી શાખા જાણે છે એટલે કે કેવળજ્ઞાની થાય છે તે તો પછી ખોજરૂપ જે મતિ શ્રુતજ્ઞાન તેને ગુમાવે છે પરંતુ ખોજ (મતિ-શ્રુત) ગુમાવ્યા છતાં કેવળજ્ઞાની થવાથી તે સૌથી મોટો કહેવાય છે. આ વિરતિ નર, નારી ને નપુંસક સૌની માતા છે. ત્રણે પ્રકારના વેદવાળા (અપવાદ) તેને ધારણ કરી શકે છે. આ સમતા અથવા વિરતિને છએ મતવાળા (ષડ્દર્શન) બાળકુમારી એટલે એક સ્વામી ધારણ કર્યા વિનાની સ્વીકારે છે. તે આશ્ચર્યની વાત છે કારણ કે વ્યક્તિગત રીતે તેના સ્વામી ઘણા છે.

લૌકિક કે લોકોત્તર સર્વ કાર્યમાં સમતા વગર ચાલતું નથી. ચિદાનંદ મહારાજ કહે છે કે આ વિરતિ અથવા સમતારૂપી સ્ત્રી સાથેનું રમણ તેની સાથે રહી આનંદ મેળવવા તે મુનિ મહારાજ મનમાંથી કોઈ પણ વખત ક્ષણવાર પણ વિસરતા નથી.

# (૪) કર્કશા નારીની સજ્ઝાય

મગરી ઉપર કૌવો બોલ્યો, પામણા આવ્યા તીન,
પામણા તારી મૂંછો બાળું, છાણાં ન લાવ્યો વીણ,
કર્કશા નાર મળી રે ધન્ય હો ધન્ય પીયુજી તેરા
ભાગ્ય. ॥૧॥

પામણા આવ્યા દેખીને રે, ચૂલો દીયો બૂઝાય,
પરણ્યાને બે લાતો મારી, આપ બેસી રીસાય.
કર્કશા. ॥૨॥

મૂલ-મૂઠ બાજરો પીસનોજી, લઇ બેઠી ભર સૂપ,
અબ જો પરણ્યો આવી કહેશે, તો જઇ પડુંગી કૂપ.
કર્કશા.॥૩॥

ઘરમેં ઉખલ ઘરમે ઘંટી, પર ઘર પીસણ જાય,
પાડોશી શું વાતો કરતાં ચૂન કુતરા ખાય.
કર્કશા. ॥૪॥

કાચો બાળ્યો બરડો બાળ્યો, બાળી ડોયલાની કાઠી,
છાપરા બાળ્યે સૂપડો બાળ્યો, તોય ન ચઢી એક હાંડી.
કર્કશા. ॥૫॥

તીન પાવકી સાત બનાઇ સાત પાવકી એક,
પરણ્યો ટાકી સઘળી ખા ગયો, હું રહી સગુણી એક.
કર્કશા. ॥૬॥

ગંગા આવી ગોમતીને, બિચમેં આવી ઘાટી,
ઘરમેં આઇ જોઉં હું તો, હજીયે ન મસીઓ માટી.
કર્કશા. ॥૭॥

નાહી ધોઇ વેશ બનાઇ, તિલક કરે અપાર,
સૂર્ય સામને કરે વિનતિ, કદિ મરે ભરથાર.
કર્કશા. ॥૮॥

આનંદઘન કહે સુણો ભાઇ સાધુ, યહ પદ હૈ નિર્વાણી,
યહ પદકી જો નિંદા કરે તો, નિશ્ચય નરકની ખાણી.
કર્કશા. ॥૯॥

હંસરત્ન મંજુષા ભા.૨ પા. ૩૦૩

# કર્કશા નારીની સજ્ઝાય

**(૧) અર્થ :** આત્માએ મોહનીય કર્મના ૬૯ કોડા કોડી સાગરોપમથી કાંઈક અધિક સ્થિતિવાળા પહાડની ઉપર રહેલી આત્માની નિબિડ અને કર્કશ કર્મગ્રંથિરૂપ મગરી ટેકરી તેનું જોર તોડીનાખનારૂં અપૂર્વકરણ આદર્યું. એટલે તેની અનંતકાલની તે મગરીરૂપ કર્કશાનારી એકદમ અકળાઇ ઉઠી. તેવામાં ઓછામાં પૂરું પોતાના ઉપર-માથે રહેલ ત્રીજા અનિવૃત્તિકરણરૂપ કૌવૌ હર્ષાવેશવશાત્ સમ્યક્ત્વ દેશવિરતિરૂપ ત્રણ મહેમાન આવ્યા છે એમ રસવૃત્તિએ બોલ્યો.

આ વાત તે કૌવાની નિકટવર્તી એવી કર્કશાએ સાંભળી. તે અનિષ્ટ વાત સાંભળતાને વેંત ક્રોધથી ધમધમી ઉઠેલી તે કર્કશા મુખ્ય મહેમાન. મારે રસોઇ પકાવવા સારું અનંતાનુબંધીના ચાર કષાયરૂપ છાણા જોઇએ તે તો તું વીણીને લાવ્યા વિના જ ચાલ્યો આવે છે તેથી હું તો હવે એ છાણા તારી પાસેથી મેળવવા સારું તારી અપૂર્વકરણના પહેલા સમય પૂર્વેનું સર્વોચ્ચ યથાપ્રવૃત્તિકરણ અને તે પછી થનારા અપૂર્વકરણરુપ અભૂતપૂર્વ પુરુષાર્થદર્શક મૂછો જ બાળું (કે જેથી તું પાછો મિથ્યાત્વને પામીને મને અનંતાબંધીની ચોકડીરુપ ચાર છાણા આપી શકે.) અત્ર

આનંદઘનજી મ. તે નારીના ધણી આત્માને વ્યંગમાં કહે છે કે હે આત્મન્ તને આવી કર્કશા નારી મળી તે બદલ ખરેખર તારા ભાગ્યને ધન્યવાદ ઘટે છે. ।।૧।।

(૨) **અર્થ :** કર્કશા એવું વિચારવામાં રોકાઇ ત્યાંતો લાગ જોઇ રહેલા તેના પિયુજી (આત્મા) એ યથાપ્રવૃત્તિકરણને પુરું કરીને કુહાડાની તીક્ષ્ણ ધાર જેવા વિશુદ્ધ પરિણામરૂપ અપૂર્વ કરણ વડે કર્કશાની ગાઢ વક્રતાને એકદમભેદી નાખીને (શ્રી કલ્પભાષ્યના अनियट्टीकरणं युग सम्मतं पुरक्खडे जीवे એ વચન મુજબ જે કરણમાં રહીને કરવાના અંતકરણના પહેલા સમયે સમ્યકત્વ પ્રાપ્ત થાય છે તે) ત્રીજાું અનિવૃતિકરણ આદરતાં (આગંતુક ત્રણ મહેમાનને વિષેમુખ્ય એવા) સમ્પકત્વ સંજ્ઞક મહેમાનને પોતાની સમીપે આણી દીધો ? એટલે કે પોતે સમ્યકત્વને નિજની નિકટ કર્યું ?

એ સંજોગમાં તે પ્રકારે તે ત્રણેય મહેમાનોને પોતાના આંગણે પણ આવી પહોંચ્યા જોઈને તો ખૂબ જ છંછેડાએલી મોહનીય કર્મના પહાડની ટેકરીરૂપ તે કર્કશા નારીએ તો પોતાના અનંતાનુબંધી કષાયનો સદાનો ચાલુ ચૂલો પોતાના પિયુજીને માટે પણ એકદમ બુઝાવી નાખ્યો પોતાના ધણીએ પોતાને અનિષ્ટ એવા તે સમ્યકત્વ મહેમાનનો આદર કરવાની કરેલી તે ભૂલ બદલ પોતાના તે ધણીનેય અપ્રત્યાખ્યાનીય કષાયના ઘરની રાગ અને દ્વેષની બે લાતો ચોડી દીધી ? અને પોતે પોતાના હવે થી સમ્યકત્વના ધણી થવા તૈયાર થએલા ધણીથી (અલગી થઈ જવાની તૈયારી રૂપે) રીસાઈને બેઠી એવી તે સદ્ગુણ દ્વેષી કર્કશા નારીના ધણી આત્માને શ્રી આનંદઘનજી મ. અત્ર પુનઃ વ્યંગમાં કહે છે કે આત્માન્ ! તને આવી કર્કશા નારી મળી તે બદલ તારા ભાગ્યને ધન્યવાદ ઘટે છે. ।। ૨ ।।

(૩) **અર્થ :** એ રીતનું વિપરીત વર્તન દાખવવા પૂર્વક પોતાનાથી

રીસાઈને બેઠેલી તે કર્કશા નારીને ઉપશાંત કરવા સારુ તેનો તેનો તે સમ્યક્ત્વની યોગ્યતાવાળો પિયુજી સૌમ્યભાવે કહે છે હવે તો મારે અનિવૃત્તિ કરણમાં કરવા રહેતા (વૈદ્ય કર્મ દલિકોના અભાવ રૂપ) અંતર કરણ વડે કર્મની શેષ આ કાંઈક ન્યૂન એવી કોટાકોટી સાગરોપમની સ્થિતિરૂપ બાજરાના એ પ્રકારે બે ભાગ કરવા બાકી રહે છે. અને તે બે ભાગમાંથી પણ તમારે તો (મારે માત્ર અંતર્મહૂર્ત કાલ પ્રમાણ જ વેદતા રહેતા મિથ્યાત્વના દલિકોવાળા) નાના વિભાગરૂપ મૂઠી બાજરો પીસવોઃ અર્થાત્ આજ સુધી તમે જે અનંતોકાળ અનંતો બાજરો પીસ્યો છે તે હવે તમારે પીસવો રહેતો નથી.

આમ છતાં કર્કશા તે રોષમાં ને રોષમાં એ બધા જ કર્મદલિકોરૂપ બાજરાનું સુપડૂં ભરીને દળવા બેઠી અને તે સાથે એમ પણ નિર્ણય કરી લીધો કે (મિથ્યાત્વની એ સુપડા પ્રમાણ સ્થિતના ૧/૪ એ પ્રમાણે બે ભાગ કરવાની ભાવનાવાળો) મારો ધણી આવીને હવે જો બાજરો તો થોડો જ પીસવાનો હતો અને હું તો આ આખું સુપડૂં ભરીને બેઠી ! એથી મારે તો હવે તેના શુદ્ધ અર્ધ શુદ્ધ અને અશુદ્ધ પૂંજરૂપે ત્રણ ભાગરૂપ કરવા પડશે ઈત્યાદિ કહેશે તો તો હું જઈને મિથ્યાત્વના મોટા ભાગરૂપ આત્માને શ્રી આનંદઘનજી મ. અત્ર પુનઃ વ્યંગમાં કહે છે કે – હે આત્મન! તને આવી કર્કશા નારી મળી તે બદલ ખરેખર તારા ભાગ્યને ધન્યવાદ ઘટે છે. ।। ૩ ।।

(૪) **અર્થઃ** બધો કર્મરૂપ બાજરો ભરીને દળવા બેઠેલી કર્કશા ધણી બાબત એ પ્રમાણે વિચારી રહેલ છે. તેવામાં તો તેના પિયુજી તે સૂપડા પ્રમાણ કર્મરૂપ બાજરાના આ પ્રમાણે બે ભાગ કરીને તેના ત્રણ પૂંજ રૂપ ત્રણ ભાગ પણ કરી નાખ્યા. રીસાઈ અને રીષાળ કર્કશાએ તો ધણીની એ આપખુદી જોઈને તે શેષ કર્મરૂપ બાજરાના સૂપડા સહીત મિથ્યાત્વના મોટા ભાગરૂપ કૂવામાં ઝંપલાવ્યું.

એવી એ અવળચંડી નારને પણ તેનો ધણી એટલે આત્મા હવે તો સમકિત પામ્યો હોવાથી ખૂબ જ સૌમ્યભાવે કહે છે જો હવે તો કર્મરૂપી અનાજને દળવાને આપણાં ઘરમાં જ જે હાલ મહેમાનરૂપે રહેલા છે તે સર્વવિરતિ રૂપ આત્મા ઘરના સકામ નિર્જરાપ્રદ ધર્માનુષ્ઠાનોરૂપ ઘંટી છે. અને ખોખરૂં કરવાને (દેશ વિરતિરૂપ) ખાણીયો છે. તો તેને જ પોતાના કરીને હવેથી તમારે તેનાથી જ સકામનિર્જરા કરવા રૂપ દળવા, પીસવાનું રાખવું અને (અવિરતિરૂપ) પર ઘરના (વિષય-કષાયરૂપ) ઘંટી અને ખાણીયે અકામ નિર્જરા કરવા રૂપ દળવા-પીસવા જવાનું તમારે બંધ કરવું. છતાં કર્કશાએ તો અવિરતિ રૂપ પરઘરે જઈને જ તે કર્મરૂપી અનાજનું ભર્યું સૂપડું અવિરતિના જ વિષય-કષાય રૂપ ઘંટી-ખાણીએ દળવા-પીસવાનું જારી રાખ્યું.

ત્યાં દળતાં-દળતાં તે અવિરતિરૂપ પર ઘરના મિથ્યાત્વપ્રમાદ અને અશુભ યોગાદિરૂપ પાડોશીઓની સાથે વાતો કરવા રહેવામાં કર્મરૂપ અનાજના અકામ નિર્જરારૂપ થતા જતા લોટ પર પણ ધ્યાન નહિ રહેવાથી જે લોટ થતો જાય તે વાતોમાં કરવા પડતા અપ્રત્યાખ્યાનીયના ક્રોધાદિ કષાયોરૂપ કુતરા ખાતા જાય અને બંધાતા નવા કર્મોરૂપ બાજરો મૂળ સૂપડામાં ઉમેરાતો જાય. એટલે કર્કશા ચહાય તેટલું ઢળે તોય સૂપડુ જરાય ઓછું ન થાય. પરિણામે મહેનત માથે પડતી હોવાથી કર્કશાની આ વક્રતા બદલ પણ શ્રી આનંદઘનજી મ. તેના પિયુજીને વ્યંગમાં કહે છે કે હે પિયુજી ! તને આવી કર્કશા નાર મેળવી આપનાર તારા ભાગ્યને ખરેખર ધન્યવાદ ઘટે છે. ાા ૪ ાા

**(૫) અર્થ :** તેવી તે વક્ર કર્કશાએ ધણીને પીરસવા પોતાના તેવા ગુણની હાંડીને પકાવવા પરિપક્વ કરવા સારૂ ધણીના અપૂર્વકરણરૂપ અગ્નિમાં (ગ્રંથિભેદ પામ્યાબાદ) પોતાનો (૧) પ્રરૂપણા મિથ્યાત્વ (૨) પ્રવર્તન મિથ્યાત્વ (૩) પરિણામમિથ્યાત્વ અને (૪) પ્રદેશ મિથ્યાત્વ એ

ચાર પાયાનો ઢોલીયો લાવ્યો. અપુનર્બંધકપણારૂપ અગ્નિમાં મોહનીયની ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિરૂપ પોતાનો કરોડરજ્જુ અને બરડો લાવ્યો, પોતાના અવિરતિરૂપ ડોયલાનો (પદાર્થો પ્રતિની મિથ્યાત્વના ઘરની આસક્તિરૂપ) હાથો લાવ્યો. ધણીના અંતઃકરણરૂપ અગ્નિમાં પોતાને (ગ્રંથિને) માથે હતા તે મિથ્યાત્વના દલિકોરૂપ (અંતઃકરણવાળા) વિભાગરૂપ માથેથી ખાલી થઈ જવા રૂપ) છાપરૂં બાળ્યું અને ધણીના ઋણ પૂંજ કરવાના સામર્થ્યરૂપ અગ્નિમાં પોતાનું શેષ કંઈક ન્યૂન કોડાકોડી સાગરોપમની સ્થિતિરૂપ સૂપડું પણ (શુદ્ધ, અર્ધ શુદ્ધ અને અશુદ્ધ) થઈજવા રૂપે લાવ્યું. છતાં પોતાના ગુણની ધણીને પીરસવા સારુ પકવવા માડેલી પોતાની તે હાંડી ન ચડી એટલે કે ધણીને પાછો પોતાના સ્વભાવ વાળો બનાવવાના પ્રયાસમાં સફલ થઈ નહિ. આ બદલ પણ શ્રી આનંદઘનજી મ. તેવી નારીના ધણી-આત્માને વ્યંગમાં જણાવે છે કે હે પિયુજી ! તને આવી કર્કશા મળી તે બદલ ખરેખર તારા ભાગ્યને ધન્યવાદ ઘટે. ॥ ૫ ॥

(૬) **અર્થ :** કર્કશા કહે છે કે એટલી મારી જાત હોમ્યા છતાં ધણી અંગેની તે હાંડી પાકી નહી તો પણ મેં નિરુત્સાહી બન્યા વિના ધણીને પીરસવા સારુ મારી મિથ્યાત્વના શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ દલિકોના ત્રણ પૂંજરૂપ પુરાણી મૂડીને પણ હોમવા માંડી ને સમ્યક્ત્વ મોહનીય આદિ ત્રણ પ્રકૃતિરૂપ ત્રણ રોટી બનાવી, ધણીએ દાબી દીધેલી મારી અનંત ચતુષ્કની ખાનગી મૂડીને હસ્તગત કરીને તેની વળી બીજી પણ ચાર જબ્બર રોટી બનાવી અને તે સાતેય પ્રકૃતિરૂપ સાત રોટીની (એક દર્શન સપ્તકરુપ મિથ્યાત્વના સમગ્ર બળવાળી) ધણીને મારા ગુણવાળો કરી દેવા અત્યંત સમર્થ એવી આત્મવીર્યઘ્ન મહાન રોટી બનાવીને ધણીને પીરસી છતાંયે મારો તે પરણ્યો તો (તેનાથી મૂલ મિથ્યાત્વ) ગુણમાં આવવાને બદલે તે સમર્થ અને વિશાલકાય એવી આખી રોટીને ક્ષણવારમાં (ક્ષાયિક સમ્યક્ત્વ પામવાના અંતમુહર્તમાં) નિર્જરી નાખવારૂપ હજમ કરી ગયો આથી હતાશ બનેલી એવી મેં માન્યું કે એ રીતે મારી અંગત

પણ સર્વ મૂડી જોતજોતામાં હજમ કરી જનારો મારો ધણી હવે મારો ધણી રહ્યો નથી. પરંતુ કોઈ ડાકી એટલે બાઘડો બની ગયો છે. અને મૂલ ગુણ મિથ્યાત્વવર્ત્તી તો હું એકલી જ રહી છું. અત્રે પણ શ્રી આનંદઘનજી મ. તે નારીના ધણી આત્માને વ્યંગમાં કહે છે કે - હે આત્મન ! તને આવી કર્કશા નારી મળી તે બદલ ખરેખર તારા ભાગ્યને ધન્યવાદ ઘટે છે.॥૬॥

(૭-૮) **અર્થ:** કર્કશા કહે છે કે - એ રીતે એકલી થઈ જવા પામેલી અપ્રત્યાખ્યાનીય કષાયવાળી હું એ પછી તીર્થ કરવાની ઈચ્છાએ (ધણી દેશથી વિરતિનારીને વર્યો હોવાથી) પ્રત્યાખ્યાનીયના કષાયરૂપ ગંગાતીર્થે આવી અને જેવામાં તે પ્રત્યાખ્યાંનીય ઘરના સંજ્વલનના કષાયરૂપ ગોમતી તીર્થે જોઉ છું તેવામાં તો વચમાં જ (ધણી સર્વવિરતિને વર્યો હોવાથી) મારા પ્રત્યાખ્યાનીય કષાયો રૂપી મૂડીને લૂંટી જવા સર્વવિરતિના સંજ્વલનના સમસ્ત કષાયોની એક સામટી ધાડ આવી અને તેણે મને અસહાય દેખીને મારી પ્રત્યાખ્યાનીયના સર્વકષાયરૂપ સર્વમૂડી બલાત્કારે લૂંટી લીધી. આથી મારી પાસે મૂડી તરીકે શેષ રહેલ મારા સંજ્વલનના ઘરના અનંતાનુબંધીરૂપ ઘરમાં હું પાછી આવી અને ઘરમાં જોઉ છું તો જણાવ્યું કે - મારો ધણી ડાકી થવાને લીધે મારી પ્રત્યાખ્યાનીય કષાયની પણ મૂડી ખાઈ ગયો હોવા છતાં હજુ પણ મર્યો નથી. અત્રે પણ શ્રી આનંદઘનજી મ. તે નારીના ધણી આત્માને વ્યંગમાં કહે છે કે હે આત્મન ! તને આવી કર્કશા નારી મળી તે બદલ ખરેખર તારા ભાગ્યને ધન્યવાદ ઘટે છે. ॥ ૭ ॥

એ રીતે પોતાના ધણીના હાથે પોતાની ચારિત્ર મોહનીયના ૧૬ કષાય અને ૯ નોકષાયની મળી ૨૫ બને. દર્શન મોહનીયની ૩ મળીને મોહનીય કર્મની અઠ્ઠાવીશેય પ્રકૃતિરૂપ જબરદસ્ત મૂડીથી ખાલસા થવા રૂપે નાહી ધોઈને સાફ થયેલી હોવાને લીધે કર્કશાને હવે તો પોતાનો ધણી પોતાનો કટ્ટર વૈરી સમજાયો. આથી તેણીએ પોતાના ધણીને

(સંસારના મૂળરૂપ નિજમાંથી વહેલો મરી જવાના સબળ ઉપાય રૂપ સર્વવિરતિનો વેષ સજ્યો અને પોતાના ભૌતિક દેહે ચારિત્રની સંખ્યાત ગુણવૃદ્ધિ - અસંખ્યાત ગુણ વૃદ્ધિના ચઢતા પરિણામ રૂપ અપાર તિલકો કરવા જારી રાખીને હે ભગવાન ! આ મારો ભરતાર જેમ બને તેમ જલદી મરે (મોક્ષ પામે) તો ઠીક, એમ સિદ્ધ પરમાત્મા રૂપ સૂર્ય સામે વિનંતી કરવા લાગી. અત્રે પણ તે નારીના ધણી આત્માને શ્રી આનંદઘનજી મ. વ્યંગમાં જ જણાવે છે કે - હે આત્મન ! તને આવી કર્કશા નારી મળી તે બદલ તારા ભાગ્યને ખરેખર ધન્યવાદ ઘટે છે. ॥ ૮ ॥

(૯) **અર્થ :** સજ્ઝાય પદના કર્તા શ્રી આનંદઘનજી મહારાજ રચનાને અંતે જણાવે છે કે - હે સજ્જનો ! તમે સાંભળો. આપને ઉપલક દૃષ્ટિએ જોઈએ તો આમાં કાંઈ તથ્ય જ નથી ઈત્યાદિ પ્રકારે આ પદની નિંદા કરશો નહી. કારણ કે આ પદ તો નિર્વાણી - મોક્ષનું છે. આમ છતાં જો કોઈ અજ્ઞાનીઓ પદના અર્થને નહિ પામી શકવાની પોતાની અશક્તિ બદલ ખેદ કરવાને બદલે આ પદની નિંદા કરે તો સમજી લેવું કે તેઓને માટે તે નિંદા નિશ્ચયે નરકની ખાણરૂપ છે. ॥ ૯ ॥

---

અર્થકાર. પૂ. ઉપા. શ્રી હંસસાગરજી મ.સા.

## (૫)

નાવમેં નદીયા ડૂબી જાય મુજ મન અચરજ થાય,
કીડીચાલી સાસરે ને સો મણ ચુરમું સાથ,
હાથી ધરીયો હોડમાં ઊંટ લપેટયો જાય.
નાવમેં. ॥ ૧ ॥

કચ્ચા ઈંડા બોલતા, બચ્ચા બોલે ના,
પરદર્શનમેં સંશય પડીયો તે જ મુક્તિ મીલ જાય.
નાવમેં. ॥ ૨ ॥

એક અચંબો એસો દેખ્યો, મછલી ચાવે પાન,
ઊંટ બજાવે બંસરી ને, મેંઢક જોડે તાન.
નાવમેં. ॥ ૩ ॥

એક અચંબો એસો દેખ્યો, મુડદું રોટી ખાય,
મુખસે તો બોલે નહીં ને ડગમગ હસતું જાય.
નાવમેં. ॥ ૪ ॥

બેટી બોલે બાપને, વિણ જાયો વર લાય,
વિણ જાયો વર ના મીલે તો મુજશું ફેરા ખાય.
નાવમેં. ॥ ૫ ॥

સાસુ કુંવારી વહુ પરણેલી નણદલ ફેરા ખાય,
દેખણવાળી હુલર જાયો, પાડોશણ ફુલરાય.
નાવમેં. ॥ ૬ ॥

એક અચંબો એસો દેખ્યો, કુવામાં લાગી લ્હાય,
કચરો કર-કટ મહાબળીગયો, પણ ઘટ ભરભર જાય.
નાવમેં. ॥૭॥

આનંદઘન કહે સુણ ભાઈ સાધુ એ પદસે નિર્વાણ,
ઈસ પદકા જો અર્થ કરેગા, શીઘ્ર સાધે કલ્યાણ.
નાવમેં. ॥ ૮ ॥

અકલંક ગ્રંથમાળા પુષ્પ- ૧૭૭, (પા. ૭૨)

**અર્થ :** ભવોદધિતારક શ્રી જિનોક્ત ધર્મસ્વરૂપી નૌકામાં છયે આસ્તિક દર્શનરૂપી 'છ' નદીઓ ડૂબી જાય છે ! નદીમાં તો નાવ ડૂબે પરંતુ આ તો નાવમાં નદી ડૂબી જાય છે ! અને તે પણ 'છ' નદીઓ ડૂબી જાય છે. સમાઈ જાય છે ! એ જોઈ મારા મનમાં - આ તે કેવું પ્રભાવક નાવ ! એમ આશ્ચર્ય થાય છે.

**અર્થ :** તે મોક્ષપદ જિનોક્ત ધમરૂપ નૌકામાંથી નીસરેલ અન્ય અજૈન આસ્તિક દર્શનરૂપ નદીઓએ પણ મોક્ષ મેળવવો તો ઈષ્ટ માનેલ જ છે. પરંતુ તેઓએ અજ્ઞાનાવરણીયના તીવ્રપણે ક્ષયોપશમવશાત્ મોક્ષપ્રાપ્તિ અંગેનાં તપ, જપ, નિયમ અને અન્ય ક્રિયાકાંડો શ્રી જિનેશ્વરોએ જણાવેલા અહિંસક અનુષ્ઠાનોથી વિપરીત કલ્પેલાં હોય છે. તેથી તેઓ મોક્ષમાર્ગને પામી શકતા નથી.

તેવા પણ દર્શનીઓમાં જે આત્માઓ યથાપ્રવૃતિકરણ વડે આત્મ ગુણોનો-મિત્રા, તારા, બલા અને દીપ્રા યોગદષ્ટિપર્યંતનો પણ વિકાસ સાધી શક્યા હોય છે. તે આત્માઓમાંના કોઈ કોઈ આત્માઓ મોહગર્ભિત વૈરાગ્યના બળે મોક્ષની ઇચ્છાથી સંસારને તજીને સાધુ-સંન્યાસી આદિ પણ સંસારસમુદ્રને તરવા મથી રહ્યા હોય છે.

જૈનાગમની દૃષ્ટિએ તેવા ત્યાગી આત્માઓનો તે મોક્ષત્યાગ અંગેના સંસાર ત્યાગરૂપ કુંજર પાસે કીડી સમાન લેખાય છે.

ઉપર્યુક્ત પહેલી ગાથામાં શ્રી આનંદઘનજી મહારાજ મોક્ષ પ્રાપ્ત કરવામાં તેવો કીડી પ્રમાણ ત્યાગનો વેગ ધરાવનારા તેવા મોહગર્ભિત સંસાર ત્યાગીઓનો આશ્રયીને કહે છે કે -

અનાદિના પીયરરૂપ સંસારનો અતુલભાર તજીને કીડી એક બાજુથી મોક્ષરૂપી સાસરે ચાલી છે અને બીજી બાજુથી તે કીડીએ પોતે તજેલ સંસારના પાયા સ્વરૂપ ગૃહસ્થાશ્રમને પોતે સ્વીકારેલા સંન્યાસાશ્રમ-ત્યાગ ધર્મ કરતાંયે શ્રેષ્ઠ માનીને ગૃહસ્થાશ્રમીઓને યાવત્ મંત્ર તંત્રાદિની સાધના કરીને પણ સુખી કરવાના મલિનારંભરૂપી સો મણ ચૂરમાનો ભાર પોતાની સાથે લીધો છે. એ પ્રકારે સંસારનો ભાર ઉપાડીને મોક્ષરૂપ સાસરે જઈ રહેલી તે કીડીએ તો ખરેખર પોતાના આત્માની સાથે સંયમરૂપ મોક્ષપ્રદ કુંજર લપેટવાને બદલે સંયમના સર્વ વાંકાં અંગરૂપ સંસારપ્રદ ઊંટ લપેટ્યો

છે અને તે ઊંટના પણ ખોળામાં લોકને વિષે પોતાને મોક્ષાર્થી ગણાવવારૂપ માનવહસ્તિને ધારણ કર્યો છે. આ સ્થિતિમાં તે કીડી મોક્ષ પામે જ ક્યાંથી? ॥ ૧ ॥

**અર્થ :** તેવા મોહગર્ભિત વૈરાગ્યવાળા મોક્ષાર્થીઓ મોક્ષનાં કાચાં ઈંડારૂપ હોઈને - ગ્રંથીરૂપ પડ ભેદાયા વિનાનાં અભિન્નગ્રંથી માર્ગાનુસારી હોઈને - અમારું દર્શન જ સાચું છે એમ સર્વત્ર એકાંત બોલ - બોલ કર્યા કરે છે. પરંતુ તેમાંના જે ઈંડાઓ પોતાના આત્મસ્વરૂપને નહિ દેખવા દેનાર પડરુપ ગ્રંથીને ભેદીને સમ્યગ્દર્શન પામવારુપ સર્વવિરુતિ ધર્મના બચ્ચાં બન્યા હોય છે. તેઓને જૈન દર્શન સિવાયના તમામ દર્શનોમાં શંકા પડવાથી તે બચ્ચાંઓ પોતાનું પ્રાથમિક એકાંત બોલવું બંધ કરીને ક્રમે શ્રી જિનોક્ત વિરતિ ધર્મનો સ્વીકાર કરવા પૂર્વક મોક્ષ પામે છે. એટલે કે મોક્ષ મેળવવા નીકળેલા તે અજૈન દર્શનીઓના અભિન્નગ્રંથી સાધુઓમાંથી જેઓ ભિન્નગ્રંથી નિર્ગ્રન્થ મુનિઓ બને છે તેઓ જ ભવસમુદ્રને તરીને મોક્ષ પામે છે.

**અર્થ :** ભવસમુદ્રને તારનારી ધર્મનૌકામાં બેઠેલા તેવા નિર્ગ્રન્થ મુનિઓમાંના પણ કોઈ મુનિમાં આશ્ચર્ય એવું દીઠું કે એક બાજુ સંયમના સાધનરૂપ મુનિ વેષને નિજમતિકલ્પનાથી જ પરિગ્રહ માનીને તજી દીધો, ભવજલધિથી તારનારી પંચાંગી આગમરૂપ નૌકાનેય તજી દીધી અને એ રીતે ભયંકર સમુદ્રજળમાં વગર વસ્ત્રે અને વગર નૌકાએ જ તરતી માછલી સ્વરૂપ પોતે ભયંકર ભવજલધિને મોજથી તરતો હોવાનો ભાસ તરીકે જિનમુખે તે કલ્પિત ધર્મને જ મોક્ષપદ લેખાવવા રૂપ પાન ખાઈને મોઢું લાલ રાખી રહેલા છે.

બીજી બાજુ તેના તે ઉપદેશમાંના તે કલ્પિત દિગંબરી ધર્મના સર્વ અંગો નિરાધાર અને અવ્યવહારુ રૂપે વાંકા જ હોવાનું જાણવા છતાં તે ધર્મોપદેશથી સત્કર્મને વમીને તે કલ્પિત ધર્મમાં દોરાઈ જવા પામેલા મતિવિભ્રમી ઊંટોથી સર્વજ્ઞોપદિષ્ટ સત્કર્મ કરતા તે કલ્પિત ધર્મને જ

સાચો ધર્મ માનીને તે ધર્મની જ સર્વત્ર બંસરી બજાવવા મંડી પડેલ છે. સર્વત્ર તે ધર્મની જ પ્રશંસા ગાઈ રહેલ છે. અને બીજી બાજુ તે યશોગાનને સાંભળનારા મુગ્ધજનો રૂપ મેંઢકો તે કલ્પિત ધર્મના યશોગાનને વખાણવા રૂપે તેઓને તાન ચડાવી રહેલ છે. તે અધર્મમાં સ્થિર કરી રહેલ છે.

**અર્થ :** એક આશ્ચર્ય એવું દીઠું કે - શાસ્ત્રના સમ્યગ્ અવબોધ વિના માત્ર મેલો વેષ ધારીને સર્વત્ર નીચી દૃષ્ટિએ અને મૌનપણે જ વિચરવામાં શુદ્ધ ચારિત્ર માની બેઠેલ કોઈ મુનિ ગીતાર્થ ગુરુ નિશ્રિત ગુરુકુલમાં તેવું ચારિત્ર નહિ જોવાથી ગુરુકુલને અચારિત્રી માની ગીતાર્થ ગુરુની પણ નિશ્રા તજીને સર્વત્ર એકલો વિચરીને મોક્ષ મેળવવા મથી રહેલ છે. તમે આમ એકલા અને મૌન કેમ ? એમ પૂછનારને બચાવ પૂરતું શાસ્ત્રમાં ચારિત્રથી જ મોક્ષ કહેલ છે. ઉપદેશાદિ દ્વારા લોકોનાં ટોળાં ભેગા કરવા વગેરે પ્રવૃત્તિમાં તો ચારિત્રને ગૌણ કરવા જેવું છે. અને શાસ્ત્રમાં બહુ બોલવાને નિંદાનું સ્થાન કહેલ છે. એટલું જ જણાવીને મૌન પકડે છે. આ જોઈને અજ્ઞાનીજનો તે મુનિને મહાન યોગી માનીને વિશિષ્ટ એવા સદોષ ખાન-પાનાદિથી પણ સત્કારવા લાગ્યા. પરિણામે તે તત્ત્વજ્ઞાનરૂપ પ્રાણહીન ક્રમે કરીને તે ખાન-પાનાદિમાં લુબ્ધ બન્યો. એ પ્રકારે હોવાથી તે મૌની મુનિરૂપ મડદો એ જ રીતે જીવવા સારું એવું આચરણ આચરી બેઠો કે ભક્તોના તેવા અશુદ્ધ સદોષ ખાન-પાનાદિ મૌનપણે આરોગતો જાય અને તે ભક્તોને તેની ભક્તિથી પોતે પ્રસન્ન થતો હોવાનો ભાસ આપવા સારું ડગલે ને પગલે એટલે કે વારંવાર હસતો જાય.

**અર્થ :** મોહગર્ભિત વૈરાગીની ઉપર્યુક્ત પ્રકારે તેવી મોહગર્ભિત વિરતિને ધારણ કરનારા તેવા ત્યાગીઓના આત્માને મુશીબતે જ સ્પર્શતી હોવાથી તેવા જોગીઓની તે મોહગર્ભિત વૈરાગરૂપ બેટી પોતાના જોગી પિતાને કહે છે કે તમે હજુ જેને જન્મ આપેલ નથી તે અનેકાંત દર્શનનો સર્વસંયમ રૂપ સ્વામી મને લાવી આપો અને તે માટે પ્રયાસ કરવા છતાંપણ

તમે મને જો તે સ્વામી વસાવી આપવા અશક્ત હો તો તે સ્વામી જ મારી આસાપાસ ફેરા ખાતો રહે એટલું તો મારું કાર્ય તમે કરી જ આપો અર્થાત્ તમારા આ જોગીપણામાં છેવટ તે શ્રી સર્વજ્ઞોક્ત સર્વવરિતિનું ધ્યેય તો રાખો જ. જો ખરેખર મોક્ષે જ જવું છે તો.

**અર્થ :** હે જોગી પિતાજી ! જ્યારે તમે મોહની નિબિડ ગ્રંથીને ભેદવાનું પરાક્રમ વસાવી આપનારી આત્માની ભવસ્થિતિરૂપ બેટી જેને અનાદિથી વરેલી છે તે નિજના કર્મરૂપ જમાઈની અવ્યવહાર રાશિની નિગોદરૂપ સાસુ અનાદિથી કુંવારી છે. તેમાંથી અનંતાકાળે તથા ભવિતવ્યતાવસાત આત્મા ઉધ્ધરીને પૃથ્વીકાય-અપ્‌કાયવત્ વિકલેન્દ્રિયાદિકના ભવોરૂપ સ્વામીને વરીને જયારે વ્યવહારરાશિની નિગોદરૂપ કુંવારી સાસુની પરણેલી વહુ ગણાય. તે પ્રકારે થતી તે વ્યવહાર રાશિની નિગોદ રૂપ વહુના આત્માની તે તે ગતિરૂપ નણંદ પણ તે વહુના આત્માની સાથે અનંતા કાળથી ઉક્ત પ્રકારે અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિ આદિમાં અદ્યાપિપર્યંત ફેરા ખાઈ રહેલી છે. એ વાસ્તવિક સમજણ ધરાવીને શ્રી જિનોક્ત ધર્મ પ્રત્યે શ્રદ્ધાવંત થઈ જ્ઞાનગર્ભિત વૈરાગી બનશો ત્યારે તમને તેવારૂપે દેખનારી તમારી આ ભવસ્થિતિરૂપ બેટી એ સર્વસાવદ્યના ત્યાગરૂપ સંયમપુત્રને પણ જન્મ આપ્યો હોવાનું જોવા ભાગ્યશાળી થશો. કે જે પુત્રને તેની દેશવિરતિરૂપ પડોશણ સદા તેની સામે જ મીટ માંડીને હુલરાવી રહી હશે.

**અર્થ :** આ સંસારરૂપી કૂવો જીવો માટે અનંતા ભવોરૂપી જલથી ભરેલો છે. તે કૂવો એટલો તો ભયંકર છે કે અનાદિકાળથી રહેલા અવ્યવહાર રાશિની નિગોદનાં અનંતા જીવો તો આજે પણ તે નિગોદમાં જ જન્મ મરણ પામ્યા કરતાં હોઈને પૃથ્વીકાયાદિપણાનેય પ્રાપ્ત કરી શકેલ નથી. તેવા અનંતા ભવભ્રમણકારી તે ભવકૂપમાં ઉપર્યુક્ત પ્રકારે જે કોઈ આત્માઓ અનંતોકાળ અત્યંત કષ્ટો સહી સહીને અકામનિર્જરાએ એકેન્દ્રિયપણાદિપણે અનંત કાળે મોહનીય કર્મની કોડા કોડી સાગરોપમની

સ્થિતિ ખપાવીને ઊંચે આવતા તે ભવકૂપ ભયંકર ભાસે છે. અને ત્યારે જ તેઓને ભવકૂપના ઘોર કષ્ટોથી સદાને માટે મુક્ત થવા સારુ મોહગર્ભિત વૈરાગી પણ બન્યા હોય છે. આમ છતાં તેવા ભવ વૈરાગીઓનેય આ ભીમ ભવકૂપમાંથી જે મોક્ષ અનંતા પુદ્ગલ પરાવર્તકાલ પર્યંત પ્રાપ્ત થવો દુર્લભ છે તે મોક્ષ પ્રાપ્ત કરવામાં શ્રી આનંદઘનજી મહારાજ આ સાતમી ગાથા દ્વારા જણાવે છે કે -

પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું એક આશ્ચર્ય એવું દીઠું કે તેમને તો આ ભીષણ ભવકૂપમાંથી જલ્દી મુક્ત થવા સારુ સ્વીકારેલા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા મુનિપણામાં પણ સંયોગવશાત્ તેત્રીશ સાગરોપમ જેવા દીર્ઘકાલ સુધી તો પોતાને તે ભવકૂપમાં નારકીપણે સબડવું પડે તેવું ઘોર કર્મ ઉપાર્જ્યું હતું. તે અનંતા ભવોરૂપી જલથી ભરેલા ભવકૂવામાં એટલો બધો નવા કર્મોનો ઢેરબંધ કચરો બહારથી લાવીને નાખવા એકઠો કર્યો હતો. એ જોતાં કોઈને પણ એમ જ થાય કે મોક્ષ સાધવા નીકળેલા આ રાજર્ષિ ભવકૂપમાંથી અનંતા કાળેય મોક્ષને પામશે? પરંતુ ત્યારબાદ ક્ષણમાં જ જોયું કે તે રાજર્ષિ એ ભવજલથી ભરેલા કૂવામાં ક્ષપકશ્રેણિરૂપ ભયંકર આગ ઊઠી અને તે આગે એ ભવકૂપમાંના તે રાજર્ષિના ભાવિ ભવોરૂપ જલને તો શોષી લીધું પરંતુ તે કૂપમાં નાખવા એકઠા કરેલા તેત્રીસ સાગરોપમ કાલ સુધી નારકીમાં સબડાવાને શક્તિમાન એવા નવા કર્મકચરાના ઢેરને તો તે ભવકૂપમાં પડતાં જ સળગાવી દીધો. અને વધુમાં ભવકૂપમાના જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતીયા કર્મોરૂપ કાંકરાઓને પણ ભસ્મસાત્ કરી દીધા એ પ્રકારે તે રાજર્ષિના ભવજલ કૂવાને તો સર્વથા નાશ પામતો જોયો. પરંતુ તે કૂવો એ પ્રકારે વિનાશ પામતા પામતાયે તે રાજર્ષિના આત્મઘટમાં તો અનંતજ્ઞાન અનંતદર્શનરૂપી આત્મજલ ઠાંસી ઠાંસીને ભરતો ગયો.

*(હંસરત્ન મંજુષા ભા.૨-પા. ૨૯૬)*

## (૬)

અવધૂ ! નટનાગરકી બાજી, જાણે ન બામણ કાજી,
થિરતા એક સમયમેં ઠાને, ઉપજે વિણસે તબહી,
ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી. ... (૧)

એક અનેક અનેક એક કૂની, કુંડલ કનક સુભાવે,
જલ તરંગ ઘટમાંહી રવિકર, અગણિત તાહિ સમાવે. ... (૨)

હે નાંહિ હૈ વચન અગોચર, નય પ્રમાણ સપ્તભંગી,
નિરપખ હોય લખે કોઈ વિરલા, ક્યા દેખે મત જંગી. ... (૩)

સર્વમથી સરવંગી માને, ન્યારી સત્તા ભાવે,
આનન્દઘન પ્રભુ વચન સુધારસ, પરમારથ સૌ પાવે. ... (૪)

સાધકનો સ્વાધ્યાય. પા. ૧૨૮

(૧) શરીરરૂપ નગરમાં બિરાજમાન નાગરિક નટની (અવધૂત આત્માની) અનુપમ રમત અપૂર્વ, આશ્ચર્યકારક અને હેરત પમાડે તેવી છે. શાસ્ત્ર વિશારદ પંડિત અને ઈસ્લામી વિદ્વાન પણ આત્માની રમતને (બાજીને) જેમ છે તેમ જાણી શકતા નથી. આત્માનું સહજસ્વરૂપ અને તેના દ્રવ્ય ગુણ પર્યાયનું (અવસ્થાનું) વાસ્તવિક રૂપ શબ્દાતીત હોવાથી તે શાસ્ત્રોના વિદ્વાનોને કેવી રીતે યથાતથ્ય સમજાય?

આત્મામાં નિત્યતા અને સ્થિરતા સ્વસત્તાએ કરીને હર સમયે હોય છે. સાથે સાથે આત્માના સ્વાભાવિક ગુણો જેવા કે જ્ઞાન, દર્શન, શક્તિ, સુખ ઈત્યાદિની અવસ્થાઓનું (પર્યાયોનું) નિરંતર પરિવર્તન થયા કરતું હોય છે. ગુણોની અવસ્થાઓનો ઉત્પાદ (ઉત્પન્ન) અને વ્યય (નાશ) થયા કરતો હોય છે. એટલે કે આત્મામાં દરેક સમયે સ્થિરતા (ધ્રુવતા) હોય છે પરંતુ તેનાં ગુણોની અવસ્થાઓનો તે જ સમયે ઉત્પત્તિ અને નાશ થયા કરતો હોય છે. આમ આત્માની ઉત્પાદ, વ્યય અને

ધ્રુવમય વાત, પહેલાં કોઈ વખત સાંભળી નથી માટે તે અપૂર્વ અને આશ્ચર્ય પમાડે તેવી છે.

(૨) જ્ઞાનીપુરુષોએ આત્માનું સહજ સ્વરૂપ સમજાય એ માટે સ્યાદ્‌વાદ કે અનેકાન્તવાદ પ્રતિપાદન કરેલ છે. આત્માઓ વ્યવહારની (વ્યક્તિની) અપેક્ષાએ અનેક અથવા અનંત છે. નિશ્ચય દ્રષ્ટિની (દ્રવ્યત્વની) અપેક્ષાએ દરેક આત્મામાં એકપણું (આત્મત્ત્વ) એક સરખું હોય છે. આવી રીતે નિશ્ચયનયની અપેક્ષાએ જે સમયે આત્મામાં એકપણું રહ્યું છે તે જ સમયે વ્યવહારનયની અપેક્ષાએ અનેકપણું હોય છે. આત્મદ્રવ્યમાં એક, અનેક, ભિન્ન, અભિન્ન ઈત્યાદિ અનેક ધર્મો રહ્યા છે. જે સમયે આત્મસત્તાનું સ્થિરતાપણું છે તે જ સમયે પૂર્વ અવસ્થાનો વ્યય છે અને અન્ય અવસ્થાનો ઉત્પાદ છે.

ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાનું તત્ત્વ દ્રષ્ટાંત દ્વારા સમજાવતાં કહે છે કે સોનાના અનેક આભૂષણોને ભાંગી નવા બનાવવામાં આવતા હોય છે. આ પ્રક્રિયામાં જૂના અલંકારના આકારનો વ્યય અને નવા આકારનો ઉત્પાદ થતો હોય છે. પરંતુ બન્નેય અવસ્થાઓમાં સુવર્ણપણું એક સરખું હોય છે. તેવી જ રીતે જલતરંગોમાં પણ પૂર્વના તરંગાકારનો વ્યય અને નવીન તરંગાકારની ઉત્પત્તિ થયા કરતી હોવા છતાં બન્નેય અવસ્થાઓમાં જલત્ત્વ એક સરખું હોય છે. એવી જ રીતે માટીના ઘડાને ભાંગતાં ઘડાના આકારનો વ્યય અને ઠીકરારૂપે ઉત્પાદ થાય છે. પરંતુ માટીના પરમાણુઓનું દ્રવ્યત્વ કાયમ રહે છે. આવા ઘણા દ્રષ્ટાંતોથી ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા સમજી શકાય છે.

(૩) આત્મા અને પુદ્‌ગલ દ્રવ્યનો સ્વભાવ ભિન્ન છે એટલે કે ગુણે કરીને બન્ને જૂદા છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ આત્મધર્મની અસ્તિતા છે પરંતુ પુદ્‌ગલ દ્રવ્યની અપેક્ષાએ નાસ્તિતા છે. આત્માનું સ્વરૂપ વચન કે વાણી (જે પૌદ્‌ગલિક છે) દ્વારા અગોચર છે એટલે કે

જાણી શકાતું નથી માટે અવક્તવ્ય છે. એવી જ રીતે આત્મામાં સ્વકીય અપેક્ષાએ જ્ઞાનાદિ ગુણોનું જે સમયે અસ્તિત્વ છે તે જ સમયે પરકીય અપેક્ષાએ નાસ્તિત્વ છે. આત્મામાં રહેલ ગુણધર્મોનું અમુક અપેક્ષાએ અસ્તિત્વ, નાસ્તિત્વ, અવક્તવ્ય વગેરે સપ્તભંગી હોય છે. એવી જ રીતે સાત નય વડે આત્મિક ગુણોનું વિધવિધ અપેક્ષાએ સ્વરૂપ સમજી શકાય છે. જે જીવ નિષ્પક્ષપાતી થઈ સ્યાદ્‌વાદ દૃષ્ટિથી આત્માનું સહજ સ્વરૂપ સમજવા માટે જિજ્ઞાસુ થાય છે તેને જ તે સાતનય, સપ્તભંગી અને ચાર પ્રમાણથી ગુરુગમે જાણી શકે છે. આવી યથાતથ્ય પ્રાપ્તિ કોઈ વિરલાને જ થાય છે, બાકી તો મતનો કદાગ્રહી આત્માનું આવું અનેકાન્તમય કથિત સ્વરૂપ ક્યાંથી દેખી કે જાણી શકે ? જ્યારે વિશેષ પ્રકારે આત્માના ધર્મોનું સ્વરૂપ સમજાય છે ત્યારે આત્મારૂપ નાગરિકની કળાનો અદ્‌ભુત દેખાવ અનુભવવામાં આવે છે.

(૪) આત્માની સત્તા પુદ્‌ગલ દ્રવ્યથી ન્યારી છે અને ભિન્ન ભાવે રહેલી છે. આત્માના જ્ઞાન, દર્શનાદિ ગુણોની અવસ્થાઓની અપેક્ષાએ સમગ્ર વિશ્વનો તેમાં સમાવેશ થાય છે. એમ સ્યાદ્‌વાદી જન જાણે છે. તેથી આવા ખપી જીવો પોતાની આત્મસત્તા અન્ય દ્રવ્યોથી ભિન્ન છે એ ગુરુગમે જાણી પોતાનાં શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરે છે. આનંદનો સમૂહ એવા સર્વજ્ઞ ભગવંત-વીતરાગ પ્રભુની વાણીરૂપ અમૃતરસનું પાન નિષ્પક્ષપાતી, સ્યાદ્‌વાદી અને પરમાર્થને વરેલા કોઈ વિરલા જ કરી શકે છે.

## (૭)

અવધૂ સો જોગી ગુરુ મેરા, ઈન પદકા કરે રે નિવેડા,
તરુવર એક મૂલ બિન છાયા, બિનફૂલ ફૂલ બાગા,
શાખા પત્ર નહિં કછુ ઉનકુ, અમૃત ગગને બાગા.
અવધૂ. ।।૧।।

તરુવર એક પંખી દોઉ બૈઠે, એક ગુરુ એક ચેલા,
ચેલેને જુગ ચુન ચુન ખાયા, ગુરુ નિરંતર ખેલા.
અવધૂ. ॥૨॥

ગગન મંડલ કે અધ બીચ કુવા, કહાં હૈ અમીકા વાસા,
સગુરા હોવે સો ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા.
અવધૂ. ॥૩॥

ગગન મંડલ મેં ગૌઆ વિહાણી, ધરતી દૂધ જમાયા,
માખન થા સોહી વીરલા પાયા, છાશે જગત ભરમાયા.
અવધૂ. ॥૪॥

થડ બિનુ પત્ર પત્ર બિન તુંબા, બિન જીભ્યા ગુણ ગાયા,
ગાવન વાલેકા રૂપ ન દેખા, સુગુરુ સોહી બતાયા.
અવધૂ. ॥૫॥

આંતમ અનુભવ બિન નહિં જાને, અંતર જયોતિ જગાવે,
ઘટ અંતર પરખે સોહિ મૂરતિ, આનંદઘન પદ પાવે.
અવધૂ. ॥૬॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૪.

આ પદનો જે નિવેડો કરી આપે તે ઉદાસી યોગી મારો ગુરુ સમજવો. એક મોટું ઝાડ છે. એને મૂળ તથા એની છાયા નથી, વગર ફૂલે એના પર ફળ બેઠાં છે. એ ઝાડને ડાળી નથી, પાંદડાં નથી, એનું અમરફળ આકાશને લાગીને રહેલું છે.

અવધૂ એટલે વર્ણ અને આશ્રમનો ત્યાગ કરી કેવળ આત્માને દેખવાવાળો યોગી.

ચેતનરાજ તે વૃક્ષ છે. ચેતનની ઉત્પત્તિ અનાદિની છે. એને કોઈ

મૂળ નથી કે જેના પર એનું ચણતર થયું હોય. આત્મા અનાદિ અનંત કાળથી છે. આત્મા સ્વયં ફૂલે ફાલે છે. પોતાના વિકાસ માટે અન્ય કોઈનો આધાર રાખતો નથી.

વૃક્ષનો અમર રસ તો વૃક્ષમાં જ હોય પણ ચેતનરાજનો અમર રસ તો આકાશમાં લાગેલો છે. ચેતનરાજનો સારો રસ એના મૂળ સ્વરૂપમાં રહેલો છે. એની સાચી સ્થિરતા અનંત ચારિત્ર રમણતામાં છે કે જે ચૌદરાજલોકના છેડે છે. આવું અજબ વાતોથી ભરેલું વૃક્ષ ચેતનદેવ છે. એના ક્રમ, ભાવો, ધર્મો, વિચારીએ ત્યારે એ ગમે તેટલો ફૂલેફાલે તો અંતે તે એક અવિભાજ્ય અને સ્વતંત્ર રીતે જે આ પદનો નિવેડો કરી જાણે તે ખરેખર યોગી છે. એના મન વચન અને કાયાના યોગમાં એક્તા આવી છે. એ સ્વ-પરને ઓળખી ગયો છે.

અને તે મારો તો શું આખી દુનિયાનો ગુરુ છે.

ચેતનરાજ ગમેતેટલી ક્રિયા, જપ, તપ, ધ્યાન કરે પણ એનું અમૃત સંસારના પૌદગ્લિક સુખમાં રસ લાગેલો હોય તો એ સાચો તરૂવર થતો નથી. એની આખી તાલાવેલી એ અમૃતને સ્વાધીન કરવાની છે અને એ દશા પ્રાપ્ત થાય ત્યારે જ એના મૂળ સ્વરૂપે પ્રગટે છે. ॥૧॥

એક ઝાડ પર બે પક્ષી બેઠાં છે. એમાંનો એક ગુરુ અને એક ચેલો છે. ચેલાજીએ તો આખી દુનિયાને વીણી વીણીને ખાવા માંડી છે અને ગુરુ મહારાજ તો આખો વખત રમત રમી રહ્યા છે.

કવિએ ગુરુ ચેલા દ્વારા વિચિત્ર વાત જણાવી છે. એક જ ઝાડ પર બે પંખી છે એક પંખી દોરનાર ગુરુ છે અને દોરવણી સ્વીકારનાર ચેલો છે. તરૂવર તો ચેતનરાજ છે. વ્યવહારમાં રમત રમતો જીવાત્મા એ ચેલો છે (સંસારી જીવ) ગુરુ એટલે સંસારથી વિરકત આત્મા. એટલે કે અંતરાત્મા અને બહિરાત્મા એમ ગુરુ-ચેલો છે. સંસારી આત્માના પરિણામ કેવાં હોય, રખડપટ્ટી કેવી હોય તે વિશે ઉપમિતિભવપ્રપંચ કથામાં

સિદ્ધર્ષિગણીએ વિસ્તારથી વેધક ને હૃદયદ્રાવક શૈલીમાં વર્ણન કર્યું છે. વિષય, કષાય અને ઈન્દ્રિયની લાલસામાં ચેલો આખી દુનિયામાં ફરે છે આવો બહિરાત્મા એ એક પંખી ચેલો છે. જ્યારે અંતરાત્મારૂપી બીજું પંખી છે જે અધ્યાત્મદશા અને આંતરસ્વભાવ - સ્વરૂપમાં બીજી રીતે અર્થ વિચારીએ તો આત્મરાજ વૃક્ષ પર સુમતિ અને કુમતિ નામનાં બે પંખી છે. સુમતિ આત્મહિતાર્થે પ્રવૃત્તિ કરાવે છે. તે ગુરુ સ્થાને સ્વસ્વરૂપમાં ખેલ ખેલે છે. (રમે છે.) કુમતિનામનું બીજું પંખી શિષ્ય છે જે સંસારભાવમાં આસક્તિથી ફરે છે.

ચેતનરાજ વૃક્ષ પર બે પંખી શુભમન અને અશુભમન એ ગુરુ ચેલા સમાન છે. શુભમન (ગુરુ) હિતકારી પ્રવૃત્તિમાં જોડાય છે. અશુભમન (શિષ્ય) સંસારની પ્રવૃત્તિ ને ઇંદ્રિયોના વિષયોમાં રખડે છે. બે પક્ષી માટે ત્યાગ અને ભોગ, વૈર અને ઉપશમના અર્થમાં પણ વિચારી શકાય છે.॥૨॥

આકાશમંડળની વચ્ચે એક કૂવો છે. એ કૂવામાં અમૃતનું સ્થાન છે. સદ્‌ગુરુની છાયામાં રહેલા અને તૈયાર થયેલા હોય તે પહેલાં અમીરસને ધરાઈધરાઈને પીએ છે અને ગુરુ વગરના હોય તેઓ ત્યાંથી તરસ્યા જાય છે.

આકાશમંડળની વચ્ચે આવી રહેલા કૂવામાં અમીનો વાસ છે. ચેતનરાજને કર્મોનો કચરો લાગ્યો છે. પણ ચેતનરાજના આઠ રૂચક પ્રદેશોમાં ગમે તેવા સંજોગોમાં પણ કર્મનો કચરો લાગતો નથી એટલે નિર્મળ રહે છે. શરીરની દષ્ટિએ આ સ્થાન નાભિ છે. ચૌદ રાજલોકની વચ્ચે મધ્યભાગમાં મેરૂ પર્વતની વચલી ચૂલિકા પર ચાર દિશામાં અને ચાર વિદિશામાં આઠ રૂચકપ્રદેશો છે તેની બરાબર સમદિશાએ પ્રત્યેક *આત્માના આઠ રૂચકપ્રદેશો હંમેશા નિર્મળ રહે છે. આ નિર્મળ પ્રદેશો* અનંતઆનંદની શક્યતા બતાવનાર નિર્મળ રત્ન તુલ્ય અમીના કુંપા છે. લોકાકાશ જેટલા જેટલા આત્માના પ્રદેશોની સંખ્યા છે. આ ગગનમંડળની વચ્ચે આવી રહેલા કૂવામાં અમીનો રસ ભરેલો છે. અનંતજ્ઞાન,

અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતતેજ, અનંતવીર્ય, અનંત ઉપયોગી ત્યાં શક્તિરૂપે ભરેલા છે. આત્મા ઉપશમ રસથી ભરેલો છે, સદ્ગુરુથી આત્માનો આવો અનુભવ થાય. ગુરુજ્ઞાન વિના ગગનમંડળના કૂવા સુધી પહોંચ્યા છતાં અમીરસ પ્રાપ્ત થઈ શકતો નથી. ગુરુ દ્વારા ધ્યાતા-ધ્યાન અને ધ્યેયનું જ્ઞાન મેળવે તો અમીરસ પામે નહિતર તળાવે ગયો છતાં તરસ્યો પાછો આવ્યો એમ જાણવું. ગગનમંડળની વચ્ચે કૂવો તે મોક્ષસ્થાન, સિધ્ધશીલા જાણવી, તેનું સ્થાન ઊંચે છે, આકાશમંડળમાં બરાબર વચ્ચે છે, લોકને અંતે છે. ત્યાં ખરો અમીનો વાસ છે. એ સિધ્ધજીવો પવિત્ર અમૃતમય છે. આવો રસ ધરાઈધરાઈને પીએ છે. સદ્ગુરુના પ્રતાપે આ શક્ય બને છે. બાકી જે ગુરુ વગરના અને અવિશુધ્ધ ગુરુના પનારે પડ્યા છે તેઓ રસનું સ્થાન જાણવા છતાં પામી શકતા નથી, તે તરસ્યા જ રહે છે. ॥૩॥

આકાશમંડળની વચ્ચે ગાય વિયાણી, એને બચ્ચું થયું, એ ગાયનું દૂધ પૃથ્વી પર જમાવવામાં આવ્યું ને દૂધનું માખણ થયું તે તો ચતુરને પ્રાપ્ત થયું બાકી જગતનો મોટો ભાગ તો છાશથી છેતરાઈ ગયો અને તેમાં રાજીરાજી થઈ ગયો. કવિની ઉપરોક્ત કલ્પનાઓ રહસ્યમય છે. ભગવાનના મુખરૂપી ગગનમાંથી વિચારો નીકળ્યા. એ ભાષા રૂપ ગાયનું દૂધ ગણધર ભગવંતોએ પોતાની વાણીમાં સૂત્ર સિધ્ધાંતરૂપે જમાવ્યું (એકઠું કર્યું.) તેનું શ્રવણ પૂર્વાચાર્યોએ અભ્યાસથી કર્યું. એ શ્રવણને પરિણામે માખણ પણ નીકળ્યું અને છાશ પણ નીકળી. જેઓએ એમાંથી 'હેય'ને સમજીને ત્યાગ કર્યો અને ઉપાદેયને સમજીને સ્વીકાર કર્યો તેવા ભાગ્યવાન વિરલાને નસીબે તો ખરું માખણ આવ્યું બાકી વાદવિવાદ કરનાર અહમ્‌વાદીઓ કષાયમાં પડીને છાશને પામ્યા. છાશ હોવા છતાં આવા લોકો ભ્રમથી માખણ માને છે. અને પોતાની જાતને છેતરે છે. વીતરાગદેવના ગગનમંડળ મુખની વાણીમાંથી જે ભવ્ય સત્ય નીકળ્યું અને તેનો સંગ્રહ ગણધરોએ કર્યો તેનું દોહન કરતાં માત્ર છાશ મળી,

માખણ અંદર ઊતરી ગયું, માખણ મેળવનારની સંખ્યા ઘણી ઓછી છે જ્યારે છાશ મેળવનારની સંખ્યા ઘણી મોટી છે. ॥૪॥

થડ, મૂળ વગર પાંદડું અને પાંદડા વગર તુંબડું અને જીભ વગરનાએ ગુણ ગાયા. ગાવાવાળું નથી રૂપ કે નથી નિશાની એને તો સદ્‌ગુરુએજ બતાવેલ છે. ઉપરોક્ત વિધાન અસંભવિત લાગે છે.

આ ગાથા દ્વારા પદસ્થ ધ્યાનનો વિષય સૂચિત થાય છે. પદસ્થ ધ્યાન આલંબન ધર્મધ્યાન છે. વર્ણમાતૃકામાં નાભિ ઉપર કમળદળની સ્થાપના કરી તેમાં ક થી મ સુધીના ૨૫ વ્યંજનોનું ચિંતવન થાય, તે જ રીતે મંત્રરાજનું ધ્યાન 'ર્હં'થી થાય છે તેમાં સર્વજ્ઞ જિનેશ્વરદેવનું ચિંતન થાય છે. એ અતિ વિશિષ્ટ બીજ તત્ત્વ છે. એના ભ્રમણ સ્થાન અને અંતે થતી પરમસ્થાન નિવૃત્તિ અભ્યાસવા અને અનુભવવા યોગ્ય છે. એમાંથી છેવટે અનક્ષરત્વધ્યાન સુધી પહોંચી જવાય છે. કવિ જણાવે છે કે પદસ્થ ધ્યાન કરનારને તંબૂરો કે સિતારનો ખપ પડતો નથી, તાર સાંધવાં પડતા નથી કે સ્વરનો આરોહ અવરોહ કરવો પડતો નથી. સંગીતમાં તો તે ગાનાર સામે હોય છે. આ જાપ કે નાદ શ્રવણમાં ગાનાર છે છતાં તેનું રૂપ દેખાતું નથી તેતો કોઇ અંદર ઊંડેઊંડે બેઠો છે. વગર જણાયે ગાન કરે જ જાય છે.

આવો ભાવ જે અનુભવે તે ખરો જોગી છે. તે મારા સાચા સદ્‌ગુરુ છે તેને પગલે ચાલવા હું પ્રયત્ન કરું છું અને તેમ કરી રૂપાતીત ભાવમાં લીન થવાની હોંશ ધરાવું છું. આત્મા પોતે જ ગાનાર, બેસનાર, સત્તારૂપ છે. આ ગાથામાંથી અનાહતનાદ અજપાજાપમાં લય કરી નિવેડો લાવવાનો પ્રયત્ન કર્યો છે. ધર્મધ્યાનના બીજા પાયામાં જીભની જરૂર રહેતી નથી એ વાત અહીં સિદ્ધ થાય છે. ॥૫॥

આત્મિક અનુભવ વગર એ ન જણાય. એને તો હૃદયની અંદર રહેલ જ્યોતિજ જગાવે, જાગૃત કરે, જણાવે. એ આદર્શ હૃદયની અંદરનો

ભાગ બરાબર જોઈ જાણી શકે અને એમ કરે તે આનંદઘન પદ પ્રાપ્ત કરે.

કવિએ પાંચ ગાથામાં પદનો નિવેડો કરવાની વાત વિસ્તારથી જણાવી છે. હવે છેલ્લી ગાથામાં નિવેડો કોણ લાવી શકે અને આનંદઘનરસ પ્રાપ્ત થાય તે અંગે આ ગાથામાં જણાવ્યું છે. સાધનાના માર્ગમાં અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે તે અનુભવ વગર જાણી શકાય નહિ, તેમાં બુધ્ધિનો વ્યાપાર ચાલી શકે તેમ નથી. બુધ્ધિ, જ્ઞાન મળે તેમાં ભૂલ થવાનો પણ સંભવ છે. જ્યારે આત્મા પોતેજ અનુભવ કરે છે ત્યારે સાચો નિર્ણય થાય છે. આત્માનુભવથી આદરવા અને ત્યાગ કરવાલાયક જ્ઞાન પ્રાપ્ત થાય છે. માત્ર બૌધ્ધિક જ્ઞાન શુષ્ક છે. આંતરચેતના જાગૃત થતી નથી.ખરુ સંવેદન આત્માનુભવ વગર ન થાય, એટલું જ નહિ પણ જે મૂર્તિ આવું સંવેદન કરવા ઉપરાંત અંતર જ્યોતિને જાગૃત કરે, જે ઉપર ઉપરના જ્ઞાનના અંતરના હાર્દમાં ઉતરે અને અંદરના ભાવની બરાબર પરીક્ષા કરે તે આનંદઘનના પદને પ્રાપ્ત કરે. મુખ્યત્વે તત્વસંવેદનજ્ઞાન, આત્માનુભવ, આંતરજ્યોતિ જાગૃતિ, અંદરથી સાચી પરીક્ષા દ્વારા સ્વપરનું દર્શન થાય ત્યારે આનંદઘન પદ પ્રાપ્ત થાય છે. આંતરનાદની આવશ્યક્તા અને બાહ્ય ત્યાગની મહત્તા સમજાય એટલે પદનો નિવેડો થાય. ॥૬॥

## (૮)

## ગૂઢાર્થ સ્તૂતિ

અમથે આવી ઠગે ઉપાધી, નીચી ઊંચી આડીજી,
કાલને પાકે તેહિજ થાકે, આવો દૂજે પાડીજી,
નરભવ પાકે મોટી ખામી, પાડીમાં મતિ માંગીજી,
વીરજિનેશ્વર સ્તવિત સૂરેશ્વરને, સમરો વડભાગીજી. ॥૧॥

કરી બદનામી ચોર હરામી, ક્યાંથી લીધું કરિયાણુંજી,
બીજાએ લીધું કાઠું કીધું, ત્રીજું પ્રકટ કરે જાગોજી,

ચોથું ખંખેરે બીજું ના હેરે, તો શિવ મુખડાં આગેજી,
ચોવીસ જિનવર સહિત પુરંદર, સેવ કરો મન રાગેજી. ॥૨॥

જેહને પાખે જગ અંધ ભાખે, લોકાલોક નવિ જાણેજી,
સૂરિને વંદો રાજેન્દ્ર નંદો, દરશન વેરીને ધાણેજી,
મધ્યે સાચી વાત ન કાચી, મૂઢવણે ન ઉવેખોજી,
ગૂરૂગમ સેતી તત્ત્વને કહેતી, દીપવિજય મતિ લેખીજી. ॥૩॥

આધ્યાત્મિક હરિયાળી, પા. ૪૯

ઊંચા-નીચા રસ્તામાં અમને ઠગવા માટેનો ઉપાય શોધતી એક પાડી (ભેંસની બેટી) તદ્દ્ન વ્યર્થ અમારા જીવનમાં આવી ગઈ છે. (સ્ત્રી) પરંતુ સમય આવે ત્યારે તે પણ થાકી જાય છે. પછી બીજી પાડી (સ્ત્રી) આવે છે. મનુષ્ય જન્મ પામીને માત્ર સ્ત્રીમાંજ પોતાની બુધ્ધિ નષ્ટ કરે છે. તે ખરેખર મોટી ખામી છે. આ જન્મમાં તો ઈન્દ્રોથી સ્તુતિ કરાયેલા વીર જિનેશ્વરનું જે સ્મરણ કરે છે તે જ મોટા ભાગ્યશાળી છે. ॥૧॥

આ કરિયાણું ક્યાંથી ખરીદ કરવામાં આવ્યું છે ? હરામખોર ચોરે અમને બદનામ કર્યો છે. એકને તો લઈને એને છૂપાવી દીધો છે, ત્રીજાને જાહેર કર્યો છે, ચોથાને ત્યાગ કર્યો છે તોપણ બીજો તેને શોધતો નથી જે ઈન્દ્ર દ્વારા સેવા કરાયેલા ૨૪ જિનેશ્વરને મનના શુભભાવસહિત સેવા કરે છે તે શિવસુખને મેલવશે. ॥૨॥

જેને સંસાર અંધ કહે છે પરંતુ જે લોકાલોકની સર્વવસ્તુઓ જાણે છે અને દેખે છે એવા સૂરિને રાજેન્દ્રને આનંદપૂર્વક વંદન કરે છે. મધ્યમાં વાત સાચી છે કાચી નથી. મૂર્ખ માણસ તેનો અર્થ કરી શકતો નથી કારણ કે તે દર્શનનો શત્રુ છે. (મિથ્યાત્વ દર્શન) જુઓ દીપવિજયે ગુરૂદેવની કૃપાથી તત્ત્વની વાત કહી છે. ॥૩॥

(દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ) (ક્રોધ, માન, માયા, લોભ) જીવનનો

માર્ગ ઊંચો-નીચો, આપત્તિ-સમૃધ્ધિનો છે.

**(૧) તૃષ્ણા, માયા, સ્ત્રીમાં જીવન વેડફી નાખવું નહિ.**

**(૨) ચાર કષાય ક્રોધ, માન, માયા, લોભ.**

**(૩) કેવળજ્ઞાન (મિથ્યાત્વઅંધ)**

## (૯)

કહિયે પંડિત કોણ એ નારી, વીસ વરસની અવધિ વિચારી. ॥૧॥
દોય પિતાએ એહ નિપાઇ, સંઘ ચતુર્વિધ મનમેં આઇ, ॥૨॥
કીડીએ એક હાથી જાયો, હાથી સામો સસલો ધાયો. ॥૩॥
વિણદીવે અજવાળું થાયે, કીડીના દરમાંહિ કુંજર જાયે. ॥૪॥
વરસે અગ્નિ ને પાણી દીયે, કાયર સુભટ તણા મદ જીયે. ॥૫॥
તે બેટીએ બાપ નિપાયો, તેણે તાસ જમાઇ જાયો. ॥૬॥
મેહ વરસતાં બહુ રજ ઉડે, લોહ તરે ને તરણું બુડે. ॥૭॥
તેલ ફિરે ને ધાણી પિલાએ, ઘરંટી દાણે કરીયે દલાયે. ॥૮॥
બીજ ફૂલે ને શાખા ઉગે, સરોવર આગે સમુદ્ર ન પૂગે. ॥૯॥
પંકજ રે ને સરખ જામે, ભમે માણસ તિહાં ઘણે વિસામે. ॥૧૦॥
પ્રવહણ ઉપરિ સાગર ચાલે, હરિણ તણે બલે ડુંગર હાલે. ॥૧૧॥
એહનો અર્થ વિચારી કહિયો, નહિતર ગર્વ મ કોઇ કરિયો. ॥૧૨॥
શ્રી નયવિજય વિબુધને શિષ્યે, કહી હરિયાળી મનહર જગીસે. ॥૧૩॥
એ હરિયાળી જે નર કહેશ્યે, વાચક જસ જંપે તે સુખ લ્હેસ્યે. ॥૧૪॥

આધ્યાત્મિક હરિયાળી. પા. ૩૬

યશોવિજયજી ઉપાધ્યાયની કહો પંડિત એ કુણ નારી હરિયાળીનો અર્થ નીચે મુજબ છે.

(૧) હે પંડિતો! ૨૦ વર્ષની સમયમર્યાદામાં વિચાર કરીને કહો કે આ સ્ત્રી કોણ છે ? એક તીર્થંકર અને બીજા ગણધર ભગવંતે મળીને જીવદયારૂપી સ્ત્રી ઉત્પન્ન કરી છે. એને ચતુર્વિધ સંઘને કહ્યું કે એમના મનમાં જીવદયા વસી ગઇ, આ જીવદયારૂપી પુત્રીએ ધર્મરૂપી પિતાને ઉત્પન્ન કર્યા, આ બેટીનો બાપ છે, તે ધર્મમાં જ્ઞાનરૂપી જમાઇ ઉત્પન્ન કરી જેથી બુધ્ધિ સફળ થઇ તેને જ્ઞાન સમજો ॥૧॥

હિંસારૂપી ચિઉટીને પાપરૂપી હાથીને ઉત્પન્ન કર્યો. આ પાપરૂપી હાથીનો મુકાબલો કરવા માટે ધર્મરૂપી ખરગોશ આવ્યો. ધર્મરૂપી ખરગોશે પાપરૂપી હાથીને ભગાડી મૂક્યો. પાપનો હાથી મોટો અંને ધર્મનો ખરગોશ નાનો જાણવો. જ્યારે હૃદયમાં જ્ઞાનરૂપી પ્રકાશ થાય ત્યારે દીપક વગર પણ પ્રકાશ થઇ જાય છે. અજ્ઞાન એ હાથી સમાન છે. શરીરને ચિઉટીના દર સમાન નાનું સમજવું એટલા માટે કહેવામાં આવ્યું છે કે ચિઉટાના દરમાં હાથી સમાઇ જાય છે. ॥૨॥

જ્ઞાનરૂપી તેજનો વિસ્તાર થવાથી કર્મપ્રકૃતિરૂપી ઘાણી પીલી નાખે છે. (કર્મસમૂહનો નાશ કરવો) દુર્ગતિરૂપી ચક્કી દાનરૂપી દાણાને દળી નાખે છે એટલે કે ક્ષય કરે છે. આત્મા જહાજ સમાન બળવાન છે અને કર્મ સમુદ્ર સમાન છે, જ્યારે કર્મ શક્તિશાળી બને છે ત્યારે આત્મા ઉછળે છે અને કર્મરૂપી સમુદ્ર તેને ડુબાડી દે છે. આ જીવ હરણ સમાન છે. પણ પોતાની અપૂર્વ શક્તિથી પહાડ જેવા મજબૂત કર્મને હલાવી (ડોલાવી) નાખે છે. એટલે કે તેનો ક્ષય કરે છે. ॥૩॥

જ્યારે જ્ઞાનરૂપી મેઘની વૃષ્ટિ થાય છે ત્યારે કર્મરૂપી રજકણો ઉડી જાય છે. અને આઠ કર્મનો ક્ષય થાય છે ત્યારે લોખંડની માફક ભારે છે. આત્મા તરે છે અને તૃણ સમાન કર્મો ડૂબે છે. બુદ્ધિમાન વ્યક્તિ આ પદ્યનો અર્થ વિચારીને કહે નહિતર અભિમાન કરવાનું છોડી દે. ॥૪॥

પં. શ્રી નયવિજયગણિનો શિષ્ય આ હરિયાળીમાં કહે છે કે જે

મનુષ્ય તેનો અર્થ સમજશે (જાણશે) તે સુખપ્રાપ્તિ કરશે. ॥૫॥

## (૧૦)

ધીરવિમલના શિષ્ય નયવિમલ ઊર્ફે જ્ઞાનવિમલસૂરીએ સંવત ૧૭૪૫ માં શ્રીપાળ ચરિત્રની રચના કરી હતી. આ ગ્રંથ ઈ.સ. ૧૯૧૭માં પ્રગટ થયો હતો. તેના ત્રીજા પાના પર નીચે દર્શાવ્યા પ્રમાણે સમસ્યા છે.

**स्त्रीयुग्मनरयुग्मोत्यः कृष्णोऽन्तर्वहिरुज्ज्वलः ।**
**देवानामपि यो देव, सर्व निर्वाह साधकः ॥**
**समुद्रोऽपि जलाद मीतो, गंतक्रमो बहुभ्रमीः ।**
**सर्व भाष्यपि मौनो च, साक्षरोऽपि जडात्मकः ॥१॥**

આ બે શ્લોકનો ગદ્યમાં અર્થ ન આપતાં રસિક વાચકોને આનંદ માટે હિન્દી પદ્યમાં પ્રસ્તુત કરવામાં આવે છે.

નારી કેરી જોડી પરણે, નરના યુગને રંગે રે,
તેહનો પુત્ર અદ્‌ભુત શૌર્ય, વર્ણન એનું કરું હું રે. ॥૧॥

અંતર કાળો કાજળ જાણે, બહારથી ઉજળો અંગે રે,
દેવો કેરો દેવ ગણાયે, નિર્વાહિશત સાધે રે. ॥૨॥

સમુદ્ર તો પણ જળથી બીયે, ચરણ બિનાયે ચાલે રે,
ભાળે સઘળું તો પણ મૌની, જડ છે યદ્યપિ સાક્ષર રે. ॥૩॥

શાન હીર એ સુતને જાણે, રસિકજનો આનંદે રે.

---

આધ્યાત્મિક હરિયાળી. પા. ૪૭.

આ સમસ્યાનો ઉત્તર 'લેખ' છે. એમ શ્રીપાળ ચરિત્રમાં જણાવ્યું છે.

લેખ-પત્રની ઉત્પત્તિ લેખની અને સ્યાહી એમ બે સ્ત્રીવાચક શબ્દોથી થઈ છે એટલું જ નહિ કાગળ-પત્ર એ પુરુષવાચક શબ્દ છે તેનું પણ તેમાં યોગદાન છે એટલે લેખ બે સ્ત્રી અને બે પુરુષના સંયોગથી

ઉત્પન્ન થતું સંતાન છે.

અહીં સમુદ્રનો અર્થ સાગર નથી પણ મુદ્રયા સહિત સમુદ્ર, અને સાક્ષરનો અર્થ વિદ્વાન નહિ પણ અક્ષરસહિત કરવાનો છે.

આ સમસ્યાની છેલ્લી પંક્તિમાં સમસ્યાના સંયોજકનું નામ અને સંકલનકારનું નામ રહેલું છે.

આ સમસ્યા સંકલનકાર શ્રી પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયાને આગમોધ્ધારકના શિષ્યરત્ન શતાવધાની આચાર્ય લાભસાગરજી પાસેથી પ્રાપ્ત થઈ હતી.

હરિયાળી રચનાની શૈલીના નમૂનારૂપ સમસ્યામૂલક કાવ્યકૃતિનું આ ઉદાહરણ તેના સ્વરૂપ વિશે પ્રકાશ પાડે છે.

આ હરિયાળી ૨૫૦ વર્ષ પહેલાં રચાઈ હતી.

## (૧૧)

ચેતન ચેતો ચતુર ચબોલા, ચબોલે જે નર ખીજે,
મૂરખ વાતે હઈડું રીઝે, તેહને શી શાબાસી દીજે. ચે. ાા૧ાા

પાયે ખોટે મહેલ ચણાવે, થંભ ભલો ને માલ જડાવે,
વાઘની બોડે બાર મુકાવે, વાંદરા પાસે નેવ ચલાવે. ચે. ાા૨ાા

નારી મોટી કંથ છે છોટો, નાવે ભરતાં પાણીનો લોટો,
પૂંજી વિના વેપાર છે મોટો, કહો કેમ ઘરમાં નાવે ટોટો. ચે. ાા૩ાા

બાપ થઈને બેટીને ધાવે, કુલવંતી નારી કંથ નચાવે,
વરણ અઢારનું એંઠુ ખાવે, માગણ બ્રાહ્મણ તે કહાવે. ચે. ાા૪ાા

મેરુ ઉપર એક હાથી ચઢીઓ, કીડીની ફુંકે હેઠો પડીઓ,
હાથી ઉપર વાંદરો બેઠો, કીડીના દરમાં હાથી પેઠો. ચે. ાા૫ાા

ઢાંકણીએ કુમાર જ ઘડીઓ, લંગડા ઉપર ગર્દભ ચઢીઓ,
આંધરો દર્પણમાં મુખ નીરખે, માંકડુ બેઠુ નાણું પરખે. ચે. ॥૬॥

સુકે સરોવર હંસ તે માલે, પર્વત ઊડી ગગને ચાલે,
છછુંદરીથી વાઘ તે ભડક્યા, સાયર તરતાં ઝાઝ તે અડક્યા. ચે. ॥૭॥

સુતર તાંતણે સિંહ બંધાણો, છિલર જલમાં તારુ મૂંઝાણો,
ઉંઘણ આલસુ ધન કમાયો, કીડીએ એક હાથી જાયો. ચે. ॥૮॥

પંડિત એહનો અર્થ તે કહેજ્યો, નહીં તો બહુશ્રુત ચરણે રહેજ્યો,
શ્રી શુભ વીરનું શાસન પામી, ખાધા પીધાની ન કરો ખામી. ચે. ॥૯॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૫૬

**(૧) અર્થ :** હે ચેતન! ચતુર પુરુષના બોલને, વાક્યને, શિખામણને સારી રીતે સમજવી. ચતુર પુરુષની આત્મકલ્યાણની વાતોથી જે અજ્ઞાની અણસમજથી ખીજાય છે અને મૂર્ખ પુરુષની સંસારી વાતોથી જે રીઝે છે- રાજી થાય છે તેવા મૂર્ખ શિરોમણીને કોઇ પણ બુદ્ધિશાળી માણસ શી રીતે શાબાશી આપે? ભેંસ આગળ ભાગવત. હે બ્રહ્માજી! હે છઠ્ઠીના લેખ લખનાર વિધાત્રી! મારા ભાગ્યમાં મૂર્ખને શિખામણ આપવાનું ના લખીશ, ના લખીશ, ના લખીશ. મૂર્ખ આગળ શાસ્ત્રની વાત શસ્ત્રરૂપ થાય. હે આત્મા! ચતુર હો તો મારી વાત હૃદયમાં રાખ.

**(૨) અર્થ :** આત્મા મનુષ્ય દેહ પામી, સમ્યગ્દર્શન પામ્યા વગર "ચરણ સિત્તરી"રૂપી ચિત્રશાળા-મહેલ ચણાવે તે ચારિત્ર રૂપી મહેલ શોભા ન પામે. વળી દાન, શીલ, તપ, ભાવ એ ધર્મના ચાર સ્થંભ ચોખ્ખા નથી. મલોખા સરખા છે તે ઉપર વ્રત રૂપ માળ જડાવે તે કેવું! મૂર્ખ અજ્ઞાની વાઘ જેવા પરમાધામી સામા વસે છે છતાં વિરતિના બારણા ખુલ્લા મૂકે છે, અને મન રૂપ મર્કટ પાસે પાપ ઢાંકવા નેવ ચલાવે છે તે કેમ ઢંકાય ? હે ચેતન! તું આ સમજ.

(૩) **અર્થ :** સંસારમાં તૃષ્ણારૂપી નારી મોટી છે અને આત્મારૂપી કંથ નાનો છે. આસક્તિ, વાસનાથી તે દબાઇ જાય છે. અજ્ઞાની મૂર્ખ જીવને ઉપશમરૂપી જળનો લોટો ભરતા પણ ન આવડે. 'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ' જ્ઞાનમય ક્રિયાથી જ મોક્ષ થાય. પરંતુ અજ્ઞાનીજીવ કાં તો ક્રિયા-જડ હોય છે, કાં તો શુષ્ક-જ્ઞાની હોય છે, તેથી જ્ઞાનરૂપી મૂડી વગર-કષ્ટ ક્રિયારૂપ મોટો વેપાર કરે તો ઘરમાં ખોટ જ આવેને. જ્ઞાન રહિત ક્રિયા આકાશ-કુસુમ જેમ છે. જ્ઞાન લોકાલોકમાં પ્રકાશ કરનાર છે. અજ્ઞાની ઘણી બધી ક્રિયા કરે પણ તેનું ખાસ ફળ ન મળે, કદાચ દુર્ગતિ પણ થાય. પાંચમા અંગ શ્રી ભગવતી સૂત્રમાં પ્રભુએ જ્ઞાનનો અગાધ મહિમા બતાવ્યો છે. ક્રિયા દેશ-આરાધક છે, જ્ઞાન સર્વ-આરાધક છે.

**"જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ,** (ક્ષય,નાશ)
**પૂર્વ કોડી વરસો લગે, અજ્ઞાની કરે તેહ."** (મુનિરંગવિજય)

જે કર્મ ખપાવતાં અજ્ઞાનીને અબજો વર્ષ લાગે તે કર્મ જ્ઞાની શ્વાસ માત્રમાં ખપાવી દે છે. હે ચતુર જીવ! આ વાત ધ્યાનમાં લે, નહિ તો મનુષ્ય ભવ એળે જશે.

(૪) **અર્થ :** આત્મારૂપ પિતાએ કર્મની બહુલતાએ કુમતિ નામે પુત્રી ઉત્પન્ન કરી અને જીવ તેને વળગી રહે છે-ધાવે છે. તે કુમતિ પુત્રી ઘરમાં ધાંધલ-ધમાલ કરે છે ત્યારે આત્માની અશુભ-અશુદ્ધ, ચેતનારૂપી સ્ત્રી પોતાના આત્મભર્તારને નચાવે છે. આ સ્ત્રીના સહવાસ-સહચારથી પુદ્‌ગલાભિનંદી જીવ, અનંતા સિધ્ધ પરમાત્માનો એઠવાડો જમે છે. સંસારી અવસ્થામાં સિધ્ધના અનંત જીવોએ આહાર-પાણી વગેરે પુદ્‌ગલો ભક્ષણ કરી પામેલા તે પુદ્‌ગલરૂપ એઠને ચેતનાયોગ જીવ ભોગવે છે. શુદ્ધસ્વરૂપી આત્મા સંસારમાં કર્માધિન પણ અથડાય છે એટલે નાગરરૂપ શુદ્ધાત્મા બ્રાહ્મણ-માગણ જેવો કહેવાય છે.

(૫) **અર્થ :** સંયમશ્રેણી માર્ગરૂપ મેરુ તે ઉપર ચૌદ પૂર્વધર

મુનિરૂપી હાથી ચાલ્યો જાય, પરંતુ નિદ્રારૂપી કીડીની ફૂંકે-પ્રમાદવશ સંસારમાં પડી જાય છે.

ચારિત્રરૂપી હાથી ઉપર અભવ્યજીવરૂપ વાંદરાભાઈ બેઠા 'અભવ્યજીવ' ચારિત્ર લે, જપ-તપ-ક્રિયા-આરાધના કરે. નવ ગ્રૈવેયક સ્વર્ગ સુધી જાય પરંતુ મોક્ષમાં જઈ શકે નહી. અભવ્ય જીવને કોયડા-મંત્ર સાથે સરખાવ્યો છે. તેને ગરમ પાણીમાં ગમે તેટલો ઉકાળો પણ તે ચઢે નહીં, પોચો થાય નહીં, પથ્થર જેવો જ રહે. "ભણ્યો પણ ગણ્યો નહિ" એ કહેવત જેવું ન બને માટે ભવ્યજનોને ચેતવ્યા છે. અભવ્ય જીવને સમ્યગ્દર્શન ન હોવાથી તે નવ 'પૂર્વ' જેટલું જ્ઞાન ધરાવતો હોય છતાં અજ્ઞાની કહેવાય છે. તેનું જ્ઞાન 'કુજ્ઞાન' કહેવાય છે. માટે હે ચેતન! આત્માને જાણ-ઓળખ, ને આત્માને સંસારસાગરમાંથી તાર. હે જીવ બરાબર સમજ. હાથી જેવા ચૌદ પૂર્વધરજ્ઞાની પ્રમાદ યોગ પતન પામે ને નિગોદમાં પણ જાય, હાથી નિગોદરૂપી કીડીના દરમાં ગયા તેમ કહેવાય.

(૬) **અર્થઃ** પા. ૭૮ ગા-૨

અજ્ઞાની અંધ છેઃ જ્ઞાન પ્રકાશ છેઃ અજ્ઞાન અંધકાર છે. અજ્ઞાનથી અંધ થયેલો જીવાત્મા ધ્યાનરૂપ દર્પણમાં પોતાનું મુખ જુએ છે, એટલે અજ્ઞાન સહિત લોકો સમાધિ ચઢાવે છે પણ તેમને જ્ઞાન વિના શુદ્ધ સમાધિ પ્રાપ્ત થતી નથી, અને, આત્માનું શુદ્ધ સ્વરૂપ દેખાતું નથી. જિનશાસન પામ્યો પણ સિદ્ધિ શું મેળવી ?

માંકડુંઃ ચંચળ ચપળ મન, અતિ વિષયથી અંધ એવો મનુષ્ય ચપળ ચિત્તે નવ તત્વ, છ દ્રવ્ય રૂપ નાણું પારખવા બેઠો છે એ પણ એક કૌતુક છે.

હે ચેતન ! આ વિચાર કર.

(૭) **અર્થ :** જ્ઞાન ઉપશમ - જળ રહિત સંસારમાં મૃગજળ સમાન

કુંટુંબ - ધન વગેરે સાથે સુખ-રૂપ - સરોવરમાં જીવનરૂપી હંસ મહાલે છે - લહેર કરે છે. (અથવા 'સૂકે સરોવર' એમ પાઠ લઈએ તોઃ ચારિત્રથી ભ્રષ્ટ મુનિ સંસાર - વિષય રૂપી સુકા સરોવરમાં આનંદ કરે છે. આવા ચારિત્ર રૂપી પર્વત સરખા સંયમથી ભ્રષ્ટ થયેલ મુનિ એકેન્દ્રિય પણે આકાશમાં રખડે છે.

આ ભ્રષ્ટ મુનિ અવધિ જ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન, પૂર્વ-ધર વાઘ જેવા હતા પણ માયારૂપ - છછુંદરીથી ભડક્યા - સંસારમાં પડયા.

આ મુનિ ચારિત્ર-રૂપી-જહાજથી ભવ-સમુદ્ર તરતા હતા. પરંતુ માન-કષાય રૂપ પર્વત આડો આવવાથી ભવસાગર પાર કરતા અટકી પડયા. હવે કોઈ વખતે, સદ્ભાગ્યે, ભારંડ પક્ષી રૂપી કોઈ જ્ઞાની - મહાત્મા મળશે ત્યારે પાછા મુનિ સંસાર-સાગર તરી જશે.

(૮) **અર્થ :** સિંહ જેવા આર્દ્રકુમાર, આષાઢા ભૂતિ મુનિ, અરણિક મુનિવર, વગેરે સ્ત્રી-પુત્ર વગેરેની માયા-મમતા રૂપ તાંતણે બંધાયા અને દીક્ષા છોડી ઘર-વાસ સ્વીકાર્યો. (લોખંડની બેડી તોડવી સહેલી, માયા-સુતરનું બંધન તોડવું દોહલું.)

ઉપશમ શ્રેણીએ ચઢતાં સંસાર અલ્પ કર્યો, તો પણ સરાગ સંયમે દેવગતિ પામ્યાઃ મોક્ષ ન થયોઃ આવા તારક મુનિઓ, કર્મની ગતિથી, છીછરા જળમાં ગયા, સંસારમાં લપટાયા.

જે જીવાત્મા પંચેન્દ્રિયના વિષય ભોગવવામાં ઉંઘણશી થાય, ન ભોગવે, અને નવીન કર્મ-બંધ કરવામાં આળસ કરે - નવો કર્મ બંધ ન કરે - તેવા ઉંઘણશી - મુનિ અને આળસુ - મુનિ કેવળજ્ઞાન-જ્ઞાન-રૂપ-ધન કમાય, અમૂલ્ય ધન, - તે વખતે ચરમ (છેલ્લા) ગુણ-સ્થાનકે ચઢતાં, ચરમ-શ્રેણીરૂપ કીડીએ સિદ્ધ સ્વરૂપી હાથી જણ્યો, એટલે તે જીવ સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયો અને તેણે સિદ્ધશીલા પર અનંતકાળ માટે વાસ કર્યો.

**(૯) અર્થ :** જે માણસ પંડિત હોય, વિદ્વાન હોય તે આ હરિયાળીનો અર્થ કહે ને, નહીં તો ગીતાર્થ ગુરુ પાસે રહેશો તો આ હરિયાળીનો અર્થ સમજાશે - ગુરુ તે સમજાવશે.

શ્રી વીર-પરમાત્માનું શાસન પામી, ખાધા-પીધાને ખામી ન રાખવી એટલે જ્ઞાનામૃત ભોજન અને ઉપશમ જળ ખાવા પીવામાં અહર્નિશ પુરુષાર્થ કરવો, ઉદ્યમવંત થવું, તેમાં ક્ચાશ રાખવી નહીં.

શ્રી શુભવિજય ગણિના શિષ્ય શ્રી વીરવિજયજી ગણિ મહારાજ આ પ્રમાણે સદ્દુપદેશ આપે છે.

## (૧૨)

સખીરે મેં તો કૌતુક દીઠું, સાધુ સરોવર ઝીલતા રે,
નાકે રૂપ નિહાલતા રે, લોચનથી રસ માણતા રે. સ. ।।૧।।

મુનિવર નારી સુરમેં રે, નારી હિંચો તે કંથને રે,
કંથ ઘણા એક નારી રે, સદા યૌવન નારી તે રહે રે. સ. ।।૨।।

વૈશ્યા વિલુદા કેવલી રે, આંખ વિના દેખે ઘણું રે,
રથ બેઠા મુનિવર ચલે રે, હાથ ચલે હાથી ડુબીયા રે. સ. ।।૩।।

કુતરિયે કેસરી હણ્યો રે, તરસ્યો પાણી નવિ પીયે રે,
પગ વિહુણો મારગ ચલે રે, નારી નપુંસક ભોગવે રે. સ. ।।૪।।

અંબાડી ખર ઉપરે રે, નર એક નિત્ય ઊભો રહે રે,
બેઠો નથી નવિ બેસે રે, અધર ગગન વિચરે તે રહે રે. સ. ।।૫।।

માંકડ મહાજન ઘેરીયો રે, ઉંદરે મેરુ હલાવીયો રે,
સૂરજ અજવાલું નવિ કરે રે, લઘુ બંધવ બત્રીસ ગયો રે. સ. ।।૬।।

શોકે ઘડી નહી બેનડી રે, શાશ્વતો હું સમે પેખીયો રે,
કાટ વળ્યો કંચનગિરિ રે, અંજનગિરિ ઉજલા થયા રે. સ. ।।૭।।

વયર સ્વામી સૂતા પારણે રે, શ્રાવિકા ગાવે હુલડા રે,
મોટા અર્થ તે કહેજો રે, શ્રી શુભવીરના વાલડા રે. સ. ॥૮॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૬૨

**સખીરે મેં તો કૌતુક દીઠું :**

(૧) **અર્થ :** આ હરિયાળીની શરૂઆતમાં જિન શાસનના છેલ્લા દશ-પૂર્વો શ્રી વજ્રસ્વામીના સંદર્ભમાં વાત ચાલે છેઃ (શ્રી વજ્રસ્વામીનું જીવન-ચરિત્ર જિજ્ઞાસુએ જાણવા જેવું છે.)

ફક્ત છ મહિનાના વજ્રસ્વામીને ગુરૂએ પાલન-પોષણ માટે સાધ્વીજીના ઉપાશ્રયમાં શ્રાવિકાઓને સોંપેલ છે અને શ્રાવિકાઓ બાળ વજ્રસ્વામીને પારણામાં હીંચોળતાં હીંચોળતાં હાલરડાં ગાતી ગાતી અંદર-અંદર વાતો કરે છે - હે સખી, મેં એક આશ્ચર્ય જોયું. જૈન સાધુ કદી સ્નાન કરે નહી છતાં જૈન મુનિ સમતારૂપ જળથી ભરેલા ઉપશમરૂપ સરોવરમાં સ્નાન કરે છે. તપસ્યાના પ્રભાવે સંભિન્ન શ્રોતાદિક 'લબ્ધિ'ઓ ઉપજી છે એવા મુનિ નાક વડે નેત્રનું કામ કરે, આંખ બંધ રાખીને પણ રૂપ જોઈ શકે છે. લબ્ધિના પ્રભાવથી લબ્ધિધારક એક ઈન્દ્રિય વડે પાંચે ઈન્દ્રિયનું કામ કરી શકે, એક ઇન્દ્રિયથી પાંચે ઇન્દ્રિયનું જ્ઞાન થાય. ચક્ષુ ઈન્દ્રિય-લોચનથી આંખ વડે રસ ખાટો છે કે મીઠો તે કહી શકે છે. (ચાખ્યા વીના શ્રીમદ્ રાજચન્દ્રમાં આવી શક્તિ હતી એમ મારા જાણવામાં છે.) હે સખી ! મુનિવર, શ્રેષ્ઠ મુનિ વિરતિરૂપી સ્ત્રી સાથે હંમેશા રમતા હોય છે.

(૨) **અર્થ :** સમતા-સુંદરી પોતાના આત્મરૂપ પતિને ધ્યાનરૂપ હિંડોળે બેસાડી હિંચકા નાખે છે. તૃષ્ણા, વાસનારૂપ સ્ત્રીને ઘણા કંથ (પતિ) છે, જગતના સર્વ જીવોને આ તૃષ્ણા છે. નારી પરણી છે, વળી, મોટું આશ્ચર્ય તો એ છે કે તૃષ્ણાનારીને પરણેલા ઘણી પતિદેવો, મૃત્યુ પામી, પરલોકે સિધાવ્યા છતાં તે સ્ત્રી સદા યૌવનવંતી છે, કદી વૃદ્ધ થતી નથી. છેલ્લે, મુક્તિરૂપી સ્ત્રીને વેશ્યાની ઉપમા અપાય છે કેમ કે અનંત

સિદ્ધએ તે ભોગવી છે ને ભોગવે છે, તેથી કેવળજ્ઞાની પરમાત્મા મુક્તિરૂપી વેશ્યા સાથે બુદ્ધ થયા, મોક્ષ પામ્યા. હવે તેમને ફરીથી સંસારમાં આવવાનું નથી.

(૩) **અર્થ :** કેવળજ્ઞાનીને દ્રવ્ય ઈન્દ્રિયોની જ્ઞાન માટે જરૂર નથી. તેઓ દ્રવ્ય ઈન્દ્રિયો વિના જ્ઞાનથી દરેક ઈન્દ્રિયોનું કામ કરી શકે છે. અહીં દ્રવ્ય આંખ વિના પણ કેવળી જ્ઞાનરૂપી નેત્રથી જગતમાં ઘણી વસ્તુઓ જોઈ શકે છે.

શ્રી અડ્ઢાઈજેસુ સૂત્ર, જે મુનિવંદન સૂત્ર છે તેમાં અઢીદ્વીપમાં રહેલ મુનિઓને વંદન કરવામાં આવે છે, તેમાં સાધુજી માટે 'પંચ મહવ્વય ધારા, અઠ્ઠારસ, સહસ, સીલંગધારા' પાઠ છે. મુનિરાજ શીલાંગરૂપી રથમાં બેસી મુક્તિ માર્ગ તરફ જાય છે. રથ એટલે ૧૮૦૦૦ શીલ (સદાચાર)ના અંગ: ૩ યોગ, ૩ કરણ, ૪ સંજ્ઞા, ૫ ઈન્દ્રિયો, ૧૦ પૃથ્વીકાય વગેરે, તથા દસવિધ યતિધર્મ. આ સર્વને પરસ્પર ગુણવાથી ૧૮૦૦૦ શીલાંગ થાય. મુનિ આ શીલાંગને ધારણ કરનાર કહેવાય છે.

અર્ધ પુદ્ગલ પરાવર્તનમાંહે સંસાર તે હાથ, જળસંસાર ઉપશમ શ્રેણીએ ચઢતા મુનિરૂપી હાથી સરાગસંયમથી પડી કદાચ મિથ્યાત્વ પામે તેથી હાથીરૂપી મુનિ હાથજળમાં ડૂબ્યા જાણવા. (ઉપશમશ્રેણી, ક્ષપક શ્રેણી વગેરે આગળ આવી ગઈ છે.)

છેલ્લે નિદ્રારૂપી કુતરીએ ચૌદ પૂર્વધર મુનિરૂપી સિંહને હણ્યા - એટલે પ્રમાદમાં પડવાથી ચૌદપૂર્વી મુનિને પણ સંસારભ્રમણ કરવું પડે છે.

(૪) **અર્થ :** સંસારી જીવ અનંત અનાદિ કાળથી 'જિન-વાણી' 'વીર-વાણી'રૂપી જળ વિના તરસ્યો છે, તેને સદ્ગુરુ, 'દિવ્યધ્વનિ'રૂપી અમૃત પાય છે પણ સંસારલુબ્ધ જીવાત્મા પીતો નથી.

જૈન ધર્મના બે પાયા-બે પગ-સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ. શ્રાવક પગ વગરનો ગણાય કેમકે તેનો આત્મા પરભાવના માર્ગે ચાલે છે ને બહુ દુઃખ પામે છે.

મન નપુંસક છે છતાં ચેતનારૂપી સ્ત્રીને ભોગવે છે. મન સહચારી ચેતના છતાં ઈચ્છાએ વિષયાદિકને વિલસે છે.

ફરી ફરી વાંચો, વારંવાર વાંચો, પરમ યોગી શ્રી આનંદઘનજી મહારાજ કૃત શ્રી કુન્થુનાથસ્વામીના સ્તવનમાં મનની રીતિ-નીતિ, ચાલ અદ્‌ભુત રીતે સમજાવી છે. મન વશ થાય તો મોક્ષમાર્ગ સુલભ બને, પરંતુ સંસારી જીવને ફક્ત એક જ કાર્ય 'દુષ્કર, દુષ્કર, દુષ્કર' છે. 'મન સાધ્યું એણે સઘળું સાધ્યું' - યોગી શ્રી કહે છે, પરંતુ 'મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે'.

માણસ બીજી રીતે ગમે તેટલો પ્રભાવશાળી હોય પરંતુ નપુંસક લિંગી - મન આખી નર (નારી) જાતિને પોતાના કાબુમાં રાખે છે.

ખર-ગર્દભ-ગધેડો એટલે ભવાભિનંદી, દુર્ભવ્ય, અભવ્ય કે અરોચક કૃષ્ણપાક્ષિક. અંબાડી એટલે ચારિત્ર આવા અભવ્ય જીવ રૂપી ગર્દભને ચારિત્ર આપવું, ગધેડા ઉપર અંબાડી જેવું મુર્ખાઈભર્યું ગણાય.

**(૫) અર્થ :** "લોક પુરુષ સંસ્થાને કહ્યો.
એનો ભેદ તમે કંઈ લહ્યો?"

શ્રીમદ્ રાજચન્દ્ર રચિત બાર ભાવનામાં દસમી 'લોક' ભાવના આવે છે:

"નમો લોએ સવ્વ સાહૂણં" આ 'લોક' શબ્દ જૈન દર્શનમાં સમજવા જેવો છે. લોકને વિષે એટલે અઢી દ્વીપરૂપ લોકને વિષે રહેલા સર્વ સાધુઓને મારો નમસ્કાર થાવ.

આ બ્રહ્માંડના બે ભાગ લોક અથવા લોકાકાશ અને અલોક એટલે અલોકાકાશ.

છ દ્રવ્યમાં એક ધર્માસ્તિકાય છે જે જીવને ગતિમાં સહાયક છે. ધર્માસ્તિકાય સિદ્ધશીલા સુધી છે, જેથી મુક્ત થયેલો જીવ ત્યાંથી આગળ જઈ શકતો નથી. તે પછી અફાટ વિશાળ અલોકાકાશ છે.

આ 'લોક'નું સ્વરૂપ સંસ્થાન એટલે આકાર. લોક પુરુષાકાર રહ્યો છે, એટલે કોઈ પુરુષ, બે હાથ કમરે રાખી, બે પગ પહોળા કરી ઊભો હોય એ આકારે 'લોક' છે. અનંત અલોકાકાશની વચ્ચે આ 'લોક રહ્યો છે અને તે ત્રણે કાળે-આદિ મધ્ય અને અંતમાં એ રૂપે રહેવાનો છે, અર્થાત્, અલોકાકાશમાં ફક્ત આકાશ દ્રવ્ય છે તેની વચ્ચે પુરુષાકારે 'લોક' આવેલો છે.

આ 'લોક'નું વિસ્તૃત સ્વરૂપ જિજ્ઞાસુએ જ્ઞાની પાસેથી જાણવા જેવું છે.

જૈન વિજ્ઞાનમાં એક માપ છે જેને 'રાજ' કે 'રજ્જુ' કહે છે, અસંખ્યાતા દ્વીપસમુદ્ર પ્રમાણ છે. આવું લોકનું વિરાટ સ્વરૂપ જે સર્વજ્ઞ કેવળી ભગવંતોએ જોયું ને વર્ણવ્યું છે તે સંક્ષેપથી 'પુરુષાકાર' હોવાનું શાસ્ત્રમાં કહ્યું છે, 'લોક'માં અનંત જીવો છે અને જીવથી અનંતગણા પુદ્‌ગલ પરમાણુ છે.

જૈન ભૂગોળ ને જૈન વિજ્ઞાનની હકીકત ૧૦૦ ટકા "સાચી" છે.

પદમાં જે નર નિત્ય ઊભો છે, બેઠો નથી, બેસશે પણ નહી અને ગગન વચ્ચે તે રહે છે. ભવ્ય વાચક, હવે સમજાયું ને?

ચૌદ 'રાજલોક'નો પુરુષ આકારરૂપ પુરુષ જે બે પગ પહોળા કરી, કેડે બે હાથ દઈ ઊભો છે તે શાશ્વતો છે, તેથી તેનો આકાર કાયમનો છે તેથી તે કદી પણ બેઠા નથી અને બેસશે પણ નહીં.

આ 'લોક' મધ્યમાં છે અને ઊર્ધ્વ, અધો, તિર્ચ્છા - એમ દસે દિશાઓમાં ચારે તરફ 'અલોક' છે, એટલે અનંત પ્રદેશ આકાશ વચ્ચે 'લોક' અદ્ધર રહ્યો છે.

'મહાજન' એટલે 'વ્યવહારિક' 'ભવ્ય' જીવ જે ચારે ગતિ મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકી ગતિ પામ્યા છે તેમને કંદર્પરૂપ, મોહમાયા, કામદેવ રૂપી માંકડીએ ઘેરી રાખ્યા છે. તેથી જીવાત્માને મુક્તિ માર્ગે જવા દે નહીં.

(૬) **અર્થ :** મેરૂ - પાંચ મહાવ્રત, ઉંદર - સંજ્વલન કષાયનો ઉદય (ચાર કષાયના ચાર ચાર ભાંગા = ૧૬ કષાયનું સ્વરૂપ જિજ્ઞાસુએ જ્ઞાની પાસેથી જાણવું.)

પંચમહાવ્રતી મુનિને સંજવલન કષાયના ઉદયે અતિચારરૂપ ઉંદર લાગે તો પંચમહાવ્રતરૂપ મેરૂ હાલી જાય અને તે 'ઉતર ગુણ' વિરાધે.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સંસારી જીવોને તિરોહિત ભાવે કેવળજ્ઞાન છે. (સર્વ જીવ છે સિદ્ધ સમ) પરંતુ આવિર્ભાવ થયા વિના - પ્રગટ થયા વિના - કેવળજ્ઞાન રૂપી સુરજ આત્મામાં પ્રકાશ કરે નહીં, તેથી સંસારમાં બળ, વય, રૂપની હાનિ થઈ.

બેનડી = જીભ, જીભના લઘુબંધવ એટલે ૩૨ નાના ભાઈ - દાંત - ગયાં છતાં મોટી બહેન જીભને જરા પણ શોક ન થયો - વૈરાગ્ય ન થયો. જીભના બે કામ - બોલવું ને જમવું. ચેતન-જીવાત્મા વૃદ્ધ થયો, દાંત પડી ગયા છતાં ભોજન વગેરેની લાલચ, લવલવ ને લટપટ છૂટયાં નહીં. સંસારી જીવાત્મા ઘરડો થયો છતાં ચેતતો નથી કે કાળરૂપી વરૂ મેં મેં કરતી બકરીને ગમે ત્યારે ઝપટ મારી ખાઈ જશે.

(૭) **અર્થ :** સમકિત, સમ્યક્દર્શન એ મોક્ષ માટેની પ્રથમ શરત છે તે વિના સર્વ ક્રિયા નિષ્ફળ છે. તેથી શુદ્ધ આત્મારૂપી શ્વેત હંસ હાલ કાળો દેખાય છે. અથવા કૃષ્ણ પરિણામે ચેતન જ હંસ તે કાળો દીસે છે.

અઢી દ્વીપમાં ૧૦૦૦ કંચનગિરિ (સુવર્ણપર્વત) છે તેમ નિર્મળ શુદ્ધ આત્માના અસંખ્ય પ્રદેશ છે તેને કર્મરૂપી કાટ લાગ્યો તેથી દેહધારી

સંસારી કહેવાયો. અંજનગિરિ - શ્યામ પર્વત શિખરરૂપી માથાના કાળાવાળ વૃદ્ધત્વને લીધે શ્વેત થયા. આંખ, કાન, નાક, ઉજ્જડ થયાં, શરીર કંપવા લાગ્યું. મૃત્યુ પાસે પહોંચ્યો, છતાં તૃષ્ણા મરી નહીં. સ્ત્રી, પુત્ર, ધન લીલામાં આસક્તિ ઘટી નહીં. પ્રભુ સ્મરણ કરતો નથી, દશ દષ્ટાંતે દુર્લભ મનુષ્ય ભવ હારી જાય છે.

(૮) **અર્થ :** પહેલા પદમાં વજ્રસ્વામીનો ઉલ્લેખ કરેલો છે. આ વજ્રકુમાર બાળપણે ભાવ ચારિત્રવાળા થયા. પારણામાં સૂતા છે. શ્રાવિકાઓ જ્ઞાન ભણતાં ભણતાં હાલરડાં ગાય છે કે કુમાર ! તમે મોટા થજો, ચારિત્ર લેજો, અને હરિયાળીનો અર્થ અમને સમજાવજો. શ્રી વીરપ્રભુના શાસનમાં કવિ પંડિત શ્રી શુભવિજયજી ગણિને આ અર્થ વલ્લભ વચન છે.

## (૧૩)

સેવક આગલ સાહેબ નાચે, બહે ગંગા જલ ખારે,
ગર્દભસારે ગયવર વેચ્યા, એ અચરજ મોહે મારે,
ચતુર નર બૂઝો એ હરિયાલી જેમ ઉતરાહુ દેહિ સંભાળી. ॥૧॥

માંકડને વશ જોગી નાચ્યા, માર્યો સિંહ સિપાલે,
એક ચીંટીએ પર્વત ઢાયો, અચરજ ઈણ કલિકાલે. ચ. ॥૨॥

સુરતરુ સાખાએ કાગજ બેઠો, વિષધર ગરુડ વિડા રે,
કસ્તુરી પરનાલે વાહે, લસણ ભર્યું ભંડારે. ચ. ॥૩॥

આંબો એક ફલ એક તરુ લાગા, હંસ કાગ એક માલે,
મેઢેનાહર લાતે માર્યો, નાશી ગયો પાતાલે. ચ. ॥૪॥

મચ્છારક મુખ મયગલ ગલિયા, રાજા ઘર ઘર હિંડે,
એક જ થંભે પણ ગજ બાંધ્યા, રાન હોઈ કણ ખંડે. ચ. ॥૫॥

આઠ નારી મલી એક સુત જાયો, બેટે બાપ વધાર્યો,
ચોરે વસ્યો મંદિરમાં આવી, ઘરથી સાહ કઢાયો. ચ. ॥૬॥

એક અગ્નિ સઘલો જલ સોષે, વેશ્યા ઘૂંઘટ કાઢે,
કુલવંતી કુલ લાજ ત્યજી કરી, ઘરઘર બાહિર હિંડે. ચ. ॥૭॥

એ પરમારથ જ્ઞાન સુની કરી, આતમ ધ્યાન સુધ્યાવે,
વિનયસાગર મુનિ ઈમ ઉપદેશે, ધર્મમતિ મન લાવે. ચ. ॥૮॥

*આધ્યાત્મિક હરિયાળી પા. ૨૫*

**અર્થ :** કર્મરૂપી સેવકની આગળ જીવરૂપી રાજા નાચે છે. જિનવાણી ગંગાજળ સમાન મીઠી છે. કેટલાક મતવાદી લોકો તેનો વિપરીત અર્થ કરી ખારા પાણી સમાન બનાવી દે છે. પ્રમાદરૂપી ગધેડાના બદલામાં સંયમરૂપી હાથી વેચાઈ રહ્યો છે. એટલે કે કેટલાક સંયમધારી મહાત્માઓ તેના પ્રભાવથી શુદ્ધ સયમનું પાલન કરતા નથી. તેથી મને મોટું આશ્ચર્ય થાય છે. હે ચતુર માણસો, આ હરિયાળીને સમજો અને સાવધાન થઈને તેનો જવાબ આપો. ॥ ૧ ॥

મનરૂપી માંકડાને વશ થઈને અસંયમી યોગી નાચે છે, શીલરૂપી સિંહને કામદેવરૂપી શિયાળવાં મારી રહ્યાં છે. તૃષ્ણારૂપી કીડી સંતોષરૂપી *પર્વતને તોડી પાડે છે. આવું આશ્ચર્ય કળિયુગમાં જોવા મળે છે. ॥ ૨ ॥*

જિનશાસનરૂપી કલ્પવૃક્ષ પર કુગુરુરૂપી કાગડા બેઠા છે. અજ્ઞાન-સર્વજ્ઞાનરૂપી ગરૂડને ઝેરી બનાવે છે. સમતારૂપી કસ્તુરીને અસત્ય રૂપી પરનાળમાં વહેવડાવામાં આવે છે. મમતા-દુર્ગંધરૂપી લસણથી ભરેલી છે. ॥ ૩ ॥

જીવરૂપી વૃક્ષને આમ્રફળ સમાન સુખ અને દુઃખ એમ બે પ્રકારનાં ફળ લાગ્યાં છે. જીવરૂપી માળામાં પુણ્યરૂપી હંસ અને પાપરૂપી કાગડો બેઠો છે. અજ્ઞાનરૂપી ભેડ (વરુ) એ વિવેકરૂપી સિંહને લાત મારી છે જેથી તે પાતાલ લોકમાં પેસી ગયો છે. ॥ ૪ ॥

કળિયુગના જીવો અતિઅલ્પ પુણ્યવાળા છે. માટે એમને મચ્છર જેવા સમજવા, એવા મચ્છર સમાન મિથ્યાત્વી જીવો મગરમચ્છ સમાન મહાન જિનવાણીને વિરોધી ગણે છે. (અવગણના) જીવરૂપી રાજા કર્મસમાન પ્રબળતાને કારણે ૮૪ લાખ જીવાયોનિમાં ઘેર ઘેર ભટકે છે. એક જીવના શરીરમાં પાંચ ઈન્દ્રિયોરૂપી પાંચ હાથી બંધાયેલા છે, તે મદોન્મત્ત હાથી જંજીરોના બંધનને તોડી નાખે છે પણ અવ્રતરૂપી રાજા રાણી વ્રતરૂપી ધાન્યના કણોને ખંડિત કરે છે. ાા ૫ ાા

કર્મની આઠ મૂળ પ્રકૃતિઓ એ આઠ સ્ત્રી છે. એમને મળીને સંસારરૂપી પુત્ર ઉત્પન્ન કર્યો છે. તેમજ કપટરૂપી પુત્રએ મોહરૂપી પિતાને વધાર્યો છે. (મોટો કરવો) વિષયરૂપી ચોર શરીરરૂપી મંદિરમાં આવી બેઠો છે. તેને શીલરૂપી મોટા શેઠને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો છે.ાા૬ાા માત્ર તૃષ્ણારૂપી અગ્નિએ સંતોષરૂપી સંપૂર્ણ જળને પીધું છે. માયા કપટરૂપી વેશ્યા મધુર વચનરૂપી ઘુંઘટ કાઢે છે. સર્વ વિરતિરૂપી કુળવંતી સ્ત્રીએ પોતાની લાજ છોડીને અસંયમરૂપી અનેક સ્થાનો પર ભટકે છે એટલે કે અન્ય સ્થાનો કે જ્યાં સંયમ પાલનમાં વિક્ષેપ થાય, વ્રતભંગ દોષ લાગે ત્યાં રખડે છે. ાા ૭ ાા

આ વક્તવ્યને જ્ઞાનમય પરમાર્થરૂપ વીતરાગની વાણી સમાન સાંભળીને આત્મધ્યાનમાં પ્રવૃત્ત થવું જોઈએ. મુનિ વિનયસાગર વાચકોને ઉપદેશ આપે છે કે તમારા મનમાં ધર્મબુદ્ધિ પેદા થાય જેથી જન્મ, જરા, મૃત્યુના દુઃખમાંથી છુટકારો મેળવીને મુક્તિ માર્ગ મેળવવાના ગુણને પ્રાપ્ત કરી શકો. ાા ૮ ાા

## (૧૪)

ડાળે બેઠી એક સૂડલી, તસ ચાંચ ન આવે,
ચણ લેવાના કારણે, સમુદ્રમાં જાવે.
ડાલે બેઠી એક સૂડલી. ાા ૧ ાા

આપ વરણ લીલી નહીં, તસ ચાંચ છે લીલી,
ચાંચે તે ઈંડાં મુકતી, સાયરમાં ઝીલી.
ડાલે બેઠી એક સૂડલી. ॥ ૨ ॥

એરે ઈંડાં આપ્યાં ઘણાં, તે આપ્યાં નવિ ખૂટે,
એની ભક્તિ જે કરે, તેનાં પાતિક છૂટે.
ડાલે બેઠી એક સૂડલી. ॥ ૩ ॥

હરખવિજય પંડિત કહે, એ કોણ છે સુડી,
એનો અર્થ જે કરે, તેની બુદ્ધિ છે રૂડી.
ડાલે બેઠી એક સૂડલી. ॥ ૪ ॥

આધ્યાત્મિક હરિયાળી. પા. ૨૩

સંસારરૂપી વૃક્ષ ઉપર પોપટ રૂપી આત્મા બેઠો છે. મુખ એ ચાંચ છે. જિનવાણીરૂપી ચણ ચણે છે. મુખરૂપી ચાંચમાંથી જિનવચનરૂપી ઈંડાં શ્રુતજ્ઞાનરૂપી સમુદ્રમાં રહે છે. જિન વચન નાશ પામતાં નથી. જિન વચનની જે ભક્તિ કરે છે (જિનાજ્ઞાપાલન) તેનાં પાપ નાશ પામે છે. પંચ પરમેષ્ઠિમાં ઉપાધ્યાય ભગવંતનો રંગ લીલો છે. તેનો અહીં સંદર્ભ છે. તેઓ પઠન પાઠન કરાવે છે તે રીતે જિન વચન આપે છે. એમ અર્થ રહેલો છે. ઉપાધ્યાય જિનવચન સંભળાવે છે તે મુખરૂપી ચાંચનો રંગ લીલો છે.

ધર્મરૂપીવૃક્ષ - ઉપાધ્યાયની જિનવાણી અને એમનો રંગ લીલો છે એમ વિચારવાનું છે.

## (૧૫)

સુણજો કૌતુક માળા, મેરે પ્યારે, સુણજો કૌતુક માળા,
ઘરરર.... ઘરરર.... ઘંટી ફરતી, ફેરવનાર ન કોઈ,
ઉછળી ઉછળી દાણા ટપોટપ, આપથી પડતા તોઈ.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૧॥

ઝંઝાવાત ફૂંફાતો તોયે, મગ દાણા નવિ હાલે,
ડુંગર ઊડી ગગને ચાલે, લોકો ડગમગ ભાલે.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૨॥

ચન્દ્ર થકી વરસે અંગારા, જાગે જાગણહારા,
અગ્નિ થકી જેમ જળફુઆરા, છૂટે પારાવારા.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૩॥

રૂની પાછળ લોહ ખેંચાયે, લોહચુંબક જેમ ખેંચે,
સિંહને વળી શિયાળ જ મારે, સિંહણ રડતી રહેવે.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૪॥

સાગરમાં નદીયો ના પેસે, વહેતી ગગનની વાટે,
રાત પડે પણ સૂર્ય ન જાવે, અંધકાર ગભરાવે.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૫॥

દેવ વિમાનથી દેવ પડતાં, પડ્યા પછી પછતાવે,
જે ન પડે તે બહુ સુખ પામે, પહોંચે અમર ધામે.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૬॥

રાત દિવસ મુનિ ખા ખા કરતાં, 'ઉજેહી'માં ફરતા,
નારી સંગત રંગત ધરતા, બીજો વિચાર ન કરતા.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૭॥

સર્પના માથે કહો, શું શોભે? રત્નતણી શું કહીએ?
રાજવી યુધ્ધ કરી, શું પામે? કવિનું નામ એમ લહિએ.
મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા. ॥૮॥

અકલંક ગ્રંથમાળા. પાન ૩૦, પુષ્પ ૧૭૭

"પ્યારા સજ્જનો, આ કૌતુક ઉત્પન્ન કરનાર સાત આઠ મણકાની માળાનો અર્થ સાંભળો, સમજો ને વિચારો."

૧. સંસારરૂપી ઘંટી ઘરરર ઘરરર સતત ફરતી જ રહે છે, પરંતુ એ ઘંટીનો કોઈ ચલાવનાર દષ્ટિગોચર થતો નથી, આ ઘંટીમાં સંસારી જીવો રૂપી દાણા છે. ઘંટીમાં રાગદ્વેષરૂપી બે પડ છે અને અનાદિ કાળથી આ સંસારરૂપી ઘંટીમાં જીવરૂપી દાણા, અજ્ઞાન તથા મોહાદિને વશ થઈ, પોતે જાતે ઉછળી ઉછળી ટપોટપ પડે છે અને ચાર ગતિ તથા ૮૪ લાખ જીવાયોનિ માંહે અથડાય-કુટાય છે.

૨. જિનેશ્વર પ્રભુની સભામાં ધર્મઉપદેશરૂપી વાવાઝોડું ફુંકાય છે છતાં પણ 'અભવ્ય જીવો' જે કોરડારૂપ મગદાણા જેવા છે, તેમને પ્રભુ ઉપદેશની, દિવ્ય વાણીની, કશી અસર થતી નથી. 'ભવ્ય જીવો' પણ અજ્ઞાનથી ઘેરાયેલા હોઈ ડુંગર જેવા અચળ અને અડોલ લાગે, પરંતુ તેઓને જિનવાણી-વીરવાણીની અસર થાય છે અને તેમનો ઉદ્ધાર થાય છે. તેઓ ગગને ચાલે છે. ઊર્ધ્વગતિ-સ્વર્ગ કે મોક્ષ પામે છે, અને અન્ય લોકો ટગમગ ટગમગ જોતાં જ રહી જાય છે.

૩. ઇન્દ્રિયોનું સુખ-પાંચ ઇન્દ્રિયોનું વિષય સુખ-સંસારી જીવાત્માને ચન્દ્ર સમાન શીતળ લાગે છે, પરંતુ પરિણામે તો "જાગે જાગણહારા"- વિચારક જીવ -હળુકર્મી આત્મા તો સંસાર અસાર જાણી ચેતી જાય છે અને તપ, જપ, યમ-નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે આધ્યાત્મિક અનુષ્ઠાનો દ્વારા આધિ વ્યાધિ ને ઉપાધિ ટાળી, સમાધિ સુખ મેળવે છે. હા, આ ધર્મ ક્રિયા શરૂઆતમાં અગ્નિસમાન કષ્ટદાયક લાગે, પરંતુ પરિણામે 'રસાધિરાજ પ્રશમરસ'ની પ્રાપ્તિ કરાવે છે, જેથી જળ ફુવારા જેમ જીવાત્માને પરમશાન્તિનો અનુભવ થાય છે.

૪. જ્યારે કર્મરહિત એવો પીંછા અથવા રૂ જેવો હળુઆત્મા ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે. સિધ્ધાલયમાં નિવાસ કરે છે. ત્યારે કર્મ સહિત એવો લોખંડ જેવો ભારે સંસારી એક જીવ નિગોદમાંથી ઊંચો આવે છે.

પછી તો પ્રગતિ પંથે મનુષ્ય ભવ મળે-સુધર્મ મળે તો તે જીવાત્માનો વિકાસ થાય છે. સિંહ સમા મોહમહારાજાએ અનંતશક્તિના ધણી શુદ્ધાત્માને અનાદિકાળથી શિયાળ સમો નિર્બળ બનાવી દીધો છે, પરંતુ તે આત્મા 'ચરમાવર્ત-વર્તી થતાં, તક પામી, 'ગ્રન્થી ભેદ' કરી મજબૂત સિંહ જેવા મહામોહરાજાને હણી નાખે છે, તે વખતે અહં અને મમતારૂપ સિંહણો દુઃખી થઈ રડતી હોય તેમ લાગે છે.

૫. ઉત્તમ જીવ પંક્તિરૂપ નદીઓ સંસારસાગરમાં પ્રવેશ ન કરતાં મુક્તિના ઊર્ધ્વમાર્ગે ગગન તરફ વહે છે. સમકિત, સમ્યક્ત્વ બોધિબીજને ઝળહળતા સૂર્ય સાથે સરખાવ્યું છે, અને એકવાર સમકિત પ્રાપ્ત થયા પછી જીવ દુર્ગતિમાં જાય તો પણ સમકિત જતું રહેતું નથી-સૂર્યાસ્ત થતો નથી.

સમકિત પ્રાપ્તિ પૂર્વે દુર્ગતિ (તિર્યંચ-નારકી)નું આયુષ્ય બંધ પડ્યો હોય તે જીવાત્મા રાત્રિરૂપ દુર્ગતિ પામે, પરંતુ તે આયુકર્મ પૂર્ણ થતાં જ સમકિતસૂર્ય ઝળહળી ઉઠે છે.

દા.ત. શ્રી કૃષ્ણ વાસુદેવ તથા શ્રેણિક મહારાજાએ સમકિત પ્રાપ્તિ પહેલાં નારકીનું આયુષ્ય બાંધેલું. તેથી શ્રી કૃષ્ણ હાલ ત્રીજી નારકીમાં છે અને શ્રેણિક મહારાજા પહેલી નારકીમાં છે. સમકિત હોવાથી તેઓ નારકીના દુઃખો સમભાવે વેદે છે. પણ ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતાં તરત જ ઉચ્ચગતિ પ્રાપ્ત કરશે. આવતી ચોવીશીમાં શ્રેણિક મહારાજા, મહાવીર પ્રભુ જેમ, 'પદ્મનાભ' નામે પહેલા તીર્થંકર થશે, અને શ્રી કૃષ્ણ 'અમમનાથ' નામે બારમા તીર્થંકર થશે. બારમા તીર્થંકરથી ઉત્સર્પીણી કાળ શરૂ થશે.

આવો અદ્ભુત છે સમ્યક્ત્વનો પ્રભાવ. (સમ્યગ્-દર્શન) દરેક આત્માર્થીએ આ સમકિત પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો જોઈએ, ચિન્તન-

મનન કરવું, અને તે પછી જ ધર્મક્રિયાઓ સફળ થાય. ભાવ-શૂન્ય ક્રિયાનું ખાસ ફળ થતું નથી.

જૈન દર્શનમાં કેટલા બધા સૂત્રોમાં સમકિતરત્ન વિષે જ્ઞાન આપવામાં આવ્યું છે. (૧) લોગસ્સ સૂત્ર-આરૂગ્ગ બોહિલાભં (૨) ઉવસગ્ગહરં-તા દેવ ! દિજ્જબોહિં (૩) જય વીયરાય-સમાહિ મરણં ચ બોહિલાભો અ. (૪) અરિહંત ચેઈયાણં - બોહિલાભ વત્તિઆએ (૫) વંદિતુ-સૂત્ર - દિન્તુ સમાહિં ચ બોહિં ચ, વગેરે.

(૬) સંસારી જીવને મોક્ષરૂપી નિસરણી ચઢવા આત્મવિકાસરૂપ ચૌદ ગુણસ્થાનકરૂપ સોપાન (પગથિયાં) છે, તેમાં એક સાતમા ગુણસ્થાનક 'ઉપશમ શ્રેણી'ને દેવ-વિમાન સાથે સરખાવ્યું છે. આ શ્રેણીમાં ચઢતો આત્મા ચોક્કસ છેક નીચા સ્થાનકે પડી જાય છે. પરંતુ ''ક્ષપકશ્રેણી'' નામના તે જ સાતમા ગુણ સ્થાનકે ગયેલા જીવો આગળ પ્રગતિ કરે છે, નીચે પડતા નથી. તેઓ બહુ સુખ પામે છે કેમકે તેઓ અમરધામે પહોંચે છે. કૈવલ્ય જ્યોતિ ઉર્ફે મોક્ષ પામી અનંત અવ્યાબાધ પરમસુખ પામે છે.

(૭) મુનિવરો રાતદિવસ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સદા તલ્લીન રહે છે. (સ્વાધ્યાય બાર પ્રકારના તપમાં સર્વોત્તમ તપ છે.) ''સ્વાધ્યાય તપના પાંચ પ્રકાર છે. (૧) પરિવર્તના (રીવીઝન-Revision-વાંચેલું ફરી ફરી વાંચવું) (૨) વાચના (વંચાવવું) (૩) પૃચ્છના (પ્રશ્નો પૂછવા), (૪) અનુપ્રેક્ષણા (વિચારણા-ચિન્તન-મનન કરવું) તથા (૫) સ્તુતિ-મંગળપૂર્વક ધર્મ કથા) અને તેથી જ્ઞાનરૂપી અમૃતનું સતત ભોજન કરતા રહે છે, તેઓ હંમેશા આત્મજ્ઞાનની 'ઉજેહી' એટલે પ્રકાશમાં જ રહે છે. આ જ્ઞાનીમુનિઓ સર્વ સંયોગોમાં સમતા-સુંદરી સાથે ગેલ-ખેલ કરે છે. આવા પ્રશમરસ નિમગ્ન મુનિઓ સમતારસની સોબતમાં રંગાયેલા હોય તેઓ સમતારૂપી સ્ત્રી સિવાય બીજો વિચાર શું કામ કરે?

અને છેલ્લું પદ

(૮) પ્રશ્ન :- સર્પના-નાગના મસ્તકે શું શોભે છે?

જવાબ :- મણિ.

પ્રશ્ન :- રત્નના ચળકાટ-ઝબકારને શું કહે છે?

જવાબ :- પ્રભા-પ્રભ.

પ્રશ્ન :- રાજા યુદ્ધ કરીને શું મેળવે છે?

જવાબ :- વિજય

આ રીતે ત્રણ જવાબ એકત્ર કરવાથી આ હરિયાળીના કવિ મુનિશ્રીનું નામ "મણિ-પ્રભ-વિજય" એમ સ્પષ્ટ થાય છે.

કવિશ્રીએ આ હરિયાળીના અંતમાં ગુપ્ત રીતે પોતાનું નામ ગોઠવ્યું છે.

## (૧૬)

(અબોલડા શાના લીધા રે, રાજ જીવ જીવન પ્રભુ.- એ રાગ)

હંસલો કોઈ ભૂલો પડેલો, ભટકે આમ ને તેમ,
વન-ઉપવનમાં ફેંદે કાદવ, સુખ સાચું મળે જેમ.
રે આત્મા! બન જરા સાવધાન,
આતો સાંભળવા જેવી છે વાત. (૧)

ભમતાં ભમતાં તેણે ગુમાવ્યો, જયારે કાળ અપાર,
રાજહંસ એક મળ્યો નિકલ્યો, કરવા સ્વૈર-વિહાર.
રે આત્મા. (૨)

રાજહંસ સમજાવીને, સાચો માર્ગ બતાવ્યો,
માન સરોવર આમ છે ભાઈ, આ તરફ ક્યાં આવ્યો?
રે આત્મા. (૩)

માન સરોવર જાવા બન્ને, સાથે ઉડયાં ગગનમાં,
વાયરાથી વાતો કરતાં, ચાલ્યા જાય મગનમાં.
રે આત્મા. (૪)

ચાલંતાં હવે એક ભયંકર, આવ્યો ઝંઝાવાત,
જઈ ન શકાય ડગલું આગળ, શી કરવી બીજી વાત.
રે આત્મા. (૫)

રાજહંસ કહે સાંભળ ભાઈ, પડતો ના અથડાઈ,
જવું છે દૂર આવ્યું પૂર, ચકચૂર મ થાઈ.
રે આત્મા. (૬)

અંગે અંગજ હંસનું કંપે, જંપે તે હવે એમ,
અણદીઠી આ આફત ભારે, મારે સહેવી કેમ ?
રે આત્મા. (૭)

રાજહંસ તો અચળ રહ્યો ને, ઉડી ગયો નિજસ્થાન,
હંસલો તો જઈ ન શક્યો ને, પડયો નીચે ધડામ.
રે આત્મા. (૮)

નીચે જાળ હતી મૂકેલી, દર્શન પણ વિકરાળ,
હંસ ભરાઈ બેઠો તેમાં, જાણે આવ્યો કાળ.
રે આત્મા. (૯)

ઉપનય સાંભળજો હવે, એનો ભવ્ય જીવ તે હંસ,
મોક્ષ માનસરોવર કહીએ, સદ્‌ગુરુ તે રાજહંસ.
રે આત્મા. (૧૦)

સદ્‌ગુરુ સંયમ દઈને, લઈ જાય પોતાની સાથે,
પરીષહોને સહી ન શકતો, ફરી ફરી પડે સંસારે.
રે આત્મા. (૧૧)

માટે સાચું સંયમ પાળો, કાયરતાને છોડી,
મહેન્દ્ર સૂરીશ્વર શિષ્ય મણિપ્રભ, વિજયે સજ્ઝાય જોડી.
રે આત્મા. (૧૨)

---

સ્તુતિ-તરંગિણી પા. ૧૩૨

જવાબ :- હંસ-ભવ્યજીવ, માનસરોવર એટલે - મુક્તિધામ, મોક્ષ.

## (૧૭)

સહજાનંદિ શીતલ સુખ ભોગી તો, હરિદુઃખ હરિ શતાવરી,
કેશર ચંદન ઘોલી પૂજે, કુસુમે અમૃત વેલીના,
વૈરાગી બેટી તો કંતહાર તેહજો અરિ.
કેસર. ॥ ૧ ॥

તેહના સ્વામીની કાન્તાનું નામ તો, એકવર્ણે લક્ષય જારી,
તે ધુર થાયીને આગલ હવિયેતો, ઉષ્માલ ચંદ્રક બંધરી.
કેસર. ॥ ૨ ॥

સ્પર્શનો વર્ણ તે નયન પ્રમાણે તો, માત્રા સુંદર સિર ધરી,
વિસરાજ સૂત્ર દાહડ જાયે તો, તિગ વર્ણાદિ દૂરે કરી.
કેસર. ॥ ૩ ॥

એક વીશમેં સ્પર્શે ધરી કરણતો, અર્થા મિઘ તે સમહરી,
અંતસ્થે જીમે સ્વર ટાલી તો, શિવગામી ગતિ સાયરી.
કેસર. ॥ ૪ ॥

વીસ સ્પર્શ વલી સંયમ માને તો, આદિ કરણ ધરી દિલધરી,
ઈણે નાથ જિનવર નિત્ય ધ્યાઉ તો, જિનહરજિકું ધરી હરી.
કેસર. ॥ ૫ ॥

ત્ર્યંબકે હત્થો વૃષજન બોલે તો, વાત એ દિલમાં ન ઉતરે,
અજ ઈશ્વર પણ સીતાની આગે તો, જસ વિવસ જડતાધરીક.
કેસર. ॥ ૬ ॥

તે જિન તસ્કર તુ જિનરાજા તો, હરિ પ્રણમેં તુજ પાઉં પરી,
બાલપણે ઉપગારે હરિપતિ, સેવન છલ લંછન હરિ.
કેસર. ॥ ૭ ॥

સારંગમાં ચંપા જયું ગરફત, ધ્યાન અનુપમ ન લહરી,
શ્રી શુભવીર વિજય શિવવધૂને તો, ઘર તોડતાં હોય ધરી.
કેસર. ॥ ૮ ॥

---

આધ્યાતિમક હરિયાળી. પા. ૧૧

સહજાનંદી... શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અર્થઃ

આ સ્તવન અંતર્લાપિકા સાથે શબ્દ લાલિત્યવાળુ તેમજ શબ્દાલંકાર સાર્થ અર્થાલંકાર યુક્ત છે. કવિએ આ સ્તવનની રચના ભક્તિરસની લાગણીપૂર્વક બહુ ઊંડી કલ્પનાઓ કરીને કરેલી હોવાથી ગૂઢાર્થવાળા આ સ્તવનનો ભાવાર્થ બુદ્ધિશાળી મનુષ્યોના પણ સમજવામાં એકદમ આવે તેમ નહીં હોવાથી તેનો સંક્ષિપ્ત અર્થ દરેક કડી પ્રમાણે અહીં આપવામાં આવ્યો છે. તે અર્થમાંથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આવા શબ્દો નીકળે છે.

(૧) સહજાનંદી અને શીતલ સુખના ભોગી એવા શ્રી પાર્શ્વનાથ કુમારે હરિ-સર્પના દુઃખને હરણ કરીને પ્રભુતા પ્રાપ્ત કરી અમૃતવેલ વેલડીનો વૈરી-શત્રુ, હિમ (હિમાલય) તેની પુત્રી પાર્વતીનો કંથપતિ મહાદેવ તેનો હાર-સર્પ તેનો અરિ-શત્રુ ગરુડ.

(૨) તેનો સ્વામી કૃષ્ણ તેની કાંતા-સ્ત્રી લક્ષ્મી તેનું એક અક્ષરવાળુંનામ 'શ્રી' તેને સૌથી પ્રથમ સ્થાપીને પછી આગળ ઉષ્માણ-

ઉષ્માક્ષર 'રાષસહ' તેમાંનો ચંદ્ર પહેલો અક્ષર 'શ' તેના કેશ (શિર) પર ખંડ-આકાશ પોલ-મીડું ચડાવીને 'શ' મુકવો તેની પછી (૩) ફૂરસ સ્પર્શ વ્યંજન ક થી મ સુધીના પચ્ચીશ અક્ષરો, તેમાંથી નયન-બે બીજા નંબરનો 'ખ' તેના માથે માત્રા ચડાવી 'ખે' મૂકવો પછી વિકઈશ વીશ. વિ. પક્ષી તેનો ઈશ-સ્વામી ગરુડ તેનો રાજા કૃષ્ણ તેનો પુત્ર પ્રધુમન કામદેવ તેનો દાહક-નાળનાર શંકર તેનું તિગવર્ણ-ત્રણ અક્ષરનું નામ ઈશ્વર તેમાંથી આદિ પહેલો અક્ષર 'ઈ' દૂર કરીને બાકીના 'શ્વર' એ બે અક્ષરો મૂકો ત્યાર પછી (૪) એક વીશ મેં ફરશે - સ્પર્શ વ્યંજન 'પ'ની પાસે કરણ કાનો કરીને 'પા' મૂકવો પછી અર્થધન તેનું અભિધ બીજું નામ સ્વ તેની સમતુલ્ય અક્ષર 'શ્વ' લઈને પછી અંતસ્થ પર લ, વ, તેના બીજા અક્ષર 'ર' માંથી સ્વર દૂર કરીએ એટલે 'ર' તેની શિવગામી - મોક્ષગામિનીગતિ અર્થાત્ ઊર્ધ્વગતિ કરાવવી એટલે શ્વને માતે રેફ ચડાવીને 'ર્શ્વ' મૂકવો તેની પછી વીશ મો ફરસ-સ્ર્પશ 'ન' સંયમ સતર પ્રકારનું હોવાથી સતરમો 'થ' એ બેમાંથી આદિ પ્રથમના અક્ષર 'ન'ની પાસે કરણકાનો કરીને 'નાથ' એવા અક્ષરો દિલમાં ધારણ કરીને મૂકવા. જિન શબ્દનું (અર્થનું નહીં) હર-હરણ કરનાર જિન-શંકર વગેરે દેવોનો ત્યાગ કરીને ઉપર્યુક્ત 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નામ વાળા સાચા જિનવર મોહને જીતનારાઓમાં શ્રેષ્ઠ તેનું હંમેશા સ્મરણ કરું (૬) લોકો કહે છે કે ત્રંબકે માહાદેવ વૃષ-કામને બાળી નાંખ્યો છે પણ એ વાત ગળે ઊતરતી નથી. કેમ કે અજ નહીં ઉત્પન્ન થયેલ એવા ઈશ્વર-શંકરે પણ સીતા - પાર્વતીને આગળ કામને વશ થઈને નટતા ધારણ કરી હતી - નૃત્ય કર્યું હતું (૭) માટે તે મહાદેવ વગેરે તો 'જિન' શબ્દના ચોર છેઅને તમે તો જિન - મોહને જીતનાઓમાં રાજા છો. તેથી હરિ-ઈંદ્રો તમારા ચરણોમાં પડીને નમસ્કાર કરે છે. બાલપણામાં તમે ઉપકાર કર્યો હતો માટે હરિપતિ - નાગરાજ (ધરેણેન્દ્ર) તમારા ચરણમાં સર્પના લંછન ચિન્હના બહાનાથી તમારી

હંમેશા સેવા કરે છે. (૮) આ પ્રભુના પદપંકજ ચરણરૂપી કમળમાં અલિ-ભ્રમર થઈને રહીએ તો ભવો ભવમાં કદી પણ દુઃખી ન થઈએ આ મહારાજા જો મન રૂપી મંદિરમાં પધારે તો જેમ હરિ-સૂર્યનો ઉદય થવાથી વિભાવરી રાત્રિ રહેતી નથી તેમ તે મનરૂપી અંધકાર રહેતો નથી. (૯) સારંગ મેઘ અથવા સંપા-વીજળી ઝળકી ઊઠે છે. તેમ જો અનુભવ ધ્યાનની લહેરો ઉછળેતો પં.શ્રી શુભવિજય (૧) મહારાજના શિષ્ય પં. શ્રી વીરવિજયજી મહારાજ કહે છે કે - શિવવહુ - મુક્તિરૂપી વધૂને પોતાને ઘેર લાવતાં પ્રાપ્ત કરતાં ફક્ત બેજ ઘડીવાર લાગે અર્થાત્ જલ્દી મોક્ષ મળે.

## (૧૮)

ચંપકવની ચુતર પણાઈ ઈક દીઠી રૂપિ રસાલી,
દેસવિદેશ પ્રસિદ્ધી બાલી મૂઢ મૂરખિ સા ટાલીજી,
બાલ કુંઆરી નારી સોહઈ કાજલ સારી,
તિસરી સિરિ વરિ દોરિ અનોપમ દીસઈ સાસિણગારીજી.
બાલ કુંઆરી. ॥૧॥

ત્રિણી ચરણ દૂણી તસ નાસા પણિ ભીંતરિ અતિ મઈલી,
તોઈ વિચક્ષણ સેવઈ વડિલી રાજવરગિ વલી પહિલીજી.
બાલ કુંઆરી. ॥૨॥

અચરિજ એક અનોપમ મોટઉ કહતાં મનિ ન સમાઈ,
સ્ત્રી સ્ત્રીસ્યું ભોગ કરતા જોઓ જામારઉ જાઈજી બાલ.
બાલ કુંઆરી. ॥૩॥

સઘલી વરણ જાતિ ઉતપતિનું થાનક તેહજ લહીઈ,
તેહનું ભોલઉ કિણંઈ ન સહીઈ વલી કુંડલણી કહીઈજી.
બાલ કુંઆરી. ॥૧॥

વાચક ધરમસમુદ્ર પયંપઈ કુરત એહ હીયાલી,
દાહિણ પાસિ રજાઈ રલીયાલી ભલી યંગી લૂટકાલીજી.
બાલ કુંઆરી. ॥૧॥

(ધર્મસમુદ્ર કૃત) જૈનયુગ કારતક, માગશર . ૧૯૮૩ પૃ. ૧૧૭

જવાબ :- ઈંગલા, પિંગલા અને સુપુમ્ણા ત્રણ નાડી અને યોગ સાધનાનો ઉલ્લેખ થયો છે.

કુંડળીની શક્તિનો પ્રભાવ - જમણી નાડી સારી ગણાય છે.

નાસિકાના બે ભાગ છે. ડાબો અને જમણો.

જમણી નાસિકાનો શ્વાસ ચાલતો હોય તો ઈંગલા નાડી, તેનો સ્વામી સૂર્ય, ડાબી નાસિકાનો સ્વર ચાલતો હોય તો પિંગળા નાડી, તેનો સ્વામી ચંદ્ર છે. જ્યારે બંન્ને નાસિકામાંથી સ્વર નીકળતો હોય તો તે પિંગળા નાડી કહેવાય છે.

ત્રણ ચરણ એટલે ત્રણ નાડી

બે નાસિકા - નાસિકાના બે છિદ્ર.

નાસિકાનો અંદરનો ભાગ ગંદો છે. ભક્તિ - સાધના અને આરાધનામાં સુષુમણા નાડી શ્રેષ્ઠ છે.

ધર્મસમુદ્રકૃત (સં. ૧૬મું શતક)

## (૧૯)

## ગહુંલી - હરિયાળી

સખી રે મ્હેતો કૌતુક દીઠું કીડીએ કુંજર મારીયો રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું સિંહ હરણથી હારીઓ રે. સ. ૧

સખી રે મ્હેતો કૌતુક દીઠું અંધા અંધને દોરતા રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું રાજા પ્રજા ધન ચોરતા રે. સ. ૨

સખી રે મ્હેતો કૌતુક દીઠું રવિ અજવાળું નવી કરે રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું ચંદ્ર થકી ગરમી ઝરે રે. સ. ૩

સખી રે મ્હેતો કૌતુક દીઠું દાણા ઘંટીને પીલતા રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું હંસો કાદવમાં ઝીલતા રે. સ. ૪

સખી રે મ્હેતો કૌતુક દીઠું હંસ યૂથ કાગ મ્હાલતો રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું ખર હસ્તિ પેરે ચાલતો રે. સ. ૫

સખી રે મ્હેતો કૌતુક દીઠું હંસ મોતી ચારો નવિ ચરે રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું નાથ રમે મારો પરઘરે રે. સ. ૬

સખી રે મ્હેતો કૌતુક દીઠું સિંહને પિંજર પુરીયો રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું કાંકરે મુગદળ ચુરીયો રે. સ. ૭

સખી રે મ્હેતો કૌતુક દીઠું ભૂપતિ ભિક્ષા માગતો રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું અગ્નિ અર્ણવમાં લાગતો રે. સ. ૮

સખી રે મ્હેતો કૌતુક દીઠું સાધુ વેશ્યાથી વિવાહ કરે રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું એવા સાધુ ભવજળ તરે રે. સ. ૯

સખી રે મ્હેતો કૌતુક દીઠું પરઘર મુનિ નહી વોહરતા રે,
સખી રે મ્હેતો કૌતુક દીઠું પર ધન ચોર ન ચોરતા રે. સ. ૧૦

અનુભવ જ્ઞાન ને દીલમાં ધારી મુનિવર શિવસુખ પાવશે રે,
બુદ્ધિસાગર શાશ્વત સુખ લહી મુક્તિ વધૂ થાવશે રે. સ. ૧૧

ગહુંલી સંગ્રહ પા. ૭

આ હરિયાળી કવિએ પાંચમા આરાના છેલ્લાં વર્ષોમાં કેવી પરિસ્થિતિ હશે તેનું નિરૂપણ કર્યું છે.

સખીરે મેં તો કૌતુક દીઠું એવા સાધુ ભવ જળ તરે રે... થી છેલ્લી પંક્તિ દ્વારા મુનિ ભગવંત પાંચમહાવ્રતનું નિરતિચારપણે પાલન કરશે તો ભવજળથી તરી જશે એટલે કે મોક્ષ સુખ પામશે એમ જણાવ્યું છે.

## (૨૦)

સુણો સુણો ચન્દ્રગુપ્ત રાજા -

સુપણ તે દેખી પેલડે, ભાંગી કલ્પવૃક્ષની ડાલ રે,
રાજા સંયમ લેશે નહિ, દુષમ પંચમ કાલ રે. ...૧

અકાલે સૂરજ આથમ્યો તેનો શો વિસ્તાર રે,
જન્મ્યો તે પંચમ કાલનો તેને કેવલજ્ઞાન ન હોશે રે. ... ૨

ત્રીજે ચંદ્રમા ચાલણી તેનો શો વિસ્તાર રે,
સમાચારી જુદી જુદી રહેશે બારે વાટે ધર્મ હોશે રે. ... ૩

ભુતભુતડી દીઠા નાચતાં તેનો શો વિસ્તાર રે,
કુદેવ કુગુરુ કુધર્મની માન્યતા હોશે ઘણી રે. ... ૪

પાંચમે નાગ દીઠો બારકણો તેનો શો વિસ્તાર રે,
વરસ થોડાને અંતરે હોશે તે બાર દુકાલ રે. ... ૫

દેવ વિમાન છઠ્ઠે વર્યા તેનો શો વિસ્તાર રે,
વિદ્યા તે જાંઘાચારિણી લબ્ધિ તે વિચ્છેદ હોશે રે. ... ૬

ઉગ્યું તે ઉકરડા મધ્યે સાતમે કમલ વિમાસ રે,
એક નહિ સર્વ વાણીયા જુદા જુદા મત હોશે રે. ... ૭

સ્થાપના સ્થાપશે આપ આપની પછી વિરાધક ઘણું હોશે રે,
સુપન દેખી આઠમે આગીયાનો ચમત્કાર રે,
ઉદ્યોત હોશે જૈન ધર્મનો વચ્ચે મિથ્યાત્વ ઘોર અંધાર રે. ... ૮

સુકા સરોવર દીઠા ત્રણ દિશે દક્ષિણ દિશે ડોલા પાણી રે,
ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે. ... ૯

સોનાની થાલી મધ્યે કૂતરો ખાય છે ખીર રે,
ઉંચતણી રે લક્ષ્મી નીચ તણે ઘરે હોશે રે. ...૧૦

હાથી ઉપર બેઠો વાંદરો તેનો શો વિસ્તાર રે,
મ્લેચ્છ રાજા ઊંચો હોશે અસલી હિન્દુ તે હેઠા હોશે રે. ... ૧૧

સમુદ્ર મર્યાદા મૂકી બારમે તેનો શો વિસ્તાર રે,
શિષ્ય.ચેલા ને પુત્ર પુત્રીઓ નહિં રાખે મર્યાદા લગાર રે. ... ૧૨

રાજકુમાર ચડ્યો પોઠીએ તેનો શો વિસ્તાર રે,
ઉંચો તે જૈન ધર્મ છાંડીને રાજા નીચો તે ધર્મ આદરશે રે. ... ૧૩

રત્નશિખા દીઠા ચૌદમે તેનો શો વિસ્તાર રે,
ભરત ક્ષેત્રના સાધુ સાધ્વી હેત મેલાવા થોડા હોશે રે. ... ૧૪

માવતે જુત્યા વાછરું તેનો શો વિસ્તાર રે,
બાલક ધર્મ કરશે સદા બુઢ્ઢા પ્રમાદમાં પડયા રહેશે રે. ... ૧૫

હાથી લડે માવત વિના તેનો શો વિસ્તાર રે,
વરસે થોડા ને અંતરે માંગ્યા નહિ વરસે મેઘ રે. ... ૧૭

વ્યવહાર સૂત્રની ચૂલિકા મધ્યે ભદ્રબાહુસૂરિ એમ ભાખે રે,
સોલમા સ્વપ્નનો અર્થ એ, સાંભળો રાય સુધીર રે. ... ૧૭

---

સંદર્ભ : વ્યવહાર સૂત્ર ચૂલિકા-ભદ્રબાહુસ્વામીની વાણી.

## (૨૧)

## સ્તુતિ - ૧

નારીજી મોટા ને કંથજી છોટા વલતા લાવે પાણીના લોટા,
પૂંજી વિના વેપાર જ મોટો, કરતાં આવે ઘરમાં તોટા. ||૧||

મેરૂપર્વત હાથી ચઢીયો કીડીની ફુંકે હેઠે પડીયો,
કીડીના દરમાં હાથી પેઠો, રત્ન કહે મેં અચરિજ દીઠો. ॥૨॥

સૂકા સરોવર હંસજ માલે પર્વત ઊઠીને ગગને ચાલે,
શિવ સુંદરી કહે વેલ ધડુકે, સાયર તરતાં ઝાઝતે અટકે. ॥૩॥

પંડિત એહના અર્થજ કહેજો, નહીંતો બહુશ્રુત ચરણે રહેજો,
શ્રી શુભવીરનું શાસન પામી ખાધાપીધાની ન કરો ખામી. ॥૪॥

પંડિત વીરવિજયજી સ્વાધ્યાય ગ્રંથ - પા. ૧૯૮

કવિ પંડિત વીરવિજયજીની હરિયાળીનું વિવેચન જયંત કોઠારીએ પંડિત વીરવિજયજી સ્વાધ્યાય ગ્રંથમાં પ્રગટ કર્યું છે. તેમાંથી હરિયાળી વિશે કેટલાક વિચારો પ્રાપ્ત થાય છે.

વજ્રસ્વામીની ગહુંલી-હરિયાળી - ફુલડાં એવા શીર્ષકથી કવિની કૃતિ પ્રસિદ્ધ છે. 'સખી રે મેં તો કૌતુક દીઠું રે સાધુ સરોવર ઝીલતા રે' એ પંકિત દ્વારા ગુરુ મહિમા દર્શાવતી ગહુંલી હોય એમ લાગે છે. તેમાં ગહુંલી, હાલરડું અને પ્રહેલિકા ત્રણેનો સમન્વય થયો છે. કવિની અવળવાણી એક નવીજ કાવ્યસૃષ્ટિમાં સહેલગાહ કરાવે છે. વજ્રસ્વામીની બાલ્યાવસ્થા, સાધ્વીજીના ઉપાશ્રયમાં શ્રાવિકાઓની દેખરેખ હેઠળ લાલન પાલન, આઠ વર્ષની વયે દીક્ષા અને સાધ્વીમુખેથી શ્રવણ દ્વારા ૧૧ અંગ સુધીનો અભ્યાસ જેવી આશ્ચર્યકારક માહિતી પ્રાપ્ત થાય છે. વજ્રસ્વામીના જીવનને અનુલક્ષીને ઉખાણાં - અવળવાણીમાં ગર્ભિત રૂપકો હોય છે તેને ખોલવા માટે કોઈને કોઈ ચાવીની જરૂર હોય છે. વ્યવહાર જીવનના અનુભવો અને આધ્યાત્મિક સંદર્ભોથી અવળવાણીનું રહસ્ય સમજી શકાય છે.

# હરિયાળી થોયનો પરિચય

૧. સંસારમાં તૃષ્ણારૂપી નારી મોટી છે અને આત્મારૂપી પતિ નાનો છે. અજ્ઞાની જીવોને ઉપશમરૂપી જળનાં લોટા ભરતાં આવડતા નથી. જ્ઞાનરૂપી ધન વિના ક્રિયાનો ધંધો ખૂબ કરવા છતાં ખોટ આવે છે. પરિણામે જીવાત્મા દુર્ગતિમાં જાય છે.

૨. સંયમરૂપી શ્રેણીના માર્ગરૂપ મેરુપર્વત ઉપર ચૌદ પૂર્વધર મુનિરૂપ હાથી ચઢયો છે. પણ નિંદારૂપી કીડીની ફૂંકે તે નીચે પડયો છે. એટલે કે પ્રમાદને કારણે પતન થાય છે. ચારિત્રરૂપી હાથી પર અભવ્ય જીવરૂપ વાંદરો બેઠો છે. અભવ્યજીવ ચારિત્ર સ્વીકારીને કષ્ટ ક્રિયા કરે છે અને નવ ગ્રૈવેયક સુધી જાય છે. હાથી સરખા ચૌદ પૂર્વધર પણ પ્રમાદને કારણે નિગોદરૂપી કીડીના દરમાં પ્રવેશ કરે છે.

૩. ઉપશમરૂપી જળરહિત સંસારમાં મૃગતૃષ્ણા સમાન ધન, સ્ત્રી સુખરૂપ સરોવરમાં જીવરૂપી હંસલો મહાલે છે. પડીવાયમુનિ ચારિત્રરૂપી સરોવરથી ભ્રષ્ટ થયા. તે વિષય વાસનારૂપી સૂકા સરોવરમાં રતિક્રિડા કરે છે. ચારિત્રથી ભ્રષ્ટ થયેલા પર્વત સરખા સંયમથી ભ્રષ્ટ થઈને એકેન્દ્રિયપણે આકાશમાં રઝળે છે. કોઈક કાળે ભારંડ પક્ષીરૂપ જ્ઞાની મળશે ત્યારે તરશે.

૪ પંડિત કહેતાં પંડિતપણું હોય તો એહનો અર્થ કહેજો નહિતર ગીતાર્થ ગુરુના ચરણે રહેજો તો તમો તેનો અર્થ પામી શકશો. શ્રી વીર પરમાત્માનું શાસન પામી ખાધા-પીધાની ખામી ના રાખીએ એટલે જ્ઞાન અમૃત ભોજન અને ઉપશમમાં પીવાની કમી નથી. માટે તે ભોજન તથા પાણી વાપરવા અહર્નિશ ઉદ્યમવંત થવું તેમાં ખામી રાખવી નહિ.

# (૨૨)

## અધ્યાત્મ સ્તુતિ - ૨

ઉઠી સવારે સામાયિક લીધું, પણ બારણું નવિ દીધુંજી,
કાળો કૂતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધુંજી,
ઉઠોને વહુઅર આળસ મૂકો, એ ઘર આપ સંભાળોજી,
નિજપતિને કહી વીરજિન પૂજી, સમક્તિને અજવાળોજી. ॥૧॥

બલી બિલાડો ઝડપ ઝડપી, ઉતરવડ સરવે ફોડીજી,
ચંચળ છૈયાં વાર્યાં ન રહે, ત્રાંક ભાંગી માળ તોડીજી,
તે વિના રેંટિયો નવિ ચાલે, મૌન ભલો કેહને કહીએજી,
રૂષભાદિક ચોવીશ તીર્થંકર, જપીએ તો સુખ લહીએજી. ॥૨॥

ઘરે વાસીદુ કરોને વહુઅર, ટોળો ને ઓજી સાલોજી,
ચોરટો એક કરે જે હેરૂ, ઓરડે ઘોને તાળુંજી,
લબકે પ્રાહુણા ચાહ આવ્યા છે, તે ઊભા નવિ રાખોજી,
શિવ સુખ અનંતા લહીએ, જો જિન વાણી ચાખોજી. ॥૩॥

ઘરનો ખૂણો કોણ ખણે છે, વહુ તમે મનમાં લાવોજી,
પહોળે પલંગે પ્રીતમ પોઢા, પ્રેમ ધરી જગાડોજી,
ભાવપ્રભસૂરિ કહે એ કથલો અધ્યાત્મક ઉપયોગીજી,
સિદ્ધાયિકાદેવી સાન્નિધ્ય કરેવી, સાધે તે શિવપદ ભોગીજી. ॥૪॥

જિનગુણ મંજરી પા. ૨૦૬

## અધ્યાત્મ સ્તુતિ - ૩

પરમાર્થ: આ જીવાત્માએ પ્રાત:કાળમાં ઊઠીને સામાયિક વ્રત લીધું. સામાયિક સૂત્ર ઉચ્ચરતાં બે વસ્તુની પ્રતિજ્ઞા કરાય છે. (૧) હું મન-

વચન-કાયાથી બે ઘડી (૪૮ મિનિટ) સમભાવમાં એટલે રાગ-દ્વેષ રહિત સ્થિતિમાં રહીશ, અને (૨) મન-વચન-કાયાથી ૪૮ મિનિટ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરીશ.

પરંતુ ચપળ-ચંચળ મન સામાયિક વખતે પણ ચારે બાજુ ભમતું રહે છે અને તેથી કબુલ કરેલા નિયમ તોડી, આશ્રવમાં ચાલ્યું જાય છે. (દરેક આધ્યાત્મિક પ્રવૃત્તિમાં 'મન નિરોધ'ની જરૂર છે. શ્રીમદ્ ભગવત ગીતા, અધ્યાય ૬, શ્લોક ૩૪, ૩૫માં ઉલ્લેખ છે. અર્જુન શ્રીકૃષ્ણને કહે છેઃ હે મધુસૂદન, મન ચંચળ હોવાથી લાંબો વખત એકાગ્ર રહી શકાતું નથી, મન એટલું દૃઢ અને બળવાન છે કે જેમ વાયુ વશ કરવો તેમ મન વશ કરવું અતિ દુષ્કર છે. શ્રી કૃષ્ણનો જવાબઃ હે મહાબાહો ! નિઃસંદેહ મન ચંચળ અને કઠિનતાથી વશ થાય તેમ છે, પરંતુ 'અભ્યાસ' અને 'વૈરાગ્ય' થી વશ થાય, અભ્યાસ એટલે મનને સ્થિર કરવા સતત વારંવાર પ્રયત્ન-પુરુષાર્થ કરવો. મન વશ કરનારને જ યોગ પ્રાપ્ત થાય છે. - આ બધું ઠીક છે. (આપણે આપણા મનની ગતિ વિચારીએ)

આમ સામાયિક કરતાં મન ભટકે છે એટલે તેને સમતારૂપ બારણું બરાબર બંધ કર્યું નથી, તેથી પાપ-પ્રવૃત્તિવાળો કાળો કૂતરો આપણા મન રૂપી ઘરમાં પેસીને, સમતારૂપી બધું ઘી પી ગયો. માટે હે સુમતિરૂપી *સમજુ વહુ ! તમે ઊઠો ને આળસ - પ્રમાદ છોડી, ચંચળ મનરૂપી-ઘરને* પાછું ધર્મક્રિયામાં, અપ્રમત્તતારૂપી જાગૃતિથી, કાળજીપૂર્વક સંભાળી, સમકિત - રત્નને ઉજ્જવળ કરવા, તમારા આત્મરૂપ પતિને શ્રી વીર જિનેશ્વરની પૂજા કરવાનું કહો.

પરમાર્થ : અવિરતિરૂપ બિલાડાએ, ધર્મકરણીરૂપ, વિરતિરૂપ ઉતરડ ભાંગી નાખી છે. ચંચળ એવી પાંચ ઈન્દ્રિયોરૂપ નાદાન બાળકો રોકયા રોકાતા નથી.

તેમણે શુભ ઉપયોગરૂપ ત્રાક ભાંગી નાખી, અને ક્રિયારૂપ માળ (રેંટિયાની દોરી) તોડી ફોડી નાખેલ છે. જેથી શુભ ક્રિયારૂપ માળ વિના ધર્મરૂપી રેંટિયો ચાલતો નથી તેથી પાંચ ઈન્દ્રિયોને પરવશ થવાથી, આ

સ્થિતિમાં મૌન રહેવું એજ સારૂં છે. હવે તો શ્રી ઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકર દેવોને જપીએ તો જ દુઃખમાંથી ઉગરી સુખ પામીએ.

(૩) પરમાર્થઃ શુભ વિચારણા રૂપ સાસુજી પોતાની સુમતિરૂપ કુળવાન વહુને સલાહ આપે છે કે તમે ઘરે વાસીદું કરીને, એટલે સામાયિક વ્રતના અતિચારોની આલોચના લઈને, પાપરૂપી વિરાધનાના કચરાને દૂર ટાળો.

આપના આત્મારૂપી ઘરમાં મોહરૂપી એક ચોર છૂપી રીતે જાસુસી કરી બાતમી મેળવી રહે છે. તેની દાનત એ છે કે લાગ મળે તો ધર્મરૂપી ધન ચોરી જાઉં, માટે હે સમજુ વહુ ! શુભ ભાવરૂપ ઓરડાને 'ઉપયોગ'-રૂપ તાળુ મારીને, સાવધાન થઈને રહેજો, વિરતિનું ફળ સુખદાયી છે જ્યારે અવિરતિના ફળ માઠાં છે, તે માટે હે વહુ ! તમે સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રયીને શુભ મને આરાધો.

હે સુમતિ વહુ ! ક્રોધ વગેરે ચાર કષાયરૂપી ચાર પ્રાહુણા-મહેમાનો આવ્યા છે તે ખટપટી છે. પતિ આત્મા અને પત્ની સુમતિ : ધણી-ધણીઆણીને અંદર અંદર લડાવી મારનાર છે, વિખવાદ ઉભો કરનાર છે, માટે તે ચોરોને તમારા આંગણે ઉભા રાખવા જેવા નથી. પણ આ બધું ક્યારે જો જિનેશ્વર ભગવંતની વાણી, વીર વાણી, દિવ્ય ધ્વનિરૂપ અમૃતનું પાન કરવામાં આવે તો અનંત સુખના ધામ શિવ-સુખને તમે પામી શકો.

દિવ્ય ધ્વનિ : વીર વાણી કેવી છે?

**"સકળ જગત હિત-કારિણી, હારિણી મોહ,**
**તારિણી ભવાબ્ધિ, મોક્ષ ચારિણી પ્રમાણી છે.**
**અહો ! રાજચન્દ્ર, બાલ ખ્યાલ નથી પામતા એ,**
**જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે."**

- શ્રીમદ્ રાજચંદ્ર

પરમાર્થ : હે સુમતિ વહુ ! યમરૂપી મોટો કોળ-ઉંદરડો સંસારી જીવાત્માના કાયારૂપ ખૂણાને દિન-રાત ખોદી રહેલ છે, તે હકીકત ધ્યાનમાં

રાખી સાવધાન રહેજો અને જેમ બને તેમ સવિશેષ ધર્મ આરાધના કરજો (મધુ-બિન્દુ દૃષ્ટાંતમાં રાતને અને દિવસને, કાળો અને ધોળો ઉંદર બન્ને બાજુથી જીવાદોરી કાપી રહ્યા છે તેવી કલ્પના છે)

હે વહુ ! તમારા આત્મારૂપી પ્રિયતમ પ્રતિ પ્રમાદરૂપ વિશાળ પલંગમાં પોઢી રહ્યા છે તેને તમે, પતિદેવ પોતાના વિવેકરૂપ નેત્રો ઉઘાડે તે રીતે સદ્‌ગુરુના વચનોરૂપી પ્રેમથી જગાડો.

આચાર્ય મહારાજ શ્રી ભાવપ્રભસૂરિજી કહે છે કે હે ભવ્ય જીવો ! આ સ્તુતિમાં જે જે તત્ત્વજ્ઞાનની વાતો કહી છે તે અધ્યાત્મને અનુસરીને કહેવામાં આવી છે. આ કોઈ હાસ્ય-વિનોદ ઉત્પન્ન કરનાર કથનો નથી, તે ગંભીરતાથી સમજવા માટે છે, ઉપેક્ષા પાત્ર નથી.

હે ભવ્ય જીવો ! શુભ વિચારણારૂપ મહાવીર પ્રભુની શાસનદેવી સિદ્ધાયિકાને સાનિધ્યમાં રાખવામાં આવે તો તે આત્માઓ શ્રી મહાવીર પરમાત્માની આજ્ઞા અનુસાર, જિનધર્મની આરાધના કરી, જ્યાં અક્ષય, અવ્યાબાધ, અનંત સુખનો ભંડાર છે તે શિવપદ મોક્ષસુખના ભોગી બને છે.

આ હરિયાળીમાં એક વધુ ખૂબી એ છે કે આચાર્યશ્રીએ સ્તુતિની પ્રથમ કડીમાં એક અરિહંત પરમાત્મા વીર પ્રભુની, બીજી કડીમાં ૨૪ તીર્થંકર ભગવંતોની, ત્રીજી કડીમાં 'આગમ વાણી' તથા ચોથીમાં શાસન દેવી- (વીર પ્રભુની યક્ષિણી) સિદ્ધા - દેવીને સ્તુતિ રૂપે ગુંથી છે. અહીં સ્તુતિના બંધારણનું અનુસરણ થયેલું છે. હરિયાળી પ્રકારની રચનાઓ સ્તવન સજ્ઝાય કે પદ સ્વરૂપની સાથે સ્તુતિ સ્વરૂપમાં પણ ઉપલબ્ધ થાય છે.

આ કૃતિને કોઈ અધ્યાત્મ કથલો, કોઈ અધ્યાત્મ થુઈ-સ્તુતિ કહે છે.

ભાવપ્રભસૂરિની અધ્યાત્મ સ્તુતિનું વિવેચન જૈન યુગ કારતક માગશર સં. ૧૯૮૩, પૃ. ૧૪૯-૧૫૨માં પ્રગટ થયેલ છે.

# પ્રકરણ - ૩/૨
# રૂપકાત્મક હરિયાળી

હરિયાળીમાં વિવિધ પ્રકારનાં રૂપકોનો પ્રયોગ થાય છે. રૂપકાત્મક અભિવ્યક્તિ હરિયાળીનું અંગભૂત લક્ષણ છે. સીધી-સાદી વાણીમાં પદ્યરચના એ હરિયાળીમાં જોવા મળતી નથી. પણ કવિઓએ પોતાની શૈલીમાં રૂપકોના પ્રયોગ દ્વારા અધ્યાત્મવાદના કેટલાક વિચારોને વ્યક્ત કરવાનો પુરુષાર્થ કર્યો છે. આ પ્રકારની કૃતિઓમાં રૂપકોનો પ્રયોગ નોંધપાત્ર બની શકે છે. લોક પ્રચલિત ને વ્યવહારનાં રૂપકો દ્વારા થયેલી અભિવ્યક્તિ પ્રત્યાયનક્ષમ બને તે સ્વાભાવિક છે. કેટલાંક રૂપકો જોઈએ તો કાયા-વાડી, પોપટ-પાંજરું, નિસ્પૃહ-દેશ, ડાળે બેઠી સૂડલી, કાયા કુટુંબ સાસરિયે જઈએ, વૈરાગ્ય બેટા, વગેરે હરિયાળીઓના વિચારોમાં આત્મદર્શન-સ્વરૂપ પામવાના વિચારો વ્યક્ત થયા છે. તેમાં રહેલો વૈરાગ્ય ભાવ શાંત રસનો દ્યોતક છે. વળી તેમાં રહેલી વક્રોકિતથી મંદમંદ સ્મિત ઉદ્ભવે છે છતાં અંતે તો કરૂણરસનો ભાવ નિષ્પન્ન થાય છે. તે આ પ્રકારની હરિયાળીની વિશિષ્ટતા છે.

## (૧)

મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે, કેમ કરી દીધો રે જાય,
તલપદ પૂંજી મેં આપી સઘલી રે, તોહે વ્યાજ પૂરું નવિ થાય. ૧.
વ્યાપાર ભાગો જલવટ થલવટેં રે, ધીરે નહીં નિસાની માય,
વ્યાજ છોડાવી કોઈ ખંદા પરઠવે રે, તો મૂલ આપું સમ ખાય. ૨.
હાટડું માંડું રૂડા માણેકચોકમાં રે, સાજનીયાનું મનડું મનાય,
આનંદઘન પ્રભુ શેઠ શિરોમણિ રે, બાંહડી ઝાલજો રે આય. ૩.

**અર્થ :** (૧) કર્મની કેવી વિચિત્ર ગતિ છે કે મૂળકર્મ (Causes) થોડું હોય છે પરંતુ જ્યારે તે યથા સમયે ઉદયમાં કર્મફળ (Effects) તરીકે આવે છે ત્યારે જીવ જાગૃતિ કે ઉપયોગ રાખતો નથી. એટલે કે

પારિણામિક ધર્મનું ભાન ન રહેવાથી નવું કર્મબંધ તથા તેના કર્મફળની પરંપરા નિરંતર સર્જાતી હોય છે. આનું મુખ્ય કારણ જીવનું પોતાના દરઅસલ સ્વરૂપનું અજ્ઞાન તથા રાગદ્વેષ મૂળ કર્મફળની નિર્જરા થતાં સુધીમાં અનેકગણાં કર્મબંધન જીવ અજ્ઞાનતાથી બાંધે છે. આમ મૂળકર્મની પૂંજી ચૂકવતી વખતે તેમાંથી અનેકગણું કર્મબંધરૂપ વ્યાજ પૂરું થતું નથી. એટલે કે અનાદિકાળથી કર્મની પરંપરા (Causes and Effects) ચાલ્યા જ કરતી હોય છે.

(૨) આત્મજાગૃતિના અભાવે અથવા પ્રમાદથી જીવ ધર્મનો માર્ગ અનુસરતો ન હોવાથી તેનો વ્યાપારરૂપી ધર્મ પડી ભાંગે છે અને તેને કોઈ ઉધાર ધીરનાર દેખાતો નથી. વ્યાપારમાં ધનની વૃદ્ધિ થલવટ (Inland Trade) અને જલવટથી (Overseas Trade) થાય છે. તેવી જ રીતે ધર્મધનની વૃદ્ધિ શ્રુત અને ચારિત્રધર્મની આરાધનાથી થાય છે આ બંનેય ઉન્નતિ માર્ગનો વ્યાપાર અજ્ઞાનતાથી કે પ્રમાદથી પડી ભાંગે છે. જો સદ્‌ગુરુ કે જ્ઞાનીપુરુષના કૃપાપાત્ર થવાય અને તેઓ મારફત જો સ્વરૂપનો બોધ થાય તો જ કર્મફળ ભોગવતી વખતે નવીન પરંપરા વૃદ્ધિરૂપ વ્યાજ જે થતું હોય છે તેમાંથી છૂટકારો પ્રાપ્ત થાય તો મૂળકર્મની હપ્તાથી ચૂકવણી (કર્મનું દેવું) સંવરપૂર્વકની નિર્જરાથી ભરપાઇ કરી શકાય.

(૩) કોઈ જ્ઞાની પુરુષ મારફત સ્વરૂપનો બોધ થાય તો શ્રદ્ધા અને વિવેકરૂપ માણેકચોકમાં હું ધર્મ આરાધનાની દુકાન માંડું એટલે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સ્વજનોનું મન મનાવીને મારો વ્યાપાર શરૂ કરું. હે ! આનંદના ઘનભૂત અને ધર્મમાં શ્રેષ્ઠ શિરોમણિ એવા સર્વજ્ઞદેવ તમો કૃપા કરી મારા હૃદયમંદિરમાં બિરાજો અને મારો હાથ ઝાલો એટલે કે *મને ધર્મવ્યાપારમાં સહાય કરો.* મને પણ આપના જેવો બનાવો એવી *મારી હૃદયપૂર્વકની પ્રાર્થના કૃપા કરી આપ સ્વીકારો.*

(સાધકનો સ્વાધ્યાય - પા. ૫૩)

## (૨)

અવધૂ ! ક્યા સોવે તન મઠમેં, જાગ વિલોકન ઘટમેં,
તન મઠકી પરતીત ન કીજે, ઢહિ પરે એક પલમેં,
હલચલ મેટ ખબર લે ઘટકી, ચિન્હે રમતા જલ મેં. ... (૧)

મઠમેં પંચભૂતકા વાસા, સાસાધૂત ખવીસા,
છિનછિન તોહી છલનકૂં ચાહે, સમજે ન બૌરા સીસા. ... (૨)

શિરપર પંચ વસે પરમેશ્વર, ઘટમેં સૂરછમ બારી,
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રુકી તારી. ... (૩)

આશા મારી આસન ધરી ઘટમેં, અજપાજાપ જપાવે,
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. ... (૪)

**અર્થ :** (૧) હે જીવ! તું શરીરરૂપી મઠમાં કેમ હજુ મમતારૂપ નિદ્રાથી સૂઈ રહ્યો છે? જરા ઊઠતો ખરો! જાગૃત થઇ તારા હૃદયમાં તું અવલોકન કર અને શુદ્ધ સ્વરૂપનું દર્શન કર. તારો શરીરરૂપી મઠ ક્ષણિક-નાશવંત છે માટે વિશ્વાસ કરવા લાયક નથી. માટે ચિત્તમાં ઊઠતી આસક્તિની ચંચળતાને દૂર કરી તારા હૃદયમંદિરમાં કોણ બિરાજમાન છે તેને ગુરુગમે ઓળખી પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધર. સમતારૂપ જલમાં આત્મા રમે છે તે લક્ષણથી-ચિહ્નથી સ્વરૂપનું તું ચિંતન કર.

(૨) તારું શરીર પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશનું બનેલું છે. અને સાથે સાથે શ્વાસોચ્છ્વાસરૂપ ધૂર્ત ખવીસ પણ રહે છે. આ પંચભૂત અને છઠ્ઠો ખવીસ ક્ષણે ક્ષણે જીવને છેતર્યા કરે છે. આ દશામાં ઊંઘાતું હશે? છતાં મૂર્ખ જીવ સમજી શકતો નથી અને શરીર ઉપર મોહ અને મમતા હોવાથી જાગૃત થતો નથી.

(૩) મસ્તકના મધ્યભાગના સ્થાન પર બ્રહ્મરંધ્ર છે. ત્યાં આત્માના અસંખ્યાત પ્રદેશો વ્યાપી રહેલા હોવાથી ધ્યાનનું તે મુખ્ય સ્થાન છે. જો

કે આત્માના પ્રદેશો આખા શરીરમાં વ્યાપક હોવા છતાં તેનો મુખ્યતાએ મસ્તકના મધ્યભાગમાં વાસ હોવાથી શિર પર પંચપરમેશ્વર વસે છે તેમ કહેવાય છે. જ્યાં સુધી પંચપરમેષ્ટિના ગુણો પ્રગટ્યા નથી ત્યાં સુધી આત્મા સત્તાએ કરીને પંચપરમેષ્ટિરૂપ ગણાય છે. જેમ જેમ અનુક્રમે સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધપદનું ધ્યાન ધરતાં તે તે ગુણ પ્રગટ થતાં સાધક પંચપરમેષ્ટિરૂપ બને છે. હૃદયથી બ્રહ્મરંધ્ર સુધી જવા માટે સુષમ્ણા નાડીરૂપ બારી છે અને ત્યાં શુદ્ધ ઉપયોગ રાખી, ધ્યાનધરી પહોંચીએ ત્યારે જ્ઞાનપ્રકાશ વધતો જાય છે. કોઇ નિષ્પક્ષપાતી વિરલા જ આ પ્રમાણે શુદ્ધ ઉપયોગથી પોતાના આત્માને તે સ્થાને ધ્રુવના તારાની જેમ સ્થિર જોઇ શકે છે.

(૪) આશાનો નાશ કરી જે યોગી સ્થિર ઉપયોગરૂપ આસન ધારણા કરી હૃદયપૂર્વકના અજપાજાપ (વાણી વિના) જપે છે તેઓ ચૈતન્યમૂર્તિરૂપ નિરંજન પરમાત્મદેવને પામે છે અને સ્વસ્વરૂપનો આનંદ માણે છે.

---

(સાધકનો સ્વાધ્યાય - પા. ૩૩)

## (૩)

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે, રખે લાગતો મેલ લગાર રે,
એણેરે મેલે જગ મેલો કર્યો રે, વિણ ધોયું ન રાખે લગાર રે.
ધોબીડા. ॥૧॥

જિનશાસન સરોવર સોહામણું રે, સમકિતતણી રૂડી પાલી રે,
ધનાદિક ચાર બારણાં રે, માંહી નવ તત્ત્વ કમળ વિશાળ રે.
ધોબીડા. ॥૨॥

તિહાં ઝીલે મુનિવર હંસલો રે, પીયે છે તપ જપ નીર રે,
શમ દમ આદિ જે શીખ રે, તિહાં પખાલે આતમ ચીર રે.
ધોબીડા. ॥૩॥

તપવજે તપ તડકે કરી રે, જાળવજે નવ બ્રહ્મ વાડ રે,
છાંટા ઉડાડે પાપ અઢારના રે, એમ ઉજળું હોશે તત્કાલ રે.
ધોબીડા. ॥૪॥

આલોયણ સાબુડો સૂધો કરે રે, રખે આવે માયા શેવાળ રે,
નિશ્ચે પવિત્રપણું રાખજે રે, પૂછે આપણા નિયમ સંભાર રે.
ધોબીડા. ॥૫॥

રખે મૂકતો મન મોકળું રે, પડ મેલીને સંકેલ રે,
સમયસુંદરની શીખડી રે, સુખડી અમૃતવેલ રે.
ધોબીડા. ॥૬॥

જૈન ગૂર્જર સાહિત્ય રત્નો ભા. ૧ - પા. ૪૭

આ હરિયાળીનાં રૂપકો જિનશાસન સરોવર, સમકિતપાળ, દાન, શીયળ તપ અને ભાવના ચાર બારણાં, તત્ત્વકમળ, તપ-જપ, નીર, મુનિવરહંસલો, આતમચીર, તપ-તડકો, બ્રહ્મચર્યની નવ વાડ, અઢારપાપસ્થાનક, આલોયણસાબુડો, માયાશેવાળ વગેરે રૂપકો દ્વારા મન શુદ્ધ કરવા માટેની ઉપદેશાત્મક માહિતી આપી છે.

## (૪)

## શ્રી કાયાવાડીની સજ્ઝાય

કાયા રે વાડી કારમી સિંચતા સૂકે,
સાડાત્રણક્રોડ રોમાવલી ફળ ફૂલ ન મૂકે. ૧

કાયા, માયા કારમી જોવંતા જાશે,
મારગ લેજો મોક્ષનો, જીવડો સુખ પાસે. કાયા. ૨

અરિહંત આંબો મોરિયો, સામાયિક થાણે,
મંત્ર નવકાર સંભારજો, સમકિત શુદ્ધ જાણે. કાયા. ૩

વાડી કરો વિરતી તણી, સવિ લોભ નિવારો,
શિયળ સંજમ દોનું એકઠા, ભલી પેરે પાળો. કાયા. ૪

પાંચ પુરુષ દેશાવરી, બેઠા ઇણ ડાળી,
ફળ ચૂંટીને ચોરિયા, ન કરી રખવાડી. કાયા. ૫

ઇણ વાડી એક સૂંડલો, સુખ પંજર બેઠો,
બહુ જતન કરી રાખીઓ, જાતો કીણ હીન દીઠો. કાયા. ૬

ભોળપણે ભવ હારીઓ, મતી કંઇ ન સંભાલી,
રત્ન ચિંતામણી સારીખી, કાંઇ ગાંઠ ન વાળી. કાયા. ૭

રત્નતિલક સેવક કહે, સુણજો વનમાલી,
વાડી ભલી પેરે પાળજો, કરજો ઢંગ વાલી રે. કાયા. ૮

---

કાયાવાડી રૂપકાત્મક અભિવ્યક્તિ. જિનગુણમંજરી પા. ૭૭૯

(અરિહંત-આમ્રવૃક્ષ, વિરતિ-વાડી,વાડ, સૂડલો-આત્મા.)

## (૫)

પાંજરું પોતાનું પોપટ જાળવે જો, કાંઇ તું છે ચતુર સુજાણ જો,
પારધી કાંઇ મૂકે ફિરે જો, કાંઇ ઓચિંતુ આવશે બાણ. ॥૧॥

કડવાં ફળ છે ચાર કષાયનાં જો, કાંઇ સારું ફળ છે ધર્મ જો,
સુરનર સરિખા જાળવે જો, એતો નવકાર મંત્રનો મર્મ જો. ॥૨॥

ઓરે! કાયા પોપટ પાંજરે જો, કાંઇ ઇંદ્રીયોનો પેરતો વેષ જો,
એલી માયા, જમના પારધી જો, કર્મ સૂતારે ઘડીયું તેહ જો. ॥૩॥

કડવા કષાય ખોટા ખારવા જો, તેમાં પણ ન બોળે ચાંચ જો,
સારું ફળ હોય તો સેવજો જો, એમ કવિ પણ કહે કર જોડ જો. ॥૪॥

જઈને બેસજે જાજા ઝાડવે જો, ત્યાં મળશે પોપટડાનો સાથ જો,
કોઈક આવશે તુજને તારવા, એમ કાંતિવિજય કર જોડ જો. ॥૫॥

જિનગુણ મંજરી. પા. ૭૭૯

(પાંજરું-કાયા, શરીર, પોપટ-આત્મા, ચારકષાય-ક્રોધ, માન, માયા, લોભ.)

## (૬)

નિસ્પૃહ દેશ સોહામણો, નિર્ભયનગર ઉદાર હો, વસે અંતરજામી,
નિર્મલ મનમંત્રી વડો, રાજા વસ્તુ વિચાર હો.
વસે. ॥૧॥

કેવલ કમલા ગાર હો સુણસુણ શિવગામી કેવલ કમલનાથ હો,
સુણસુણ નિકામી, કેવલ કમલાવાસ હો, સુણસુણ શુભગામી,
આતમ તું ચૂકીશ મા સાહેબ તું, ચૂકીશ મા રાજિંદા તું ચૂકીશ મા,
દઢ સંતોષ કામા મોદસા સાધુ સંગત, દઢ પોલ હો
વસે.

પોલિયો, વિવેક સુજાગતો આગમ પાયક તોલ હો,
વસે. ॥૨॥

દઢ વિશવાસ વિતરાગરો, સુવિનોદી વ્યવહાર હો વસે,
મિત્ર વૈરાગ નહી ક્રીડા સુરતિ અપાર હો.
વસે. ॥૩॥

ભાવના બાર નદી વહે, સમતાં નીર ગંભીર હો વસે.
ધ્યાન ચહી વચો ભર્યો રહે, સમપન ભાવ સમીર હો
વસે. ॥૪॥

ઉચાલો નગર નહીં દુષ્ટ દુઃકાલ ન યોગ હો વસે.
ઈતિ અનીતિ વ્યાપે નહીં આનંદઘન પદ ભોગ હો,
વસે. ॥૫॥

(આનંદઘનજીનાં પદો ભાગ - ૨ પા. ૨૬૨ રૂપકાત્મક અભિવ્યક્તિ.

(૭)

## આત્મ ઉપદેશ સજ્ઝાય

સાસરિયે અમ જઈએ રે ભાઈ, સાસરિયે અમ જઈએ,
જિન ધર્મ તે સાસરું કહીયે, જિનવર દેવ તે સસરો,
જિન આણા સાસુ રહીયાલી, તેના કહ્યામાં વિચરો રે બાઈ.
અરાં ને પરાં ક્યાંહિ ન ભમીયે, મમતા જસ નવિ લહીયે રે ભાઈ.
સા. ॥૧॥

શિયલ સ્વભાવ સોહે ઘાઘરિયો, જીવદયા કાંચલડી,
સમકિત ઓઢણી સોકી રે જીણી, શંકા એ નખરડી રે બાઈ.
સા. ॥૨॥

નિશ્ચયને વ્યવહાર તરણા બે, પાયે ને ઉર ખલકે,
બેઉ વિધ ધર્મ સાધુ શ્રાવકનો, કાને અકોટા જલ કેરે બાઈ.
સા. ॥૩॥

તપતણા બે બેરખા બાંહે, તગતમે તેજે સારા,
જ્ઞાન પરમત તણુ તે અર્ચા, માંહે પરિણામની ધારા રે બાઈ.
સા. ॥૪॥

રાગ સિંદુરનું કીધું ટીલું, શીયલનો ચાંદલો સોહે,
ભાવનો હાર હૈયામાં લહે કે, દાનના કાંકણ સોહે રે બાઈ.
સા. ॥૫॥

સુમતિ સહેલી સાથે લહીને, દીઠે મારગ વહીયે,
ક્રોધ કષાય કુમતિ અજ્ઞાની, તેહથી વાત ન કરિયે રે ભાઈ.
સા. ॥૬॥

મિથ્યાત્વી પીયરમાં ન વસીયે, રહેતાં અલખામણા થઈયે,
મોહ માયા માવતર વીરુંઆં, દેહિ લોક નિગમિયે રે બાઈ.
સા. ॥૭॥

અનુભવ પ્રીતમ સાથે રમતાં, પ્રેમે આનંદ પદ લહિયે,
વિનયપ્રભસૂરિ પ્રસાદે, ભાવે શિવસુખ લહિયે રે ભાઈ.
સા. ॥૮॥

---

આધ્યાત્મિક હરિયાળી પા.૪૩

હરિયાળી સમકક્ષ જૈન કાવ્ય સાહિત્યમાં સજ્ઝાય રચનાઓ ઉપલબ્ધ છે, નામ સજ્ઝાય છે પણ તેનો અંતરઆત્મા હરિયાળીનો છે. આવી હરિયાળીમાં ઉપદેશનું તત્ત્વ નિહિત છે.

હું સાસરે જઈશ, ભાઈ હું સાસરે જઈશ. જૈનધર્મ એ મારું સાસરું

છે. જિનવરદેવ મારા શ્વસુર છે, જિનાજ્ઞા મારી સુંદર સાસુ છે, હું એમના કહ્યા પ્રમાણે કામ કરું છું આમતેમ ભટકવું નકામું છે. ગમેતેવી રખડપટ્ટી કરવાથી યશ પ્રાપ્ત થતો નથી. ॥૧॥

શીલસ્વભાવરૂપી મારો ઘાઘરો શોભા આપે છે. જીવદયા મારી કાંચલી (ચોળી) છે. મેં સમકિતની સૂક્ષ્મ ઓઢણી ઓઢી રાખી છે તેને મેં શંકા-કુશંકાથી ગંદી કરી નથી. ॥૨॥

નિશ્ચય અને વ્યવહારના બે પગમાં ઝાંઝર ઝણકાર કરે છે. સાધુ અને શ્રાવક એમ ધર્મરૂપ બે કાને કુંડળ ઝળકી રહ્યાં છે. ॥૩॥

મારી પાસે તપરૂપી બે હાથ છે, જે બાજુબંધ સમાન તેજથી ચમકતા છે. જ્ઞાનરૂપી હૃદય પર પરિણામ (ભાવના શુધ્ધિ)ની ધારારૂપી હાર શોભાયમાન છે. ॥૪॥

રાગરૂપી સિંદુરની બિન્દી (તિલક) લાગી છે, જેના પર શીલની ટીકા છે. હૃદયપર ભાવનારૂપી હાર લટકે છે અને મારા હાથ દાનરૂપી કંગનથી સુશોભિત છે. ॥૫॥

સુમતિરૂપી સાહેલીને સાથે લઈને જિનેશ્વર ભગવંતે બતાવેલા માર્ગ પર ચાલું છું. ક્રોધ-કષાયરૂપી અજ્ઞાન કુમતિ સાથે તો લેશમાત્ર વાત કરતી નથી. ॥૬॥

જે પિયરમાં મિથ્યાત્વ હોય ત્યાં રહેવું જોઈએ નહિ, કારણ કે ત્યાં રહેવાથી દોષ લાગે છે. મોહમાયારૂપી પિયર ઠીક છે, એમાં કઠિન સમય *વીતી જાય છે. ॥૭॥*

અનુભવરૂપી પ્રીતમની સાથે આત્મરમણતા કરતાં પ્રેમપૂર્વક આનંદ પદની પ્રાપ્તિ થાય છે. વિનયપ્રભસૂરિ કહે છે કે ભાવનાપ્રતાપથી શિવસુખની પ્રાપ્તિ થાય છે. ॥૮॥

આ હરિયાળી રૂપકાત્મક અભિવ્યક્તિના ઉદાહરણરૂપ છે. અધ્યાત્મ સાધનાનો એક અને અવિચ્છિન્ન હેતુ મોક્ષસુખની પ્રાપ્તિ છે, તે તરફ ઉપદેશાત્મક વિચારો વ્યક્ત થયા છે.

પિયર-મિથ્યાત્વ, માવતર-મોહમાયા, પ્રીતમ-અનુભવ, શ્વસુર-જિનેશ્વરદેવ, સાસુ-જિનાજ્ઞા, કુંડળ-બે પ્રકારનો ધર્મ, બાજુબંધ-બે પ્રકારનો તપ, ઓઢણી-સમકિત, ચોળી-જીવદયા, ઘાઘરો-શીયળ, કંકણ-ધન, રાગ-સિંદુર, નેપુર-નિશ્ચય અને વ્યવહાર.

ઉપરોક્ત રૂપકોના આધારે જીવાત્માને મોક્ષસુખપ્રાપ્તિ માટેનો સાચો માર્ગ કયો છે તેનું પરોક્ષ રીતે નિરૂપણ થયું છે. ગાગરમાં સાગર ભરવાની ઉક્તિને ચરિતાર્થ કરતી આ હરિયાળી તેના સ્વરૂપગત ગુઢાર્થની દ્યોતક છે.

'આત્મોપદેશ સજ્ઝાય' નામની વિજયપ્રભસૂરિની આ કૃતિ ભીમસિંહ માણેકે સંપાદન કરેલી સજ્ઝાયમાળામાં પા. ૧૯૪માં મળી આવે છે. આઠ ગાથાની આ કૃતિ પ્રભાતી રાગમાં રચાઈ છે.

ઉપરોક્ત હરિયાળીની રચના આધ્યાત્મિક સસુરાલ અને શ્રૃંગારનો સમન્વય સાધે છે તેમાં કાવ્ય સહજ રસ અને ભાવનો સમન્વય થયેલો છે. ભૌતિક જીવનના પારિભાષિક શબ્દપ્રયોગો દ્વારા આધ્યાત્મિક શ્રૃંગારની અભિવ્યક્તિ કરવાની કવિની કલ્પનાશક્તિ અને અર્થચમત્કૃતિનો પરિચય કરાવે છે.

(૮)

## હરિયાળી

અવધૂ! વૈરાગ્ય બેટા જાયા,
વાને ખોજ કુટુંબ સબ ખાયા.
અવધૂ. ॥૧॥

દુર્મતિ દાદી, મત્સર દાદા, મુખ દેખત હી મૂઆ,
મંગળરૂપી વધાઇ વાંચી, એ જપ બેટ્ટા હુઆ.
અવધૂ. ॥૨॥

પુણ્ય પાપ પાડોશી ખાયે, માન-કામ દોઉ મામા,
મોહનગરકા રાજા ખાયા, પીછે હૈ પ્રેમ તે ગામા.
અવધૂ. ॥૩॥

ભાવ નામ ધર્યો બેટા કો, મહિમા વરણવ્યો ન જાઇ,
આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટ ઘટ રહ્યો સમાઇ.
અવધૂ. ॥૪॥

પા. ૨૫ અ. ગ્રં. પૃષ્ઠ-૧૭૭

**અર્થ :** હે અવધૂ! વૈરાગ્ય નામનો બેટો-દીકરો થયો જેણે શોધી શોધીને, ખોળીખોળીને આખું કુટુંબ હડપ કર્યું-ખલાસ કર્યું. એણે માયાને મમતા ખાધી, સુખ-દુઃખ નામના બન્ને ભાઈઓને ખાધા. એણે કામ-ક્રોધ બન્નેને ખાધા અને વળી તૃષ્ણા-બાઈને પણ ખાધી.

**(૧) ભાવાર્થ :** પુત્રો બે પ્રકારના છે. કપૂત (કુ-પુત્ર)-કુળનો ઘાત કરનાર ને સપૂત (સુપુત્ર) કુળને અજવાળનાર, સાત પેઢીને તારનાર. કૃત્રિમ-સ્વાર્થી નાલાયક કુટુંબી-જનોને મારી કૂટી બહાર ધક્કેલી દે એવો વૈરાગ્ય બેટો-સુપુત્ર જન્મ્યો જેણે થઇ બેઠેલા દાદા-દાદી, ભાઈ-ભાભી વગેરે દરેકને શોધી શોધીને દૂર કરી દીધા.

સંસારીનું કુટુંબ માયા-મમતા, સુખ-દુઃખ, કામ-ક્રોધ-તૃષ્ણા વગેરે. વૈરાગીનું કુટુંબ તદ્દન જુદું. શમ, સંવેગ, કરુણા, અનુકંપા, પ્રેમ, સ્નેહ, શાંતિ, સ્થિરતા, અને પ્રસન્નતા, વિષય-કષાયોનો નાશ, રાગ,-દ્વેષ-જન્ય કુટુંબીઓનો નાશ.

માયા ને મમતા ચેતનરાજની માસીઓ થઇ બેઠેલી. વૈરાગ્ય બેટો,

જન્મીને, ચેતનરાજની માસીઓને જ ખાઈ ગયો, કેમ કે માયા-મમતાએ ખોટા સગપણને બ્હાને ચેતનરાજની પ્રગતિ રૂંધેલી.

રાગ-કેસરીનો મંત્રી, વિષયાભિલાષ-તેના બે પુત્રો, સુખ અને દુઃખ, સગા ભાઈ પણ તેઓ ચેતનરાજના સગા ભાઈ નથી, પણ થઈ બેઠેલા ભાઈ-ભાંડુઓ છે. વૈરાગ્ય બેટાએ તો ચેતનના સુખ-દુઃખના દુન્યવી ખ્યાલ હતા તે ધરમૂળથી ફેરવી નાખ્યા એટલે તેમને ખાઈ ગયો.

'મકર-ધ્વજ' કામદેવનું નામ છે. (કામદેવના રથ ઉપર મગર ચિત્રવાળી ધજા હોવાથી.) તે એક નગરનો નાનો રાજા હતો અને તેના પરિવારમાં પુ.વેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ હતા. આવા કામદેવને પણ વૈરાગ્ય-બેટો ખાઈ ગયો.

મોહ-મહારાજાના મૂળ ચાર પુત્રો-ચાર કષાય : ક્રોધ, માન, માયા, લોભ.

તે દરેકના ચાર ચાર પુત્રો પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની સંજ્વલન (અનંતાનુંબંધી) કુલ ૧૬ પુત્રો.

આ વૈરાગ્ય બેટો મહા મોહ-મહારાજાના ૧૬ પુત્રોને સોળે કષાયોને ખાઈ ગયો. આ કષાયો સંસારરૂપી વૃક્ષના મૂળ જેવા છે તેના ઉપર ચેતનરાજે વિજય મેળવ્યો.

અને છેલ્લે તૃષ્ણાબાઈ લોભ પાપનો બાપ છે. જેમ જેમ ઇન્દ્રિયોના વિષયો ભોગવાતા જાય તેમ તેમ વધારેને વધારે ભોગવવાની ઇચ્છા થાય, કદાપિ ભોગમાં તૃપ્તિ થાય નહી. પરિગ્રહ પાપનું મૂળ છે. પરિગ્રહીને વિવેક, વિચાર કે ગણિત નથી. આ તૃષ્ણાબાઈને વેદિકાનું સ્થાન આપ્યું છે જેના ઉપર મોહરાજાનું કુટુંબ બેસે છે. તેને આ વૈરાગ્ય બેટો ખાઈ ગયો.

(૨) **ભાવાર્થ :** વૈરાગ્ય કંઈ કાચી માયા નથી એણે તો બનાવટી

સગાંઓને વીણીવીણીને શોધીશોધીને, બહાર ધકેલવા માંડ્યા.

એક-પારકાની અદેખાઇ-ઈર્ષા કરનારો મત્સર નામનો દાદો હતો, તે કોઈની નિંદા, ચાડીચુગલી કરતાં શરમાતો નહીં અને પોતાને શાણો, રૂપાળો, બાહોશ, દીર્ઘદષ્ટા માનતો. દાદાની પત્ની - દુર્મતિદાદી (કુબુદ્ધિ) આ બંન્ને દાદા અને દાદી વૈરાગ્ય બેટાનું મોઢું જોતાંજ મરણ-શરણ થયા.

મંગળ એટલે ખુશાલીનો પ્રસંગ અને વધાઇ એટલે વધામણી. જ્યારે આ સુપુત્ર-બેટો વૈરાગ્ય જન્મ્યો ત્યારે વ્યવહાર દૃષ્ટિએ એ ઉટપટાંગ સગાંઓએ બહારથી પ્રેમ દર્શાવવા જન્મની વધામણીઓ ઉજવી, બાકી વૈરાગ્ય બેટાનો જન્મ થતાં આ લોકોના પેટમાં તેલ રેડાયું કેમ કે તેઓ જાણતા હતા કે હવે પોતાનું મૂળસ્થાન હચમચી જશે.

**અર્થ:** શુભ-અશુભ કર્મોના ફળ આપનાર પુણ્ય અને પાપ નામના બે પાડોશી હતા, તેમને વૈરાગ્ય બેટો ખાઇ ગયો. અભિમાન અને કામ (વિષયેચ્છા) રૂપ બે મામા હતા, તેમને આ વૈરાગ્ય બેટાએ ખલાસ કર્યો અને છેલ્લે મોહનગરના મહારાજા (મહામોહ કે કર્મ પરિણામ)ને પણ ખતમ કર્યો અને પછી પ્રેમ (રાગ) જે રહી ગયો હતો તેને પણ ગુમાવ્યો (ગામા) એટલે રાગ તો જાતે જ રસ્તો કરી ચાલતો થયો.

**(૩) ભાવાર્થ :** આ વૈરાગ્ય બેટો કૃત્રિમ સગાઓને તો ખાઇ ગયો એટલું જ નહીં પણ એણે તો પુણ્યપાપરૂપ પાડોશીઓને પણ ના છોડ્યા, તેમને પૂરા કર્યા. પુણ્ય સોનાની-બેડી, પાપ લોખંડની-બેડી, બન્ને કર્મ-બંધના કારણ છે. સંસારમાં ભમાવનાર છે તેથી તે બન્નેનો નાશ થાય તો જ મોક્ષ થાય. 'શુભભાવ'થી પુણ્ય થાય તેથી તે ઉપાદેય ગણાય પરંતુ મોક્ષ તો 'શુદ્ધભાવ'થી થાય.

અને આ વૈરાગ્ય બેટાએ 'મિથ્યાભિમાન' નામના મામાને પણ ન છોડ્યો, તેમનો કોળીયો કરી ગયો.

**ત્રણ ચિત્તવૃત્તિઓ :** સાત્વિક-સારી, રાજસ-મધ્યમ અને તમસ-

કનિષ્ઠ. રાજસ-ચિત્ત નગરીના રાજાના 'રાગકેસરી' મંત્રીનો રખેવાળ આ મિથ્યાભિમાન છે.

મહા મોહદાદા અને રાગ-કેસરી તથા દ્વેષ-ગજેન્દ્ર બન્ને મામા અને આમના નગરનો રખેવાળ 'માન' પણ મામો જ ગણાય, અને અગાઉ કામદેવ આવ્યા તે પણ મામા આ બન્નેનો વૈરાગ્ય બેટાએ નાશ કર્યો.

જેવો મોહ મરાયો કે તરત જ પ્રેમ-રાગ પણ પોતાનું મૃત્યુ વૈરાગ્ય બેટાને હાથે થશે એમ જાણી, ચેતી, જાતે જ અગિયારા ગણી ગયો.

**અર્થ** : આ વૈરાગ્ય બેટાનું નામ પાડવામાં આવ્યું 'ભાવ'-ભાવકુમાર. એનો પ્રભાવ, એનો મહિમા કોણ વર્ણવી શકે? મારા આનંદઘન પ્રભુ ! એ ભાવકુમારને પ્રગટ કરો. એ વૈરાગ્ય બેટાને પ્રત્યક્ષ બહાર લાવો. એ ઘટઘટમાં હૃદય હૃદયમાં સમાઇ ગયેલો છે તેને કૃપા કરી બહાર લાવો.

**(૪) ભાવાર્થ :** જૈન ધર્મના જાતજાતના પ્રકાર છે. એક, બે, ત્રણ, ચાર, દશ વગેરે.

ચાર સ્થંભ : દાન, શીલ, તપ ને ભાવ. 'ભાવ' એટલે અંતરની નિર્મળતા. જૈન ધર્મમાં 'ભાવ'નું મહત્ત્વ જગજાહેર છે.

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર. ગાથા, ૩૮

'યસ્માત્ ક્રિયા પ્રતિફલંતિ ન ભાવ શૂન્ય' ગમે તેટલી ક્રિયા કરો પણ ભાવ શૂન્ય ક્રિયા ફળ આપતી નથી.

**"ભાવે જિનવર પૂજિયે, ભાવે દીજે દાન,**
**ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન."**
**"ભાવ વિના દાનાદિકા, જાણો અલૂણો ધાન,**
**ભાવ રસાંગ મિલ્યા થકી, તૂટે કર્મ નિદાન."**

રસોઈ, લૂણ-મીઠા વગર ફીક્કી લાગે તેમ ભાવ વગર દાન વગેરેનો ખાસ લાભ નથી. વીતરાગપણું આવતા ભાવનો વિકાસ થાય છે તેથી દાન વગેરે ધર્મમાં ભાવરૂપી રસ મળે તો નક્કી કર્મબંધ તૂટી જાય.

ભાવના ચાર છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય ને માધ્યસ્થ તથા વૈરાગ્ય માટે બાર ભાવના પણ છે, જેને 'દ્વાદશ અનુપ્રેક્ષા' અથવા 'ચિંતવના' કહેવાય છે. (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોક ભાવના (૧૧) બોધ-દુર્લભ તથા (૧૨) ધર્મ ભાવના. જિજ્ઞાસુને આ બાર ભાવના વિસ્તારથી સમજવા ભલામણ છે. આ બાર ભાવના જીવનમાં ઉતારવાથી મોક્ષ સુલભ. વળી જૈન તત્વજ્ઞાનમાં પાંચ પ્રકારના 'ભાવ' પણ છે : (૧) ઔપશમિક (ઉપશમ ભાવ) (૨) ક્ષાયિક (૩) ક્ષાયો પશમિક (૪) ઔદયિક ભાવ ને (૫) પારિણામિક ભાવ.

છેલ્લે પરમયોગી મહાત્મા આનંદઘનજી પ્રભુને પ્રાર્થના કરે છે : હે પ્રભુ ! મારામાં 'ભાવ' પ્રગટ કરો અને અનંત આનંદમાં મેળવી દો- તો મારા વૈરાગ્ય બેટાના પિતા થવાનું સાર્થક થાય.

## (૯)

## કાયા કુટુંબની સજ્ઝાય

**નાહલો ન માને કાંઈ કહ્યું માહરું રે, શોકય હસીને જોય;**
**નણંદ બેહુ રે ઘણી અટારડી રે, જેઠ જાૂઠો મુજ હોય. ૧.**

**કિમ જાળવીએ રે કુટુંબ અટારડું રે, કરે મુજશું નિત રોષ;**
**એકણ ગામે રે પિયર સાસરું રે, બોલે મેલી મેલી દોષ. કિમ. ૨.**

**અર્થ :** બાર ભાવનામાંથી અનિત્ય ભાવના ભાવતો ભવ્ય પ્રાણી ચિંતવે છે કે-આ કાયા સ્ત્રી છે અને મન તેનો સ્વામી છે. તે કાયા સ્ત્રી કહે

છે કે -'આ મારો નાથ મન મારું કહ્યું માનતો નથી તે જોઈને મારી શોકય કુમતિ કે જે હમણાં મનની પ્રિયા બની છે તે હસે છે. મારી બેઉ નણંદ નિદ્રા ને વિકથા છે તે બહુ અટારી-માઠી છે. મારો જેઠ કપટ નામે છે તે મહાજૂઠો છે. કાયા મન સાથે વિચારે છે કે - આ અટારા કુટુંબને કેમ જાળવવું ? તે કુટુંબ મારી સાથે નિરંતર રોષ કરે છે. મારું સાસરું ને પિયર એક જ ગામમાં એટલે આ સંસારરૂપ શહેરમાં જ છે, તેથી તે કુટુંબ મારી ઉપર નવા નવા દોષ મૂકીને મને પજવે છે. ૧-૨.

**જેઠાણી મુજ પરઘર બહુ ફરે રે, દેવરને નહિં લાજ;**
**દેરાણી છે અતિ ઉછાંછળી રે, માંડે વિરૂઓ એ કાજ. કિમ. ૩ .**

**અર્થ :** મારા જેઠ કપટની સ્ત્રી પરવંચના મારી જેઠાણી ઘરે ઘરે અનેક જનોને ઠગતી ફર્યા જ કરે છે. મારો દિયર અવિવેક છે તેને લાજ જ નથી. તે અવિવેકની સ્ત્રી કુમતિ જે મારી દેરાણી છે, તે તો બહુ ઉછાંછળી છે તેથી તે ઘણાં માઠાં કાર્યો કરે છે. ૩.

**સસરો સુંહાળો રે બોલી નવિ શકે રે, સાસુડીનો નહીં વિશ્વાસ;**
**પિયરે પિતા છે મુજ રોષીઓ રે, માડલડી દેખાડે ત્રાસ. કિમ. ૪.**

**અર્થ :** મનનો બાપ જીવ તે કાયાનો સસરો તે તો બહુ સુકુમાળ છે. તે બધુ સહન કરે છે, પણ કાંઈ બોલતો જ નથી. જીવની સ્ત્રી ચેતના તે મારી સાસુ તેનો કાંઈ વિશ્વાસ નહીં. તે તો ઘડીમાં આમને ઘડીમાં તેમ એમ અનિશ્ચિતપણે રહ્યા કરે છે. કાયાનું પિયર અશુભ સ્થાનને ત્યાં રહેનાર અશુભ કર્મ તે કાયાના પિતા દુષ્કર્મની સ્ત્રી કુગતિ મારી માતા તે બંને તો મને ત્રાસ આપે છે. ૪.

**ફુવો બેઠો રે ખીખી બહુ કરે રે, ફુઈડી લગાવે મુજ રાવ;**
**પરઘરભંજક મામો માહરો રે, મામીનો ખોટો સ્વભાવ. કિમ. ૫.**

**અર્થ :** દુષ્કર્મની બહેન વેદના, તેનો ધણી શોક તે કાયાનો ફુવો થાય છે તે આ બધું જોઈને ખીખી હસ્યા જ કરે છે. અને તેની સ્ત્રી વેદના

જે કાયાની ફુઇ તે તો મારી રાવ-ફરિયાદ તેની પાસે કર્યા જ કરે છે. દુષ્કર્મની સ્ત્રી વેદનાનો ભાઇ અહંકાર તે કાયાનો મામો તે નિરંતર પારકાં ઘર ભાંગવાનો ધંધો જ કરે છે. અહંકારની સ્ત્રી માયા તે કાયાની મામી છે તેનો સ્વભાવ તો બહુ જ ખોટો છે, ખરાબ છે. એ મામા મામીએ તો આ જગતને બહુ હેરાન કર્યું છે. ૫.

**માસી લૂંટે મંદિરમાં પૈસાની રે, માસા દેખંદ લઇ જાય;**
**કામ કરાવે જોરે ભાઇલો રે, ભોજાઇ વઢવા ધાય. કિમ. ૬**

**અર્થ :** વેદનાની બેન તૃષ્ણા તે કાયાની માસી કાયારૂપી ઘરમાં પેસીને ધર્મરૂપ ધનને લોભરૂપ માસાના દેખતાં લઇ જાય છે. દુષ્કર્મનો પુત્ર મોહ માયાનો ભાઇ તે જોરાવરીથી અનેક પ્રકારનાં કામ-અશુભ કાર્ય કરાવે છે અને તેની સ્ત્રી કુશિક્ષા કાયાની ભોજાઇ તે તો કાયમ વઢવા જ ધાય છે-વઢ્યા જ કરે છે. ૬.

**ફંદ પાડે રે પિતરીઓ વળી રે, પિતરાણી કમજાત;**
**દાદો મારો ધુરથી લોભિયો રે, દાદી કરે બહુ ઘાત. કિમ. ૭**

**અર્થ :** દુષ્કર્મનો ભાઇ વિષય તે કાયાનો પિતરાઇ થાય છે તે જીવને નવા નવા ફંદમાં પાડ્યા જ કરે છે. વિષયની સ્ત્રી કુમતિ તે કાયાની પિતરાણી મહા કમજાત છે. દુષ્કર્મનો બાપ પાપ તે કાયાનો દાદો થાય છે. તે પ્રથમથી જ લોભીઓ છે અને તે પાપની સ્ત્રી અશુભ આચરણા-કાયાની દાદી તે તો અનેક પ્રકારે કાયાનો ઘાત કરે છે-કાયાને દુર્ગતિમાં નાખીને પીડે છે. ૭.

**બેટડી તપાવે મુજને અતિ ઘણું રે, જમાઇ કરે રે સંતાપ;**
**બેટો રહે રે મુજથી રૂસણે રે, વહુઅરે દે છે સરાપ. કિમ. ૮**

**અર્થ :** કાયાની બેટી-પુત્રી ચિંતા તે મને બહુ તપાવે છે અને ચિંતાનો પતિ જે રોષ તે કાયાનો જમાઇ થાય તે પણ બહુ સંતાપે છે.

કાયાનો પુત્ર જે અદોષ તે તો કાયાથી કાયમ રૂસણે રહે છે-જાુદો જ રહે છે. તેની સ્ત્રી આશા કાયાની વહુઅર તે તો કાયમ શ્રાપ જ દીધા કરે છે. ૮.

**નિર્લજ્જ મારો વડુઓ સહુ કહે રે, વડીઆઇ વિકરાળ;**
**કોઇ ભલું નહીં એહ કુટુંબમાં રે, બોલે આળપંપાળ. કિમ. ૯**

**અર્થ :** કુગતિનો બાપ મિથ્યાત્વ તેને કાયાનો વડુઓ (માતાનો પિતા) સહુ કહે છે પણ તે તો મહાનિર્લજ્જ છે, અને તેની સ્ત્રી અવિરતિ જે મારી વડીઆઇ (માતાની માતા) કહેવાય છે તે તો મહાવિકરાળ છે. આ બંને મિથ્યાત્વને અવિરતિએ જ આ સંસારમાં અનંતકાળ પર્યંત જીવને ભમાવ્યો છે, રખડાવ્યો છે. આ કુટુંબમાં કોઇ સારું કે ભલું નથી. બધાં આળપંપાળ જેમતેમ બોલે છે અને મનમાં આવે તેમ કરે છે. ૯.

**ઇણે ગામે દો ચોર નિત્યે ફરે રે, તિણે સુખ નહીં લવલેશ;**
**એ મૂકીને જે અળગા રહે રે, તે પુણ્યવંત વિશેષ. કિમ. ૧૦**

**અર્થ :** આ ગામમાં એટલે આ સંસારમાં સંયોગ ને વિયોગ નામના બે ચોર વસે છે, તે કાયમ ફર્યા કરે છે. તેણે કરીને જીવને લવલેશ માત્ર પણ સુખ નથી. જે પ્રાણી એ સંસારને મૂકીને અળગા રહે છે-સંસારને તજી દે છે તે જીવો વિશેષ પુણ્યવંત કહેવાય છે. તેને સંયોગ, વિયોગ દુ:ખ આપી શક્તા નથી. ૧૦.

**એહ અર્થ કહ્યો અગોચરુ રે, સદ્ગુરુને આધાર;**
**કર જોડી મુનિ દયાશીલ કહે રે, જોજો પંડિત વિચાર. કિમ. ૧૧**

**અર્થ :** આ સજ્ઝાયનો અર્થ અગોચર ન સમજાય તેવો છે, કારણ કે તેમાં અભ્યંતર ભાવ ભર્યો છે. અહીં જે ઉપનય દર્શાવવામાં આવ્યો છે તે મેં સદ્ગુરુને આધારે અવલંબને કહેલ છે. સજ્ઝાયના કર્તા દયાશીલ મુનિ હાથ જોડીને કહે છે કે - હે પંડિતો ! તમે તેનો અર્થ વિચારી જોજો. ૧૧.

(શ્રી જૈનધર્મ પ્રકાશ, પુસ્તક - ૫૬, અંક-૫)

## (૧૦)

# મોક્ષનગરની સજ્ઝાય

મોક્ષનગર માહરૂં સાસરૂં, અવિચલ સદા સુખ વાસ રે,
આપણા જિનવર ભેટીયે, તિહાં કરો લીલ વિલાસ રે. મોક્ષ. ૧.

જ્ઞાન દરિસન આણાં આવીયો, કરો કરો ભક્તિ અપાર રે,
શિયળ શૃંગાર પહેરો શોભતા, ઊઠી ઊઠી જિન સમરંત રે. મોક્ષ. ૨.

વિવેક સોવન ટીલું તપ, જીવદયા કુંકુમ રોલ રે,
સમકિત કાજલ નયણરો, સાચું સાચું વચન તંબોળ રે. મોક્ષ. ૩.

સમતા વાટ સોહામણી, ચારિત્ર વહેલ જોડાવ રે,
તપ, જપ, બળદ ધોરી જોતરો, ભાવના ભાવે રસાલ રે. મોક્ષ. ૪.

કારમું સાસરૂં પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે,
જ્ઞાનવિમલ મુનિ ઈમ ભણે, તિહાં રે મુક્તિનું ઠામ રે. મોક્ષ ૫.

ઉત્તમ સજ્ઝાય સંગ્રહ. પાન-૨૮૫.

## (૧૧)

# શ્રી પાર્શ્વ પ્રભુનું સ્તવન

(અર્થ સહિત-વામા માતાના જમણનો થાળ)

(રાગ : માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે)

માતા વામાદે બોલાવે જમવા પાસને,
જમવા વેળા થઈ છે રમવાને શીદ જાવ,
ચાલો તાત તુમારા બહુ થાયે ઉતાવળા,
વહેલા હાલોને ભોજનિયાં ટાઢાં થાય. માતા વામાદે. ૧.

માતાનું વચન સુણીને જમવાને બહુ પ્રેમશું,
બુદ્ધિ બાજોઠ ઢાળી બેઠા થઇ હોંશિયાર,
વિનય થાળ અજુઆલી લાલન આગળ મૂકિયો,
વિવેક વાટકી શોભાવે થાળ મોઝાર. માતા વામાદે. ૨.

સમકિત શેલડીના છોલીને ગાંઠા મૂકિયા,
દાનના દાડમ દાણા ફોલી આપ્યા ખાસ,
સમતા સીતાફળનો રસ પીજો બહુ રાજિયા,
જુક્તિ જામફળ આરોગોને પ્યારા પાસ. માતા વામાદે. ૩

મારા નાનડીયાને ચોખ્ખા ચિત્તના ચુરમાં,
સુમતિ સાકર ઉપર ભાવશું ભેળું ઘૃત,
ભક્તિ ભજિયાં પીરસ્યાં પાસકુમારને પ્રેમશું,
અનુભવ અથાણાં ચાખો ને રાખો શરત. માતા વામાદે. ૪

પ્રભુને ગુણ ગુંજાને જ્ઞાન ગૂંદવડાં પીરસ્યા,
પ્રેમના પેંડા જમજો માન વધારણ કાજ,
જાણપણાની જલેબી જમતાં ભાંગે ભૂખડી,
દયા દૂધપાક અમીરસ આરોગોને આજ. માતા વામાદે. ૫

સંતોષ શીરો ને વળી પુન્યથી પૂરી પીરસી,
સંવેગ શાક ભલાં છે દાતાર ઢીલી દાળ,
મોટાઇ માલપૂઆને પ્રભાવનાના પુડલા,
વિચાર વડી વઘારી જમજો મારા લાલ. માતા વામાદે. ૬.

રુચિ રાયતાં રૂડાં પવિત્ર પાપડ પીરસ્યાં;
ચતુરાઇ ચોખા ઓસાવી આણ્યા ભરપુર,
ઉપર ઇન્દ્રિય દમન દૂધ તપ તાપે તાતું કરી,
પ્રીતે પીરસ્યું જમજો જગજીવન સહનૂર. માતા વામાદે. ૭.

પ્રીતિ પાણી પીધાં પ્રભાવતીના હાથથી,
તત્ત્વ તંબોલ લીધાં શિયલ સોપારી સાથ,
અક્કલ એલાયચી આપીને માતા મુખ વદે,
ત્રિભુવન તારી તરજ્યો જગજીવન જગનાથ. માતા વામાદે. ૮.

પ્રભુના થાળ તણા જે ગુણ ગાવે ને સાંભળે,
ભેદ ભેદાન્તર સમજે જ્ઞાની તેહ કહેવાય,
ગુરુ ગુમાન વિજયનો, શિષ્ય કહે શિરનામીને,
સદા સૌભાગ્ય વિજય થાએ, ગાવે ગુણ સદાય. માતા વામાદે. ૯.

**અર્થ :** એક વખતની વાત છે કે જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુ બાલ અવસ્થામાં હતા ત્યારે તેમનાં માતા વામાદેવી તેમને જમવા માટે બોલાવે છે, અને પછી પ્રભુ જ્યારે જમવા બેસે છે ત્યારે વામામાતા તેમને જમણમાં કઈ કઈ વાનગીઓ પીરસે છે ? કરો ત્યારે વાંચવાની શરૂઆત. જોજો મોંઢામાં પાણી ન છૂટે, આ બધી તો ભાવ વાનગીઓ છે.

જમવામાં થાળી મૂકવા માટે જે બાજોઠ જોઈએ તે બુદ્ધિરૂપી બાજોઠ લઈને ત્રણ જ્ઞાનના સ્વામી એવા પ્રભુ જમવા બેસે છે. વામા માતા તે બાલ પ્રભુની આગળ વિનયરૂપી થાળ સ્વચ્છ કરીને મૂકે છે.

હવે આ થાળની અંદર વામા માતા બાલ અવસ્થાવાલા પ્રભુને જમણ પીરસવાની શરૂઆત કરે છે. દાન રૂપી દાડમના દાણા ફોલીને આપે છે. સમકિત શેરડીને છોલીને તેના નાના નાના કટકા કરી પુત્ર (લાલ) આગળ મૂકે છે. સમતારૂપી સીતાફળનો રસ પણ કાઢી આપે છે. જુક્તિરૂપી જામફલ પણ કાપીને ખાવા માટે આપે છે. ચિત્તની નિર્મલતા રૂપી ચૂરમાના લાડવા ખાવા આપે છે. તેમાં સુમતિરૂપી સાકર છે અને ભાવરૂપી ઘી ભેળવેલું છે. ચૂરમું ખાવા માટે સાથે ભક્તિરૂપી ભજિયાં પીરસે છે. અનુભવરૂપી અથાણાં પણ સાથે આપે છે. જ્ઞાનનાં ગૂંદવડાં અને પ્રેમના પેંડા પીરસે છે સાથે જાણપણાની જલેબી પણ મૂકવામાં આવે છે. દયારૂપી દૂધપાક પણ આપવામાં આવે છે, સંતોષરૂપી શીરો

અને પુણ્યની પુરી પીરસવામાં આવે છે અને દાતારૂપી ઢીલી (નરમ) દાળ પણ જમણમાં છે. મોટાઈરૂપી માલપૂઆ અને પ્રભાવનારૂપી પુડલા પણ માતાએ પુત્રને માટે બનાવેલા તે આપે છે. વિચારરૂપી વડી પણ વઘારીને આપે છે. રુચિ રૂપી રાયતું અને પવિત્ર પાપડ પણ પીરસવામાં આવે છે. છેલ્લે જમણમાં ચતુરાઈરૂપી ચોખા તૈયાર કરીને (ઓસાવીને) માતા લાવે છે. તેની સાથે ઈન્દ્રિયદમનરૂપી દૂધને તપરૂપી તાપથી (અગ્નિથી) ગરમ કરીને આપે છે અને પ્રીતિરૂપ પાણી પ્રભુએ પ્રભાવતીના હાથથી પીધું.

આમ આ ભાવ ભોજનની વાનગીઓ જમ્યા પછી તત્ત્વરૂપી તંબોલ મુખવાસ, શિયલરૂપી સોપારી અને અક્કલરૂપી એલાયચી માતા વામાદેવી પુત્રને મુખવાસમાં આપે છે. માતા જમીને ઊભા થતાં પુત્રને શિખામણ આપે છે કે હે જગજીવન ! તમે તરીને જગતના જીવોને જરૂર તારજો.

કવિ આ સ્તવનની સમાપ્તિમાં કહે છે કે આ પ્રભુના થાળના જે ગુણ ગાશે અને સાંભળશે અને જે તેનો અર્થ સમજશે તે જ્ઞાની કહેવાશે.

(કર્તા પૂ. શ્રી સૌભાગ્યવિજયજી મહારાજ છે.)

એક દૃષ્ટિએ જોતાં એમ પણ જરૂર લાગે છે કે આ સ્તવનની રચના સંપૂર્ણ આધ્યાત્મિક છે. કારણ કે ખાવાનાં દ્રવ્યોનાં નામોની કલ્પના એકલા ગુણ ઉપર જ આધારિત છે માટે.

કવિએ પ્રભુના જીવનના એક નાનકડા પ્રસંગને આવરી લઈને આપણને કેવો સરસ બોધપાઠ આપ્યો છે અને બોધ-જ્ઞાન આપવાની રીત પણ કેવી સુંદર છે.

આ લેખ શ્રી પાર્શ્વપ્રભુના જમણનો થાળ (સ્તવના) છે. તેના આધારે જ લખવામાં આવેલ છે.

રૂપકાત્મક હરિયાળીનું રસિક ઉદાહરણ આધ્યાત્મિક ભોજનનો આ સ્વાદ કરાવે છે. (વિધિ સંગ્રહ પા. ૫૫૫)

# (૧૨)

# આન્તરીક શુદ્ધપ્રેમ લગ્ન વિષે હરિયાળી

પ્રભુની સાથે બાંધોરે, પ્રેમનો સંબંધ સાચો;
પ્રભુથી પ્રેમ જોડીરે, આનન્દરસમાંહી રાચો. પ્રભુની.

ચાર ભાવના ચોરી બાંધી, વિવેક માંડવો સાર;
સંયમના લીલુડા વાંસો, ભક્તિ ઘટ જયકાર;
શ્રદ્ધાના તોરણ બાંધીરે, મનમાંહી બહુ માચો. પ્રભુની. ૧

સમકિતનાં પિયરીયાં પ્યારાં, વિવિધ ગીતો ગાય;
શુભ પરિણતિ સાહેલી વૃન્દો, આનંદથી ઉભરાય;
ભાવથકી શૃંગારો રે પહેરે, ભાવ નહિ કાચો. પ્રભુની. ૨

ભાવચરણ સાસરીયાં આવ્યાં, ઉત્તમ જાનજ લેઈ;
આત્મપતિનું લગ્નજ કરવા, અન્તર્ લક્ષ્યને દેઈ;
વાજીંત્રો વાગે પ્યારાં રે, અનહદ ધ્વનિ કેઈ. પ્રભુની. ૩.

સત્યતણી દુંદભિ ગાજે, બેન્ડ શીલ સુખકાર;
ઐક્ય ભાવની વેદી આગળ, બેઠાં બન્ને જયકાર;
વર વહુ પરણે રે, ચાર ફેરા ફરે ધારી. પ્રભુની. ૪

નિઃસંગ દશાનો પહેલો ફેરો, બીજો સ્વાર્પણ ફેરો;
એકતાનનો ત્રીજો ફેરો, ચોથો અનુભવ લ્હેર;
પરણ્યા એમ બન્ને રે, અન્તર્માં સુખકારી. પ્રભુની. ૫

આતમ તે પરમાતમ સાચો, પ્રભુ ખરો દિલમાંહી;
લગ્ન ખરાં સમતાનાં તેથી, અન્તર્ દૃષ્ટિથી આંહી;
બુદ્ધિસાગર સેવો રે, પ્રેમનો સંબંધ બાંધી. પ્રભુની. ૬

---

ભજનપદસંગ્રહ. ભા.-૮, પા.-૭

# (૧૩)

## ધર્મના વ્યાપારની સજઝાય.

વેપાર કીજે હો વાણિયા જેમ, કમાયે ક્રોડ આતમ,
દોઢા સવાયા બમણા કરે, નાવે જેહમાં ખોટ આતમ. (૧)

જૈન શાસન હાટ મનોહરું, સમકિતની પેઢી સાર આતમ,
મિથ્યાત્વ કચરો કાઢીને, શ્રદ્ધા ગાદી ઉદાર આતમ. (૨)

જ્ઞાનક્રિયા દોય ત્રાજવા, ધૈર્યની માંડી ધાર આતમ,
સ્યાદ્‌વાદ સત્ય ભાવના, તપ તોલા શ્રીકાર આતમ. (૩)

શુભ કરણી કરીયાણા રાખીને, દાનાદિક ચાર રતન આતમ,
શ્રાવક ધર્મ શ્રીફલ ભલા, કીજીએ તાસ જતન આતમ. (૪)

પર ઉપકાર ગોળ ગળ્યો ઘણો, વિનય ધૃત મનોહાર આતમ,
તત્વના તાંબુલ ઉજવલા, દયા સુખડી અમૃત વેલ આતમ. (૫)

વિવેક વસ્ત્ર વારૂ ઘણા ધ્યાન, તે ધાન્ય વિશેષ આતમ,
સુમતી સોપારી શોભતી, એમ કરીયાણા અનેક પ્રકાર આતમ. (૬)

એમ વ્યાપારે વાણિયા, કોઈ ન માગે ભાગ આતમ,
આત્મા કમાણી આપની લહિએ, શિવપુર લાગ આતમ. (૭)

વિશુદ્ધ વિમલ વાણી વીરની, પીત્તાં જાયે પાય આતમ,
વ્યવહારે શુદ્ધ વાણિયા, સુખીયા થાયે આપ આતમ. (૮)

જિન શાસન-બજાર, સમક્તિ-પેઢી, સ્યાદવાદસત્ય-ભાવના, મિથ્યાત્વ-કચરો, તપ-જપ-તોલ કરવાનાં, શ્રદ્ધા-ગાદી, ચારરતન-દાન, શિયળ, તપ, ભાવના. જ્ઞાનક્રિયા - ત્રાજવાં, શ્રાવકધર્મ-શ્રીફળ, ધૈર્ય (ધીરજ) - દાંડી સમતા, પરોપકાર-ગોળ, વિનય-ઘી, તત્ત્વની વાત-તાંબુલ, વિવેક-વસ્ત્ર, સુમતી - સોપારી.

# પ્રકરણ - ૩/૩

# વર્ણનાત્મક હરિયાળી

કેટલીક હરિયાળીઓ વર્ણનપ્રધાન છે. અધ્યાત્મ સાધનામાં બાહ્ય સાધનો (વસ્તુઓ)નો ઉપાદાન તરીકે આશ્રય લેવામાં આવે છે તેને કેન્દ્રમાં રાખીને આવી હરિયાળીઓ રચાઇ છે. પ્રહેલિકા કે સમસ્યાના ઉકેલ શોધવાની સંસ્કૃત સાહિત્યની કાવ્ય પ્રણલિકામાંથી ગુજરાતી ભાષામાં તેનો ઉદ્દ્ભવ થયો હોય એમ માનવામાં આવે છે.

કવિ કોઇ એક વસ્તુ કે સાધનોનો વિવિધ રીતે પરિચય આપે છે અને તે ચીજ કે વસ્તુ કઇ છે તે શોધવા માટે જિજ્ઞાસા જાગે છે. બુદ્ધિને કસોટીએ ચઢાવીએ અને ઊંડા વિચારોને અંતે વર્ણવેલી વસ્તુ શોધી શકાય છે, તેના આરંભમાંજ આવો ઉલ્લેખ થયેલો હોય છે.

ઉદા. તરીકે જોઇએ તો -

"ચતુર વિચારો ચતુર વિચારો, એ કોણ કહીયે નારી રે,
એક નારી દોય પુરુષ મળીને, નારી એક નિપાઇ રે."
"એ ચીજ તે એવી કઇ કઇ રે લોલ."

"રે કોઇ અજબ તમાસા દેખો, જહાં રૂપ રંગ ન રેખા.
"સુગુણાનર એ કોણ પુરૂષ કહાયો?"

ઉપરોક્ત પંક્તિઓથી શરૂ થતી હરિયાળીઓમાં જિજ્ઞાસા દ્વારા વસ્તુ-સાધન કે ચીજ કઇ છે તે શોધવાનો સંદર્ભ મળે છે. વસ્તુનું વર્ણન એવા પ્રકારનું હોય છે કે તે ઉપરથી વિચારને અંતે જવાબ મળી જાય છે ત્યારે સાનંદાશ્ચર્યની અનુભૂતિ થાય છે. હૈયે છે ને હોઠે આવતું નથી, એવો પણ અનુભવ થાય છે. હરિયાળીનાં લક્ષણમાં જિજ્ઞાસાનું તત્ત્વ છે તેનો અહીં પૂર્ણપણે ઉપયોગ થયો છે. હરિયાળી રચનાઓની વિવિધતામાં વર્ણનાત્મક કૃતિઓ તેની નવીનતા અને સમૃધ્ધિનો પરિચય કરાવે છે.

(૧)

કામિની કોઇ કોપે ચઢી નિજ નાથને મારે,
મારતા દેખે ઘણા પણ કોઇ ન વારે. કા. ॥૧॥

નાડો નાથ જાણી કરી, પૂડે ઉજાણી,
માથે મારી આણિયો, ઘરમાંહિ તાણી. કા. ॥૨॥

પરપુરૂષ હાથે ગ્રહી, તવ માને સુખ,
ઉંઘમુખી ધણી આગલે, હિયે નાથને દુઃખ. કા. ॥૩॥

ધનહર્ષ પંડિત ઇમ કહે, સુણજો ગુણવંત,
નામ કહો તે નારીનું, જો હો બુધ્ધિવંત. કા. ॥૪॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૨૪

માયારૂપી સ્ત્રી આત્મારૂપી પતિને મારવા લાગી (માયામાં લપટાયો) આવા માયામાં લપટાયેલા આત્માને સંસારના લોકો જુએ છે પણ અટકાવી શકતા નથી. માયાને કારણે આત્માપતિ નિર્બળ થઇ ગયો.

ક્રોધ, કામ, મદ, માન, મોહ, હર્ષ વગેરે શત્રુઓને કારણે આત્મા નિર્બળ થયો છે. માયાને વશ થયેલો આત્મા તેનો ત્રાસ સહન કરીને આત્મા પર સત્તા જમાવી દીધી. અન્ય પુરુષ મોહનો હાથ પકડીને તેનો ભૌતિક સુખ માણવા લાગી, આત્માને આવી સ્થિતિથી ઘણું દુઃખ થાય છે.

(માયા-સ્ત્રી, મોહ, અન્ય પુરુષ-આત્મા,પતિ)

(૨)

બોલાવી એક બોલ ન બોલે, કોઇક કામિની કાલી રે,
મોટી થઇ પણ લાજ ન આણે, નવિ તે પહેરે ફાલી રે. બો. ॥૧॥

અગ્નિ ન ચોલે નીર ન બોળે, નવિ તે વાયે હાલે રે,
કહ્યું કરે તે નિજ માતાનું, માતને પાસે ચાલે રે. બો. ॥૨॥
અન્ન ન ખાવે નીર ન પીવે, ભૂત ન ગ્રહવે તાસ રે,
પંડિત અરથ વિચારી જૂઓ, તુમ્હ પાસે તસ વાસ રે. બો. ॥૩॥
નવિ તે રાતી નવિ તે માતી, નવિ કહે તે માંડી રે,
સાધુ તણે પણ વાસે રહેવે, ન સકે કો તસ છાંડી રે. બો. ॥૪॥
એ તો કુણ થકી નવિ બીએ, વિષમ ઠામ પણ પેસે રે,
તે છોકરડી માને ખોળે, બેસારી નવિ બેસે રે. બો. ॥૫॥
હાથ પગ માથું તસ દીસે, ચાંપી દુઃખ ન પાવે રે,
મા બેટીને નેહ નહીં પણ, માને પાસે થાવે રે. બો. ॥૬॥
કામ ન જાગે શરમ ન જાગે, ભાર ન લાગે કોય રે,
સુધન હર્ષ કહે અરથ કઈઓ, એહ તણો જે હોય રે. બો. ॥૭॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૨૧

પાગલ સ્ત્રી-વાસના. એની માતા-તૃષ્ણા છે. વાસનાને કોઈ શરમ નથી. અગ્નિ બાળી શક્તો નથી, પાણી કે હવાથી કોઈ અસર થતી નથી. વાસનારૂપી પાગલ સ્ત્રી તૃષ્ણારૂપી (ઈચ્છાઓ) માતાના કહ્યા પ્રમાણે વર્તે છે.

નવકારવાળી સ્ત્રી અને માતા-ચેતના (આત્મશક્તિ) નવકારવાળી જડ છે, ચેતના-માતા છે, એટલે જડ-ચેતન વચ્ચે સ્નેહ ન હોય. નવકારવાળી કોઈનાથી ગભરાતી નથી. જીવનની સમ-વિષમ પરિસ્થિતિમાં તેનો આશ્રય લઈને જાપ કરવામાં આવે છે. 'મસ્તક' એટલે નવકારવાળીનો મેરૂ. નવકારવાળીનું કોઈને વજન લાગતું નથી.

## (૩)

ધવલ શેઠ નિજનગરથી જલમંદિર આવે,
તે તેહને રહેવા ભણી, ઘર એક કરાવે. ધવલ. ॥૧॥

ચતુર તે ચાર દિશે થકી, આવે ઘર માંહિ,
શ્રવણે ઘૂઘર ઘમકતા, સાંભળતાં પ્રાહિ. ધવલ. ॥૨॥

તેહને અહીં આવ્યા પછી બહુ સંતતિ હોવે,
તે તિહાં, ઈનો એકલો, પણ કણ જઈ જીવે. ધવલ. ॥૩॥

નિજવર્ણ દૂરે કર્યો, તસ ચોથી પરિઓ,
કહો પંડિત તે સ્યામણી, જે બલનો દરિયો. ધવલ. ॥૪॥

ચોથે પરિએ તેહને, ઘણું વાધ્યું મૂલ,
જે સેવતાં સર્વને, બલ હોય અતુલ. ધવલ. ॥૫॥

ધનહર્ષ પંડિત ઈમ ભણે, કહો તેહનું નામ,
પ્રાહિ સર્વ મનુષ્યને, જે સાથે કામ. ધવલ. ॥૬॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૨૦

ધવલ શેઠ એટલે આત્મા. મંદિરરૂપી નગર. ઘુઘરાનો અવાજ બાળકોને રમાડે છે તે આત્મા શરીરધારી બની સંસારમાં રહીને પરિવારની વૃદ્ધિ કરે છે. આત્મા પરિવારથી અલગ થઈ જાય છે. આત્માના અનંત ગુણો છે. આત્માનું મૂળ ઊંડું છે. આત્માના ગુણોનું પ્રગટીકરણ જ્ઞાનદર્શન ચારિત્રના સેવનથી થાય છે, અને આત્મશક્તિ વધે છે. એનું નામ રત્નત્રયી. દરેકને તેની જરૂર પડે છે.

## (૪)

એક નગર ઊચુંઅ છે, પાલિ નીચી જોએ,
એક વર્ણ તેહમાંય છે, નવિ બીજી કોએ. એક. ॥૧॥

સાહમાં પાંચ જણ ગયા, તસ આવત જાણિ,
તેને આદર બહુલો કરી, ધરિ આણ્યો તાણિ. એક. ॥૨॥

પાછી જઈને નવિ શકે, તિણિ નગર પ્રધાને,
બીજો તિહાં આવી રહે, તેહને અભિધાને. એક. ॥૩॥

આવ્યો તેહને પ્રાહુણે, બહુ વાધ્યો નેહ,
સર્વ કુટુંબ ખુશી થયું, ભલે આવ્યો એહ. એક. ॥૪॥

ધનહર્ષ પંડિત ઈમ ભણે, તે કવણ કહીજે,
જસ સેવા મહિમા થકી, બહુ બુદ્ધિ લહીજે. એક. ॥૫॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૧૯

આત્મારૂપી નગર છે જે ઘણું ઊંચું છે. વિરતિને આવતી જોઇ પાંચ વ્યક્તિ એટલે પાંચ મહાવ્રત-વિરતિની સામે ગયા. આત્મા નગરનો પ્રધાન સંયમ છે. સંયમના પ્રભાવથી બીજાં ગુણો વિકાસે છે તે તેની સાથે રહે છે. વિરતિને સંયમ સાથે પ્રેમ થયો અને સેવા કરવા વૈયાવચ્ચ ગુણ વિકાસ પામે છે. સંયમધરની સેવાનો મહિમા અપાર છે.

## (૫)

સાત નારી સિર ઉપરે, એક નર ઉપાડે,
આપ ગુણે કરી લોકને, ઘણો હરખ પમાડે. સા. ॥૧॥

જે નર બહુ છોરૂ જણે, બે નર સંયોગે,
તે છોરૂ સઘલાં ભલાં, આવે સહુને ભોગે. સા. ॥૨॥

સાત કાન તેહને છે, ચાંપતાં રોવે,
સભામાંહિ નાગી રહે, તેહને સહુ જોવે. સા. ॥૩॥

એક ઉદર છે તેહને, મલ મૂત્ર ન રાખે,
અરધો કેડ કંદોરડો, પંડિત ઈમ ભાખે. સા. ॥૪॥

ધનહર્ષ પંડિત ઈમ ભણે, જો તુમ્હે સમર્થ,
ગરથ ન કાંઈ માંગિયે, કહો એહનો અર્થ. સા. ॥૫॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૧૮

એક પુરુષ - પાર્શ્વનાથ ભગવાન. સાત સ્ત્રી - સાત ફણા. સાત ફણા ભગવાનના મસ્તક પર બેઠી છે. ભગવાનના ગુણોથી સૌ કોઈને અપૂર્વ આનંદ થાય છે. ભગવાન અને ભક્ત એ બે પુરુષ છે. આ બંન્નેના સંયોગથી સદ્‌ભાવરૂપી પુત્ર જન્મ્યો, આ પુત્ર સદ્‌ભાવ બધાનું સારું કરે છે. સાત કાન એટલે સાત અંગ, આ અંગ મૂર્તિના સંદર્ભમાં રહે છે. પેટ છે છતાં મળ-મૂત્ર નથી, મૂર્તિ વસ્ત્ર સહિત છે. રડવાનો સંદર્ભ પ્રભુ મૂર્તિ દ્વારા કરુણાભાવ દર્શાવે છે. મૂર્તિના કમરના ભાગ પર કંદોરો હોય છે. આ હરિયાળીનો અર્થ સાત ફણાવાળા પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે.

## (૬)

ડુંગર છે રળિયામણો, એક નારી ચાલે,
સાથે એક પરુષ ભલો, વલી પાછી વાલે. ડું. ॥૧॥

એકલ કો બહુસ્યું ભડે, પણ તોહે ન હારે,
જે નર એસ્યું બલ કરે, તસ મૂલથી વારે. ડું. ॥૨॥

વદન ચરણ તેહને નહીં, નવિ કાંઈ ખાવે,
દાંતે છોરૂં પ્રસવતી, તસ તૃપ્તિ ન આવે. ડું. ॥૩॥

તે નારી ધરિ ધરિ અછે, પણ સાધુ ન રાખે,
ધનહર્ષ પંડિત ઈમ કહે, જિનવર ઈમ ભાખે. ડું. ॥૪॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૧૭

પહાડ એટલે મુખ. દાંત એટલે પુરુષ. જીભ એટલે સ્ત્રી. જીભ એકલી જ લડે છે છતાં હારતી નથી. તેને વચનરૂપી પુત્રને જન્મ આપ્યો. સાધુ ભગવંત ભાષા સમિતિ અને વચન ગુપ્તિનું પાલન કરે છે, તે સંદર્ભ સમજવો એટલે તે એમની સાથે રહે છે. જીભને સંતોષ નથી. દરેકની ત્યાં તે છે. (જીભ) પણ સાધુભગવંત સમિતિ અને ગુપ્તિ દ્વારા તેને પોતાની પાસે રાખતા નથી. ભગવાનની વાણી આ પ્રમાણે સમજવી. જિનવચન

સમિતિ અને ગુપ્તિનું પાલન એજ સંયમ છે એવો અર્થ સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે.

## (૭)

કાન છે પણ સુને ન કાંઈ, દાંત નહીં પણ ચાવે રે,
તેહને આભડછેટ ન હોવે રે, સહું પીરસ્યું ખાવે રે. કા. ॥૧॥
પૂરવ પશ્ચિમ ઉત્તર દક્ષિણ, કામ હોય તો હીંડે રે,
હીંડતાં જે હડિએ આવે, તેહ તણું ફળ ફેડે રે. કા. ॥૨॥
તેહને પેટ થકી જે જાયો, નાન્હડિઓ વારૂ રે,
પર ઉપગારી તેહ ભણી જે, પ્રાણ તણી આધારું રે. કા. ॥૩॥
અર્ધ તેહનું ભૂમિ દીસે, અર્ધ તે ગિરિને શૃંગે રે,
કામ માંહિ જો કામિનિ પેસે, તો તો આવે રંગ રે. કા. ॥૪॥
મેં જોયા પણ પાય ના દીસે, કર દીસે વલિ તેહને રે,
પાંવ(પગ) તણું તે કહ્યું કરે રે, તો હોય ઊંધી ગતિ તેહને રે. કા. ॥૫॥
માસ બે ચાર વિમાસીજી જો, તે શું નરકે નારી રે,
ધનહર્ષ પંડિત ઈણ પરિ પૂછે, કહેજ્યો અરથ વિચારી રે. કા. ॥૬॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૧૬

આ હરિયાળીનો જવાબ 'પડછાયો' છે. (Shadow) એનું શરીર મસ્તકથી પગ સુધીનું છે. ઉપરનો અડધો ભાગ શિખરનો છે. પડછાયાને પગ નથી હાથ છે. પગની વાત માનવામાં આવે તો પડછાયાની ગતિ અવળી થઈ જાય છે.

## (૮)

બેઉ નપુંસક એકઠા રે, કરિયા એકજ ઠામિ,
માંહે માંહે મેળવ્યા રે, તે ત્રીજે નર નામિ રે. પં.
અરથ કહે મુક્ત એહ રે, પંડિત સાંભલો. ॥૧॥

તે ત્રણ નારીસ્યું મિલા રે, પુત્રી હુઇ તામ,
ડગલો એક ન ચાત રે, જો હોય શત કામ રે. પં. ॥૨॥

ચોખા મુક્તાફલ તણો, જેણે પહેર્યો હાર,
માણિક ઠવિઉ હારમાં, જે છે ગુણનો ભંડાર. પં. ॥૩॥

રંગ ધરે સહુ તેહસ્યું, તે પણ રંગ ધરંતિ,
બે રંગીલા જો મિલે, તો પૂગે મન ખંતિ. પં. ॥૪॥

તે સહુ મુખ આગલ રહે, ન હોય કેહને દુઃખ,
હિંદુ સહુને વલ્લહો, જે દીઠે હોય સુખ રે. પં. ॥૫॥

ગુણ મોટા છે જેહમાં, કરે તો મંગલ માલ,
ધનહર્ષ પંડિત એહને જાણે, અરથ વિશાલ રે. પં. ॥૬॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૧૫

બે નપુંસક દર્શન અને જ્ઞાન. બંન્ને ભેગા થઈને ત્રીજા પુરુષને મળ્યા, ત્રીજો પુરુષ ચારિત્ર.

આ ત્રણ ભેગા થઈને એક સ્ત્રીને મળ્યા. સ્ત્રી-વિરતિ તેને એક પુત્રીને જન્મ આપ્યો, આ પુત્રી એ મુક્તિ. સિધ્ધશિલાના વર્ણનનો ઉલ્લેખ કરીને મુક્તિનું સ્થાન દર્શાવ્યું છે. 'હાર' સિધ્ધશિલા. સિધ્ધપદ લાલ રંગનું છે. મુક્તિ ગતિ એ આત્માનું સર્વોચ્ચ સ્થાન છે. બધા તેની સાથે રંગાય છે એટલે કે સિધ્ધગતિ સૌ કોઈને વહાલી છે. સિધ્ધના ગુણો મંગલકારી છે. કવિએ રત્નત્રયીની આરાધના દ્વારા મુક્તિની પ્રાપ્તિના વિષયને રૂપકાત્મક રીતે વ્યક્ત કર્યો છે.

## (૯)

પુરૂષિ એક નપુંસક જાયો, તાણી આગલિ કીધો રે,
જીવ જીવ તે ઉભો રહવઇ, જગમાં તેહ પ્રસિધ્ધો રે. પુ. ॥૧॥

તેહનું મંદિર છઇ અતિ ઊંચું, ભવતાં પાર ન આવઇ રે,
સહુ થઇ માણસ તેઈના ઘરથી, જે જોઇ તે પાવઇ રે. પુ. ॥૨॥
જેહ નઈ આપલિ તે હુઇ ઉભી, તેહ નઇ તે નહિ દેખઇ રે,
પ્રાહિ મોટા કારણ પાખઇ, તેહ નઈ કો ન ઉવેખે રે. પુ. ॥૩॥
ચાંદ સૂરજ પાસી તસ વાસો, નિરમલ નરસ્યું રાચઇ રે,
મસ્તકિ મેરૂ તણઈ તે રહવઇ, એમ ઇ બોલ્યું સાચઇ રે. પુ. ॥૪॥
અંબર તાઇ તે દઇ ઊંચો, કો નવિ ઢાંકઇ તેહનઉ રે,
ધનહર્ષ પંડિત ઇણપરિ બોલઇ, એથી રૂડું સહુનઇ રે. પુ. ॥૫॥

આધ્યાત્મિક હરિયાળી પા. ૧૪

દીપક-નપુંસક પુરૂષ છે. 'પ્રકાશ' સર્વત્ર છે. પ્રકાશ ઊંચો છે. પ્રકાશ પોતાની જાત પર ઊભો રહે છે. તે અન્યને જોઇ શકતો નથી. કવિએ આ કૃતિમાં પ્રકાશનું વર્ણન કરીને તેની મહત્તા દર્શાવી છે.

## (૧૦)

રે ! કોઇ અજબ તમાસા દેખા, જહાં રૂપ રંગ નહિ રેખા. ॥૧॥
અજબ ગેબી એક મહેલ બન્યા હૈ, સબ દુનિયા સે ન્યારા,
ચંદ્ર સૂર્યકી કિરન ન પહૂંચે, અખંડ જ્યોત ઉજિયારા રે. કોઈ. ॥૨॥
અધર સરોવર અમૃત ભરીયાં, તો પર બેઠા હંસા,
મુક્તાફલ કો ચુન ચુન ખાવે, વાકો લોહ ન મંસા રે. કોઈ. ॥૩॥
બાન ન વાલા બાન ચલાવે, અધર નિશાન ઉડાવે,
મારે સો તો જુગ જુગ જીવે, ચુકે સો મરજાવે રે. કોઈ. ॥૪॥
બાન બાદલે મેહ મંડાણા, ધરતી પડે ના પાણી,
જાનન હારા ભેદ વિચારે, એહ પ્રવીન નિશાની રે. કોઈ. ॥૫॥

(જવાબ - જિનવાણી, દેશના)

## (૧૧)

અવધૂ ! નામ હમારા રાખે સોઈ પરમ મહારસ ચાખે.
ના હમ પુરૂષા ના હમ નારી, વરન ન ભાંતી હમારી,
ન જાતિ ન પાંતિ ન સાધન, સાધક ના હમ લઘુ હમ ભારી.
અવધૂ. ॥ ૧ ॥

ના હમ તાતે ના હમ સીરે, ના હમ દીર્ઘ ન છોટા,
ના હમ ભાઈ ના હમ ભગિની, ના હમ બાપ ન બેટા.
અવધૂ. ॥ ૨ ॥

ના હમ મનસા ના હમ શબ્દા, ના હમ તનકી ધરણી,
ના હમ ભેખ ભેખધર નાહિ, ના હમ કરતા કરણી.
અવધૂ. ॥ ૩ ॥

ના હમ દરશન, ના હમ પરશન, રસ ન ગંધ કછુ નાહિં,
આનંદઘન ચેતનમય મૂરતિ, સેવક જન બલિહારી.
અવધૂ. ॥ ૪ ॥

---

અકલંક પુ. ૧૭૭, પા. ૯૫ (જવાબ - આત્મા)

## (૧૨)

સરસ્વતી સ્વામિની કરોરે પસાય, હું ગાઉં રૂડી કુળવહુ રે,
પિયુડો ચાલ્યો છે પરદેશ, ઘરે રહી રૂડું શીલ પાળીએ રે.
॥ ૧ ॥

હીરૂ નીરૂ સાસરીયે જાય, નાનીરે ધનુડી રમે ઢીંગલી રે,
નરપત પરપત નિશાળે જાય, નાનો તે પરિયાપન પોઢીયો પારણે રે.
॥ ૨ ॥

બાર વરસે આવ્યો રે ઘરે નહિ, છોરૂડાને કાજે ટાચકડા નવિ લાવીયો રે,

હું તને પૂછું છું સુકુલિની નાર, પિયુ વિણ છોકરડાં ક્યાં આવીયાં રે.
॥ ૩ ॥

ગોત્રાદેવ કર્યોરે પસાય, સાથે ગોત્ર ગોત્ર વધારીયાં રે,
એટલે ઊઠીને લાગ્યો રે પાય, ધન્ય પનોતી તું કુલવહુ રે.
॥ ૪ ॥

એહનો અનુભવ લેશે રે જેહ, તે પામે રૂડી શિવવહુ રે,
આનંદઘન આ ભણે રે સજઝાય, સુણતાં શ્રવણે સુખ દીએ રે.
॥ ૫ ॥

કુળવધૂ માટે પતિનું મહત્વ છે. ધન-સંપત્તિ કે સંસારની સામગ્રી નહી.

કુળવધૂ દ્વારા શીલનો મહિમા દર્શાવ્યો છે.

## હરિયાળી - રચયિતા શ્રી પાર્શ્વચંદ્રસૂરિ (હસ્તપ્રતના આધારે)

## (૧૩)

તે વિણ સરગ નરગ નહીં લે વિણ,
તે વિણ નહીં પવન તે પાણી રે,
સર-ની ફારણ નદી નહીં તે વિણ,
તે વિણ નહી નિરવાણી.
॥૧॥

પંડિત વિચારજયો એહનઉ,
અરથ કહું કવિરાજ રે,
સોલિ વરસની અવધિ કહઉ,
અથવા કહિજયો આજ.
પંડિત. ॥૨॥

તે વિણ મુગતિ સુગત નહીં,
તે વિણ નહી સમકિત મિથ્યાતરે,
લોકાલોક કંહું નહી તે વિણ,
________________અદ્ભુત વાત.
પંડિત. ॥ ૩ ॥

શ્રી પાસચંદ્ર સૂરીસર દ્રમ જંપદ્ર,
________________
નામ કહી દીધો ધુર એહનઉ.
પંડિત________________ ॥ ૪ ॥

આ હરિયાળીનો જવાબ 'પુદ્ગલ' છે.

નોંધ :- પાર્શ્વચંદ્ર ગચ્છીય જ્ઞાનભંડાર, બીકાનેરની હસ્તલિખીત હસ્તપ્રતમાંથી ઉદધૃત કરેલ છે. ખાલી જગ્યા છે ત્યાં કાળા ડાઘ શાહીના હોવાથી કોઈ શબ્દ વંચાતો નથી માટે ખાલી જગ્યા રાખી છે. પ્રથમ ત્રણ કડી સ્પષ્ટ છે અને તે ઉપરથી હરિયાળીનો ઘણોખરો વિચાર સ્પષ્ટ થાય છે.

## (૧૪)

ચતુર વિચારો ચતુર વિચારો, એ કોણ કહીએ નારી રે,
પીયુથી ક્ષણ એક અલગી ન રહે, કુલવંતી અતિ સારી રે.
ચતુર. ॥ ૧ ॥

નાધે માથે પીયુ સુરાચે, રમે ભમે પ્રીય સાથે રે,
એક દિનસા બાલા તરૂણી, નવી ગ્રહવાયે હાથે રે.
ચતુર. ॥ ૨ ॥

ચીર ચીવર પહેરી સા, સુંદરી ઊંડે પાણી પેસે રે,
પણ ભીંજાયે નહીં તસ કાંઈ, અચરીજ એ જગ દીસે રે.
ચતુર. ॥ ૩ ॥

વાદલ કાલે મરે તતકાલે, આતપ યોગે જીવે રે,
અંધારામાં નિશિએ આવે, તો દેખાડું દીવેરે.
ચતુર. ॥ ૪ ॥

અવધિ કરું છું માસ એકની, આપો અર્થ વિચારી રે,
કાંતિ વિજય વાચક શિષ્ય જંપે, બુધ જનની બલિહારી રે.
ચતુરા. ॥ ૫ ॥

(જવાબ - છાયા - જિનગુણમંજરી પા. ૭૮૭)

## (૧૫)

કહેજો ચતુર નર એ કોણ નારી, ધરમી જનને પ્યારી રે,
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળ કુમારી રે.
કહેજો. ॥ ૧ ॥

કોઈ ઘેર રાતી કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીલી રે,
પંચરૂપી છે બાળકુમારી, મનરંજન મતવાળી રે.
કહેજો. ॥ ૨ ॥

હૈડા આગળ ઊભી રાખી, નયણાં શું બંધાણી રે,
નારી નહીં પણ મોહનગારી, જોગીશ્વરને પ્યારી રે.
કહેજો. ॥ ૩ ॥

એક પુરૂષ તસ ઉપર ઠાહે, ચાર સખીશું ખેલે રે,
એક બેર છે તેહને માથે તે તસ કેડ ન મેલે રે.
કહેજો. ॥ ૪ ॥

નવ નવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારી રે,
વિનય વિજય ઉવજ્ઝાયનો સેવક, રૂપવિજય બુદ્ધિ સારી રે.
કહેજો. ॥૫॥

જિનગુણમંજરી પા. ૭૩૭ (જવાબ - નવકારવાળી)

## (૧૬)

એક નારી દોય પુરૂષ મળીને, નારી એક નિપાઈ,
હાથ પગ નવિ દીસે તેહના, મા વિના બેટી જાઈ.
એ તો દીસે છે રંગ રસીલી ચતુરનર, એ કુણ કહીએ નારી.
॥૧॥

ચીર ચુંદડી ચરણા ચોળી, નવિ પહેરે તે સાડી,
છેલ પુરૂષ દેખીને મોહે, તેહવી તેહ રૂપાળી. ચતુર. ॥૨॥

ઉત્તમ જાતિ નામ ધરાવે, મન માને ત્યાં જાવે,
કંઠે વળગી લાગે પ્યારી, સાહેબને રીઝાવે. ચતુર. ॥૩॥

ઉપાસરે તો કદીય ન જાવે, દેહરે જાયે હરખી,
નરનારી શું રંગે રમતી, સહુ કો સાથે સરખી. ચતુર. ॥૪॥

એક દિવસનું યૌવન તેહનું, ફરીય નાવે કામ,
પાંચ અક્ષર છે સુંદર તેહના, શોધી લેજો નામ. ચતુર. ॥૫॥

ઉદયરત્ન વાચક એણી પેરે જંપે, સુણજો નર ને નારી,
એ હરિયાલીનો અર્થ જે કરે, 'સજ્જનની બલિહારી'. ચતુર.॥૬॥

જિનગુણ મંજરી પા. ૭૮૪ (જવાબ - ફૂલની માળા)

## (૧૭)

સુગુણ નર એ કોણ પુરુષ કહાયો, મુજ દેખણ સે સુખ થાય.
સુગુણ. ॥ ૧ ॥

નિર્મળ તનુ બહુ નારી મળીને, પુરુષ એક બનાયો,
માતા પિતા વિન બેટો જાયો, સકળ જંતુ સુખદાયો.
સુગુણ. ॥ ૨ ॥

હાથ પગ દીસે નહીં ઉનકા, શિર પર કેશ ન સોહે,
ખાવે પીવે નિદ્રા ન લેવે, તોયે પુષ્ટ દેખાયો.
સુગુણ. ॥ ૩ ॥

ધોતી કબજો કોટ ન પહેરે, ખભે પછેડી ન દીસે,
મસ્તકે મુગટ નહિ ગળે ભૂષણ, તોયે રૂપ વિશેષ.
સુગુણ. ॥ ૪ ॥

નયણ રહિત નિત્ય યતના કરતો, જીવ દયા નિત્ય પાળે,
નરનારી શું રંગે રમતો, દુર્ગતિ દોષ નિવારે.
સુગુણ. ॥ ૫ ॥

દેવગુરૂ ચરણે સદા નમતો, સુમતિ કે મન ભાયો,
કુમતિકુ દારાકો કાજ સરે, નાહીં યોગી કે પાસ.
સુગુણ. ॥ ૬ ॥

દીર્ઘ અક્ષર સુંદર છે એના, અનુભવ લીલા વરજો,
રવિ કહે સહુ સજ્જન જનને, અર્થ લઈ આદરજો.
ચતુર. ॥ ૭ ॥

---

જિનગુણ મંજરી પા. ૭૩૭ (જવાબ - ઓઘો, રજોહરણ)

## (૧૮)

(સુણિ મેરી સજની રજની ન જાઈ રે) ॥ દેશી ॥

સુણયો (જો) પંડિત એ હરિયાળી રે, નારી એક મેં નજરે ભાળી રે,
વનમાં ઉપની નગરમાં આઈ રે, મુનિવર ચિત્તમાં અધિક સોહાઈ રે.
સુ. ॥ ૧ ॥

*રૂપ અનેક ધરે તે નારી રે, ચઉદુઅ જ્યોતિ ચ્યાર ગોલ તે સારી રે,*
ચ્યાર પાદ કરી પોહતા સાધુ રે, સેવેં તેહને હર્ષ અગાધ રે.
સુ. ॥ ૨ ॥

લિંગ રહે નિત ભગમાં જેહને રે, નારિ પુરુષ નપું સેવે તેહને રે,
કિહાં ઈક બાલ કિહાં ઈ જુવાન રે, કિહાં ઈક મોહરી દીસે સુવાન રે.
સુ. ॥ ૩ ॥

બાળ મુનિને ગમે પ્રાઈ બાળ રે, મોહટાને તિમ મોહરી ભાળિ રે,
પંચ વરણના પહેરે ચોલા રે, વાહલી લાગે સહુને અમાલા રે.
સુ. ॥ ૪ ॥

ચતુર સુણી કહો એ કુણ નારી રે, ષટ્ મહીનાની અવધિ વિચ્યારી રે,
એ નારીનો સંગ તે કીજે રે, કેવળજ્ઞાન તે વહેલું લીજે રે.
સુ. ॥ ૫ ॥

શબ્દ અરથ સુણે, તેહજ બુઝ રે, રોઝ સમા નર મનમાં મુંઝે રે,
શ્રી ગુરુ ઉત્તમ વિજયનો સીસ રે, પદ્મવિજય કહે વિસવાવીસ રે.
સુ. ॥ ૬ ॥

(જવાબ : સ્થાપનાજી)

## (૧૯)

કહેવો પંડિત એ હરિયાળી, નારી એક મેં નયણેં નિહાળી. ક. ॥૧॥
ચરણા પહેરે નવ નવ રંગા, રૂપ સરૂપ પોતેં શુભ મંગા, ક. ॥૨॥
જરકસી કાર ચોલી વલી હિમસ, બંગાળી ચીનાઈ મસરૂ. ક. ॥૩॥
એહવી ઓઢણી ઓઢે નારી, શિર પર વલી એક નારી ધારી. ક. ॥૪॥
કર પદ મુખ વાચા નહીં તેહનેં, જૈન ઘરે ઈચ્છે સહુ જેહનેં. ક. ॥૫॥
પરિચય કરીને નજર જે માંડે, તેહ બીજાની સંગતિ છાંડે. ક. ॥૬॥
એહ તો રહે નપુંસક ભેલી, બહુ નપુંસકથી થઈઅ અકેલી. ક. ॥૭॥
સાધુ કહે એ માહરી નારી, કોઈ નઈ હાથિત આપું પ્યારી. ક. ॥૮॥
મીવીતિ તોહરા કરી કોઈ માગેં, દિન હોય દસ આપેં રાગેં. ક. ॥૯॥

તે તો જિહાં જાઈ તિહાં મ્હાલે, તે પણિ તેહને પાછી ન આલેં. ક. ॥૧૦॥
માગતાં માગતાં કિમ હીક આપઈ, જિહાં જાંઈ તેહનાં દુખડાં કાપેં. ક. ॥૧૧॥
એક પુરુષ આલિંગ્યો ગાઢોં, રૂપ જોઈઈં હવઈ તેહને કાઢો. ક. ॥૧૨॥
પંડિત હોય તે નારી ભાખો, સમજીને ચિત્તમાંહી રાખો. ક. ॥૧૩॥
ઉત્તમ જન એહની સંગતિ કરસ્યેં, પદ્મ કહેં તે ભવ જલ તરસ્યેં. ક. ॥૧૪॥

(જવાબ - દીક્ષા-સંયમજીવન-સર્વ વિરતિ)

## (૨૦)

હું સર્વમાં છું, સર્વ દુનિયાનો ખરો દૃષ્ટા સદા,
બ્રહ્માંડ સઘળું મુજ વિષે ઉત્પાદ વ્યયમય હું મુદા.
હું સ્થળ વિષે હું તૃણ વિષે આકાશમાં પાતાલમાં,
દરિયા વિષે ડુંગર વિષે હું નિત્ય ત્રણ્યે કાલમાં. (૧)
હું પૃથ્વીમાં હું પાણીમાં હું અગ્નિ વાયુ સ્વર વિષે
હું પક્ષીમાં હું પ્રાણીમાં સર્વત્ર સત્તા મુજ દિસે
સંગ્રહનય સાપેક્ષથી સત્તા ગ્રહી બોલું ખરૂં
બુદ્ધયબ્ધિ જિનવર વાણીથી ચૈતન્યનું ધ્યાન જ ધરૂં. (૨)

- આ.બુદ્ધિસાગરસૂરિ

(જવાબ-આત્મા) ભજનપદ સંગ્રહ ભા-૨

## (૨૧) સવૈયા છંદ.

વાયુ વિના પથ જાતાં આવી, વ્હાણ સુગમ ચલવે ઝટ કોણ ?
હસ્ત વિના ગ્રહી અધઃસ્થાનથી, આવી ઊંચે ચઢવે ઝટ કોણ ?
ચંદ્ર વિના ખરી મધ્ય રાત્રિમાં, આવી પ્રકાશ કરે ઝટ કોણ ?
રાત્રિ વિષે રવિ કિરણ વિના એ, આવી તિમિર હઠવે ઝટ કોણ ? ૧

ગહન ગુફાના શ્યામ તિમિરમાં, સૂર્ય બિંબ દર્શાવે કોણ ?
ખરે ઉન્હાળે વિના વાદળે, વિમળ વારિ વરસાવે કોણ ?
આંખ્ય વિના પરિપૂર્ણ તેજમાં, પારસમણિ પરખાવે કોણ ?
ગૂઢ શોકની યુવાન વયમાં, હેત સાથ હરખાવે કોણ ? ૨

ખારા જળના ભર્યા સમુદ્રે, અમૃત ઘટ ભરી દે છે કોણ ?
મીઠા જળની માછલડીને, વિષ જળમાં જીવ દે છે કોણ ?
નિર્મળ જળની શાન્ત તલાવડી, ડહોળી મલીન કરે છે કોણ ?
વિવિધ રક્ત પિત નીલ રંગને, પટ પરથી હરી લે છે કોણ ? ૩

શાન્ત કાન્ત અવ્યક્ત દશાથી, વ્યક્તદશા આણે છે કોણ ?
અનાદિ વસ્તુના બંધનમાંથી, મુક્ત કરી જાણે છે કોણ ?
અગાધ સરિતામાંહી તણાતાં, કીનારે તાણે છે કોણ ?
હેત સાથ વાદળગણ હઠવી, વારિ વિના મ્હાણે છે કોણ ? ૪

કદિક કદિક આકાશ ઉડાવી, પૃથ્વીતળ દેખાડે કોણ ?
અનુપમ દિવ્ય વિમાને મુજને, આકાશે ઉડાડે કોણ ?
અગમ્ય વસ્તુને ગમ્ય બનાવી, અપેખને પેખાડે કોણ ?
સ્વર્ગ મૃત્યુ પાતાળની બાહિર, રત્ન પેટી ઉઘાડે કોણ ? ૫

હરકાર્યોથી શ્રમિત મુજને, પ્રોત્સાહન શુભ આપે કોણ ?
લખી લખી કંટાળેલ જનનો, એ કંટાળો કાપે કોણ ?
નવી શક્તિ ને નવા વિચારો, પળમાંહી પ્રગટાવે કોણ ?
સુષુપ્તિમાં અસ્ફુટ આ વાણી, જાગે સ્પષ્ટ કરાવે કોણ ? ૬

પ્રતિપળ નિજ બાળકવત્ મુજને વિસ્મર્યું યાદ કરાવે કોણ ?
પ્રચંડ વાયુની મધ્ય નાવડી, દૃઢતા સાથ ઠરાવે કોણ ?
ઘોર રાનમાં સિંહ વ્યાઘ્રના, સામે શક્તિ ધરાવે કોણ ?
શોક અશ્રુ ચક્ષુથી વ્હેતાં, અદશ્ય રહી લૂંછે છે કોણ ? ૭

કા. સુધા (જવાબ - પરમાત્મા)

# (૨૨)

બોલો બન્ધુ ? તમારા નયન ઘરમાં, કોણ દૃષ્ટા નિહાળે?
બોલો બન્ધુ ? તમારા વદન ઘરમાં, કોણ શબ્દો ઉચારે?
બોલો બન્ધુ ? તમારા રસન ઘરમાં, કોણ આસ્વાદ લે છે?
બોલો બન્ધુ ? તમારા શ્રુતિ ઘર વિષે, કોણ શબ્દો સુણે છે? ૧.

કોની પ્રેરી તમારી મતિ નિરમળી, નિશ્ચયોને કરે છે?
કોનું પ્રેર્યું તમારૂં મનડું દિલનું, કલ્પનાઓ કરે છે?
કોનું પ્રેર્યું તમારૂં ચપળ ચિત્તડું, વસ્તુને ચિંતવે છે?
કોની પ્રેરેલ વ્યક્તિ પુરૂષ મમ હું, એમ માની બને છે? ૨.

કોના પ્રેરેલ પાદો, વિચરણ વડે, તીર્થયાત્રા કરે છે?
કોના પ્રેરેલ હસ્તો, ગ્રહણ કરવા, શક્તિ ધારી શકે છે?
બોલો એ કોણ છે કે ?, હૃદય ઘરમાં, હર્ષ ને શોક માને?
બોલો એ કોણ છે કે ?, જગત્ જનને, આપ્ત યા અન્ય જાણે? ૩.

જેનાથી ખાવું પીવું જીવનભરમાં તત્ત્વ તે શું ? સ્મર્યું છે?
એની કોઈ દિન તો ખબર કરીના, તો પછી શું કર્યું છે?
ત્યાં સુધી સર્વ ખોટું, સકળ દુઃખને આપનારી ક્રિયા સૌ?
ચાલો શ્રી સદ્ગુરુની નિકટ જઈને, પ્રશ્ન આ પૂછીએ સૌ ? ૪.

બોલો હે શ્રી ગુરુજી ! અમ અરજ છે રાડ છે એક પાકી,
જેને જાણ્યા વિનાની, અમ જીવનની, દોરી છે ફોક આખી,
આવ્યા પાદાર વિન્દે, પરમ શરણે, પાઠ આના જણાવો ?
કોને લઈ આ બધું છે ? અભય પદ શું ? ભેદ એના ભણાવો. ૫.

---

ક. સુધા (જવાબ-આત્મા-ચૈતન્ય શક્તિ)

# (૨૩) સવૈયા

વિના વાદલી ઝરમર ઝરમર, અખંડ ધાર વરસે વરસાદ;
વિના ગંગના પ્રબળ ધોધ અહિં, ગુણ ગંભીર થતા ઘોંઘાટ;
વિના પાણી ઉછળે છે સાગર, વચમાં ઘુમે અગણિત નાવ;
વિના હસ્તપદ પ્રબળ મલ્લજન, રમે અખાડે દિલના દાવ. ૧.

વિના તોપ હથિઆર શૂરજન, સમરાંગણમાં લડે સદાય;
વિના રસન આ મહદ પ્રદેશે, ગૂઢ શાસ્ત્રના મંત્ર ભણાય;
વિના કર્ણ અહિં મનહર શબ્દો, ચાર પ્રહર સુખકર સુણાય;
વિના ચરણ અહીં લાખો કોષો; પવન થકી પણ અધિક જવાય. ૨.

વિના સૂર્ય આ સુખદ પ્રદેશે, જગમગ જગમગ જ્યોતિ પ્રકાશ;
વિના ચંદ્ર અહીં અતીવ શાન્ત છે, રમ્ય કિરણમય રમ્ય વિલાસ;
વિના પવન પણ સ્પર્શ સુખાવહ, શીત સુગંધિત નિત્યે ન્હાય;
વિના અગ્નિ ઈન્ધનના ભારા, બલી જવલીને ભસ્મ જ થાય. ૩.

વિના સૂર્ય નિર્મલ છે વ્હાણું, વિના ચંદ્ર અજવાલી રાત;
વિના સંત અહિં ઉપદેશોએ, સઘળી સરખી નિર્મલ જાત;
વિના દેશ આ દેશતણો પતિ, સકલ લોકનો સાચો તાત;
વિના પુત્ર અગસ્થા રાણી, સકળ સંઘની સાચી માત. ૪.

વિના મોરલી વૃન્દાવનમાં, કૃષ્ણચન્દ્રને જાગી ધૂન;
વિના મોરલી શ્રી ગોકુલમાં, ગોપ ગોપીને લાગી ધૂન;
વિના કૃષ્ણ આ ગોકુલિઆમાં, વાગે બંસી કેશવનાદ;
વિના રામ શ્રી અવધપુરીમાં, દશરથ નૃપ પામ્યા આલ્હાદ. ૫.

આવ આવ બાન્ધવ અહિં, આપણ અપૂર્વ ઉદ્યમ લઈયે લ્હાવ;
આવ આવ બાન્ધવ અહિં, સુખના સાગર મનમોહન છે મ્હાવ;

આવ આવ બાન્ધવ અહિં, ઉજ્જડ દેશ છતાં છે વસ્તિ અપાર;
આવ આવ બાન્ધવ અહિં, હૂં તું કેરા વિસ્મરિએ વ્યાપાર. ૬

(જવાબ - આત્મરમણતા) આત્માને ઉદ્દેશીને અભેદભાવ વ્યક્ત થયો છે.

કા. સુધા પા. ૧૭૧

## (૨૪) હરિગીત - છંદ.

નહિ હાંથ પર નહિ પાય પર, ગર્દન ઉપર પણ તે નહી,
મસ્તક ઉપર નહિ રંચભર, તેમ સ્કંધ પર પણ તે નહી;
અવયવ ઉપર દર્શાય નહિ, ને અંગ આખું ચરચરે,
ક્યાંથી અચાનક આવી થપ્પડ, દઈ હૃદય ઘાયલ કરે ? ૧

રાત્રી વિષે આનન્દમય, આવેલ નિદ્રા હોય છે,
હું તું અગર આ વિશ્વનું, અસ્તિત્વ જ્યાં નહિ કોઈ છે;
અધિનાથ આ બ્રહ્માંડનો, મધુજળ સુભગ રીત્યા ભરે,
ક્યાંથી અચાનક આવી થપ્પડ, દઈ હૃદય ઘાયલ કરે ? ૨

અગણિત તારામય સુખદ, આકાશથી આવી નહી,
બલિરાયના આવાસરૂપ, પાતાલથી નિકલી નહી;
ના મૃત્યુજનના લોકથી, આવાગમન નયને ઠરે,
ક્યાંથી અચાનક આવી થપ્પડ, દઈ હૃદય ઘાયલ કરે ? ૩

રણમાં મરેલો મર્દજન, જેવો પુનઃ પાછો ફરે,
કે ભસ્મીભૂત રજ્જાૂવડે, કંઈ વસ્તુઓ બન્ધન વરે;
એમજ મરીને જીવિત થઈ, સર્વાંગ રોમે વિસ્તરે,
ક્યાંથી અચાનક આવી થપ્પડ, દઈ હૃદય ઘાયલ કરે ? ૪

*આની કળા આની ઈજા, જાતી કળી મુજથી નથી,*
આની પ્રબળ કારીગરી, જન કોઈને તજતી નથી;

આકાશ મૃત્યુ સ્વર્ગમાં સ્મરની સવારી સંચરે,
સમજાય નહિ ક્યાંથી અહીં, આવી હૃદય ઘાયલ કરે ? ૫

કા. સુધા ૧૭૪ (જવાબ : કામદેવ)

## (૨૫)

ભૂમિ નથી હું જળ નથી, હું અગ્નિ કે વાયુ નથી;
હું નભ નથી ઈન્દ્રિય નથી, કે વ્યૂહ તેનો હું નથી;
ભર ઉંઘમાં અદ્વૈત પદને, સિદ્ધ એવો આત્મ છું;
ભર ઉંઘથી અવસિષ્ઠ, કેવળ આત્મ સત્પરમાત્મ છું. ૧

મ્હારે નથી કંઈ વર્ણ કે, વર્ણાશ્રમો યે હું નથી;
આચાર ધારણ ધ્યાન, અથવા યોગ સંજ્ઞક હું નથી;
હું મ્હારૂં એ અધ્યાસથી હિત, એક સુન્દર આત્મ છું;
એ સર્વ કરતાં ભિન્ન કેવળ, આત્મ સત્પરમાત્મ છું. ૨

માતા પિતા મ્હારે નથી, દેવ મૃત્યુ લોક હું;
નથી વેદ કે નથી યજ્ઞ કે, નથી તીર્થ કેરો સંઘ હું;
ભર ઉંઘમાં અદ્વૈત પદને, સિદ્ધ નિર્મળ આત્મ છું;
એ સર્વ કરતાં ભિન્ન કેવળ, આત્મ સત્ પરમાત્મ છું. ૩

હું સાંખ્યવાદી છું નહી, કે શૈવ વૈષ્ણવ હું નથી;
હું જૈન મીમાંસક નથી, યા માર્ગી તેનો હું નથી;
હું શ્રેષ્ઠ અનુભવથી કરીને, સિદ્ધ સુન્દર આત્મ છું;
હું સર્વ કરતાં ભિન્ન કેવળ, આત્મ સત્ પરમાત્મ છું. ૪

હું ગૌર નથી કે શ્યામ નથી, ને રકત નથી યા પીત નથી;
જાડો નથી દુર્બળ નથી, કાણો અગર કુબડો નથી;

ઉંચો નથી નીચો નથી, રૂપ વિહીન હું સાક્ષાત્ છું;
હું સર્વ કરતાં ભિન્ન કેવળ, આત્મ સત્ પરમાત્મ છું. ૫

જાગ્રત નથી હું સ્વપ્ન નથી, યા હું સુષુપ્ત દશા નથી;
હું વિશ્વ નથી તૈજસ્ નથી, કે પ્રાજ્ઞ સંજ્ઞક હું નથી;
પરિવાર એ અજ્ઞાનનો, સંબંધી તેનો હું ન છું;
એ સર્વ કરતાં ભિન્ન કેવળ, આત્મ સત્ પરમાત્મ છું. ૬

આજ્ઞા નથી કરનાર મુજને, કોઈ આગમ હું નથી;
મિથ્યા નથી સંસાર કે, હું શિષ્ય સદ્ગુરૂ જન નથી,
શિક્ષા નથી દીક્ષા નથી, ભિક્ષા નથી હું આત્મ છું;
સંકલ્પથી વિરહિત કેવળ, આત્મ સત્ પરમાત્મ છું. ૭

મ્હારે ઉંચાઈ છે નહી, નીચાઈ તેમજ છે નહી;
કંઈ ગુહ્ય નથી કંઈ બાહ્ય નથી, ઉત્તર અગર દક્ષિણ નહી;
પ્રાચી પ્રતીચી દિગ્ નહી, નિર્લેપ સૌથી શાન્ત છું;
હું અમર અક્ષય શુદ્ધ નિર્મળ, આત્મ સત્ પરમાત્મ છું. ૮

આ દુઃખથી પરિપૂર્ણ તત્ત્વ, રહિત વિશ્વ અસત્ય છે;
જળ ઝાંઝવાનું ફોક તેવું, જ્ઞાનથી ઉડી જાય છે;
એને અને મુજને કશો, સંયોગ નથી જગનાથ છું;
હું અજીત અક્ષય શુદ્ધ નિર્મળ, આત્મ સત્ પરમાત્મ છું. ૯

જ્યાં એક નથી જ્યાં બે નથી, જ્યાં ત્રણ તણા અંકો નથી;
આકાશ પાશ વિકાશ નાશ, તણાં કશાં અંગો નથી;
જ્યાં શૂન્ય નથી જ્યાં ધુન્ય નથી, જ્યાં મૌન નથી નિર્વાદ છું;
હું અજીત અક્ષય શુદ્ધ નિર્મળ, આત્મ સત્ પરમાત્મ છું. ૧૦

---

કા. સુધા પા. ૨૦૭ (જવાબ - સિદ્ધપરમાત્માનું સ્વરૂપ)

# (૨૬)

ઘનનન....ઝનનન....ઘનનન....ઝનનન
અતિ અદ્‌ભુત સંગીત ચલતું હૈ
સંગીતશાળા યહ કહો કૈસી
પથ્થર ઈંટ ન ચુન ન કછુ હૈ. ઘનનન. ॥ ૧ ॥
એક ભી ગીત ગાત નહીં પરકા
છાંડ એક અપર્ન દેવનકું,
સંગીત ચલત અખલિત અખંડિત,
ગાયક કોઉં ન દિસત કબહું. ઘનનન ॥ ૨ ॥
મધુર મધુર સ્વર બહુવિધ નિકલત,
સુજન સુજત અતિ મગન બનત હૈ
સા...રે...ગ...મ...પ...ધ... ની કી ધ્વનિયાં
એક સાથ ગુંજત અવિરત હૈ. ઘનનન. ॥ ૩ ॥
બીન ભી બજત, બંસરી ભી બજત હૈ,
તબલ મૃદંગ અભંગ સતાલા,
એક હી નાદ મેં નાદકી માલા
સભી મિલત જલ બિચ જ્યું મરાલા. ઘનનન. ॥ ૪ ॥
યોગી જનકી યે સબ બાતાં,
યોગી કુલ સંજાત હી પાતા,
સિંધુ સે રતન કોઈ લાતા,
ઓર તો સભી પ્રાણ ગુમાતા. ઘનનન ॥ ૫ ॥
દોઈ વરનકા નામ હૈ જિસકા
ઈસકા નામ કામ હી કમાલા
ગાયક ગાયન ગેય નિરાલા
રયણપૂંજ હૈ પૂછનેવાલા. ઘનનન. ॥ ૬ ॥
(જવાબ - કાયા-જેમાંથી અનાહતનાદનું સંગીત સ્વયમેવ થાય છે.)

(અક. પુ.-૧૭૭, પા.-૮૭)

## (૨૭)

સાંભળજો મુનિ સંયમ રાગે, એ માણસ કહો કોણજી?
સાધુ સાથે રહે નિત્ય ત્હોયે, ગુણ ત્રણ જેહને ગૌણજી. ॥૧॥

અક્કડ જે નિત રાખે મસ્તક, ફક્કડ કાયા ધરતોજી,
ઉપજે ભીતિ નામ જ સુણતાં, દયા મયા કદી કરતોજી. ॥૨॥

રાત દિવસ પડયો રહે એક ખૂણે, કરતો મજા ને મોજજી,
કયારેક કાળો કયારેક ગોરો, વરણ ધરે તે દોયજી. ॥૩॥

એક ક્ષણ પણ પડતો ન અળગો, તેમાં રહ્યું બહું જોરજી,
ઉછાળીને જો પડતો ક્યાંયે, તો તો મચાવે શોરજી. ॥૪॥

મુનિજનનું એ 'બંદર' માનો, કરમાં રહી નિત્ય રમતોજી,
પણ કોઈ દહાડે મહિને વર્ષે, કદીયે તે નહીં નમતોજી. ॥૫॥

મુનિજનને તે અતિ મનગમતો, દુશ્મનને અણગમતોજી,
શુદ્ધિયાં સહિત બાંધો અહીં, બુદ્ધિયા રતનપૂંજ ઈમ વદતોજી. ॥૬॥

અક. પુ.-૧૭૭ પા. - ૮૮ (જવાબ - દાંડો)

## (૨૮)

એ ચીજ તે એવી કઈ કઈ રે લોલ
તમે સાંભળજો ધરી પ્રીતજો.
જેની સામે નમતા સહુજનો
તમે અથવા અમે રૂડી રીતે જો ॥ ૧ ॥
ચાર પાયાની ખુરશી ઉપર વસે રે,
નહીં નીચે તે બેસે જરાય જો,

ના હાલે ના ચાલે બોલ નહીં રે લોલ
ત્હોય બોલાવે તેને બધાય જો. ॥ ૨ ॥

તે બેસે બધાની મધ્યમાં
સૌને આવે આનંદ આનંદ અમંદ જો,
બે વાર ધરે સ્વ-સ્વરૂપને રે લોલ,
ઝટ ફેંકી દે મનના ફંદજો. ॥ ૩ ॥

જે ઉપજે સમુંદર નીરમાં રે લોલ
રહે ધરતી પર સાધુ સંગ જો.
ગ્રહી સંયમ સૂરિપદ મેળવે રે લોલ,
પછી પામે રંગ અભંગ જો. ॥ ૪ ॥

પુણ્યશાળી પ્રભાવનું સ્થાન છે રે લોલ
વસે પુણ્યશાળીની સમીપ જો,
પણ જો કોઈ કરે અવહેલના રે લોલ
બળી જાય જાણે પ્રદીપ જો. ॥ ૫ ॥

જસ ચાર કે છ અક્ષર તણું રે લોલ
જેવું નામ છે તેનું કામ જો
મહેન્દ્ર મણિપ્રભ એમ ભણે રે લોલ
આપો આપો ઉત્તર ગુણ-ધામ જો. ॥ ૬ ॥

(જવાબ - સ્થાપનાજી - સ્થાપનાચાર્ય)

## (૨૯)

**चंचल मन—पंछी चुप रहो !**

**पंख बिना उडत रे अंधा ! इधर—उधर क्यों झांकत हो...चं.**

**हाथ विहीन कछु हाथ न आवत, पांव विहीन क्यों फांदत हो...चं.**

**मुख विहीन क्यों मुख मरोड्त, नाक विहीन नकटाइ करो...चं.**
**रे बधिर ! सुन बात हमारी, सहजानन्द प्रभु शरण ग्रहो...चं.**

(૫૧-૧૬૧)

કવિ સહજાનંદસ્વામી મહારાજની હરિયાળી પદ સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તેઓશ્રી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ હમ્પી (મૈસુર)ના સ્થાપક હતા અને રાજચંદ્રની વિચારધારાના અનુયાયી હતા. એમને પદો - પ્રાર્થના - સ્તવન આદિની રચના કરી છે. જે "સહજાનંદ સુધા" નામથી પ્રગટ થયેલ છે. "ચંચલ મન પંછી ચૂપ રહો" એ પંક્તિમાંજ હરિયાળીનો અર્થ આવી જાય છે. મન વિશેની કવિની કલ્પના શક્તિનો પરિચય કરાવે છે.

પ્રો. હીરાલાલ કાપડિયાની હરિયાળીમાં નવપદ, રૂષભદેવ, શાંતિનાથ, મલ્લિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી ભગવાન, પૂર્વાચાર્યો ભદ્રબાહુસ્વામી, સ્થૂલિભદ્ર, જંબુસ્વામી, હરિભદ્રસૂરિ, સિધ્ધસેન દિવાકર, મલ્લવાદી, કુન્દકુન્દચાર્ય, જિનદાસગણિ, હેમચંદ્રાચાર્ય, સમંતભદ્ર, બ્રાહ્મી અને સુંદરી, રાજીમતી, ગૌતમબુધ્ધ, હનુમાન અને રામચંદ્ર, મહર્ષિ અરવિંદઘોષ, મહાત્મા ગાંધીજી, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ વગેરેનું વર્ણન વર્ણમાળાના અક્ષરોનો આશ્રય લઈને કરવામાં આવ્યું છે. કૂટકાવ્ય પ્રકારની આ રચના વર્ણનાત્મક હરિયાળી સમાન છે. વર્ણનને આધારે એક જ શબ્દમાં ઉત્તર શોધવાનો હોય છે. 'નવપદ' સિવાયની હરિયાળીઓ જૈન અને જૈનેતર વર્ગના સાંસ્કૃતિક અને ધાર્મિકક્ષેત્રોમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે તેનો સમાવેશ થાય છે. સમકાલીન રાજકીય પ્રભાવથી ગાંધીજી અને રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદને પણ વિષય તરીકે સ્થાન આપીને નવીનતા દર્શાવી છે. વિવિધ પ્રકારની હરિયાળીઓમાં પ્રો. કાપડિયાનું પ્રદાન આ કાવ્ય પ્રકારને યશ કલગી ચઢાવે તેવું છે.

વર્ણમાળાના અક્ષરોના પાંચ વર્ગ 'ક ચ ટ ત પ' માં સમાવિષ્ટ થયેલા અક્ષરોનો વ્યંજનના જોડાણથી પ્રયોગ થતાં અર્થ તરફ આગળ

વધી શકાય છે, એટલે આ અક્ષરોના સ્થાનની માહિતી એમની હરિયાળીઓને સમજવા પૂરક બને છે. હરિયાળીના અર્થ સમજવા માટે કવિએ વ્યાકરણ વિષયક પારિભાષિક શબ્દપ્રયોગો કર્યા છે તેની માહિતી નીચે મુજબ છે.

અક્ષર, અનુનાસિક અનુસ્વાર, અન્તઃસ્થ યાને અર્ધસ્વર ઉષ્માક્ષર, કર્ણ, ગુણ, દંત્ય, નાસિકય, નિર્વર્ગ્ય, બારાખડી, મહાપ્રાણ, મૂર્ધન્ય, વ્યંજન, શ્રુતિઓ, સન્ધ્યક્ષર, સમ્પ્રસારણ, સ્પર્શાક્ષર, સ્વર અને સ્વરભક્તિ.

પ્રો. કાપડિયા માને છે કે હરિયાળી એવો કાવ્યપ્રકાર છેકે કવિઓ કાવ્યકલાથી સોળ કળાએ ખીલવી શકે એવી વિશેષ શકયતાઓ રહેલી છે. પરિણામે હરિયાળી કાવ્યોનું અવલોકન કરતાં કવિપ્રતિભાનું ઓજસ્વી સ્વરૂપ નિહાળી શકાય છે.

પ્રો. કાપડિયાની હરિયાળીમાં પ્રયોજાયેલા પારિભાષિક શબ્દોની માહિતી નીચે મુજબ છે.

પાંચ વર્ણના સમુદાયને વર્ગ કહેવામાં આવે છે તેના પાંચ પ્રકાર છે.

| **વર્ગ** | **વર્ણ** |
|---|---|
| ક્ ખ્ ગ્ ઘ્ ઙ | ક થી મ સુધીના ૨૫ વ્યંજનો સ્પર્શ |
| ચ્ છ્ જ્ ઝ્ ઞ્ | વ્યંજનો કહેવાય છે. |
| ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ | દરેક વર્ણનો પહેલો અને બીજો અક્ષર |
| ત્ થ્ દ્ ધ્ ન્ | તથા શ્ ષ્ સ્ અઘોષ કહેવાય છે. |
| પ્ ફ્ બ્ ભ્ મ્ | બાકીના વીશ વર્ણો ઘોષ કહેવાય છે. |
| ય્ ર્ લ્ વ્ | અન્તઃસ્થ કહેવાય છે. |

જે ઠેકાણેથી વર્ણનો ઉચ્ચાર થાય તે સ્થાન કહેવાય છે તેના પ્રકાર

નીચે મુજબ છે.

૧. કંઠવ્ય - અવર્ણ વિસર્ગ, ક્ વર્ગ અને હ્,

૨. તાલવ્ય - ઈ વર્ણ, ચ વર્ગ, ય્ અને શ્

૩. ઓષ્ઠવ્ય - ઉ વર્ણ અને પ વર્ગ

૪. મૂર્ધન્ય - ઋ વર્ણ અને ટ વર્ગ

૫. દંતવ્ય - લ વર્ણ અને ત વર્ગ

૬. નાસિક્ય - અનુસ્વાર ઙ, ઞ, ણ, ન, મ્

૭. ઉરસ - વર્ગના પાંચમા વર્ણ અને અન્તઃસ્થ

૮. જીહ્વામૂલક - ક્

સન્ધ્યાક્ષર - બે વર્ણના જોડાણથી સંધિ થતો અક્ષર દા. ત. અ-આ - ઉ - ઊ = ઓ.

## (૩૦) મુનિપતિ હરિયાળી

જગમાં જેની જોડ જડે એને ઉદરે મહાલે રે,
એ વ્યંજનનો તનય તનૂમાં જનકની પ્રાયે તોલે રે. ૧

પુત્ર-પિતા એ સાચે સાધી સંગતિ એકેક સ્વરની રે;
તાત તણા એ સ્વરનો ગુણ તે પુત્રનો મિત્ર પ્યારો રે. ૨

અકારણથી લોકો સુતને સ્થાપે અગ્રિમ સ્થાને રે;
અનુનાસિકનો મહિમા પેખી પ્રણમે પુત્ર-પિતાને રે. ૩

ચાર વર્ણથી નામ રચાયું જગને વલ્લભ જિનનું રે,
એહ નામને ભાવે સ્મરતી સારંગધરની સાળી રે. ૪

હરિયાળી આ મુનિપતિ કેરી રચી રસિકના નંદે રે,
વિક્રમ નૃપના સપ્તમ વર્ષે મંડિત સહસ્ત્ર-યુગલે રે. ૫

વિ. - દુનિયામાં કોઈ માતાની તોલે આવે તેમ નથી. આમ માતાની જોડ નથી. આ માતા માટેનો શબ્દ 'મા' છે. એમાં મ્ વ્યંજન છે. એના પેટમાં એક વ્યંજન મહાલે છે. આ વ્યંજન તે ન્ છે. આ હકીકત મ્ નો પુત્ર ન્ એના પિતા મ્ ને મળતો આવે છે એ દ્વારા સમર્થિત કરાઈ છે. ૧

ન્ નામનો પુત્ર તેમ જ મ્ નામના પિતા એ બે વ્યંજનોમાં એકેક સ્વર ભળે છે. તેમાં મ્ નો સ્વરનો જે 'ગુણ' થાય તે ન્ નો સ્વર છે. આ ઉપરથી વિકલ્પો વિચારતાં મ્ નો સ્વર 'ઈ' અને ન્ નો સ્વર 'એ' છે એમ જાણી શકાય છે. ૨

'ન્' નો સ્વર તે 'એ' તે 'ઈ' નો ગુણ હોવાથી લોકો એ ન્ ને પ્રથમ સ્થાન આપે છે. આમ 'નેમિ' શબ્દ બને છે. આ શબ્દમાં પુત્રને સ્થાને તેમ જ પિતાને સ્થાને પણ અનુનાસિક છે. એ વાત કહી ઉપરના અનુમાનનું સમર્થન કરાયું છે. ૩

'નેમિ'માં ન્ એ, મ્ અને ઈ એમ ચાર વર્ણો દ્વારા જે 'નેમિ' એવું નામ બન્યું તે તીર્થંકરનું - બાવીસમા તીર્થંકરનું નામ હોઈ એ લોકપ્રિય છે.

સારંગધર એટલે કૃષ્ણ. એમની પત્ની સત્યભામાની રાજીમતી બેન થાય આમ આ રાજીમતી સારંગધરની સાળી થઈ. એ સતીનો નેમિનાથ સાથે નવ નવ ભવનો સંબંધ હોવાથી અંતિમ ભવમાં એમની સાથે એનું વેવિશાળ થયું હોવાથી એ 'નેમિ' નામ હોંસથી યાદ કરે એ સ્વાભાવિક છે. ૪

આ હરિયાળી મુનિઓના સ્વામીની છે. આ દ્વારા પણ હરિયાળીના ઉકેલમાં મદદ થાય છે. અંતમાં મેં મારા પિતાનું નામ રસિકદાસ છે એમ સૂચવી મારો પરિચય આપ્યો છે તેમ જ આ હરિયાળી વિક્રમ સંવત્ ૨૦૦૭માં રચી છે એનો મેં નિર્દેશ કર્યો છે. ૫

દિગંબર જૈન (વ. ૪૫, અં. ૪)

# (૩૧) સમભાવી હરિયાળી

સંક્રાંત કાળે ઓષ્ઠે રમતો, અક્ષર એક મેં ભાળ્યો રે;
યદ્યપિ વતને અગ્રિમ એ છે, સ્પર્શાક્ષરનો મુખી ના રે. ૧

મૈત્રી સાધી એણે સ્વરની, જેહ શરીરે ભારે રે;
જેના જનકે ઘાટ ઘડ્યા છે, સ્વરો તણા નિજ રૂપે રે. ૨

"નગાધીશની તનયા કેરો, અભિધા-ઉત્સવ આજે રે";
વાત વદંતા વર્ગી વ્યંજન, સુણી ધસ્યા નિર્વર્ગ્યો રે. ૩

અર્ધસ્વર ને ઉષ્માક્ષરની સ્પર્ધા દોટે જામી રે;
'પહેલો આવ્યો એક અર્ધસ્વર, બીજો યે શું હરાવે રે?' ૪

રૂપે અર્ધસ્વર જેવો જાણે, એક ઊષ્માક્ષર શોચે રે;
હિંમત ભીડે બીજો આવે, અર્ધસ્વર અનુગામી રે. ૫

આશ્વાસન એ પામે સ્વરથી, સ્વરો વિષે જે આદિમ રે;
મનને વાળે મોખરે નિરખી, વ્યંજનને નિજ સ્થાની રે; ૬

હીરકાક્ષરે રચી હરિયાળી, સમભાવી એ જિનની રે;
નામરાશિ સમ મણિના સ્પર્શે, લોઢું યે બનતું સોનું રે. ૭

વિ. - સંક્રાંતના દિવસોમાં-ઉતરાણ આવનાર હોય એવા સમયમાં અનેક જનોના હોઠે એક વસ્તુનું નામ રમતું જણાય છે. આ વસ્તુના નામવાચક શબ્દનો આદ્ય અક્ષર જો કે એના સ્થાનમાં સૌથી મોખરે છે છતાં બધા સ્પર્શાક્ષરનો એ નાયક નથી. આમ 'પતંગ' શબ્દનું અહીં સૂચન કરી એમાંના 'પ' અક્ષરનો નિર્દેશ કરાયો છે કેમકે એ 'પ' વર્ગમાં પહેલો છે. સ્પર્શાક્ષરોમાં તો 'ક' પહેલો છે. - ૧.

'પ' અક્ષર એક સ્વર સાથે જોડાયો, એ સ્વરનો આકાર વિશાળ છે. *આ સ્વર તે 'આ' છે કેમકે એની ઉત્પત્તિ 'અ' માંથી મનાય છે તેમ જ*

એના પછીના સ્વરો એ, ઐ વગેરે અને કેટલાકને મતે બધા જ સ્વરો લખવાની રીતં તે જાણે 'અ'ની બારાખડી છે. આ પદ્ય દ્વારા 'પા'નો ઉદ્‌ભવ દર્શાવાયો છે. - ૨

નગાધીશ એટલે પર્વતોનો રાજા અર્થાત્ 'હિમાલય' એની પુત્રી ત પાર્વતી. આ પુત્રીના નામકરણનો ઉત્સવ છે એમ કહી ઉપર જે 'પા'ની કલ્પના કરાઈ છે તેનું સમર્થન કરાયું છે. આજે નામકરણનો ઉત્સવ છે એમ વર્ગી વ્યંજનોને બોલતાં સાંભળી એ સિવાયના વ્યંજનો એટલે કે ય્ થી હ્ સુધીનાં વ્યંજનો દોડયા.-૩

ય થી વ્ સુધીના અર્ધસ્વરો અને શ્ વગેરે ઊષ્માક્ષરો વચ્ચે દોડવામાં કોણ પહેલો આવે છે એની હરીફાઈ જાગી. એમાં એક અર્ધસ્વર પહેલો આવ્યો અને બીજો પણ આવી જાય એવો પ્રસંગ જણાયો. આથી એક અર્ધસ્વરને આકારમાં મળતો આવતો ઊષ્માક્ષર એટલે કે 'શ' એ ખૂબ હિંમતભેર દોડયો અને ત્રીજું સ્થાન અર્ધસ્વરને મળ્યું. આમ 'પા' પછી ર્, શ્ અને વ્ અનુક્રમે યોજાયાં. 'વ્' હારી ગયો એટલે 'અ' તરફથી એને આશ્વાસન મળ્યું અર્થાત્ 'વ્' માં 'અ' ભળ્યો. 'વ્' ને વિચાર કરતાં જણાયું કે પોતાના વર્ગનો-ઓષ્ઠય અક્ષર સૌથી આગળ છે. આમ કહી સૌથી પ્રથમ 'પા' છે એ વાતનું સમર્થન કરાયું છે - ૪-૬.

આ પ્રમાણે જે નામ બન્યું છે તે સમભાવ ધારણ કરનારા તીર્થંકરનું છે એમ કહી એ ત્રેવીસમા તીર્થંકરનું-કમઠ અને ધરણ પ્રત્યે સમભાવ રાખનારા જિનેશ્વરનું છે એમ કહી હરિયાળીના ઉકેલનું સૂચન તેમ જ સમર્થન પણ કરાયેલ છે. વિશેષમાં 'પાર્શ્વ'નો ઉચ્ચાર 'પારસ' થાય છે. આમ 'પારસ' એ શબ્દ 'પાર્શ્વ'નો નામરાશિ ગણાય. 'પારસમણિ'ના સ્પર્શથી લોઢું સોનું બને છે એમ જે મનાય છે એ વાતનો નિર્દેશ પણ ઉપરની પેઠે વિવિધ કાર્ય કરે છે. વિશેષમાં 'હીરક્ષાક્ષરે'નો અર્થ બે રીતે ઘટે છે : હી, ર અને કા એમ અક્ષરો જુદા પાડવાથી આ હરિયાળીના

લેખકનું-મારું નામ સૂચવાયું છે. બીજો અર્થ 'હીરાના જેવા અક્ષરો વડે' એમ છે. - ૭.

- દિગંબર જૈન (વ ૪૫, અં. ૫)

# (૩૨) ભક્તની હરિયાળી

જગે વિરોધી દ્વંદ્વો જાગે એમાં એક બહુ ગાજે રે;
એનો નાયક વિહરે હર્ષે ઊંધો દંડ તજીને રે. ૧

પેખી એને હરીફ વળગે ધારી પુચ્છક જાણે રે;
બંધુ એનો ના ના વદતો સામો ધસતો આવે રે. ૨

ટીખળ કરતી ત્રિપુટી મહાલે કોઈને એ ના ગાંઠે રે;
મૈત્રી એની સાધી સાચી નિષેધવંશી વીરે રે. ૩.

નામ રચાયું વર્ણાષ્ટકથી રામાનંદી રાચે રે;
જનકજમાઈ કેરા ભક્તે રંગ જમાવ્યો શીઘ્રે રે. ૪.

જૈન મતે એ ચરમશરીરી એની રચી હરિયાળી રે,
રસિકતનુજે વિક્રમવર્ષે નંદ નભે નભ યુગ્મે રે, ૫

વિજયાદશમી પર્વે રૂડે નર્મદનગરે પ્રીતે રે;
ગાશે આજે વરશે તેને મુક્તિરમા નવ રંગે રે. ૬

**અર્થ :** આપણી આ દુનિયામાં સુખ અને દુઃખ, સંયોગ અને વિયોગ, એમ અનેક વિરોધી દ્વંદ્વો યાને જોડકાં ઉદ્ભવ્યાં છે. એમાંનું એક જોડકું ખૂબ જ જોર અજમાવતું જણાય છે. એ જોડકાનો મુખી પોતાના હાથમાં રહેલા ઊંધા દંડાને તજીને હર્ષભેર વિહરે છે. - ૧.

એનો પ્રતિસ્પર્ધી એને જોઈને એને વળગે છે પરંતુ તેમ કરતી વેળા એ જાણે પૂછડું ધારણ કરે છે. એ પ્રતિસ્પર્ધીનો બંધુ ના, ના બોલતો સામો ધસી આવે છે - ૨

આમ જે ત્રિપુટી મળી તે ટીખળ કરતી મહાલે છે અને કોઈને ગાંઠતી નથી. એ ત્રિપુટીની સાથે સાચી મિત્રતાથી 'નિષેધ' વંશનો એક નબીરો જોડાય છે. - ૩.

આ હરિયાળીમાં જે નામ ગૂંથાયું છે તેમાં આઠ વર્ણ છે અને એ નામ રામચંદ્રના ભક્તોને પ્રિય છે. જનક રાજાના જમાઈ રામચંદ્રના ભક્તે પૂરો રંગ જમાવ્યો. - ૪.

જેમની હરિયાળી અત્ર રચાઈ છે તેઓ જૈનોના મતે ચરમશરીરી અર્થાત્ એ જ ભવમાં મોક્ષે ગયેલા છે. આ હરિયાળી રસિકદાસના પુત્રે અર્થાત્ મેં વિક્રમસંવત્ ૨૦૦૯માં વિજ્યાદશમીને દિવસે કવિ નર્મદના નગરમાં એટલે કે સુરતમાં ઉમંગે રચી છે. જે કોઈ આ હરિયાળી ગાશે તેને મુક્તિરૂપી રમણી પરણશે. - ૫ -૬.

ઉકેલ - આ હરિયાળીમાં 'હનુમાન' એવું નામ ગૂંથાયું છે. એમાં હ્, અ, ન્, ઉ, મ્, આ, ન્ અને અ એમ ચોથા પદ્યમાં સૂચવાયા મુજબ આઠ અક્ષરો છે. વળી એ હનુમાન તે જનક વિદેહીના જમાઈ રામચંદ્રના ભક્ત છે અને જૈન મત પ્રમાણે એઓ ચરમશરીરી છે.

'હા' અને 'ના' એ એક વિરોધી દ્વંદ્વ છે અને એમાં 'હા' પ્રથમ હોવાથી મેં એને મુખી કહ્યો છે. 'હા'નો કાનો તે ઊંધો દંડ જેવો મેં કલ્પ્યો છે. એ કાનો જતાં 'હુ' રહે છે.

'હા'નો હરીફ 'ન' છે. એ 'ન્'નું એક રૂપ તે 'નુ' છે. એમાંનું વરડુ તે જાણે પૂછડું ન હોય એવી મેં કલ્પના કરી છે. એ 'ન'નો બંધુ 'મા' છે કેમકે એનો અર્થ પણ 'ના' છે.

હ, નુ અને મા એ ત્રણ મળી ત્રિપુટી બને છે એની દોસ્તી 'ન' કરે છે. 'ન' એ નિષેધવાચક શબ્દરૂપ વંશમાંનો એક નબીરો છે. એ હ, નુ અને મા સાથે જોડાતાં 'હનુમાન' એવું નામ બને છે. નંદ, નભ અને યુગ્મ એ અનુક્રમે નવ, શૂન્ય અને બે અંકનું સૂચન કરે છે. આમ ''નંદ

નભે નભ યુગ્મે''થી ૨૦૦૯ની સંખ્યા ફલિત થાય છે.

- હિંદુ મિલન મંદિર (વ. ૭, અં. ૪)

## (૩૩) સંન્નિષ્ઠની હરિયાળી

દંડે મંડિત અર્ધસ્વરથી ઊષ્મા-જોડી જન્મે રે;
એહ જનકને અગ્રિમ સ્થાને અભિધા સ્થાપે રંગે રે. ૧.

એક વર્ગના મધ્યાક્ષરની દ્વાદશ-અક્ષરી અર્થી રે;
એ પૈકી એક વિનયે શોભે એથી નાયક રાજી રે. ૨.

નિષેધવાચક બહુ છે શબ્દો એકાક્ષર મન ભાવે રે;
એકે જાણે અન્યને સર્જ્યો પુત્રથી કાર્ય સધાયે રે. ૩.

બાણ તણા જે પર્યાય માંહે એકે લોકોક્તિ ઝલકે રે;
એનો અર્ધાંશ આવ્યે અભિધા પૂરી રચાયે રે. ૪.

આ હરિયાળી નારીની જે તીર્થંકરની સંગી રે;
હાથ ગ્રહંતા લાજ્યા જાણી મસ્તકે હસ્ત ધરાવે રે. ૫

*એની રચના કીધી હીરે સુરતે સહસ્ત્રયુગ્મે રે,*
'ભૂપ' વિશેષે વૈક્રમ વર્ષે આશ્વિન શુક્લે ત્રીજે રે. ૬.

**અર્થ :** દંડાથી અલંકૃત અર્ધસ્વરથી ઊષ્માક્ષરની જોડી જન્મે. એ જન્મ આપનારને નામ અગ્ર સ્થાને હોંશે સ્થાપે છે. - ૧

એક વર્ગના વચલા અક્ષરની બારાખડી અર્થવાળી છે. એ બારાખડી પૈકી એક વિનય વડે શોભે છે. એનાથી મુખી ખુશ છે. - ૨

નિષેધવાચક શબ્દો ઘણા છે. એમાં એક અક્ષરવાળો શબ્દ ગમે છે. એકે જાણે અન્યને ઉત્પન્ન કર્યો. પુત્રથી કાર્ય સરે છે. - ૩

બાણના જે પર્યાયો છે તેમાંના એકથી કહેવત શોભે છે. એનો

અડધો અંશ જો ખરેખર આવે તો નામ પૂરું રચાય. - ૪

આ એ સ્ત્રી(ના નામ)ની હરિયાળી છે કે જે તીર્થંકરના સંગવાળી છે અને જેણે પોતાનો હાથ ઝાલતાં જેઓ શરમાયા તેમની પાસે પોતાના મસ્તક ઉપર હાથ અદ્ધર ધરાવ્યો. - ૫

આ હરિયાળી સુરતમાં મેં - હીરાલાલે 'ભૂપ'થી અધિક વિ. સં. ૨૦૦૦ ના આસો માસના શુક્લ પક્ષની ત્રીજે રચી. - ૬

ઉકેલ - આ હરિયાળી દ્વારા 'રાજીમતી' નામ એ ગૂંથ્યું છે. ય્, ર્, લ્ અને વ્ એ ચાર અર્ધસ્વરો યાને અંતઃસ્થો છે. એમાંના 'ર્'ને ઊંધો દંડો અર્થાત્ કાનો જોડતાં 'રા' બને છે. ઉષ્માક્ષરો ચાર છેઃ શ્, ષ્, સ્ અને હ્. એ પૈકી 'શ' અને 'સ' એ બે અક્ષરો 'રા'માંથી ઉત્પન્ન થઈ શકે તેવા છે. એ હિસાબે 'રા'ને આ બેનો જનક કહ્યો છે આ 'રા' પ્રસ્તુત નામનો આદ્ય અક્ષર છે. - ૧.

ક્-વર્ગ ચ્-વર્ગ, ટ્-વર્ગ, ત્-વર્ગ અને પ્-વર્ગ એ પાંચ વર્ગો પૈકી ચ્ -વર્ગનો મધ્ય અક્ષર તે 'જ્' છે. એની જ, જા, જિ, જી ઈત્યાદિ બારાખડી છે, અને તેમાં જા, જી, જે, જો ઈત્યાદિ અર્થવાચક છે. આ પૈકી 'જી' એ વિનયનો બોધ કરાવે છે. એનાથી 'રા' નામનો મુખી રાજી થાય છે અને તેમા થતાં 'રાજી' એટલો નામનો અંશ સર્જાય છે. - ૨

ન, ના, મ અને મા એ નિષેધવાચક શબ્દો છે. એમાંના એક અક્ષરવાળા બે શબ્દ છે : ન અને મ. 'ન'માંથી 'મ' બને છે એ હિસાબે 'મ' એ 'ન'નો પુત્ર ગણાય. એ 'મ' પ્રસ્તુત નામનો એક અંશ છે. - ૩.

બાણના તીર, શર ઈત્યાદિ પર્યાયો છે. તેમાં "વાગ્યુ તો તીર, નહિ તો તુક્કો" એ કહેવતમાં બાણના એક પર્યાયરૂપ 'તીર' શબ્દ વપરાયો છે. એનો અડધો અંશ-આદ્ય અડધો ભાગ તે 'તી' છે. એ જોડાતાં 'રાજીમતી' નામ બને છે. - ૪.

આ નામ એક સ્ત્રીનું છે. એ સ્ત્રી નેમિનાથ નામના જૈન તીર્થંકરની સાથે આઠ ભવથી સંબંધવાળી છે. એનો વિવાહ યાને એનું સગપણ એ તીર્થંકર સાથે થયું હતું એટલે એનું પાણિગ્રહણ એમની જ સાથે થતે પરંતુ એ તીર્થંકરે તો લગ્ન ન કર્યાં અને એમણે દીક્ષા લીધી. રાજીમતીએ પણ એમની પાસે દીક્ષા લીધી એ સમયે એ તીર્થંકરને એ સાધ્વીના મસ્તક ઉપર હાથ ધરવો પડયો. આ પ્રસંગ અહીં વર્ણવી મેં હરિયાળીના ઉકેલ માટેની સામગ્રી રજુ કરી છે. બીજા પદ્યના અંતિમ ચરણમાંનો 'રાજી' શબ્દ પણ કોઈકને ઉકેલનો બોધ કરાવનાર થવાનો સંભવ હોવાથી મેં એ શબ્દ યોજ્યો છે. - ૫.

'ભૂપ' એ ૧૬ માટેની સંજ્ઞા છે. 'સહસ્ત્રયુગ્મ' એટલે ૨૦૦૦ ને આ બંનેનો એક સાથે વિચાર કરતાં આ હરિયાળી વિ. સં. ૨૦૧૬માં રચાયાનું ફલિત થાય છે. - ૬.

દિગબંર જૈન (વ. ૫૪, અં. ૪)

## (૩૪) તારક - હરિયાળી

'ભારત' કેરી શિષ્ટ લિપીમાં ગુણે ગુર્જરી ગાજે રે;
એની અક્ષરત્રિપુટી રૂપે અંક્સમાની ભાસે રે. ૧.
એમાં એકે ઉદરે વદને મોદક રાખ્યો જાણે રે;
એના શિર પર કન્દૂક સ્થાપ્યે અભિધા અર્ધ રચાયે રે. ૨.
ચાળણીનું જે સ્મરણ કરાવે, જે નારીનું મુખ ઢાંકે રે,
ત્રણ અક્ષરનો વદતી જેને અંગ્રેજ ગુર્જર જનતા રે,
આદિમ અક્ષર એનો ગ્રહતાં નામ બને છે પૂરું રે;
લગ્નની જેણે આદ્ય નિશાએ પ્રતિબોધી આઠ પત્ની રે,
તસ્કરો પણ સંગે જેના જૈની દીક્ષા ગ્રહતા રે,
ચરમ કેવલી જેહ ગણાયે 'ભરતે' પંચમ કાળે રે,

એહ શ્રેષ્ઠિસુંત મુનિવર કેરી ગૂંથી હરિયાળી હીરે રે,
વિક્રમ કેરા વર્ષે યક્ષે મંડિત સહસ્ત્રાયુગ્મે રે,
શુક્ર માસના પક્ષે શુક્લે ત્રયોદશી શશિવારે રે,
આર્યાવર્તે નન્દનવનશા પ્રાન્તે જન્મસ્થળમાં રે. ૩-૭

**અર્થ :** 'ભારત' વર્ષની-આપણા આ દેશની જે શિષ્ટ-વિશિષ્ટ લિપિઓ છે તેમાં ગુર્જરી યાને ગુજરાતી લિપિ ગુણની અપેક્ષાએ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એમાં ત્રણ અક્ષરો-વર્ણો એવા છે કે જે અંક જેવા જણાય છે. - ૧.

આ ત્રણ અક્ષરો પૈકી એકના પેટમાં તેમ જ મુખમાં મોદક યાને લાડુ જાણે ન મૂક્યો હોય એમ લાગે છે. એ અક્ષરના મસ્તક ઉપર દડો સ્થપાતાં આ હરિયાળીમાં જે મહાનુભાવનું નામ મેં ગૂંથ્યું છે તે નામનો અર્ધ ભાગ તૈયાર થાય છે. - ૨.

જે ચાળણીનું સ્મરણ કરાવે છે, જે સ્ત્રીના મુખને ઢાંકે છે અને જેને અંગ્રેજો તેમ જ ગુજરાતીઓ ત્રણ અક્ષરનો બનેલો કહે છે તેનો આદ્ય અક્ષર પૂર્વોક્ત અક્ષરની સાથે જોડતાં ઉપર્યુક્ત મહાનુભાવનું પૂરું નામ બને છે.

જેમણે લગ્ન બાદ પ્રથમ રાત્રિએ આઠ પત્નીને પ્રતિબોધ પમાડ્યો અને જેમના સમાગમથી પ્રતિબોધ પામી ચોરોએ પણ જૈન દીક્ષા ગ્રહણ કરી તેમ જેઓ આપણા આ દેશમાં ચાલુ 'અવસર્પિણી' કાળમાં પાંચમા આરામાં અંતિમ કેવળી બન્યા એ શ્રેષ્ઠિપુત્ર મુનિવરની હરિયાળી મેં - હીરાલાલે વિ. સં. ૨૦૧૩માં જેઠ સુદ તેરસને સોમવારે આ આર્યાવર્તના 'નન્દન' વન સમાન પ્રાન્તમાંની મારી જન્મભૂમિમાં રચી. ૩-૭

ઉકેલ - આ હરિયાળી દ્વારા આર્ય જંબુ મુનિવરનું નામ રજૂ કરયું છે. ગુજરાતી લિપિમાં જ, પ અને ર એ ત્રણ અક્ષરો અંકનો ભાસ કરાવે

છે. એમાંના 'જ' અક્ષરમાં બે મીંડા છે. એક પ્રારંભમાં અને એક જાણે પેટમાં. એ મીંડાને મેં અહીં એના ગોળાકારને લઈને 'મોદક' કહ્યાં છે. એ 'જ' ના માથા ઉપરના મીંડાને મેં દડો કહ્યો છે કેમકે એનો આકાર ગોળમટોળ છે.

'બુરખો' એટલે ચહેરો ઢાંકવાનું જાળીવાળું કપડું. આમાં અનેક જાળી હોવાથી એ ચાળણીનું સ્મરણ કરાવે છે. 'બુરખો' માટે અંગ્રેજીમાં વેઈલ (Veil) શબ્દ છે. ઉચ્ચારની દૃષ્ટિએ એમાં તેમ જ ગુજરાતીમાં ત્રણ ત્રણ અક્ષર છે. આ 'બુરખો' શબ્દમાંથી પહેલો અક્ષર 'બુ' લઈ એનો 'જ' સાથે વિચાર કરતાં 'જંબુ' નામ બને છે. એ જંબુસ્વામીએ આઠ પત્નીઓને લગ્નની પહેલી રાતે પ્રતિબોધ પમાડ્યો. એ વેળા પ્રભવસ્વામી વગેરે જે ચોરો એમના મકાનમાં ચોરી કરવા આવ્યા હતા તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા અને એમણે એ લીધી પણ ખરી. જંબુસ્વામી શ્રેષ્ઠીના પુત્ર થતા હતા. 'યક્ષ'થી ૧૩ની સંખ્યા અભિપ્રેત છે. 'શુક્ર' માસથી 'જેઠ' મહિનો સમજવાનો છે. 'ગુજરાત' એ આર્યાવર્તનું- 'ભરત'ભૂમિનું 'નંદનવન' છે. એ ગુજરાતમાં મેં મારી જન્મભૂમિ 'સુરત'માં આ હરિયાળી રચી છે. - ૩-૭

-દિગંબર જૈન (વ. ૫૩, અં. ૧૧)

# (૩૫) પ્રતિભા - હરિયાળી

'સર્વ વર્ણનું સ્નેહસંમેનલ, યોજ્યું કોણે શાને રે?'
પૂછતી પુત્ર ગિરીશ કેરી, ઉત્તર શંકર અર્પે રે; ૧.

'દંત્ય જ્ઞાતિએ સાધી સિદ્ધિ, ક્રાંતિકરના નામે રે;
વ્યંજન એકે અન્ય જ્ઞાતિનો, નામાર્થે નવ લે છે રે. ૨.

એથી રિસાયા નિજ બે મુખિયા, અલગ રહ્યા છે આજે રે;
હસ્વ સ્વરના આદ્ય યુગલના, 'એ' બળથી એ નાચે રે. ૩.

અભિનંદન એ દંત્યાક્ષરને, અર્પે વર્ણો સર્વે રે;
માતૃકાસંઘે યોજ્યું સંમેલન, જઈએ આપણ સંગે રે; ૪.

જૈન ગગનમાં રવિ શા શોભે, પ્રતિભા કેરા પ્રતાપે રે;
એ વાદીની રચી હરિયાળી, રસિક - ચન્દ્રિકા-તનુજે રે. ૫.

વિ.-ગિરીશ એટલે હિમાલય. એની પુત્રી પાર્વતી શંકરને પૂછે છે કે કોણે શા માટે સર્વ વર્ણનું (અક્ષરોનું) સંમેલન યોજ્યું છે. શંકર એનો નીચે મુજબ ઉત્તર આપે છે :-

'દંત્ય' જ્ઞાતિએ એટલે દંતસ્થ વ્યંજનોના મંડળે કોઈ એક ક્રાંતિ કરનારના નામે સિદ્ધિ સાધી છે. આમ કહી અહીં હરિયાળીના ઉકેલની બે ચાવી બતાવાઈ છે : (૧) જે નામ શોધવાનું છે તેમાં દંત્યાક્ષરો છે અને (૨) એ નામ ક્રાંતિ કરનારનું છે. આ મંડળે એ નામમાં એકે અક્ષર અન્ય વર્ગનો લીધો નથી એટલે કે એમાં દંત્યાક્ષરો જ છે. આને લઈને એ 'દંત્ય' જ્ઞાતિના બે મુખિયા એટલે કે નાયકો રિસાઈ ગયા છે અને બે અલગ રહ્યા છે. આમ કહી એ નામમાં ત અને થ્ એ બે અક્ષરો નથી એમ સૂચવાયું છે.

અ, ઈ, ઉ વગેરે હસ્વ સ્વરો છે. એનું આદ્ય યુગલ એટલે અ અને ઈ એ બે મળતાં 'એ' બને છે. આ ત્રણનો અભિપ્રેત નામમાં ઉપયોગ કરાયો છે અર્થાત્ આ નામ રચવામાં ત અને થ્ સિવાયના દંત્યાક્ષરોને તેમ જ અ, ઈ અને એ સ્વરોનો ઉપયોગ કરાયો છે.

આ દંત્યાક્ષરોને સર્વે વર્ણો-અક્ષરો અભિનંદન આપે છે કેમકે એમણે એક અપૂર્વ નામ રચ્યું છે. માતૃકાસંઘે એટલે અક્ષરોના મહાજને સંમેલન યોજ્યું છે. ચાલો આપણે સાથે જઈએ. - ૧-૪

જૈન આકાશમાં પોતાની પ્રતિભાને લઈને સૂર્યની જેમ શોભે છે એ સૂચન હરિયાળીના ઉકેલમાં સહાયક બને છે. એ ઉપરથી સૂર્યના પર્યાયરૂપ 'દિવાકર' શબ્દ સ્ફુરે. વળી આ નામ કોઈ પ્રબળ વાદીનું છે એ

આ નામ સિદ્ધસેન દ્વિવાકરનું જ છે એ વાતની પ્રતીતિ કરાવે છે. અંતમાં તો હરિયાળી રચનારા તરીકે મેં મારો પરિચય આપ્યો છે.

- દિગંબર જૈન (વ. ૪૫, અં. ૮)

# (૩૬) સૌમ્ય-હરિયાળી

'હંકાર' રડતો 'હરડે'માંનોઃ સ્થાન ગણે મુજ અન્તિમ રે;
સૂરિવર્યના આદિમ વર્ણે એને અર્પ્યું સાન્ત્વન રે. ૧

એ ઊષ્માક્ષર ગાજે પ્રાણે, સન્ધ્યાક્ષરનો અર્થી રે,
સાધે મૈત્રી આધની સાચે, સ્વર ને વ્યંજન રાચે રે. ૨

ઓષ્ઠ્યાક્ષર પણ સંગે સ્વરની રંગે અત્રે આવે રે;
સુવર્ણ રચાયું વાર ન લાગી 'જય જય' જનતા ઉચરે રે. ૩

કળા અધૂરી પૂરણ કરવા શશી નભેથી ઊતરે રે;
સત્કારે એ ષડક્ષરીનેઃ પંક્તિ દશેની જામે રે. ૪

કંચનનો યદિ ઊગે ભાનુ આનંદ ઉરે વ્યાપે રે;
સુવર્ણવિધુનાં દર્શન લાધ્યે આનંદસિંધુ નાચે રે. ૫

અસ્મિતાનો મંત્ર સુણાવી ગુર્જર જનને સૂરિ રે;
સ્વતંત્ર કરતા સર્વે તન્ત્રે જ્યોતિર્ધર એ ગ્રગે રે. ૬

સૌમ્યદ્વંદ્વની હરિયાળી આ ગ્રથી ચંદ્રિકા[illegible]ોરે રે;
નર્મદનગરે ચતુર્થ વર્ષે સહસ્ત્રાયુગથી અધિકે રે. ૭

વિ. - આ હેમચન્દ્રસૂરિની હરિયાળી છે. 'હરડે' શબ્દમાંનો 'હ' એ વર્ણોમાં અન્ત્ય છે. એથી એ જાણે રુદન કરતો હોય અને હેમચન્દ્રસૂરિના નામમાં પણ પ્રારંભમાં 'હ્' છે એ અક્ષરે એને જાણે આશ્વાસન આપ્યું હોય એવી અત્ર કલ્પના કરાઈ છે. - ૧

'હ્' એ ઊષ્માક્ષર છે તેમ જ એ એક મહાપ્રાણ પણ છે. 'એ' એ સન્ધ્યાક્ષર છે. 'અ' સાથે 'ઈ' મળતાં 'એ' બને છે 'હ્' સાથે 'એ' મળે છે. આ બંને અનુક્રમે વ્યંજન અને સ્વર છે. એથી સમસ્ત વર્ણો રાજી થાય છે - ૨.

'મ્' એ ઓષ્ઠ્યાક્ષર છે. એ 'અ' સાથે 'હે' ને મળતાં સુવર્ણ-વાચક 'હેમ' શબ્દ બને છે. એમાં કંઈક ઓછાશ હોય એમ માની ચન્દ્ર આકાશમાંથી નીચે ઉતરે છે. આ કલ્પના દ્વારા 'હેમ'માં ચ્, અ, ન્, દ્, ર્ અને અ છ અક્ષરથી બનેલો 'ચન્દ્ર' શબ્દ 'હેમ'ગત હ્, એ, મ્, અને અ સાથે જોડાય છે, સોનાનો સૂરજ ઊગે આનંદ વ્યાપે. ચન્દ્રના દર્શનથી સમુદ્ર ઉછળે છે. અહીં આ ચન્દ્ર સુવર્ણમય છે. - ૩ -૫.

હેમચન્દ્રસૂરિએ ગુજરાતને અસ્મિતાનો મંત્ર સંભળાવ્યો છે. હેમચન્દ્રસૂરિ અને ચન્દ્ર એ બંને સૌમ્ય છે. વળી 'હેમ' અને 'ચન્દ્ર' મળીને 'હેમચન્દ્ર' નામ બન્યું છે. - ૬.

અંતમાં મેં મારી માતાનું 'ચન્દ્રિકા' એ નામનો, મારા નામના અંશનો નર્મદનગર દ્વારા રચનાસ્થળ તરીકે સુરતનો અને રચના વર્ષ તરીકે વિ. સં. ૨૦૦૪ નો નિર્દેશ કર્યો છે. - ૭.

## (૩૭) ક્ષપણક - હરિયાળી

આદ્ય વર્ગનો અગ્રિમ અક્ષર, આદિમ ધામે રાજે રે,
નિરખી એને ઓષ્ઠ-સ્વરમાં, સ્પર્ધા પૂરી જામે રે. ૧.

એકે સર્જ્યું રૂપ અનેરું, 'સાત' અંકનું સાચે રે;
આવે રંગે પ્રણમે ચરણે, અગ્ર વ્યંજનને ભાવે રે. ૨

ધરતી ધરતી તિલક શું ભાલે, નિજ પર્યાય નિહાળી રે ?
દડબડ દોડે એક દંત્યાક્ષર, સંગે પ્રધાન સ્વરની રે. ૩.

વ્યંજનત્રિક ને સ્વરના યુગનું, પંચ મળ્યું એ જાણી રે,
હર્ષે પુષ્પો ધવળ શરીરે; મોગરાની મતિ મોહી રે. ૪.

એના નામની જોડ જગાવે, ક્ષપણકને ઉર ઊર્મિ રે;
નામ રચાયું પ્રાભૃતકરનું, મતે દિગંબર કેરા રે. ૫.

'નિશ્ચય' નયની ફૂદડી ફરતી, 'પ્રાકૃત' ભાષા સેવી રે,
'સાર' અંતથી શોભે કૃતિઓ, જૈન યમીની નવલી રે. ૬.

*રચી હરિયાળી 'રસિક-ચન્દ્રિકા', ઉપનામીના અર્થે રે,*
રાકા અષાઢી કુંજર-ગગને મંડિત નભ-કર વર્ષે રે. ૭.

વિ. - વ્યંજનોના પાંચ વર્ગ છે. જેમકે ક-વર્ગ, ચ-વર્ગ ઈત્યાદિ. આ પાંચમાં ક-વર્ગ સૌથી પહેલો છે. એ વર્ગનો પ્રથમ અક્ષર 'ક્' છે. એ આ હરિયાળી દ્વારા રજૂ કરાયેલા નામમાં સૌથી મોખરે છે. ઉ, ઊ, ઓ અને ઔ એ ઓષ્ઠ-સ્વરો ગણાય છે. એ આ 'ક્'ને જોઈને હરીફાઈમાં ઊતરે છે. - ૧.

એક ઓષ્ઠ-સ્વરે તો પોતાનું મૂળ છોડી દઈ અન્ય રૂપ ધારણ કર્યું અને એનો આકાર સાતના આંકડા જેવો રાખ્યો. આમ કહી મેં અહીં 'ઉ'નું સૂચન કર્યું છે. એ 'ઉ' સાતડા જેવું રૂપ ધારણ કરી 'ક્'ને પગે પડે છે. *આમ 'કુ' બને છે.* - ૨.

'પૃથ્વી' શબ્દનો પર્યાય 'કુ' છે. એ આ ઉપર્યુક્ત વિચારણાને સમર્થિત કરે છે. પૃથ્વી આ 'કુ'ને જોઈને કપાળમાં જાણે તિલક કરે છે. આ ભાવ દ્વારા હું અનુસ્વારનું સૂચન કરું છું. ત્, થ વગેરે 'દંત્વ' અક્ષરો છે. એમાંનો એક 'અ'ને સાથે લઈને-એની મદદથી દડબડ દડબદ દોડી આ 'કુ'ને મળે છે. આ દંત્ય અક્ષર 'દ' છે એમ 'દડબડ' શબ્દથી આડકતરી રીતે સૂચવાયું છે. - ૩.

'કુંદ' શબ્દમાં ક્, ન્ અને દ્ એ ત્રણ વ્યંજનો છે અને ઉ અને અ

એ બે સ્વરો છે. આમ અહીં પાંચ અક્ષરો છે. એનો 'પંચ' તરીકે ઉલ્લેખ કર્યો છે. એ પંચને જોઈને શ્વેત વર્ણનાં કુસુમો રાજી થાય છે અને તેમાં એ મોગરો તો મોહી પડે છે. 'મોગરો' એ અર્થમાં 'કુંદ' શબ્દ છે. એથી 'કુંદ' શબ્દ મોગરાને ગમે એ સ્વાભાવિક છે.-૪.

આ 'કુંદ' શબ્દની જોડી 'કુંદકુંદ' એવું નામ ઊભું કરે છે અને એ દિગંબરોના ચિત્તમાં આનંદની ઊર્મિ જગાડે છે. કેમકે આ નામ દિગંબરોને પ્રિય છે. આ નામના દિગંબર આચાર્યે દિગંબર જૈનોના કથન મુજબ છ, આઠ કે પછી ચોર્યાસી પાહુડો (પ્રાભૃતો) રચ્યાં છે. 'પ્રાભૃતકર' એવા પ્રયોગથી હરિયાળીનો આંશિક ઉકેલ સૂચવાયો છે. - ૫.

આ કુંદકુંદાચાર્યનું જ નામ છે એ બાબત એમણે - એ જૈન મુનિવરે જે પાઇય ભાષામાં 'નિશ્ચય' નયને મુખ્ય સ્થાન આપનારી અને 'સાર' એવા અંતિમ અંશરૂપ નામવાળી પવયણસાર, પંચત્થિકાયસાર, નિયમસાર અને સમયસાર જેવી કૃતિઓ રચી છે. એ વાત અહીં સમર્થિત કરાઈ છે. - ૬.

અંતમાં મેં આ હરિયાળી એના રસિક જનોને ચંદ્રિકા સમાન કહી છે અને એ દ્વારા શ્લેષથી મેં મારાં પિતા-માતાનાં નામ રજૂ કર્યાં છે. આ હરિયાળી મેં દિગંબર જૈનના તંત્રી અને મારા મિત્ર શ્રી મૂળચંદ કિ. કાપડીઆની વિજ્ઞપ્તિ અનુસાર રચી છે. એમની અટક અને મારી અટક એક જ છે. આ રચના વિ. સં. ૨૦૦૮ના અષાડ માસની પૂર્ણિમાએ કરાઈ છે. - ૭.

- દિગંબર જૈન (વ. ૪૫, અં. ૯)

## (૩૮) બિહારી-હરિયાળી

શંકર કેરી કીર્તિ પ્રસરતી અર્ધનારીશ્વર નામે રે;<br>
જાણી ધરતી ગર્વ માતૃકા ચાર બાળકથી રાચી રે. ૧

સોહે એમાં એક વિશેષે આકૃતિ અંકની ધારી રે;
ઝાલ્યે દંડો ઊંધો કરમાં શોભા સવાઈ થાતી રે. ૨.

એની સંગે રમવા આવે મધ્યસ્થ પરવર્ગી રે;
માથે મૂકી ટોપી મહાલે 'જે' 'જે' ઉચરે લોકો રે. ૩

ક્રીડા નિરખી ઈન્દ્ર ભળે છે, અગ્રિમ વર્ણ લોપી રે;
'કૃપા શું ઊતરી મુજ પરેથી ?' શોકે વિમાસે શચી રે. ૪.

ડોક્ટરની આ રચી હરિયાળી શારદાનું હીર સ્તવતાં રે,
ઘર ઘર તોરણ બાંધો લોકો ! પ્રસાદ વહેંચો જગમાં રે. ૫.

સ્વતંત્ર ભારત ! બજાવ ડંકો 'બિહાર' વિહારી નામે રે,
ચંદ્રનું હરણું કર્ણ ધરે છે બાબુ તણો જય સુણવા રે. ૬.

વિ. - શંકર યાને મહાદેવની કીર્તિ 'અર્ધનારીશ્વર' તરીકે ફેલાઈ છે. એ જાણીને વર્ણમાળા રાજી થાય છે અને અભિયાન ધારણ કરે છે કેમકે એના ચાર ચાર પુત્રો 'અર્ધસ્વર' તરીકે ઓળખાય છે. આ ચાર પુત્રો તે ય, ર્, લ્ અને વ્ છે. આ ચારમાં એકનો આકાર અંકના જેવો- બગડા જેવો છે. એ અક્ષર તે ર છે. એ ચારમાં વિશેષે શોભે છે. એને કાનો લગાડતાં 'રા' બને છે. કાનો એટલે જાણે ઊંધો પકડેલો દંડો. 'રા' એ બે સવા અઢી જેવો ભાસ કરાવે છે. આમ પ્રથમ પદ્ય દ્વારા રા તૈયાર થાય છે. - ૧.

આ 'રા' સાથે બીજા વર્ગનો - ચ-વર્ગનો મધ્ય અક્ષર અર્થાત્ જ રમવા આવે છે. એને માથે માત્રા હોય તો જાણે એણે માથા ઉપર ટોપી મૂકી હોય એમ લાગે છે. આમ કહી 'જે'ની વાત કરાઈ છે અને લોકો 'જે' 'જે' બોલે છે એમ કહી એનું સમર્થન કરાયું છે. 'રા' અને 'જે'ની રમત જોઈ ઈન્દ્ર પણ જોડાય છે પરંતુ તેમ કરતી વેળાએ પોતાનો આદ્ય વર્ણ 'ઈ'ને જતો કરે છે. અર્થાત્ 'રાજે' સાથે 'ન્દ્ર' જોડાય છે. આમ 'રાજેન્દ્ર' એવું નામ નિષ્પન્ન થાય છે. 'ઈન્દ્ર' 'રાજે' સાથે ભળી ગયો તે

વાત ઉત્પેક્ષા દ્વારા દર્શાવાઈ છે: ઈન્દ્રાણીને એમ લાગ્યું કે પોતાના પતિ ઈન્દ્ર એના ઉપર હવે કૃપા રાખતા નથી. આથી એ શોકાતુર બને છે. - ૨.

આ હરિયાળી 'ડોક્ટર'ની ઉપાધિથી વિભૂષિત વ્યક્તિની છે. એ રચતી વેળા મેં સરસ્વતી દેવીના સત્ત્વનું-સ્નેહનું સ્તવન કર્યું છે અર્થાત્ આ હરિયાળી રચવામાં શારદા દેવીએ જાણે મને સહાયતા કરી છે એમ હું કહું છું. વિશેષમાં 'હીર'થી હું મારું નામ પણ સૂચવું છું.

હું આ હરિયાળી રચી શકયો છું તો એથી અન્ય જે લોકોને આનંદ થયો હોય તેમને પોતાને ઘેર આસોપાલવનાં તોરણ બાંધવા અને 'પ્રસાદ' વહેંચવા એમ સૂચવું છું. ઉત્તરાર્ધ વડે હું 'રાજેન્દ્ર'ની જોડે 'પ્રસાદ' શબ્દ ઉમેરું છું અને આમ 'રાજેન્દ્રપ્રસાદ' એવું આખું નામ ઊભું કરું છું. વર્ષો પછી થયે આપણો દેશ સ્વતંત્ર બન્યો છે અને એના પ્રમુખ તરીકે ડો. રાજેન્દ્રપ્રસાદ છે એટલે આનંદનો ડંકો ભારતવાસીઓ વગાડે એમ હું સૂચવું છું. આ ડંકો બિહારના નિવાસીને બિહારમાં વિહરનારને નામે વગાડવાનો છે. આ દ્વારા ઉપરનું જે નામ અભિપ્રેત છે એ વાત કહેવાઈ છે. ડો. રાજેન્દ્ર પ્રસાદને 'બાબુ' કહે છે. લોકો એનો જયનાદ પોકારે છે. ચંદ્રમામાં જે લોકમાન્યતા મુજબ હરણ છે. તે આ જયનાદ સાંભળે છે. એવી મેં કલ્પના કરી છે.

# પ્રકરણ - ૩/૪

# સંખ્યા મૂલક હરિયાળી (સાંકેતિક)

હરિયાળીમાં પ્રતીકોની વિવિધતા રહેલી છે. કેટલાંક સાંકેતિક પ્રતીકો દ્વારા રહસ્યમય અભિવ્યક્તિ કરીને સાંપ્રદાયિક વિચારોની અર્થઘન અભિવ્યક્તિ કરી છે આવા સંખ્યામૂલક શબ્દ પ્રયોગોનો અર્થ તેમાં રહેલા વૈવિધ્યપૂર્ણ વિચારોનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રત્યેક શબ્દનો અર્થ તત્ત્વજ્ઞાનને સ્પર્શીને આત્મસ્વરૂપની સાથે સંબંધ ધરાવે છે. અહીં ઉદયરત્ન અને

લબ્ધિસૂરિની કૃતિઓ આપવામાં આવી છે. તત્ત્વ દર્શનના જિજ્ઞાસુઓને માટે આવી કૃતિઓ વધુ રસપ્રદ બને તેવી છે. હરિયાળીના લક્ષણમાં જીજ્ઞાસાનો સમાવેશ થાય છે એટલે આવી કૃતિઓમાં સંખ્યામૂલક પ્રતીકનો અર્થ જાણવાની તીવ્ર ઈચ્છા ઉદ્ભવે છે. અર્થ જાણ્યા પછી તેના સાચા રહસ્યને પામી શકાય છે. અર્થ ગાંભીર્યયુક્ત કવિવાણી કાવ્યકલાના નમૂનારૂપ છે.

## (૧)

મેં તો નજીક રહેસ્યાંજી, મોરા રે સાહિબરી,
સેવા કરસ્યાંજી, સાહિબ રી, સેવામાં રહેસ્યાં.
કરસ્યાં સુખદુઃખ વાત, આણા વહેસ્યાં,
શિવસુખ લહેસ્યાં હરસ્યાં દુરિત સંઘાત. મેં તો. ॥૧॥
સિદ્ધારથ રાજાનો નંદન, ત્રિશલા દેવી માય,
ચોવીશમા જિનના ગુણ ગાતા હરખિત કરશું કાય. મેં. તો. ॥૨॥
બેને મંડી છો ને છંડી, બોલવીશું બાર,
પંદર જણની પાસ ન પડશું, તેરને દેશું માર. મેં તો. ॥૩॥
ચાર પાંચ આઠ હણીને, નવશું ધરશું નેહ,
દશ પોતાના દોસ્ત કરીને, એકને દેશું માર. મેં તો. ॥૪॥
બે પાંચ સત્તાવીશ ધરશું, બેંતાલીસ શુધ્ધ,
તેત્રીસને ચોરાશી ટાળી, આતમ કરશું શુધ્ધ. મેં તો. ॥૫॥
સત્તર પાળી અઢાર અજવાળી, જીતશું બાવીશ,
તેવીસ જણને દૂર કરીને, ચિત્ત ધરશું ચાલીસ. મેં. તો. ॥૬॥
ચારમાંથી બેને પરિહરિશું, બેનો આદર કરશું,
એમ જિનની આણા વહીને, ભવ સાયરને તરીશું. મેં. તો. ॥૭॥
અંગ વિનાનો સંગ ન કરીએ, તરીએ ભવજલ તીર,
ઉદયરત્ન કહે ત્રિશલાનંદન, જય જય મહાવીર. મેં. તો. ॥૮॥

## સાંકેતિક પ્રતીકની માહિતી

ગાથા. ૩ - બેને મંડી-દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કરવો.
છો ને છંડી છક્કાયના જીવોની રક્ષા.
બોલાવીશું બાર - ૧૨ ભાવના અનિત્યાદિ.
પંદરની પાસ-પંદર કર્માદાન. ૧૩ને માર - ૧૩ કાઠિયા.

ગાથા. ૪ - ચાર પાંચ આઠ હણીને - ચારકષાય, પાંચપ્રમાદ, આઠ કર્મ,
નવશું ધરશું નેહ-બ્રહ્મચર્યની નવ વાડનું પાલન.
દશ પોતાના દોસ્ત- ૧૦ યતિધર્મ,
એકને દેશું માર - મિથ્યાત્વ.

ગાથા ૫. - બે પાંચ સત્તાવીશ ધરશું - ૨-જ્ઞાનક્રિયા, ૫-મહાવ્રત, ૨૭
સાધુના ગુણ, બેંતાલીસ શુદ્ધ - ૪૨ ગોચરીના દોષ
તેત્રીસ ને ચોરાશી ટાળી - ૩૩ આશાતના ગુરૂની ૮૪
જિનમંદિરની આશાતના.

ગાથા ૬. - સત્તર પાળી અઢાર અજવાળી ૧૭ - સંયમના ભેદ,
૧૮-પાપ સ્થાનક.
તેવીસ જણને દૂર - પાંચ ઈન્દ્રિયના વિષય-કષાય
ચિત્ત ધરશું - ૨૪ તીર્થંકરનું ચિત્તમાં ધ્યાન કરવું.
ચાલીસ જીતશું બાવીશ - ૨૨ પરિષહ
(અંગ વિનાનો સંગ - અનંગ કામદેવ)

## (૨) શ્રી મલ્લિનાથજિન સ્તવન

(રાગ : મેં તો સેવા કરશાંજી.)

મેં તો હજુર રહેશાંજી.

મલ્લિજિન સાહિબરી, મેં તો સેવા કરશાંજી, (અચંલી)
એકને છોડી, બેને તોડી, ત્રણનો કરશું ત્યાગ,
ચારને છોડી, પાંચને મોડી, છશું ધરશું રાગ. મૈં. ૧.

સાત હરીને આઠ વરીને, નવનો કરીને નાશ,
દશને દિલની અન્દર રાખી, રટું એકાદશ ખાસ. મૈ. ૨.

બાર વિચારી, તેરને વારી, ચઉદનો કરશું છેહ,
ભવ ભ્રમણ દુઃખ કરનકું, ધરૂં પન્નરસુ નેહ. મૈં. ૩.

સોલને વારી સત્તર ટારી, હરી અઢાર હમ્મેશ,
ઓગણીનો વિચાર કરીને, ટાળીશ મારો કલેશ. મૈં. ૪.

વીશ વિસારી એકવીશ ટારી, બાવીશ સહુ ધરી પ્રેમ,
તેવીશ પ્રભુજી શુભબલ આપે, રહેવા કુશલ ક્ષેમ. મૈં. ૫.

કર્મ મલ્લ શ્રી મલ્લિસ્વામી, આવ્યો તુમ દરબાર,
કર્મ લબાડી હશે હમારા, લુંટી રહ્યો ઘરબાર. મૈં. ૬.

આત્મ કમલમાં ધ્યાન તમારૂં, જાણી રક્ષણહાર,
લબ્ધિસૂરિ જિન પ્રીતે પ્રણજો, વસવા શિવ મોઝાર. મૈં. ૭.

## સાંકેતિક અર્થ

**૧.** અવિરતિ **૨.** રાગ અને દ્વેષ **૩.** મન વચન અને કાયદંડ **૪.** ચાર કષાય - ક્રોધ, માન, માયા અને લોભ. **૫.** શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. **૬.** છ કાયના જીવોની રક્ષા - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ-સાધારણ જીવો.

**૭.** ઈહલોક ભય, પરલોક, આદાન ધનાદિગ્રહણ, અકસ્માત, અપયશ, આજીવિકા, મરણ.

**૮.** અષ્ટ પ્રવચન માતા ઈર્યા, ભાષા, એષણા, આદાનભત્ત નિક્ષેપ, પારિષ્ઠાપનિકા, ત્રણ ગુપ્તિ-મન, વચન, કાય.

**૯.** નિયાણાં - નૃપત્વનિદાન, શ્રેષ્ઠિકત્વનિદાન, સ્ત્રીત્વનિદાન,

પુરૂષત્વનિદાન, પરપ્રવિચારી સુરત્વનિદાન, દરિદ્રત્વનિદાન, સ્વ પ્રવિચારી સુરત્વનિદાન, શ્રાધ્ધત્વનિદાન અને બ્રહ્મચર્ય.

**૧૦.** યતિધર્મ - ક્ષમા, માર્દવ, સરળતા, નિરાળાપણું, તપશ્ચર્યા, સંયમ, સત્ય, પવિત્રતા, અકિંચનપણું.

**૧૧.** દર્શન સમ્યકત્વ, વ્રત, સામાયિક, પૌષધ, કાયોત્સર્ગ, મૈથુન વર્જન, સચિત્ત વર્જન, સ્વયં આરંભ વર્જન, પ્રેષ્ય-અન્ય સેવકાદિ વર્જન સ્વનિમિત્ત અશનાદિ, મુનિવ્રત વર્તન.

**૧૨.** એકમાસી અલેપ ભોજન આહારપાણીની એક એક દત્તી, બે માસી બબ્બે દત્તી, ત્રણ માસની ત્રણ ચાર માસી-ચાર દત્તી, પાંચ માસી-પાંચ દત્તી, છ માસી - છ દત્તી, સાતમાસી - સાતદત્તી, અહોરાત્રિથી એકાંતરે નિર્જળ ઠામ ચઉવિહાર, આયંબિલ, સાત અહોરાત્રિથી ઉત્કટાસને કે દંડાસન કાયોત્સર્ગ તપ આઠમી પ્રમાણે, સાત અહોરાત્રિથી ગોદોહ વીરાસને કાયોત્સર્ગ એક અહોરાત્રિથી નિર્જળ છઠ્ઠ આગળ પાછળ ઠામ ચોવિહાર, એકાસણું, પ્રથમ એકાસણામાં અહોરાત્રિ કાયોત્સર્ગ. એક રાત્રિથી નિર્જળ અઠમ-આગળ પાછળ ઠામ ચોવિહાર એકાસણું, પહેલા એકાસણાની રાત્રિયે સિદ્ધિશિલા સમક્ષ એકાગ્ર દષ્ટિ રાખી કાયોત્સર્ગ કરવા પૂર્વક ઉત્સર્ગ સહન કરે.

**૧૩.** આળસ, મોહ, અવર્ણવાદ, અવજ્ઞા, સ્તબ્ધતા, અહંકાર, ક્રોધ, પ્રમોદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, હાંસી, કુતૂહલ.

**૧૪.** ગ્રથિ સ્ત્રી, પુરૂષ, નપુંસક ૩ વેદ, ૬ હાસ્ય, ૧ મિથ્યાત્વ ૪ કષાય.

**૧૫.** પરમાધામી અંબ્ર, અંબરૂષિ, શ્યામ, સબલ, રૌદ્ર, વિરૌદ્ર કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુ, કુંતી, વાલુક, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ,

**૧૬.** કષાય ક્રોધ, માન માયા, લોભ, પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન

સંજવલન અને અનંતાનુબંધી

૧૭. અસંયમ પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિય, ચાર કષાયજય, મન વચન કાયાનો નિગ્રહ.

૧૮. અબ્રહ્મ - ઔદારિક શરીર, મન વચન કાયા સેવવું, સેવાવવું અનુમોદના કરવી, ૯ ભેદ એમ અઢાર અબ્રહ્મ જાણવા.

૧૯. જ્ઞાતાધર્મ કથા અધ્યયન

૨૦. અસમાધિસ્થાન, ઝડપથી ચાલવું, અપ્રમાર્જિત સ્થાને બેસવું, પ્રમાર્જિત સ્થાને ગમે તેમ બેસવું, સુખાર્થે સંયમનાં ઉપકરણો વધુ રાખવાં, જ્ઞાનાધિકનો પરાભવ, જ્ઞાનવૃદ્ધ-વયોવૃદ્ધનો ઉપઘાત કરવો, શાસ્ત્રાજ્ઞાથી વધુ શૈય્યા વાપરવી, પૃથ્વીકાયાદિ જીવોની હિંસા, ક્રોધની પરંપરા ચાલુ રાખવી, માનસિક નિર્બળતાથી નિંદા, દોષિતને વારંવાર કહેવું, શાંત થયેલા કષાયની ઉદીરણા કરવી, અસ્વાધ્યાય, સચિત્ત હાથ પગથી પ્રવૃત્તિ કરવી, વિકાળે ઉચ્ચ સ્વરે બોલવું, કલહ-કંકાસ કરવો, ગચ્છમાં - સાધુઓમાં ભેદ પડાવવો, સૂર્યાસ્ત સુધી આહાર પાણી વાપરવા, એષણા સમિતિનું પાલન કરવું નહિ.

૨૧. શબળ સ્થાન (સાધુને કલંક) હસ્તમૈથુન, અતિક્રમ વ્યતિક્રમ, અનાચારથી દોષ, રાત્રિ ભોજન - લગભગવેળાએ વાપરવું, આધાકર્મી આહાર, કીતદોષ - દોષવાળી વસ્તુ ગ્રહણ કરવી.

પ્રામિત્ય ગ્રહણ, અભ્યાવ્હત ગ્રહણ, આચ્છેદ્ય ગ્રહણ, ત્યાગ કરેલ વસ્તુ વાપરવી, છ માસમાં એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં જવું, એક મહિનામાં ત્રણ વાર નદી ઉતરે, એક માસમાં ત્રણ વાર માયા-કપટ કરે, જાણી જોઈને પૃથ્વીકાયાદિની હિંસા જાણીને જુઠ્ઠ બોલે, જાણીને અદત્તાદાન લે.

સચિત્ત આદિ પૃથ્વી પર જાણીને બેસે, અનુપયોગથી આવેલા

અભક્ષ્ય પદાર્થો આરોગે, એક વરસમાં દશ વાર ઉદક લેપ કરવો (નાભિથી વધારે પાણીવાળી નદી ઉતરવી) એક વરસમાં દશ વખત માયા કપટ સેવવું, કાચા પાણીવાળા હાથે ગોચરી વહોરવી.

૨૨. પરિષહ (સાધુના)

૨૩. મલ્લિનાથ સિવાયના બાકીના રૂષભદેવાદિ તીર્થંકરો.

## (૩)

વણજારો ધુતારો કામણગારો,
સુંદર વર કાયા છોડ ચાલ્યો,
વણજારો ધુતારો કામણગારો,
એની દેહડીને છોડી ચાલ્યો. વણજારો. ॥૧॥

એણીરે કાયામેં પ્રભુજી પાંચ પણિહારી,
પાણી ભરે છે ન્યારી ન્યારી. વણજારો. ॥૨॥

એણીરે કાયામાં પ્રભુ સાત સમુદ્ર,
તેનું નીર છે, ખારો મીઠો સુંદર વર. વણજારો. ॥૩॥

એણીરે કાયામેં પ્રભુજી નવસેં નાવડીયો,
તેનો સ્વભાવ ન્યારો ન્યારો સુંદર વર. વણજારો. ॥૪॥

એણીરે કાયામાં પ્રભુજી પાંચ રતનીયા,
પરખે પરખણહારો સુંદરવર. વણજારો. ॥૫॥

ખુટ ગયું તેલ ને બુજ ગઈ બતિયાં,
મંદિર મેં પડ ગયો અંધેરો સુંદરવર કાયા. વણજારો. ॥૬॥

ખસ ગયો થંભો પડ ગઈ દેહીયા,
મિટ્ટીમેં મીલ ગયો મારો સુંદરવર. વણજારો. ॥૭॥

આનંદઘન કહે સુનભાઈ સાધુ,
આવાગમન નિવારો સુંદર વર. વણજારો. ॥૮॥

### સાંકેતિક શબ્દોની માહિતી

- પાંચ પણિહારી - પાંચ ઈન્દ્રિયો-સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્રેન્દ્રિય.
- સાત સમુદ્ર - સાત ધાતુ શરીરમાં રહેલી છે તે રસ, રૂધિર, માંસ, મેદ, મજ્જા, અસ્થિ, વીર્ય.
- નવસે નાવડીયો - નવસો નાડીઓ (નસ)
- પાંચ રતનીયા - દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય.

## પ્રકરણ - ૩/૫.

## સમસ્યાપ્રધાન હરિયાળી

હરિયાળીના મૂળમાં તેનો સાચો અર્થ શોધવાનો બુદ્ધિગમ્ય પુરુષાર્થ રહેલો છે. તેમાં કેટલીક હરિયાળીઓ સમસ્યાપ્રધાન છે. તેમાં કોઈ એક વસ્તુ કે સાધનનો આદિ, મધ્ય અને અંત્ય અક્ષર અથવા તો તેના બાહ્ય લક્ષણ કે ગુણનો ઉલ્લેખ કરવામાં આવે છે તે ઉપરથી વસ્તુ કે સાધનનું નામ શોધવાનું હોય છે. આ વિભાગમાં સુધનહર્ષ અને મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજીની સમસ્યા પ્રધાન હરિયાળીનો સમાવેશ કર્યો છે. તેનાથી જ્ઞાન સાથે ગમ્મતનો વિશિષ્ટ પ્રકારનો આનંદ થાય છે. સમસ્યાનો અર્થ જાણવાની ઉત્કંઠાને કારણે વાંચકો વિચાર કરતા થાય છે અને અંતે તેનો ઉકેલ જાણવાથી પરમ પરિતોષ થાય છે.'કાવ્યશાસ્ત્ર વિનોદેન કાલો ગચ્છતિ ધીમતામ્' ની ઉકિત તેનાથી ચરિતાર્થ થાય છે. આ પ્રકારની કૃતિઓમાં કવિની અજબગજબની કલ્પના શક્તિનો પણ પરિચય થાય છે. હૈયે છે પણ હોઠે આવતું નથી એમ પણ અનુભવ થવાનો સંભવ છે.

## (૧)

મંગલકારી અંત્યાક્ષર વિણ, સહુયે જગ જસ કહવે રે,
નિશાલે આવીના (ને) પ્રથમાક્ષર હર્ષ ધરી ગ્રહવે રે. મં. ॥૧॥

મધ્યાક્ષર વિણ તે ઉભયને, હોય ન કહાં એ પ્યારી રે,
અક્ષર ત્રણ કરી તે પૂરણ, રાજકુળે ઘણી સારી રે. મં. ॥૨॥

પહલા અક્ષર ને છે કાનો, બીજો કેવલ જાણો રે,
ત્રીજો અક્ષર જિમ નિરખી, વહેજો અર્થ પિછાણી રે. મં. ॥૩॥

આવે એક કોઈન કામે, બે તો કામે આવે રે,
ધન હર્ષ પંડિત ઈણ પરિ પૂછે, તે સ્યું નામ કહાવેરે. મં. ॥૪॥

(હરિયાળી સંગ્રહ પા. ૨૨) જવાબ - વાચના

આ હરિયાળીનો જવાબ 'વાચના' છે. સમસ્યામૂલક હરિયાળીના ઉદાહરણરૂપ આ કૃતિમાં જિનવાણીનો સંદર્ભ રહેલો છે.

વાચ - વાણી - મંગલકારી છે.

ચના - પાઠશાળામાં બાળકોને આપવામાં આવે છે જંનો સહર્ષ સ્વીકાર થાય છે.

વાના - મહાન પુરૂષોને ગમતાં નથી.

'વા'ને માત્રા છે 'ચ' માત્રા વગરનો છે 'ના' નો અર્થ બોધમાં સહાય કરે છે.

રાજકુળમાં રહે છે એટલે જિનશાસન એ રાજકુળ છે. તેમાં વાચના રહે છે. રાજકુળ જિનેશ્વર ભગવંતનું સામ્રાજય એમ સમજવું.

'વા' - દર્દ કોઈને કામનું નથી.

'ચ' - અનેક કામમાં ઉપયોગી છે.

'ના' - નકારના અર્થમાં છે.

આ રીતે હરિયાળીનો અર્થ સ્પષ્ટ થાય છે.

## (૨)

એ પ્રભુ પ્રતિદિન પૂજીએ,
સ્થિર કરી મન-વચ-કાય,
મન-વચ-કાય થતાં સ્થિર લહીએ પલકમાં,
આત્મ - શુદ્ધિ ઉપાય. એ. ૧

મરિચિકેરા તાત, નરેન્દ્ર શિરોમણિ,
તેના જે વળી તાત,
તે જ્યાં સિધ્યા તે સ્થળકેરા નામનો,
અક્ષર પ્રથમ ગણાત. એ. ૨

કલ્યાણ - કાળે સુર - સહિત જ સુરપતિ,
સુરગિરિ પરઘરી રંગ,
જિનનો જે કરે ચતુરક્ષરી તેનો ગણું,
બીજો અક્ષર ચંગ. એ. ૩

ત્રિશલા - નંદન કેરા, જનની જે થયા,
વ્યાશી જનની જે થયા,
તેમના નામનો, મસ્તકે બિંદુથી સહિત,
ત્રીજો અક્ષર જાણ. એ. ૪

ત્રીજા સ્મરણના કારક અને જેણે કર્યા,
સહસ અહો ? અવધાન,
તેમના નામનો અક્ષર તેમ વળી જાણી એ,
ચોથે ચોથે સ્થાન. એ. ૫

ક્ષત્રિય કુંડના નાયક નરપતિના પ્રથમ,
નંદન બુદ્ધિ નિધાન,
તેમના નામનો પંચમ અક્ષર આપતાં,
પૂર્ણ 'મણિ' અભિધાન. એ. ૬

શ્રી મણિપ્રભ વિજયની સમસ્યામૂલક હરિયાળીનો ઉત્તર નીચે પ્રમાણે છે.

**ગાથા-૨** અષ્ટાપદ પર્વત ઉપર આદિનાથ ભગવાનનું નિર્વાણ તેનો પ્રથમ અક્ષર **'અ'**

**ગાથા-૩** ઈન્દ્રો અને દેવો મેરૂપર્વત ઉપર ભગવાનનો જન્માભિષેક મહોત્સવ ઉજવે છે તે અભિષેક ચતુરાક્ષરી શબ્દનો **'ભિ'**

**ગાથા-૪** ૮૨ દિવસ ગર્ભમાં રહ્યા તે દેવાનંદા તેનો ત્રીજો અક્ષર **'નં'**

**ગાથા-૫** ત્રીજા સ્મરણના રચયિતા મુનિસુંદરસૂરિ તેનો ચોથો અક્ષર **'દ'**

**ગાથા-૬** નંદિવર્ધન. ક્ષત્રિયકુળના નાયક તેનો પાંચમો અક્ષર 'ન' આ રીતે **અભિનંદન** એમ ચોથા ભગવાન સમજવાનું છે.

સમસ્યામૂલક હરિયાળીનું આ ઉદા. નમૂનેદાર છે.

હરિયાળીની વિવિધતામાં નવો રંગ જમાવે છે.

(સ્તુતિ-તરંગિણી પા. ૬૧)

# પ્રકરણ - ૩ / ૬

હરિયાળી સ્વરૂપનો તુલનાત્મક પરિચય થાય તે દષ્ટિએ જૈનેતર કવિઓની આવી રચનાઓ દષ્ટાંતરૂપે અત્રે નોંધવામાં આવી છે તે ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે હરિયાળીમાં દર્શન શાસ્ત્રના રહસ્યમય વિચારોની પ્રતીકાત્મક અભિવ્યક્તિ થઈ છે.

કવિ સુંદરદાસે "તત્ ત્વમ્ અસિ" નામના વાક્યના સંદર્ભમાં હરિયાળી રચના કરીને આત્મસ્વરૂપ પામવા માટેનો ઉપનય ઘટાવ્યો છે.

# ૧. સુંદરદાસની અવળવાણી

(પાંચ સવૈયા : અર્થ સાથે)

## સવૈયા : ૧

**શ્રવન હું દેખૈ, સુનૈ પુનિ નૈનહું, જિહ્વા સૂંઘે, નાસિકા બોલે,**
**ગુદા ખાય, ઈન્દ્રિય જલ પીવૈ, બિન હી હાથ સુમેરૂ હી તોલે.**
**ઊંચે પાંવ, મુંડી નીચેકું, તીન લોકમેં બીચરત ડોલ,**
**'સુંદરલાલ' કહે સુણ જ્ઞાની, ભલી ભાંતી યા અર્થ ખોલ.**

(૧) કાન દેખે! : પોતાના સદ્‌ગરુએ કહેલા મહાવાક્ય (તત્ ત્વમ્ અસિ)ને, માનપૂર્વક પોતાના કાન દ્વારા સાંભળી, ત્યાં રહેલી પોતાની 'અંતઃકરણની વૃત્તિ' તે મહાવાક્યથી પ્રતિપાદન કરાયેલા અંતરાત્મામાંથી અભિન્ન બ્રહ્મને દેખે એટલે વૃત્તિ વડે અનુભવે. (લબ્ધિ હોય તો પણ આ પ્રમાણે એક ઈન્દ્રિય બીજી કોઈ પણ ઈન્દ્રિયનું જ્ઞાન મેળવી શકે - અગાઉ આવી ગયેલ છે.)

(૨) આંખથી સાંભળે ! : પ્રાણી પદાર્થના નામ - રૂપને મિથ્યા ગણી તેના અધિષ્ઠાન રૂપ બ્રહ્મને આંખ દ્વારા નીકળેલી 'અંતઃકરણની વૃત્તિ' દ્વારા સાંભળે એટલે વૃત્તિ વડે અનુભવે.

(૩) જીભ સૂંઘે! : જીભના અગ્રભાગમાં રહેલી 'અંતઃકરણની વૃત્તિ' પડે ત્યાં રહેલા બ્રહ્મરૂપ અલૌકિક કમળના પરમાનંદરૂપ ગંધને સૂંઘે એટલે અનુભવે.

(૪) નાક બોલે! : નાસિકા દ્વારા નીકળતા પ્રાણની સાથે મન તથા વાણીને જોડીને 'સોડહં' સોહં અથવા ૐ નો જાપ કરવા રૂપ સૂક્ષ્મ ઉચ્ચારણ કરે.

(૫) ગુદા ખાય! ગુદા વડે ખાય એટલે મૂળબંધ અપાનવાયુને,

પ્રાણની સાથે મેળવવા, ઉપર ચઢાવે.

(૬) ઈન્દ્રિ જળ પીવે! : કામ - જય માટે ઈન્દ્રિ (ઉપસ્થ) દ્વારા પાણી પીએ એટલે વજ્રોલી દ્વારા અંદર ખેંચે.

(૭) હાથ વિના સુમેરૂ ને તોલે! : હાથ વિના એટલે માત્ર ચિત્ત વૃત્તિ વડે, અથવા, પ્રાણકળા વડે મેરૂદંડ (બરડાની કરોડ રૂપ સુમેરૂ)ને તોળે એટલે વાંકાપણુ મટાડી સીધો કરે.

(૮) બન્ને પગ ઊંચા ને મસ્તક નીચું રાખીને એટલે કે વિપરીત કરણી કરીને, જીવાત્મા જાગૃત થયેલી કુંડલિની સાથે ત્રણ ગ્રન્થી (બ્રહ્મગ્રન્થી, વિષ્ણુગ્રન્થી અને રૂદ્રગ્રન્થી) રૂપ ત્રણે લોકમાં વિચરે - ગમનાગમન કરે.

કવિ સુંદરદાસ કહે છે કે હે જ્ઞાની! સાંભળો, અને આ કાવ્યનો સારી રીતે અર્થ કરો.

(એક વાત ખાસ યાદ રાખવાની કે આવા પદોમાં યોગશાસ્ત્રની ઘણી બાબતો આવે છે. હઠયોગના ગ્રન્થોમાં 'કુંડલિની'- સુષુમ્ણા વગેરે નાડીઓની હકીકતો મળી આવે છે.)

## સવૈયા : ૨

**અંધા તીન લોકકુ દેખે, બ્હેરા સુને બહુત-વિધિ નાદ,**
**નકટા વાસ કમળકી લેવે, ગુંગા કરે બહુત સંવાદ,**
**ઠુંઠા પકડી ઉઠાવે પર્વત, પંગુ કરે નિરત અહલાદ,**
**જો કોઉ વાકો અરથ વિચારે, 'સુંદર' સો હી પામે સ્વાદ.**

(૧) આંધળા ત્રણ લોકને દેખે! જ્ઞાનીને અંધ-જન સાથે સરખાવ્યા છે. જ્ઞાની પોતાની દ્રવ્ય આંખથી બહારના પદાર્થોને રાગ-દ્વેષ-પૂર્વક જોતા નથી, પરંતુ પોતાના 'અંતઃકરણની વૃત્તિ' વડે ત્રણ લોકને, એટલે સર્વ કલ્પિત સંસારને બ્રહ્મ - રૂપ જુએ છે - અનુભવે છે.

(૨) બ્હેરા જુદા જુદા પ્રકારના અવાજો સાંભળે છે!: જ્ઞાની બહારના અનુકૂળ કે પ્રતિકૂળ શબ્દોને રાગ-દ્વેષ-પૂર્વક સાંભળતા નથી પરંતુ ધ્યાનમાં તલ્લીન થવાથી, બહેરા એવા તે જ્ઞાની 'અનાહત ધ્વનિ રૂપ જુદા જુદા પ્રકારના નાદો સાંભળે છે.

(૩) નાક - વગરના કમળની વાસ લે છે! જ્ઞાની અથવા યોગીને નકટા કહ્યા છે કેમકે તેઓ નાસિકા દ્વારા જતા-આવતા પ્રાણ-અપાન વાયુને વશ રાખે છે. તેઓ પ્રતિષ્ઠાની ઈચ્છા રાખતા નથી, તેથી યોગી-રૂપ નકટા પોતાના હૃદયમાં સ્થિર બ્રહ્મરૂપ કમળની આનંદરૂપ ગંધને અનુભવે છે.

(૪) મુંગા બહુ સુંદર વાદ - વિવાદ કરે છે! : યોગી-જન વાણીથી સત્ય-હિત પ્રિય અને મિત-બોલે છે અથવા વાણીથી પર, મૌન રહે છે તેથી યોગી રૂપ બોબડા અજપા-જાપ રૂપ બહુ સુંદર વાદ કરે છે.

(૫) ઠૂંઠા પર્વતને પકડી ઉઠાવે છે! : જ્ઞાનીને કર્તાપણાનું કે ભોક્તાપણાનું અભિમાન ન હોવાથી અથવા રાગ - દ્વેષવાળા હાથ ન હોવાથી ઠૂંઠા કહેવાય છે. અને તેઓ અજ્ઞાન-રૂપ મોટા પર્વતને પોતાના 'અંતઃકરણ' રૂપ પૃથ્વીમાંથી ઉઠાવે છે એટલે જ્ઞાની અજ્ઞાનને દૂર કરે છે.

(૬) પાંગળા નૃત્યનું સુખ અનુભવે છે! : જ્ઞાની સંકલ્પ-વિકલ્પ રૂપ પગથી રહિત હોવાથી પાંગળા કહેવાય, અને તેઓ પોતાના સર્વવ્યાપક સ્વરૂપના અનુભવરૂપ નૃત્યનું સુખ ભોગવે છે.

કવિ સુંદરદાસ કહે છે કે જે મનુષ્ય આનો અર્થ વિચારે છે તે જ મનુષ્ય બ્રહ્મરૂપ ઉત્તમ સુખનો સ્વાદ પામે છે, અક્ષય અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.

## સવૈયા : ૩

**બુંદમાંહિ સમુદ્ર સમાણો, રાઈમાંહિ સમાણો મેર,**
**પાનીમાંહિં તૂંબિકા પાહન તરત ન લાગી ગેર,**

**તીન લોકમેં ભયા તમાશા, સૂરજ કિયો સકળ અંધેર,**
**મૂરખ હોય સો અર્થથી પાવે, 'સુંદર' કહે શબદમેં ફેર.**

(૧) પાણીના ટીંપામાં સમુદ્ર સમાયો! સાક્ષી ચેતનરૂપ પાણીના ટીંપામાં અપાર સંસારરૂપ સમુદ્ર સમાયો, અર્થાત્ જ્ઞાનકાળમાં સાક્ષી - ચેતનના વિવર્તરૂપે આ અપાર સંસાર પ્રતીત થયો.

(૨) રાઈમાં મેરૂ પર્વત સમાયો! : બ્રહ્માકાર થયેલી સૂક્ષ્મ બુદ્ધિ વૃત્તિરૂપ રાઈમાં અજ્ઞાનરૂપ મેરુ પર્વત સમાયો.

(૩) પાણીમાં તૂંબડી ડૂબી! : સંસારરૂપ પાણીમાં શ્રદ્ધાહીન બુદ્ધિરૂપ તૂંબડી ડૂબી ગઈ, અર્થાત્ વારંવાર જન્મ-મરણના અનુભવને પ્રાપ્ત થઈ.

(૪) પથ્થરને પાણીમાં તરતાં વાર ન લાગી! : અગાધ આસ્થાવાળા ચિત્તરૂપ પાષાણ ભવસાગરમાં તરવા લાગ્યો, અર્થાત્ જ્ઞાન દ્વારા એ ચિત્ત કૃતાર્થ થઈ ભવસાગરને પાર પામ્યું.

(૫) સૂર્યને લીધે અંધારૂં થયું તેથી ત્રણે લોકને આશ્ચર્ય થયું! : બ્રહ્મજ્ઞાનરૂપ સૂર્યે નામ-રૂપાત્મક સર્વ સંસારના બાધરૂપ અંધારૂં કર્યું એ જોઈને ત્રણે લોકમાં બધા અજ્ઞાનીઓને આશ્ચર્ય થયું.

જે સંસારથી ઉપરામ-રૂપ વૃત્તિવાળા જ્ઞાનીરૂપી મૂર્ખ હોય તે જ આ મારા કહેલા શબ્દોના અર્થને યથાર્થ અનુભવે છે, કેમ કે સુંદરદાસ કહે છે કે મારા કહેલા શબ્દોમાં અર્થનો ફેર છે (મૂર્ખ અને જ્ઞાનીનો ભાવ વિચારવા યોગ્ય છે.)

## સવૈયા : ૪

**કમલમાંહીતેં પાની ઉપજ્યો, પાનીમાંહીતે ઉપજ્યો સૂર,**
**સૂરમાંહી શીતલતા ઉપજી, શીતલતામેં સુખ ભરપુર,**
**તો સુખકો ક્ષય હોય ન કબહુ, સદા એક - રસ નિકટ, ન દૂર,**
**'સુંદર' કહત સત્ય યહ યુંહી, યામેં રતિ ન જાનકું કૂર.**

(૧) કમળમાંથી પાણી ઉપજ્યું! અંતઃકરણ' રૂપ કમળમાંથી બ્રહ્મ-ભાવનારૂપ એટલે બ્રહ્માકારવૃત્તિ કરવાના પ્રયત્નરૂપ પાણી ઉપજ્યું.

(૨) પાણીમાંથી સૂર્ય ઉત્પન્ન થયો! : બ્રહ્મ - ભાવનારૂપ પાણીમાંથી બ્રહ્મ- અનુભવરૂપ સૂર્ય ઉત્પન્ન થયો.

(૩) સૂર્યમાં ઠંડક ઉત્પન્ન થઈ! : બ્રહ્માનુભવરૂપ સૂર્યમાંથી 'અંતઃકરણ'ની શાન્તિરૂપ શીતળતા ઉપજી.

(૪) આ શીતળતામાં ભરપુર સુખ છે! : શાન્તિરૂપ શીતળતામાં બ્રહ્માનંદરૂપ પરિપૂર્ણ સુખ રહ્યું છે, તે સુખનો કદી નાશ થતો નથી - તે સુખ સર્વદા એકરસ છે, અને તે જ્ઞાનીનું પોતાનું જ સ્વરૂપ હોવાથી તે સુખ સમીપ પણ કહી શકાતું નથી એમ દૂર પણ કહી શકાતું નથી.

સુંદરદાસ કહે છે કે આ હકીકત ઉપરની જણાવેલી રીતે સાચી છે, બીજી રીતે નહીં - તેમાં એક રતિ પણ દૂર નથી - લેશ પણ મિથ્યા ન જાણો.

## સવૈયા : ૫

**પાની જરૈ, પુકારે નિશદિન, તાકૂં અગ્નિ બુઝાવૈ આઈ,**
**મૈં શીતલ, તું તપત ભયા કયું ? વારંવાર કહે સમજાઈ,**
**મેરી ઝપટ તોહી જો લાગૈ, તો તું ભી શીતલ વ્હે જાઈ,**
**કબહુ જરની ફેરી ન ઉપજૈ, સુંદર સુખમેં રહૈ સમાઈ.**

**ભાવાર્થ :** 'અંતઃકરણ' રૂપ જળ આધિ વ્યાધિ ઉપાધિ રૂપ ત્રિવિધ તાપથી બળે છે. તે રાત-દિવસ નિરંતર પોતાના તાપ સંબંધી પોકાર કર્યા કરે છે. તે ત્રણ પ્રકારના તાપને બ્રહ્મજ્ઞાનરૂપ અગ્નિ આવીને ઓલવી નાખે છે અને અંતઃકરણ જળને બ્રહ્મજ્ઞાનરૂપ અગ્નિ આરંભમાં વારંવાર સમજાવીને કહે છે હું તારામાંથી ઉત્પન્ન થયો છું ને શીતળ છું છતાં તું કેમ તપેલું રહે છે? જો તને મારો સાચો સપાટો લાગે તો તું શીતળ થઈ જાય

અને પછી ફરીથી કદી પણ તને તાપ ન ઉપજે, તું બળે નહીં અને ઉત્કૃષ્ટ અવ્યાબાધ સુખમાં અભેદ-ભાવે સમાઈ રહે એમ કવિ સુંદરદાસ કહે છે.

(જરની હિન્દી) = તાપ બળવું તે, જરે-બળે છે. પાન નં.-૭૯

## ૨. સંત કબીરની અવળવાણી

સંત કબીરજીએ અવળવાણીના ઘણા પ્રયોગો કર્યા છે. અહીં એક નમૂનો જોઈએ. થોડી પંક્તિઓ શ્રી આનંદઘનજીની હરિયાળી જેવી છે.

અવધૂ ! સો જોગી ગુરુ મેરા, જો યા પદકા કરે નિવેરા. ટેક.
તરૂવર એક મૂલ બિન ઠાડા, બિન ફૂલાં ફૂલ લાગ્યા,
શાખા પત્ર નહિ કછું વાકે, અષ્ટ ગગન મુખી બાગા. અવધૂ. ૧

પાંવ બિન નિરત, કરાં બિન બાજે, બિન જિહ્વા ગુન ગાવે,
ગાવનહારેકુ રૂપ ન રેખા, સદ્‌ગુરુ હોય લખાવે. અવધૂ. ૨

પંછીકા ખોજ, મીનકા મારગ, કહે 'કબીર' વિચારી,
અપરંપાર પાર પુરુષોત્તમ, વા મૂરતિકી બલિહારી, અવધૂ. ૩

**અર્થ :** હે અવધૂત! જે યોગી આ પદનો અર્થ અનુભવથી સ્પષ્ટ કરે તે યોગી મારા ગુરુ સમાન છે.

૧. સંસારરૂપ એક વૃક્ષ, બ્રહ્મ સાથે તેનો વાસ્તવિક સંબંધ નહિ હોવાથી, મૂળ વિના ઉભું છે. તેને વાસ્તવિક પૂર્વ અવસ્થા રૂપ ફળ લાગ્યાં છે. તેને વાસ્તવિક ડાળો અને પાંદડા કંઈ નથી. પ્રકૃતિ, મહત્ તત્ત્વ, અહંકાર ને પાંચ તન્માત્રા - એ આઠ ગગન, એટલે સૂક્ષ્મ તત્ત્વો મુખ્ય છે, એવા બાગમાં સંસારરૂપ વૃક્ષ રહેલું છે.

૨. બ્રહ્મ-ચૈતન્ય પગ વિના નૃત્ય કરતું હોય તેમ જણાય છે. (નિરત = નૃત્ય) હાથ વિના વાદ્ય વગાડનારમાં વાદ્ય વગાડતું હોય તેમ લાગે છે. તે ગાનારનું જે વાસ્તવિક સ્વરૂપ છે તેમાં કોઈ રૂપ કે રેખા નથી. જે સદ્‌ગુરુ હોય તે આ વાર્તાની સમજણ આપે છે.

૩. કવિ કબીરદાસ વિચારીને કહે છે કે આકાશમાં પક્ષીનો ને જળમાં મત્છલાંનો માર્ગ શોધવો જેમ મુશ્કેલ છે તેમ બ્રહ્મનું સ્વરૂપ જાણવું પણ કઠિન છે. દેશ, કાળ, અને વસ્તુના પરિચ્છેદથી રહિત તથા સંસારના પાર-પરતીર-રૂપ જે પુરુષોત્તમ - બ્રહ્મ છે તે સ્વરૂપની બલિહારી છે.

જો કે શ્રી આનંદઘનજી ને શ્રી કબીરજી - બન્નેના પદ સમાન જેવા લાગે છે પરંતુ બન્ને પદનો ભાવ-શબ્દ અલગ છે. એક ટેક બાદ કરીએ તો બન્ને પદ વચ્ચે સામાન્ય તત્ત્વ લગભગ નહીં જેવું છે.

બનવા જોગ છે કે અસલ ખ્યાલ-કબીરજીનો હોય અને શ્રી આનંદઘનજીએ કેટલો સુધારો કર્યો છે તે હકીકત ધ્યાન ખેંચે તેવી છે.

યોગીશ્રી આનંદઘનજીની કૃતિ સ્વતંત્ર છે અને અનુકરણશીલ હોવા છતાં મૌલિક છે.

વાચક ભવ્ય જીવો : આપણે ચર્ચાસ્પદ બાબતો જ્ઞાની પર છોડી દઈ, રસાસ્વાદ માણી, આત્માનંદ મેળવીયે તે જ યોગ્ય છે.

## ૩. ધીરાભગતની અવળવાણી

સાહિત્યવિશ્વમાં ધીરાભગતની કાફીઓ વિશેષ પ્રસિધ્ધ છે તેમ છતાં અવળવાણીના કવિ તરીકે પણ આ કવિનું નામ મધ્યકાલીન કાવ્યસૃષ્ટિની વિવિધતામાં નવી ભાત પાડે છે. જૈન સાહિત્યની હરિયાળીઓના સંદર્ભમાં નમૂનારૂપે ધીરાની અવળવાણીનાં બે પદ અહીં નોંધવામાં આવ્યાં છે.

'અલખ લ્હે લાગી' પદમાં કવિની આધ્યાત્મિક મસ્તીનો પરિચય થાય છે. પ્રતીકોના પ્રયોગથી કાવ્યગત અભિવ્યક્તિને વેધક બનાવી છે. વળી તેમાં ઉક્તિ વૈચિત્ર્યતાથી પણ સત્ય સમજવા માટેની જિજ્ઞાસા જાગે છે. જ્ઞાન ઘરેણુંમાં કવિની રૂપકાત્મક અભિવ્યક્તિ દ્વારા પ્રભુભક્તિનો

વિશિષ્ટ રીતે પરિચય કરાવ્યો છે. કાવ્યમાં પરોક્ષ કથનની શૈલી તેની અભિનવતા ને આકર્ષણનું કેન્દ્ર બને છે.

## ધીરાની અવળવાણી

અલખ લ્હે લાગી રે, જાગીને જોયું ઘટમાં,
ભ્રમણા સર્વે ભાગી રે, સોહાગી મળ્યા ઉલટમાં. અલખ. ।।૧।।

અંબાડીયે ગજરાજ ગળીયો, ઘોટાને ગળી ગયું જીન,
વસ્ત્ર ઉપર વાડ સૂકાણી, સમંદરને ગળી ગયા ફીણ,
સરસે સિંહને ઘેર્યો રે, શાર્દુલને નાખ્યો પટમાં. અલખ. ।।૨।।

આંબા ડાળે નાળિયેર વળગ્યાં, કદળીએ કેરીની લૂંબ,
નાગરવેલે દ્રાખ બીજોરાં, અને શોભા બની અતિ ખૂબ,
ગગન દોહ્યો ઘટમાં રે, તેના દૂધ પીયાં છટમાં. અલખ. ।।૩।।

પાવક વરસે ને પથ્થર ભીંજે, થઈ ગયું ચિહું દિશી પાણી,
એરે પાણીમાં દેવી દેવતા બુડ્યાં, જોગી બૂડ્યા ઝટપટમાં. અલખ. ।।૪।।

જનક દેશના વાસી વિરલા, ગોરખ દત્ત કબીર,
એ જ દેશના વાસી શુકજી, દાદુ ધીરો સુધીર,
જીવન મુક્તિ નિત્ય માણે રે, મુનિજન તો માણે મઠમાં. અલખ. ।।૫।।

૧. જ્યારે નિદ્રામાંથી જાગી, શરીરમાં રહેલા અંતઃકરણમાં જોયું ત્યારે પરમાત્મામાં પરમ પ્રેમ ઉપજ્યો એટલે કે અલખ લ્હે લાગી છે. જ્યારે સુહાગી મળ્યા ઉલટમાં - તે પરમાત્મા પ્રસન્નતાપૂર્વક અનુભવાયા અને સર્વ પ્રકારની ભ્રાંતિઓ ભાગી ગઈ.

૨. વિચાર કરીને જોયું તો માયારૂપી અંબાડી, બ્રહ્મરૂપ-આત્મારૂપ હાથીને જાણે ગળી ગઈ તેમ પ્રતીતિ થાય છે. આત્મારૂપ ઘોડાને મનરૂપી જીન ગળી ગયું છે તેમ દેખાય છે.

અજ્ઞાનરૂપ વસ્ત્ર ઉપર જાણે વિદ્યારૂપ (બ્રહ્મરૂપ)વાડ સુકાઇ ગઇ હોય તેમ લાગે છે અને એજ રીતે બ્રહ્મરૂપ સમુદ્રને નામ રૂપાત્મક-પ્રપંચરૂપ ફીણ ગળી ગયું તેમ જણાય છે.

મનરૂપ સસલાએ જીવાત્મારૂપ સિંહને ઘેરી લીધો છે. અને જીવાત્મારૂપ શાર્દુલને તેણે અજ્ઞાનીએ ન દેખાય તેમ પટમાં (પડદામાં) રાખ્યો છે.

૩. અંતઃકરણની વૃત્તિરૂપ આંબાની ડાળી ઉપર જ્ઞાનની સાધનારૂપ વિવેક વગેરે નાળિયેર લાગ્યાં છે. દૈવી સંપત્તિવાળી કદળી (કેળ) ઉપર વિવિધ શ્રેષ્ઠ સુખોરૂપ કેરીની લૂમો લાગી છે.

સુષુમ્ના નાડીરૂપ નાગરવેલના છોડ ઉપર ગણપતિ આદિરૂપ બીજોરાં, દ્રાક્ષ નામનાં ફળ લાગેલાં છે અને તે અતિ સુંદરરૂપે શોભે છે.

ચૈતન્યરૂપ આકાશને શરીરમાં દોહ્યું. અનુભવ વડે પ્રાપ્ત કર્યું અને તે આકાશમાં આનંદરૂપ દૂધને છટમાં - શીઘ્ર પીધું.

બ્રહ્મરૂપ અગ્નિ વરસે છે તે વાસનારૂપ પથ્થરને ભીંજવે છે. તે બ્રહ્મરૂપ અગ્નિના વરસાદથી વાસનારૂપ પથ્થરો ઓગળીને ચારે દિશામાં આનંદરૂપ પાણી થઇ ગયું તે આનંદરૂપ જપમાં દેવીઓ અને દેવો બૂડ્યા - આનંદ સર્વને પ્રાપ્ત થતો હોવાથી દેવ દેવીઓ સૌ તે રૂપ થયાં. અરે ! રાજા, રંક, રાણી , બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, યોગીઓ વગેરેમાં બૂડ્યાં - તે સર્વે જાણે બ્રહ્માનંદ પ્રાપ્ત કર્યો.

જનક એટલે જન્મ આપનાર દેશના - એટલે જનક રાજાની જ્ઞાનરૂપ દેશના - બ્રહ્મદેશના અનુભવવાળા રહેવાસીઓ તો વિરલા જ છે. જેવા દત્તાત્રેય, ગોરખનાથ, કબીરજી, શુકદેવજી, દાદુ અને સધીર-ધીરજવાળો ધીરો કવિ પણ તે જ દેશનો વિરલ વાસી છે અને આવા યોગી પુરૂષો પોતાના મનરૂપ મઠમાં હંમેશાં જીવન-મુક્તિનો વિલક્ષણ આનંદ અનુભવે છે.

(પા. ૮૧)

## ધીરાની અવળવાણી - રૂપકાત્મક

પહેરો જ્ઞાન ઘરેણું રે, લગન નગરીમાં લળકે,
દયા દામણી ત્રોટી રે, ખેમ રે ચૂડલો ખળકે,
પહેર્યાં પટોળાં રે, ચતુરાઈનો ચણિયો,
હેમખેમ હારડો રે, બુદ્ધિ કંચવો બણીયો,
આંનદનું ચંદન રે, વિવેકનાં નાકે મોતી,
અનુભવનું અંજન રે, આંખ આંજી અણિયાળી,
ગુરુ શબ્દનો દીપક રે, લીધો રે કરમાં ઝાલી,
સુરતી શોધવા હીંડી રે, શેરડી શેરડી હાંડી,
ખંતે ખોળતી ખોળતી રે, પોતે રે ખોવાઈ ગઈ,
દાસ ધીરાનો સ્વામી રે, તેને રે તેની ભાળ જડી.

## પ્રકરણ ૩/૭

## બાઉલગાન - ૧

ધન્ય આમિ બાઁશિતે તોર આપન મુખેર ફૂઁક ।
એક બાજને ફુરાઈ જદિ નાઈ રે કોનો દુઃખ ॥
ત્રિલોક ધામ તોમાર બાઁશિ, આમિ તોમાર ફૂંક ।
ભાલોમન્દ રન્ધ્રે બાજિ બાજિ નિશુઈન રાત ।
ફાગુન બાજિ શાડ્ર્મ બાજિ, તોમાર મનેર સાથ ॥
એક બારેઈ ફુરાઈ જદિ, કોનો દુઃખ નાઈ ।
એમન સુરે ગેલામ બાઈજા, આર કિ આમિ ચાઈ ॥ ૧.

ધન્ય છું હું કે તમારી વાંસળીની તમારા મોઢાની એક ફૂંક છું ? જો એક વાર ભગવાનની (ફૂંકે) ખતમ થઈ જાઉં તો કંઈ જ દુઃખ નથી. ત્રણેય લોકનાં ધામ તમારી વાંસળી છે, હું તમારી ફૂંક છું. સારા અને મંદ એવા છિદ્રે વાગું છું. સુખ વાગું છું, દુઃખ વાગું છું! સવારે વાગું છું, સાંજે વાગું

છું, અંધારી રાતે વાગું છું. તમારી સાથે ફાગણમાં વાગું છું, શ્રાવણમાં વાગું છું. જો એક વાર ફના થઈ જાવું, નિઃશેષ થઈ જાવું તો કશું જ દુઃખ નથી. એવા સૂરમાં વાગી ગયો કે પછી બીજું શું જોઈએ. (બસ ધન્ય, કૃતાર્થ)

કેટલું રસધન! બાઉલની 'ત્રિલોકધામ તોમાર બાંશિ'' કહેવામાં શી ચેતનાની છલંગ છે. બાઉલગાનની અભિવ્યક્તિની આ સાહસભરી વિશિષ્ટિતા.

## ગાન - ૨

નિઠુર ગરજી, તુઈ કિ માનસમુકુલ ભાજબિ આગુને?
તુઈ ફૂલ ફુયબિ, બાસ છુટાલિ, સબુર બિહુને?
દેખના આમાર પરમ ગુરુ સાઁઈ,
જે જુગજુગાન્તે ફુટાય મુકુલ, તાડાહુડા નાઈ!
તોર લોભ પ્રચંડ, તાઈ ભરસા દંડ,
એર આછે કોન્ ઉપાય?
કય સે મદન, દિસને વેદન, શોન્ નિવેદન,
સેઈ શ્રી ગુરુર મને,
સહજધારા આપનહારા તાઁર બાણી શોને રે ગરજી!

હે નિષ્ઠુર! ગરજવાન, શું તું માનસની ખીલતી કળીને અગ્નિમાં તળીશ? શું તું સબૂર રાખ્યા વગર તેમાંથી ફૂલ પ્રગટાવીશ, સુવાસ પ્રસરાવીશ ? જોતો ખરો આપણા પરમ ગુરુ સ્વામી, જે યુગયુગથી કળીને ખીલવી રહ્યા છે, તેમને તો કશી ઉતાવળ નથી! તારો લોભ પ્રચંડ જણાય છે, તાકાત પર તારો પાક્કો ભરોસો લાગે છે, એનો હવે શો ઉપાય?

મદન કહે છે કે મારી વિનંતી સાંભળો, એ શ્રી ગુરુના મનને વેદના દેશો મા. આટલું યાદ રાખો, હે ગરજવાન કે જે સહજ ધારાને

અનુસરીને પોતાના પોતાપણાને ઓગાળી નાખે છે તે જ તેમની વાણીને સાંભળી શકે છે. ૧.

આ ગાનનું રવીન્દ્રનાથ ઠાકુરે તેમના The philosophy of our people' ને નામે આપેલા વ્યાખ્યાનમાં અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે અને લાંબુ વિવરણ કર્યું છે.

## ગાન - ૩

તોમાર પથ ઢેકે છે મન્દિરે મસ્જિદે!
ઓ તોર ડાક શુને સાઁઈ ચલતે ના પાઈ,
આમાય રૂઈખ્યા દાંડાય ગુરુતે મુરશેદે ॥
ડુઈબ્યા જાતે અંગ જુડાઈ,
ઓરે તાતે જદિ જગત પુડાઈ ।
તબે અભેદ સાધન મરલો ભેદે ॥
ઓરે, પ્રેમદુઆરે નાનાન તાલાઃ
પુરાન કોરાન તલબી માલા ।
હાય ગુરુ એઈ વિષમ જ્વાલા,
કાંઈધ્યા મદન મરે ખેદે ॥

હે પ્રભુ ! તમારો પંથ મંદિરો અને મસ્જિદોએ ઢાંકી દીધો છે. હે સ્વામી ! તમારી હાક સાંભળીને ચાલી શકતો નથી; મારા ગુરુ મુરશીદ ખૂબ રોષે ભરાઈ જાય છે.

અરે, જેમાં ડૂબતા અંગને ટાઢક વળે છે તેમાં જ જો જગત દગ્ધ કરતું હોય, તો પછી અભેદની સાધના ભેદમાં નષ્ટ થઈ ગઈ!

અરે ! પ્રેમને બારણે અનેક તાળાં લાગ્યાં છે, જેવાં કે પુરાણ, કુરાન, તસબી, માળા ઈત્યાદિ.

હાય રે ગુરુ આ કેવી વિષમ જ્વાળા છે ! મદન ખેદથી રડી રહ્યો છે. *૧

---

૧*. આ એક પ્રખ્યાત ગાન છે અને રવીન્દ્રનાથ તેમજ ક્ષિતિબાબુ વારંવાર તેનો ઉલ્લેખ કરતા. મદનની શી વ્યથા હશે !

## ગાન - ૪

જ્ઞાનેર અગમ્ય તુમિ પ્રેમે તે ભિખારી,
પ્રભુ પ્રેમેર ભિખારી ।

સે જે એસે છે, એસે છે,
કાંગાલેર સભાર માઝે એસે છે,
એસેછે સે જે પ્રેમેર ભિખારી ॥
કોથા રઈલ છત્રદંડ, કોથા સિંહાસન;
કાંગાલેર સભાર માઝે પેતે છે આસન ગો,
પેતે છે આસન ॥
કોથા રઈલ છત્રદંડ, ધૂલાતે લૂટાય,
પાતકીર ચરણરેણુ શોભે તોમાર ગાય;
પતિતેર ચરણરેણુ શોભે તોમાર ગાય ।

જ્ઞાનેર અગમ્ય, પ્રેમે દાસેર અનુદાસ;
સબાર ચરણતલે, પ્રભુ તોમાર બાસ ।

હે પ્રભુ ! તમે જ્ઞાનથી અગમ્ય છો, પણ પ્રેમના ભિખારી છો. એવા પ્રભુ, જુઓને આ કંગાળની સભામાં આવ્યા છે, પ્રેમના ભિખારી થઈને આવ્યા છે. ક્યાં ગયું તેમનું છત્ર, ક્યાં ગયો દંડ ? ક્યાં છે તેમનું સિંહાસન? એમણે તો કંગાળોની સભામાં પોતાનું આસન પાથર્યું છે. અરે, એમનાં છત્ર અને દંડ ક્યાંય રહ્યાં, એ તો ધૂળ ભેળાં થઈ ગયાં.

હે પ્રભુ ! તમારે શરીરે પાતકીની ચરણરજ શોભી રહી છે, પતિતની ચરણરજ દીપી રહી છે. હે પ્રભુ ! તમે જ્ઞાનથી અગમ્ય છો, પણ પ્રેમના દાસાનુદાસ છો. સૌના ચરણતળમાં, પ્રભુ, તમારો વાસ છે. ૧

અત્યંત જાણીતું છતાં માર્મિક સત્ય, અને છતાં બધા એમાંજ અટવાયા કરે! કેવું કારુણ્ય! ભગવાન પ્રેમના ભિખારી કેવી રીતે છે તે અનેક સંતોના જીવનમાં જણાય છે. સહુના ચરણમાં તેમનો વાસ, અદના સેવક, પ્રભુ પોતે જ, હદ થઈ ગઈ.

(સંદર્ભ. ગુજરાતના સંત કવિઓ અને બાઉલપંથ)

# પ્રકરણ ૩/૮

# ભારૂડ/ગીત.

ભારૂડ એ લોકગીતનો પ્રકાર છે, તેની કોઈ નિશ્ચિત વ્યાખ્યા નથી. પાંગારકરના મત પ્રમાણે 'બહુ રૂઢ ગીત એ ભારૂડ છે''. 'વિનોબાભાવેનો મત' જેમાંથી ગૂઢાર્થ પ્રગટ થાય તે ભારૂડ છે''.

પ્રો. નાંદાપૂરકર ભારૂડનો સંબંધ ભારંડ પક્ષી સાથે દર્શાવે છે, તેના બે અર્થ છે. એક વાચ્યાર્થ અને બીજો લક્ષ્યાર્થ. એક વ્યવહારનો અર્થ અને બીજો પરમાર્થનો રહેલો છે. કાનડી ભાષામાં 'ભારૂડ' શબ્દ ગીત વાચક મનાય છે. ભાર કહાડુ= ભારડુહા અને તે ઉપરથી ભારૂડ શબ્દ નિષ્પન્ન થયો છે. મહાભારતની કૂટ શૈલી પરથી ભારત-ભારૂડ શબ્દ રચાયો છે. આવાં ગીતોમાં વિરોધમૂલક અભિવ્યક્તિ નથી, પણ રૂપક અને પ્રતીકના પ્રયોગથી રચના થઈ છે. 'બહુરુઢ' શબ્દનો અપભ્રંશ 'ભારૂડ'શબ્દ છે. ભારૂડ સાથે સંત એકનાથનું નામ વિશેષ (Popular) પ્રચલિત છે. પણ એકનાથ પૂર્વે નામદેવ અને જ્ઞાનદેવનાં ભારૂડો પ્રાપ્ત થાય છે. સંત એકનાથે રૂપકાત્મક અભંગોની રચના કરી છે તે એકનાથી ભારૂડ કહેવાય છે. એમને ૧૨૫ વિષયને સ્પર્શતાં ૩૦૦ ભારૂડ રચ્યાં છે. એકનાથનાં ભારૂડો સમાજમાં વિશેષ લોકપ્રિય બન્યાં છે.

મધ્યકાલીન સંતોએ દાર્શનિક અને જ્ઞાનમાર્ગની પરંપરાનું ભારૂડ ગીતોમાં અનુસંધાન કર્યું છે. રૂપકો ઉપરાંત પ્રતીકો અને સંકેતોનો આશ્રય લઈને ભારૂડ રચાયાં છે, તેમાં ૧૦ પંક્તિથી ૫૦ પંક્તિઓ હોય છે. આ ગીતોમાં જીવનના દરેક ક્ષેત્રમાં દંભ, અજ્ઞાનતાનું કટાક્ષમય નિરૂપણ થાય છે. વળી તેના વિચારોમાં વેધક પ્રહાર હોય છે. ભારતીય સંસ્કૃતિના બીજરૂપ તત્ત્વજ્ઞાન અને વેદાંતના વિચારોનો સમાવેશ થયો છે. જ્ઞાનદેવનું આંધળો અને ધીંગડી અને નામદેવનું ખેલિયા અને બોલડા ભારૂડ વધુ પ્રચલિત છે. સંત તુકારામ અને રામદાસનાં ભારૂડો પણ આ ગીતોમાં સ્થાન ધરાવે છે. સંતોને થયેલી આત્માનુભૂતિને સમાજના લોકોના પરમાર્થ માટે ઉપદેશાત્મક અભિવ્યક્તિ કરી છે, તેમાં ભારૂડ ગીતો પ્રથમ કોટિનાં છે. સંતોએ લોક કલ્યાણની ભાવનાથી ભારૂડોની રચના કરી છે.

સંત એકનાથનાં જોહર, ગારૂડી, વાસુદેવ, આંધળા પાંગળા, બહિરા, મૂકા, દળણ (દળવું) કાંડણ (ખાંડવું) ધાણી, ભૂત વગેરે સંસારના વિષયોના ભારૂડ રચાયાં છે.

પશુવિષય ભારૂડોમાં કુત્તા, બૈલ, પોપટ, વીંછું, સર્પ વગેરે છે. ભોવરા, પિંગા (બહેનોની રમતનું નામ) હુતુતુ, ભમરડા, ગીલ્લીદંડા વગેરે રમતગમતના વિષયનાં ભારૂડો છે.

સાસરવાસ, સાસર-માહેર, ને અનુલક્ષીને ભારૂડ રચ્યાં છે. આવા પ્રકારનાં વિવિધ ભારૂડો દ્વારા લોકરંજનની સાથે જ્ઞાન પ્રાપ્તિ થાય છે.

ભારૂડના અંતરંગમાં પ્રભુ ભક્તિ ને એમની અપૂર્વ શક્તિ-ભક્તિનો પ્રભાવ દર્શાવવામાં આવ્યો છે. મહાલક્ષ્મી.એ આદ્ય શક્તિ છે. રાવણ-કુંભકર્ણ, કૃષ્ણ, કંસ, શિશુપાલવધ, વિભીષણ, અર્જુન, પ્રહ્લાદ અને હિરણ્યકશ્યપ વગેરે દૃષ્ટાંતો દ્વારા આદ્યશક્તિનો પ્રભાવ અને દશાવતારનું નિરૂપણ થયું છે. આ ગીતોમાં ધાર્મિક સંદર્ભ દ્વારા દુર્ગુણોનો નાશ અને સાત્વિક્તાનો પ્રભાવ પ્રગટ થયો છે. એમાં સગુણ અને નિર્ગુણ ઉપાસનાની પ્રણાલિકાનું અનુસરણ થયું છે. એક ઉદા. નીચે પ્રમાણે છે.

નમો નિર્ગુણ નિરાકાર । કરિસી દુષ્ટાં આ સંહાર ।
બૈસલીસ ક્ષીર સાગરી । શેપા એ લંગાવરી ।
દ્વાર ઉઘડ લયા । દ્વાર ઉઘડ ।
દૈત્યકુલી હિરણ્યકશ્યપુ જન્મલા ।
તેણ સુધા ભકત ગાંગિલા ।
તેન પાહવે તુજલા ત્વાં ઉગ્ર રૂપ ધરિલ લયા ।
કૃષ્ણા એક પાંખરું આહે, તે મુખા વીણ ચારા ખાય રે ।
ડોલે નાહીં પરિતે પાહે, વાચે વીણ સોય ગાય રે ।
સખ્યા ત્યાંચે નાંવ કાન્હોબા, કૃષ્ણ મ્હણલી સર્વ રે ।
ત્યાચે વાસતવ્ય કોઠે, આહે પર નાહીં પરીતે ઉડે રે ।

**ભાવાર્થ :** કૃષ્ણ એક પંખી છે. મુખ વગર ચારો ખાય છે. આંખ નથી છતાં જુએ છે. વાચા નથી છતાં સરસ ગીત ગાય છે. હે મિત્ર! એનું નામ છે કાન્હો (કૃષ્ણ) કૃષ્ણ ક્યાં રહે છે તે ખબર નથી, છતાં તે ઉડ્યા કરે છે. સગુણ પક્ષી તે કૃષ્ણ છે.

ભૂત જબર મોઠે ગડે બાઈ ઝડપણ કરું ગત કાંઈ ।
આંતદિસે બાહેર વસે યા ભૂતાને લાવિલે પિસેં ।
ભૂત લાગિલે દરુવ, બાળાલા ઉભા અરણ્યાત ઠેલા ।
ભૂત બસલે વાળવંટી યા પુંડલિકાચ્યા સોઠી ।
એકા જનાર્દની ભૂત માગે પુઢે સદોદિત ।

**ભાવાર્થ :** કવિએ ભૂતનો સંદર્ભ વ્યંતર દેવ તરીકે નહિ પણ પ્રભુ ભક્તિમાં એકાગ્રતા તન્મયતા ને સમર્પણ ભાવનો વિચાર પ્રગટ કર્યો છે. ભૂત ભરાયું છે - એકજ વાતની ધૂન લાગી છે એવો ભાવ પ્રગટ થયો છે. આ ભૂત જૂદું છે. ભૂત વળગણ (વળગ્યા) થયા પછી જન્મ-મરણના ફેરા ટળી જાય છે.

ભીમા નદીના કિનારે પંઢરપુરમાં અને વૈકુંઠમાં તેનો વાસ છે. તે અલૌકિક ભૂત છે, તેના નિવારણનો ઉપાય અલગ છે. ભૂતથી છૂટવું હોય તો તેનો (પ્રભુનો) સ્વીકાર કરવો તે સર્વોત્તમ ઉપાય છે. પ્રભુ પ્રત્યે સમર્પણભાવ ને શરણાગતિથી આ શક્ય બને છે.

એકનાથનું ઘર શોધવું હોય તો પંઢરપુર અને વૈકુંઠમાં મળે. આ ભૂત ભારે જબરું વળગ્યું છે. કોઈ રીતે દેખાય તો દૂર કરું. તે અંદર દેખાય છે, બહારથી મન ઘેલું બને છે. ધ્રુવને આવું ઘેલું (ઘેલછા) લાગ્યું હતું. તેને જંગલમાં જઈને તપ કર્યું હતું.

ભારૂડ વિશેની માહિતી અને ઉદા. પરથી હરિયાળી કાવ્યની સાથે તુલનાત્મક રીતે સામ્ય રહેલું છે તે જાણી શકાય છે.

---

**સંદર્ભ :** ભારતીય સંસ્કૃતિ કોશ. સંપા. મહાદેવશાસ્ત્રી - જોશી. પાન નં. ૫૦૨ / ૫૦૩ / (મરાઠી)

# સંત એકનાથનાં ભારૂડ ગીતો

## (૧) સન્યાસી

અહો તુમ્હીં સન્યાસી । કામ ક્રોધ તુમચા નાહીં ગેલા ।
વ્યર્થ કા વિનાશ કેલા । સાવધ હોઈ ।। ૧ ।।
સંસાર વ્યર્થ માંડલા । મુલાબાળાં તૂં હિ પાળિલા ।
નારાયણ નાહીં જોડિલા । સાવધ હોઇ ।। ૨ ।।
વર વર શેંડી બોડી । જાનવે તોડૂની ધોતરેં ફાડી ।
હાતી ઘેઉની દંડ લાકડી । સાવધ હોઈ ।। ૩ ।।
વર વર મ્હણસી નારાયણ । અંતરીં વિલયાવરીં ધ્યાન ।
કાં સયા સન્યાસ ઘેઊન । સાવધ હોઈ ।। ૪ ।।

આતાં એક વિચાર । ધરિ તૂં સંતાંચા આધાર ।
એકા જનાર્દનીં તત્પર । સાવધ હોઈ ॥ ૫ ॥

## (૨) વીંછી

વિંચૂ ચાવલા વૃશ્ચિક ચાવલા । કાંમ ક્રોધ વિંચૂ ચાવલા ।
તમ ધામ અંગાસી આલા ।
પંચપ્રાણ વ્યાકુળ ઝાલા । ત્યાનેં માઝા પ્રણ ચાલલા ।
સર્વાંગાચા દાહ ઝાલા ॥૧॥

મનુષ્ય ઇંગળી અતિ દારુણ । મજ નાંગી મારલી તિનં ।
સર્વંગીં વેદના જાણ । ત્યા ઇંગળી ચી ॥૨॥

યા વિંચવાલા ઉતારા । તમોગુણ માગા સારા ।
સત્ત્વગુણ લાવા અંગારા । વિંચૂ-ઇંગળી ઉતરેલ ઝરઝરા ॥૩॥

સત્ત્વ ઉતારા દેઊન । અવધા સારલા તમોગુણ ।
કિંચિત રાહિલી ફુણફુણ । શાન્ત કેલી જનાર્દને ॥૪॥

## (૩) સંસાર-નગરનો બજાર

સંસાર નગરીં બાજાર ભરલા બાઈ ।
કામ-ક્રોધ-લોભ યાંચે ગ્રાહક ગિહ્રાઈક પાહી ॥૧॥
યાંત સુખ નાહીં ત્યાંત સુખ નાહીં । યા હાટાંત કોઠે સુખ નાહીં ॥૨॥
યા હાટાસી થોર થોર મેલે । નારદ-શુક-ભીષ્મ ઉમગલે ॥૩॥
આણિક સંતીં બાજાર પાહિલા । વ્યર્થ જાણોની નિરાશ ભાવિલા ॥૪॥
યા બાજારીં સુખ નાહીં બાઈ । માઝે માઝે મ્હણોની બોલે વાહી ॥૫॥
એકા જનાર્દની બાજાર લટિકા । સંત સંગા વાચોની નાહિ સુટકા ॥૬॥

## (૪) જાગલ્યા (રાત્રે જાગીને પહેરો ભરનાર) પગી

ઉઠા કીં જી માયબાપ । કાશી લાગલી ઝોપ દુજુર જાવોનીયા ।
એ વઢી ચુકવા ખેપ ॥ ધૃ.॥

રાત્રિ દિવસ થોક્રિતો (ગોખું છું) તુમ્હીં સાવધ અસે ।
તુમચ્યા નગરીચા નાહીં આમ્હાં ભરવસા ।
ઉજેડ પડતાંના ધળા પડેલ ફાસા ॥૧॥

તુમચ્યા નગરીચી નાહીં નાંદણૂક બરી ।
તુમચ્યા સેવેલા દોન લોભિષ્ટ નારી ।
ત્યાંચ્યા યોગે દુઃખેં તુમચ્યા નગરાંત ભારી ॥૨॥

હિંડતાં દશાંતરી ચૌર્યાંશી જગ ।
અજુની સાપડલા નાહીં નીટ માર્ગ ।
કોણતેં હિત કેલેં બાપા સાંગ ॥૪॥

જુન્યા ઠેવણ્યાચ્યા તુમ્હીં પૂર્જા કાઢા ।
ત્યાચ્યા આધારે બોલેન ધડધડા ।
એકા જનાર્દની ધરા બળકટ મેઢા ।
ચાકર હુજૂરચા ઘેઈન અવથા ઝાડા ॥૫॥

**નોંધ :-** એકા-જનાર્દન=પોતાનું નામ એકનાથ, એમના પરમગુરુ તે જનાર્દન સ્વામી. (દત્તઉપાસક) દોલતાબાદ રાજધાનીમાં રહેતા, મુસ્લિમ રાજ છતાં ગુરુવારે રજા પળાતી એટલો વિશ્વાસ. કારણ સાક્ષાત્કારી પુરુષ. જાતે સાક્ષાત્કાર કરી અન્યને પણ કરાવ્યો તેથી ખૂબ આદર-માન મળ્યાં.

ભારંડપક્ષીની માહિતી નીચે પ્રમાણે છે. આ પક્ષીને બે જીવ હોય છે પણ શરીર એક હોય છે. બે મુખ, ત્રણ પગ અને એક પેટ હોય છે. આ પક્ષીને એક સરખી ઇચ્છા થાય છે, જ્યારે ઇચ્છા જુદી થાય ત્યારે મૃત્યુ થાય છે.

# પ્રકરણ - ૪

# હરિયાળી : અવલોકન

હરિયાળી સ્વરૂપ અને વિકાસની સાથે સાથે હરિયાળીઓના દષ્ટાંતો દ્વારા તેની કેટલીક વિશેષતાઓ અને કાવ્ય શૈલીની વિગતો આ પ્રકરણમાં આપવામાં આવી છે. કવિતા કલાની સાથે અધ્યાત્મવાદની યોગ સાધના ને વિનોદ વૃત્તિનો સમન્વય કરાવતી કૃતિઓ કાવ્યપ્રકાર તરીકે માનસિક ઘડતરમાં અનન્ય ફાળો આપે છે.

**પ્રતીક :** હરિયાળીમાં પ્રયોજાયેલાં પ્રતીકો તરફ દૃષ્ટિ કરતાં નીચેની વિગતો પ્રાપ્ત થાય છે.

અધ્યાત્મ સાધના દ્વારા મોક્ષ પ્રાપ્તિનું અંતિમ લક્ષ્ય સિદ્ધ કરવાનું છે. આવી ગહન સાધનાની અનુભૂતિને ગૂઢાર્થયુક્ત કાવ્યવાણીમાં વ્યકત કરવામાં આવી છે. તેમાં રહેલો ગૂઢાર્થ સાધનાની અનુભૂતિનો પરિચય કરાવીને આધ્યાત્મિક વિચાર ધારાનું અમૃતપાન કરાવે છે.

પ્રતીકો વિવિધ પ્રકારનાં પ્રયોજાયાં છે. એક જ પ્રતીક સત્ અને અસત્ એમ બન્ને અર્થમાં પ્રયોજાય છે એટલે પ્રતીકની પસંદગીમાં કોઈ ચોક્કસ ધોરણ નથી. 'હરિયાળી' કાવ્યો અતિકઠિન હોવાથી લોકોનું તેના પ્રત્યે આકર્ષણ થાય અને કાવ્યો સમજવા માટે ઉત્સાહ દર્શાવે તેમ માનીને કવિઓએ લોકવ્યવહાર અને અધ્યાત્મ માર્ગના પરિચિત પારિભાષિક શબ્દો પસંદ કર્યા છે. આવા શબ્દો રૂપક તરીકે સ્થાન પામીને હરિયાળી કાવ્ય શૈલીને અનુરૂપ બની રહે છે.

કૌટુંબિક સંબંધોને લગતાં પ્રતીકો : પિતા, માતા, પુત્ર, પુત્રી, જમાઈ, સાસુ-સસરા, માસા-માસી, નણંદ, દાદા-દાદી, મહેમાન, શેઠ, યુવરાજ, રાજા-રાણી, પલંગ, મહેલ, સ્તંભ, બારણું વગેરે.

કેટલાંક પ્રાણીઓનો પ્રતીક તરીકે પ્રયોગ કર્યો છે તેમાં શિયાળ,

ખરગોશ, હરણ, હાથી, ગધેડો, વાંદરો, ઘોડો, ઊંટ, સસલો, ઉંદર, કુતરો, કુતરી. પક્ષીને લગતાં પ્રતીકોમાં હંસ, બગલો, કાગડો, મચ્છર, માછલી કીડી. આત્મા માટે પતિ, ચેતન, હંસ, જીવ, ગુરુ, તંબુરો, ઘોડો વગેરેની પ્રતીક તરીકે પસંદગી થઈ છે. આઠ સ્ત્રી-આઠ કર્મ પ્રકૃતિ, આઠ દીકરી-અષ્ટ પ્રવચન માતા, અંબાડી-ચારિત્ર-રાજા, સરોવર-ઉપશમ ભાવ, ઊંટ - અન્યદર્શનો-લોભ, કીડી-ચરમ શ્રેણી, નિદ્રા-નિગોદ-હિંસા, કાગડો- પાપ-કુગુરુ, કાયા-સ્ત્રી-તૃષ્ણા, જ્ઞાન-નેત્ર, ગગન-ચૌદ રાજલોક, ગધેડો-અભવ્ય જીવ-પ્રમાદ, ચંદ્ર-શુદ્ધસ્વરૂપ આત્મા, જહાજ-ચારિત્ર, પક્ષી-મન, પાગલ સ્ત્રી-વાસના, પર્વત-ચારિત્ર-વિવેક શક્તિ-મુખ, પાડોશી-પુણ્ય-પાપ, માયા-છછુંદર-ડાકણી સાસુ, સ્ત્રી, મોહ-સિંહ-વૈરાગ્ય, અન્ય પુરુષ, મિત્ર, વિરતિ-સ્ત્રી-દેવી, વિશ્વાનલ-કામાગ્નિ, વૃક્ષ-શરીર, વાંદરો-અભવ્ય જીવ, સાસરુ-મોક્ષ, પિયર-મિથ્યાત્વ, શિયાળ-કામદેવ-નિર્બળતા, સ્તંભ-ચાર પ્રકારનો ધર્મ, હિંડોળો-ધ્યાન, હાથી-આત્મા-પાપ-મુનિ, પાંચ ઈન્દ્રિય, મોહ વગેરે પ્રતીકો વિવિધ અર્થમાં પ્રયોજાયાં છે.

શરીરનાં અંગોપાંગને લગતાં પ્રતીકો : જીભ, દાંત, ઈંદ્રિય, નેત્ર,

પ્રકૃતિ વિષયક પ્રતીકો : ચંદ્ર, અમૃત, સરોવર, પર્વત, ગગન, આંબો, જળ, નદી, સૂર્ય, મેરૂપર્વત, મેઘવૃષ્ટિ, મોતી, વાવાઝોડું.

ભાવપ્રતીકો : મમતા, મૃગતૃષ્ણા, માયા, તૃષ્ણા, વાસના, મોહ, લોભ, કષાય, ઉપશમ, સમતા, ચેતના, કુમતિ, વિરતિ, અવિરતિ, ચિંતા, સમકિત, મિથ્યાત્વ આ પ્રતીકો દ્વારા આધ્યાત્મિક વિચારો વ્યક્ત થયા છે.

ઉપરોક્ત પ્રતીકોની વિવિધતા એ હરિયાળી કાવ્યોની વિશેષતા દર્શાવે છે. કવિજન્ય કલ્પનાઓના પરિપાકરૂપે પ્રયોજાયેલાં પ્રતીકો સાધનાગત અનુભૂતિને કાવ્યવાણીમાં સ્થાન પ્રાપ્ત થયું છે. તેમાંથી જૈન દર્શનના મહત્વના સિધ્ધાંતો તરફ વાચકવર્ગનું ધ્યાન દોરવાનો પ્રયત્ન થયો છે.

કર્મવાદ, મોહનીયકર્મ, વિરતિ-અવિરતિ, સમકિત અને મિથ્યાત્વ, જ્ઞાન અને ક્રિયા, કેવળજ્ઞાન, ચરણસિત્તરી, અષ્ટપ્રવચન માતા, અરિહંત, બ્રહ્મચર્ય, ત્રણરત્ન, જ્ઞાન, દર્શન, ચારિત્ર, કર્મસત્તા અને તેનો ઉદય-પ્રભાવ, ફળની શુભાશુભ સ્થિતિ, ભવભ્રમણ, મુક્તિ, સંસારની અસારતા, સમતા અને ઉપશમ ભાવનું મહત્વ, આત્મવિકાસમાં અવરોધ કરનાર દુર્ગુણોમાં પ્રમાદ, નિદ્રા, મોહ, તૃષ્ણા, કષાય, રાગ-દ્વેષ, અજ્ઞાનતા, વગેરેને પણ પ્રતીકો દ્વારા કાવ્યમાં સ્થાન મળ્યું છે.

જિનવાણી શ્રવણ, જિનાજ્ઞાપાલન, વ્યવહાર શુધ્ધિ, ભૌતિકસુખની આસક્તિનો ત્યાગ અને આત્માના શુધ્ધસ્વરૂપ પામવા માટેના વિચારો તેમાં વ્યક્ત થયા છે. સાંપ્રદાયિક સાહિત્યમાં શુષ્ક ઉપદેશના વિચારો નિરસ લાગે છે, તેમ છતાં હરિયાળી કાવ્ય પ્રકારમાં વૈવિધ્યપૂર્ણ પ્રતીકો દ્વારા વ્યક્ત થયેલા વિચારો અસરકારક બને છે. કવિની કલ્પના શક્તિ, પ્રતીક અને રૂપક યોજના વક્રોકિત વિરોધાભાસ જેવાં લક્ષણોવાળી કાવ્યરચના હોવાથી પ્રથમ દષ્ટિએ કઠિન લાગતી હરિયાળીઓ તેનો અર્થ સમજાય ત્યારે અપૂર્વ આનંદ આપીને હૃદયપર ચોટદાર અસર નીપજાવે છે. પરિણામે હરિયાળી કાવ્યો અન્ય પ્રકારોની સરખામણીમાં નવા રૂપરંગમાં પ્રગટ થયાં છે. અટપટાં પ્રતીકો દર્શાવતી કાવ્યપંક્તિઓ નમૂનારૂપે અત્રે નોંધવામાં આવી છે. તે ઉપરથી હરિયાળી કાવ્ય પ્રકારની આકર્ષક શૈલીનો પરિચય થશે.

હરિયાળી વિવિધ પ્રકારનાં પ્રતીકોની યોજના એ એની કાવ્યગત વિશેષતા છે. રૂપકાત્મક અભિવ્યક્તિની સાથે પ્રતીક યોજનાથી આ કાવ્ય વધુ સમૃધ્ધ બને છે, આવાં પ્રતીકો સાંપ્રદાયિક અર્થબોધ કરાવે છે. અધ્યાત્મ સાધનાની અનુભૂતિનું પ્રત્યાયન થઇ શકે તે માટે કવિઓએ લોકપ્રચલિત પશુ-પક્ષીઓ, પ્રાણીનો પ્રતીકાત્મક ઉલ્લેખ કર્યો છે. કેટલાંક દષ્ટાંત અત્રે નોંધવામાં આવ્યાં છે.

**"દોય પિતાએ એહ નિપાઇ, સંઘ ચતુર્વિધ મનમેં આઈ"**

બે પિતા - તીર્થંકર ભગવાન અને ગણધર ભગવંત.

**"કીડીએ એક હાથી જાયો, હાથી સામો સસલો ધાયો"**

હિંસારૂપી કીડીએ પાપરૂપી હાથીને ઉત્પન્ન કર્યો, પાપરૂપી હાથીની સામે ધર્મરૂપી સસલો આવ્યો.

**"નાવમેં નદીયાં ડૂબી જાય, મુજ મન અચરજ થાય"**

જૈનદર્શનરૂપી નૈયામાં, ષડ્દર્શનરૂપી 'છ' નદીઓ તેમાં સમાઈ ગઈ છે.

**"પાયે ખોટે મહેલ ચણાવે, થંભ મલોખે માલ જડાવે,**
**વાઘની બોડે બાર મૂકાવે, વાંદરા પાસે નેવ ચલાવે,"**

ચારિત્રરૂપી મહેલ, થંભ-દાન-શીલ-તપ અને ભાવ એમ ધર્મના ચાર સ્તંભ, વ્રત ધારણ માલ ચણવો, વાઘ-પરમધામી દેવો, વિરતિ-બારણું, વાંદરો-મન વગેરે પ્રતીકોથી વિરતિ અને સમકિતનો મહિમા દર્શાવ્યો છે.

**"ઊઠી સવારે સામાયિક લીધું પણ બારણું નવિ દીધુંજી "**

બારણું - સમતા ભાવ.

**"કાળો કૂતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધુંજી"**

પાપની પ્રવૃત્તિના પ્રતીક માટે, ઘી-સમતા.

**"ઘરરરર... ઘરરરર... ઘંટી ફરતી, ફેરવનાર ન કોઈ"**

ઘંટી-સંસારનું પ્રતીક છે.

**"ઉછળી ઉછળી દાણા ટપોટપ, આપથી પડતા તોઈ"**

દાણા-જીવાત્મા

**"વરસે કંબલ ભીંજે પાણી, માછલીએ બગ લીધો તાણી"**

ઈંદ્રિયો કર્મ કરે તેના પ્રતીક માટે, કર્મો લાગવાથી જીવ ભારે

થાય તેનું પ્રતીક.

માછલી-લોભ, બગ-જીવાત્માનું પ્રતીક છે.

**"સખીરે શામળો હંસ મેં દેખીયો રે, સખી રે કાટવાળો કંચનગિરિ રે"**

કૃષ્ણ પરિણામવાળો, હંસ આત્મા, આત્માના અસંખ્ય પ્રદેશને કર્મોનો કાટ લાગ્યો છે. કંચનગિરિ સમાન આત્મા.

## અલંકાર

કાવ્યનાં લક્ષણોમાં અલંકાર મહત્વનું સ્થાન ધરાવે છે. રસહીન કાવ્ય રચના હોય નહિ તેવી રીતે સર્વથા અલંકાર રહિત કાવ્યો પણ પ્રાપ્ત થવાં દુર્લભ છે તે દષ્ટિએ વિચારીએ તો કાવ્યમાં રસ અને અલંકાર એની રચના સાથે અવતાર પામે છે.

વામનના મતે - કાવ્યં ગ્રાહયાત્ અલંકારાત્ ।
સૌન્દર્યઃ અલંકારઃ ।

આવાં નાનકડાં સૂત્રો અલંકાર વિશે જણાવે છે કે કાવ્યમાં અલંકાર એ સૌન્દર્ય છે. અલંકારથી કાવ્ય ગ્રહણ કરવામાં અનુકૂળતા રહે છે. કાવ્યમાં અલંકાર સહજ રીતે સ્થાન પામેલા હોવા છતાં કવિકર્મની પણ પ્રસાદી છે એમ માનવું જોઈએ.

હરિયાળી શૈલીનાં કાવ્યોમાં રૂપક, વિભાવના, નિદર્શના, વિરોધાભાસ અને અસંગતિ વગેરે વિશિષ્ટ રીતે એકરૂપ થયેલા જોવા મળે છે. કવિ પોતાની અભિવ્યક્તિને અસામાન્ય બનાવવા માટે અલંકાર પ્રયોજે છે. હરિયાળી કાવ્યો તો આવા અલંકારોનીજ જાણે કે યોજના ન હોય તેવું લાગે છે. હરિયાળીનો પર્યાયવાચી શબ્દ ઉલટવાણી અને હિન્દી ભાષામાં ઉલટબાંસી છે, માત્ર શબ્દાર્થ પરથી જ વિચારીએ તો પણ ઉલટી વાતની રજુઆત હોય ત્યાં અલંકારોનો પ્રયોગ પણ વિશેષ રીતે નોંધપાત્ર

બને છે. લોકોનું આવાં કાવ્યો પ્રત્યે આકર્ષણ થાય અને તેમાંથી સારભૂત અધ્યાત્મવાદ - યોગ સાધનાનો વિચાર પામે એવા પ્રયોજનથી હરિયાળીઓ રચાઈ છે ત્યારે કવિની કલ્પના શક્તિ વેધક બનીને અલંકારોની નીપજમાં સહયોગ સાધે છે.

અલંકાર વિશેનાં કેટલાંક ઉદાહરણોથી કવિની ચોટદાર અભિવ્યક્તિ અને શૈલીનો પરિચય થાય છે. નમૂનારૂપે કેટલાક અલંકાર નીચે પ્રમાણે દર્શાવવામાં આવ્યા છે.

## રૂપક

સાસરિએ અમ જઈએ, ભાઈ, સાસરિયે અમ જઈએ,
જિનધર્મ તે સાસરું કહીયે, જિનવર દેવ તે સસરો,
જિન આણા સાંસુ રહીયાળી, તેના કહ્યામાં વિચરો રે.

દુર્મતિ દાદી મત્સર દાદા, તુમ દેખત હી મૂઆ,
મંગળ રૂપી વધાઈ વાંચી, એ જ બેટ્ટા હુઆ.

જિન શાસન હાટ મનોહરું, સમકિત પેઢી સાર,
મિથ્યાત્વ કચરો કાઢીને, શ્રધ્ધા ગાદી ઉદાર.

મઠમેં પંચ ભૂતકા વાસા, સાસા ધૂત ખવીસા,
છિનછિન તોહિ છકાન કુ ચાહે, સમજે ન બૌરા સીસા.

કાયાવાડી કારમીરે સિંચતાં, સૂકે સાડા ત્રણ ક્રોડ,
રોમાવળી ફળ ફૂલ ન મૂકે.

"આરે કાયા પોપટ પાંજરે જો, કોઈ ઈંદ્રિયોના નો પરે તો ,
મેલી માયા જમના પારધીજો, કર્મ સુતારે ઘડીયું તેહજો"

"ચંચળ મન પંછી ચુપ રહો."

"ભાવ ભકિતનાં રૂ મંગાવો સૂત પીંજણહાર"

''કર્મમલ્લ શ્રી મલ્લિસ્વામી આવ્યો તુમ દરબાર''

''નરભવ નગર સોહામણું વણઝારા રે,
પામીને કરજે વ્યાપાર અહો મોરા નાયક રે.''

## સાંકેતિક પ્રતીક

તીન પાંવકી સાત બનાઈ, સાત પાંવકી એક,
પરણ્યો ડાકી સઘળો, ખાઈ ગયો, હું રહી સગુણી એક.

''કરી બદનામી ચોર હરામી, ક્યાંથી લીધું કરિયાણુંજી,
બીજાએ લીધું કાઠું કીધું, ત્રીજું પ્રકટ કરે જાણોજી,
ચોથું ખંખેરે બીજું ના હેરે, તો શિવ સુખડાં આગે જો.''

''સાત હરીને આઠ વરીને, નવનો કરીએ નાશ
બે પાંચ સત્તાવીશ ધરશું, બેંતાલીસ શુદ્ધ,
તેત્રીશ ને ચોરાશી ટાળી, આતમ કરશું શુદ્ધ.''

## અસંગતિ

નહીં હું પરણી નહીં હું કુંવારી, પુત્ર જણ જણહારી,
કાળી દાઢીકો કોઈ નવિ છોડયો, તોય હું બાળ કુમારી.

કહેજો ચતુર નર એ કોણ નારી, ધર્મી જનને પ્યારી રે,
જેણે જાયા બેટા જયકારી, પણ છે બાળકુમારી રે.

ગગન મંડલમેં ગૌઆ વિયાણી, ધરતી દૂધ જમાયા,
માખન થા સો હી વીરલા પાયા, છાશે જગત ભરમાયા.

જબ જાઈ તબ વીસગજ, ભર યૌવન ગજ ચ્યાર,
વલતી વેરૂ પચાસ ગજ, રાજા ભોજ વિચાર.

એક નારી દોય પુરૂષ મળીને, નારી એક નિપાઈ,
હાથ પગ નવિ દીસે તેહના, મા વિના બેટી જાઈ.

## વિભાવના

કીડી એક હાથી જાયો, હાથી સામે સસલો ધાયો,
વિણ દીવે અજવાળું થાયે, કીડીના દરમાંહિ કુંજર જાય.

ચીર ચીવર પહેરીઆ, સુંદરી ઊંડે પાણી પેસે,
પણ ભીંજાય નહિ તસ કોઈ, અચરજ એ જગ દીસે રે.

થડ બિન પત્ર પત્ર બિન તુંબા, બિન જીભ્યા ગુણ ગાયા,
ગાવન વાલે કો રૂપ ન દેખા, સુગુરુ સોહી બતાયા.

વિના વાદળી ઝરમર ઝરમર, અખંડ ધાર વરસે વરસાદ,
વિના ગંગના પ્રબળ ધોધ અહિં, ગુણ ગંભીર થતો ઘોંઘાટ.

## નિદર્શના

મેરૂપર્વત હાથી ચઢીયો, કીડીની ફુંકે હેઠે પડીયો,
કીડીના દરમાં હાથી પેઠો, રત્ન કહે મેં અચરજ દીઠો.

ઢાંકણીએ કુમાર જ ઘડીયો, લંગડા ઉપર ગર્દભ ચઢીઓ,
આંધરો દર્પણમાં મુખ નીરખે, માંકડું બેઠું નાણું પરખે.

ચંદ્ર થકી વરસે અંગારા, જાગે જાગણહારા,
અગ્નિથકી જેમ જળ ફુઆરા, છુટે પારાવારા.

## વક્રોક્તિ

મંગરી ઉપર કૌવા બોલ્યો, પામણાં આવ્યાં તીન,
કર્કશા નાર મળી રે, ધન્ય હો ધન્ય પીયુજી તેરા ભાગ્ય.

ઘરે વાસીદું કરોને વહુઅર, ટાળોને ઓજી સાલોજી,
ચોરટો એક કરજે હરૂ, ઓરડે ઘોને તાળુંજી.

## વિચિત્ર અલંકાર

ઝુંઝાવાત ફુંકાય તોયે, મગદાણા નવિ ચાલે,
ડુંગર ઊડી ગગને ચાલે, લોકો ટગમગ ભાલે.

## વિરોધાભાસ

જે સ્વામી તે તાત તેહનો, કહ્યો જગત હિતકારી રે,
વહુ વીઆઈ સાસુ જાઈ, લહુકે દેવર નીપાઈ,
સસરો સૂતો વહુ હીંડોળે, હાલો હાલો શોભાવી બોલે.

કુતરીએ કેસરી હણ્યો રે, તરસ્યા પાણી નવિ પીયે રે,
પગ વિહુણો મારગ ચલે રે, નારી નપુંસક ભોગવે રે.

આંબા ડાળે નાળિયેર વળગ્યો, કદલીએ કેરીની લૂંબ,
નાગરવેલ દ્રાખ બીજોરાં, અને શોભા બની અતિ ખૂબ,
ગગન દોહ્યાં ઘટના રે તેનાં, દૂધ પીયાં છે છટમાં.

એક નારી દોય પુરુષ મળીને, નારી એક નિપાઈ,
અલખ હાથ પગ નવિ દીસે તેહના, મા વિના બેટી જાઈ.

## રસનિરૂપણ

કાવ્યનાં લક્ષણોમાં રસનો સમાવેશ કરવામાં આવે છે. ભાગ્યેજ એવું કોઈ કાવ્ય હશે કે જેમાં રસનું સ્થાન ન હોય. રસના પ્રભાવથી કાવ્ય આસ્વાદ્ય બને છે. તેના દ્વારા મનુષ્યના અંતઃસ્તલ પર સ્પર્શની અનુભૂતિ થાય છે. રસાસ્વાદનો આનંદ સાહિત્યની પરિભાષામાં ''કાવ્યાનંદ બ્રહ્માનંદ'' સમાન છે. સાંપ્રદાયિક કાવ્યોમાં આવો બ્રહ્માનંદ સાધુ-સંતોએ સ્વયં અનુભવ્યો છે. અને તેમાંથી સ્ફુરણા થતાં વિવિધ પ્રકારનાં કાવ્યો સર્જાયાં છે. ધાર્મિક સાહિત્યની રચનાઓમાં પ્રાયઃ શમ, નિર્વેદ, વિરાગનું નિરૂપણ હોય છે. હતાશા દૂર કરીને પરમ તત્ત્વને પામવા માટેના પુરૂષાર્થ

માટે ઉત્સાહનો ભાવ પણ પ્રગટ થાય છે.

સાહિત્યની રસ સૃષ્ટિમાં ભક્તિ રસનો શાંત રસમાં સમાવેશ કર્યો છે. એટલે ધાર્મિક સાહિત્ય શાંત રસનુંજ છે એમ માનવાની જરૂર નથી. તેમાં પણ વસ્તુને અનુરૂપ શૃંગાર, કરૂણ, અદ્‌ભુત રસનું નિરૂપણ થાય છે. ભક્તિ રસના આલંબનમાં આત્મસ્વરૂપની ઝાંખી છે અને ઉદ્દીપનમાં જ્ઞાન અને વૈરાગ્ય છે. અમર્ષ ઔત્સુક્ય આવેગ, ચપળતા, ઉન્માદ જેવા સંસારી ભાવો પણ રહેલા છે. શાંત રસના આલંબનમાં સંસારની અસારતા, બોધ, પરમતત્ત્વનું જ્ઞાન કાર્યરત છે.

હરિયાળી કાવ્યોમાં ભક્તિ શૃંગાર જોવા મળે છે. મોટે ભાગે તો પરમાત્મા પ્રત્યેની અપૂર્વ પ્રીતિ-ઉત્કટતા - સમર્પણની ભાવનાને વ્યક્ત થયેલી જોવા મળે છે.

હરિયાળી કાવ્યોની શૈલી જ એવા પ્રકારની છે કે તેમાં અદ્‌ભુત રસ કવિ કલ્પનાના પરિપાકરૂપે ઉદ્‌ભવે છે. જ્યાં ચમત્કારનું નિરૂપણ હોય ત્યાં અવશ્ય અદ્‌ભુત રસ જોવા મળે છે. આ રસમાં રોમાંચ, સ્તંભ, સંવેદ, મુખ વગેરે અનુભાવો છે જ્યારે જડતા, દૈન્ય, આવેગ, શંકા, ચિંતા, વિતર્ક, હર્ષ, ચપળતા આદિ સ્થાયી ભાવો છે. હરિયાળીમાં અદ્‌ભુત રસજ કેન્દ્ર સ્થાને છે એમ કહીએ તો પણ ઉચિત લેખાશે. તેની રચનાના પાયામાં વિરોધાભાસ કંઈ આશ્ચર્ય - ચમત્કાર થયો હોય એવી અભિવ્યક્તિ થાય છે. એટલે અદ્‌ભુત રસ પ્રધાન આ કાવ્યો સાનંદાશ્ચર્યની અનુભૂતિ કરાવીને યૌગિક સાધનાના ફળનો મધુર આસ્વાદ કરાવે છે.

હરિયાળીમાં સીધી સાદી વાત કરવામાં આવતી નથી પણ અવળવાણીનો પ્રયોગ થાય છે. તેમાં વક્રોક્તિનો પણ આધાર લેવામાં આવે છે. પરિણામે પ્રથમ દૃષ્ટિએ કેટલીક પંક્તિઓમાંથી હાસ્ય રસની અનુભૂતિ થાય છે. પણ ગૂઢાર્થ જાણ્યા પછી તો શાંતરસની સમાધિનો આનંદ નીપજે છે. આ શૈલીનાં કાવ્યો મોટે ભાગે નિર્ગુણ ઉપાસનાને વધુ

સ્પર્શે છે એટલે અમૂર્ત ભાવોને કાવ્યવાણી દ્વારા મૂર્ત સ્વરૂપે વ્યક્ત કરવામાં આવે છે. રસ વિશેની ઉપરોક્ત માહિતીને આધારે એવો નિષ્કર્ષ તારવવામાં આવે છે કે તેની રસસૃષ્ટિમાં શાંત, અદ્ભૂત, હાસ્ય વિશિષ્ટ રીતે એકરૂપ બન્યા છે. કેટલાંક ઉદાહરણોથી હરિયાળીની રસિકતાનો પરિચય પ્રાપ્ત થશે.

અદ્ભુત રસના ઉદાહરણની પંક્તિઓ નીચે પ્રમાણે છે.

## અદ્ભુત રસ

''સાસુ કુંવારી વહુ પરણેલી, નણદલ ફેરા ખાય''

''સુણજો કૌતુક માળા મેરે પ્યારે, સુણજો કૌતુકમાળા
સાગરમાં નદીઓ ના પેસે, વહેતી ગગનની વાટે,
રાત પડે પણ સૂર્ય ન જાવે, અંધકાર ગભરાય.''

''એક અચંભો એસો કીનો, બેટી જાયો બાપ રે.''

''શ્રવનહું દેખૈ સુનૈ પુનિ નૈન હું, જિહ્‌વા સૂંઘે નાસિકા બોલે,
ગુદા ખાય ઈન્દ્રિય જલ પીવૈ, બિન હી હાથ સુમેરૂહી તોલે.''

''ધન ધન ધનનન.... ધનનન... ધનનનન
અતિ અદ્ભૂત સંગીત ચલતું હૈ''

''સંગીત શાળા યહ કહો કૈસી ?
પથ્થર ઈંટ ન ચુનન કહું હૈ''

''પુરૂષ એક નપુંસક જાયો, તાણી આગલિ કીધો રે
કાન છે પણ સુને ન કાંઈ, દાંત નહીં પણ ચાવે રે''

''સાત નારી એક શિર ઉપર એક નર ઉપાડે.''
''વિના પવન પણ સ્પર્શ સુખાવહ, શીત સુગંધિત નિત્યે ન્હાય.''

"રે કોઈ 'અજબ તમાસા દેખા, જહાં રૂપ રંગ નહીં રેખા."

"સેવક આગળ સાહેબ નાચે, બહે ગંગાજલ ખારે"

"ગર્દભ સારે ગયવરે વસ્યા, એ અચરિજ મોહે ભારિ"

"એક અચંબા એસો દીઠો, કુવામાં લાગી આગ"

"એક અચંબા એસો દીઠો માછલી ગાવે પાના,
ઊંટ બજાવે બંસરી ને, મેઢક જોડે તાન."

"સખીરે મેં તો કૌતુક દીઠું, સાધુ સરોવર ઝીલતા."

"અઢી દ્વીપમેં ખાટખટુલી, ગગન ઓશીકું તલાઈ,
ધરતીકો છેડો આભકી પિછોડી, તોયે ન સોડ ભરાઈ"

"સંતો અચરજ રૂપ તમાસા,
કીડીકે પગ કુંજર બાંધ્યો, જળમેં મકર પીયાસા."

"બિન બાદલ બરસા અતિ બરસત, બિન દિગ બહત બતાસા"

"સખીરે મેં તો કૌતુક દીઠું, ભૂપતિ ભીક્ષા માગતારે"

"આંધરો દર્પણમાં મુખ નીરખે, માંકડું બેઠું નાણું પરખે"

## સ્વાભાવોક્તિ

કુવો બેઠોરે ખીખી બહુ કરે રે, કુઈડી લગાવે મુજ રાવ,
પરઘર ભંજક મામો માહરો રે, મામીનો ખોટો સ્વભાવ.

ઉપરોક્ત પંક્તિઓમાં પ્રકૃતિ અને વ્યવહાર વિરૂદ્ધનું નિરૂપણ કરીને લોકોનું આવી રચનાઓ પ્રત્યે આકર્ષણ થાય અને તેમાં રહેલા ગૂઢાર્થને જાણવા માટે પ્રયત્ન કરે એવી કવિદૃષ્ટિ રહેલી છે. પ્રથમ દૃષ્ટિએ વિરોધ લાગે પણ અર્થ જાણ્યા પછી અપૂર્વ આનંદ અને આશ્ચર્ય સાથે આધ્યાત્મિકવિશ્વના ગહન વિચારોનો પરિચય થાય છે.

હરિયાળી કાવ્યોનું અવલોકન કરતાં કવિની બહુમુખી પ્રતિભાનો પ્રત્યક્ષ પરિચય થાય છે. તેનાં પ્રતીકો સમજવાં કઠિન છે છતાં પુરુષાર્થ કરવાથી આ કાવ્યોનો આસ્વાદ દીર્ઘકાળ પર્યંત અસર ઉપજાવે છે અને મનોમન આનંદાનુભૂતિ અનુભવી શકાય છે.

હરિયાળીઓનો અભ્યાસ કરતાં એમ જાણવા મળે છે કે તેમાં હિન્દીભાષાનો પ્રયોગ વિશેષ થયો છે એટલે ગુજરાતી-હિન્દી અને મારવાડી ભાષાના મિશ્રણવાળી કૃતિઓ છે તો શુદ્ધ ગુજરાતી ભાષાના પ્રયોગવાળી કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે. જૈન સાધુ કવિઓનો ગુજરાત બહાર રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર આદિ રાજ્યોમાં વિહાર કરીને જતા હોવાથી જે તે પ્રદેશનાં ભાષાનાં શબ્દો અને તેનો પ્રભાવ પડયો છે.

કેટલીક રચનાઓમાં હરિયાળી શબ્દનો ઉલ્લેખ થયો છે.

"એ હરિયાળી જે નર જાણે મુખે કવિ દેપાલ વખાણે"

"વિનય સાગર ચતુર નર બૂલો એ હરિયાળી જેમ હિત,
રાહ દેહિ સંભાલી."

"એ હરિયાળીનો અર્થ જે કરે સજ્જનની બલિહારી"

એ હરિયાળી જે નર કહેશ્યે વાચક જસ જપે તે સુખ લહેસ્યે"

"એ હરિયાળી અતિ ભલી રે સુણજ્યો પંડિત વૃંદ"

હરિયાળીમાં પ્રશ્ન પૂછયો હોય અને તેનો પ્રત્યુત્તર આપવાનો હોય તે વિશેનો ઉલ્લેખ થયેલો છે. હરિયાળી રચનાની વિશેષતાઓમાં આ હકીકત પણ ધ્યાન ખેંચે તેવી છે.

"નામ કહો તે નારીનું જો હો બુદ્ધિવંત"

"પંડિત એહનો અર્થ તે કહેજ્યો, નહીં તો બહુશ્રુત,
ચરણે રહેજ્યો"

"એહ અર્થ ક્હ્યો અગોચરૂરે સદ્‌ગુરૂને આધારે"

"થઈ મોટા અર્થ તે કહેજો રે, શ્રી શુભવીરને વાલડાંરે"

"અવધૂ એસો જ્ઞાન વિચારી, વામે કોણ પુરૂષ,
કોણ નારી ?"

"ધનહર્ષ પંડિત એહને, જાણે અરથ વિશાલરે"

"ધન પદકા જો અર્થ કરેગા, શીઘ્ર સાધે કલ્યાણ"

"મહેન્દ્ર મણિપ્રભ એમ ભણે રે લોલ,આપો આપો ઉત્તર,
ગુણ ધામજો"

"નવનવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારી".

હરિયાળીનો અર્થ એકદમ સમજાતો નથી, તેનો અર્થ સમજવા માટે ઊંડું ચિંતન કરવું પડે છે. આ માટે સમય પણ વધુ લાગે તેમ હોવાથી કવિઓએ હરિયાળીનો અર્થ કે જવાબ શોધવા માટે સમય મર્યાદાનો પણ કાવ્યમાં ઉલ્લેખ કર્યો છે.

"અવધિ કરું છું માસ એકની આપો અર્થ વિચારી રે"

"કહિએ પંડિત કોણ એ નારી વીસ વરસની અવધિ વિચારી"

"માસ બે ચાર વિમાસી જો જો, તે શું નરકે નારી રે"

"અવધિ કહી છે પક્ષ એકની, અવધિ કહી છે માસ એકની,
અવધિ કહી છે વર્ષ એકની, પંડિત જીરજી"

હરિયાળીમાં છંદ વૈવિધ્ય પણ નોંધપાત્ર છે. સાખી, કુંડળિયા, સવૈયા, સબદી, અરિલ્લ, વગેરેનો પ્રયોગ થયો છે. ધીરાની અવળ વાણીમાં કાફીનો પ્રયોગ છે. તદુપરાંત આશાવરી, ધન્યા શ્રી, અને મારુ રાગનો પ્રયોગ થયો છે. ઉપરોક્ત છંદના રાગથી કાવ્યનો લય સિદ્ધ થાય છે. વર્ણાનુપ્રાસ દ્વારા કવિની કાવ્ય કલાનો પરિચય થાય છે.

"એક અનેક અનેક એક કુંભ, કુંડળ કનક સુભાવે."

"ચેતન ચેતો ચતુર અબોલા, અબોલે જે નર ખીજે."

"પહોળે પલંગે પ્રીતમજી પોઢયા, પ્રેમ ભરી જગાડોજી."

"ચતુર વિચારો ચતુર વિચારો, એ કોણ કહીએ નારીરે"

પદબંધમાં રચાયેલી હરિયાળીઓમાં આત્માને ઉદ્દેશીને અધ્યાત્મવાદ કે તત્ત્વની મૂળભૂત વિગતોનું ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યો છે. આ માટે કેટલાક શબ્દ પ્રયોગો સંબોધનરૂપે થયા છે. સંતો, ભાઈ, પંડિત, અવધૂ, જોગી, ગુરુ, જ્ઞાની, વિરલા, પાંડે, ચેતન, સુમતિ.

હરિયાળીમાં જિજ્ઞાસાનું તત્ત્વ વધુ પ્રબળ છે. પ્રથમ દષ્ટિએ તેનો અર્થ સમજાતો નથી. વળી તેમાં પ્રશ્નાર્થ દ્વારા જિજ્ઞાસા જાગે છે. વર્ણનાત્મક હરિયાળીમાં કવિની વર્ણનાત્મક શક્તિનો ખ્યાલ આવે છે. હરિયાળીની જિજ્ઞાસા યુક્ત પંક્તિ વાંચવાથી તીવ્ર ઉત્કંઠા જાગે છે અને તેનો સાચો જવાબ જાણવાથી પરમાનંદ થાય છે.

દષ્ટાંતરૂપ પંક્તિઓ અત્રે નોંધવામાં આવે છે.

"અવધૂ એસો જ્ઞાન વિચારી, વામે કોણ પુરૂષ કોણ નારી ?"

"કહેજો ચતુર નર એ કોણ નારી ?"

"બેઉ નપુંસક એકઠારે ફરિયા એક જ ઠામિ."

"એક નર દુજો નપુંસક મળીને નારી એક નીપાઈ."

કેટલીક હરિયાળીઓમાં કવિની અભિવ્યક્તિની વિશિષ્ટતા કલાત્મકતાના અંશ સમાન છે. સંગીતમય ધ્વનિના પ્રયોગથી લલિત મધુર પદાવલીઓમાં તેના ધ્વનિનો આનંદ માણી શકાય છે. કવિતા અને સંગીતનો સંબંધ ધરાવતી આવી પંક્તિઓમાં અધ્યાત્મવાદના અનેરા ઉલ્લાસનું નિરૂપણ થયેલું જોવા મળે છે.

ધનનન ધનનન ધનનન,
અતિ અદ્‌ભુત સંગીત ચલિત હૈ,
સંગીત શાળા યહ કહો કૈસી,
પથ્થર ઈંટ ન ચુન ન કછુ હૈ.
સા...રે...ગ...મ...પ...ધ...કી...ધ્વનિયાં,
એક સાથે ગુંજન અવિરત હૈં,
ઘરરર.... ઘર.... ઘંટી ફરતી ફેરવનાર ન કોઈ,
ઉછળી ઉછળી દાણા ટપોટપ આપથી પડતા તોઈ.

'નહીં' શબ્દનો વારંવાર પ્રયોગ કરીને જિજ્ઞાસા જગાડી હરિયાળીનો અર્થ શોધવા માટે રસલીન કરે તેવી વિશિષ્ટ અભિવ્યક્તિ કરતી રચનાનું ઉદા. જોઈએ તો -

''નહીં હમ પુરૂષા, નહીં હમ નારી, વરન ન જાત હમારી,
નહીં હમ નાતે નહીં હમ સીરે, નહીં દીર્ઘ નહીં છોટા,
નહીં હમ ભાઈ નહીં હમ ભગિની, નહીં હમ બાપ ન બેટા,
નહીં હમ મનસા નહીં હમ સબદા હમ તનકી ધરણી,
નહીં હમ ભેજ ભેખધર નાહીં નહીં હમ કરતા કરણી.''

આચાર્ય પાર્શ્વચંદ્રસૂરિની હરિયાળીમાં પણ નકારાત્મક અભિવ્યક્તિ દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે તેની કેટલીક પંક્તિઓ નીચે મુજબ છે.

તે વિણ સરગ નરગ નહીં તે વિણ,
તે વિણ નહીં પવન તે પાણી રે,
તે વિણ મુગતિ સુગતિ નહીં,
તે વિણ નહીં સમકિત મિથ્યાત રે,

''નહીં વાંજણી નહીં ગાંભણી, છોરૂ જણે રસાલ મોટી''

''નહીં હું પરણી નહી હું કુંવારી, પુત્ર જણાવણ હારી''

''નહીં જાઉં રે હું સાસરીયે, ને નહીં જાઉં હું પીયરીયે''

કવિ અજિતસાગરસૂરિની હરિયાળીમાં પણ આવો પ્રયોગ થયો છે.

''વિના વાદળી ઝરમરઝરમર અખંડ ધાર વરસે વરસાદ''

કવિએ પ્રત્યેક પંકિતમાં 'વિના' શબ્દ પ્રયોગ કરીને અભિનવ રચના કૌશલ્ય દર્શાવ્યું છે.

''નહિ હાથ પર નહિ પાયપર ગર્દન ઉપર પણ તે નહિ''

''ભૂમિ નથી હું જળ નથી હું અગ્નિ કે વાયુ નથી''

હરિયાળી કાવ્ય શૈલીમાં અભિવ્યક્તિની નવીનતાનો પરિચય ઉપરોક્ત પંક્તિઓથી થાય છે.

સમસ્યામૂલક હરિયાળીમાં જવાબ શોધવા માટેની વિગતો કાવ્યવાણીમાં આપવામાં આવે છે. અને તેનો અર્થ વિચારતાં જવાબ મળે છે.

''પાંચ અક્ષર છે સુંદર તેહના શોધી લેજો નામ''

''મંગલકારી અંત્યાક્ષર વિણ સહુયે જગ જસ કહવે રે''

''દોય વરનકા નામ હૈ જિસકા, ઈસકા નામ કામહી કમાલા''.

''જસ ચાર કે છ અક્ષર તણું રે લોલ,
જેવું નામ છે, તેવું કામ જો.''

સામાન્ય રીતે વર્ણનાત્મક હરિયાળીમાં તેના વર્ણન ઉપરથી જવાબ શોધવાનો છે તેમ છતાં અપવાદરૂપે કવિયણકૃત હરિયાળીની છેલ્લી કડીમાં તેનો જવાબ પણ દર્શાવ્યો છે.

"નોકારવાલી ધ્યાન ધરતાં, મુક્તિ પામે કેવલી સવિ,
આશપુરી કર્મચૂરી"

હરિયાળીની છેલ્લી કડીમાં કવિના નામનો સીધો ઉલ્લેખ થયેલો હોય છે. મધ્યકાલીન કાવ્ય પરંપરામાં આ લક્ષણ સર્વ સામાન્યપણે નજરે પડે છે.

આનંદઘન કહે સુણ ભાઈ સાધુ, એ પદસે નિર્વાણ,
કબહુ જરની ફેરી ન ઉપજે, સુંદર સુખમેં રહે સમાઈ,
હીરકાક્ષરે રચી હરિયાળી સમભાવી એ જિનની રે.

થઈ મોટા અર્થ તે કહેજો રે, શ્રી શુભવીરને વાલડી રે,
ધનહર્ષ પંડિત ઈમ કહે, જિનવર ઈમ ભાખે.
વિનયસાગર મુનિ ઈમ ઉપદેશે ધર્મમતિ મન લાવો.
કાંતિવિજય કવિ એણીપેરે બોલ્યા, સુણજો નર ને નાર.

મણિપ્રભવિજયજીએ હરિયાળી રચનામાં પોતાના નામનો સીધો નિર્દેશ કરવાને બદલે સમસ્યા દ્વારા કવિનું નામ શોધવાનું છે. એટલે હરિયાળી ને અંતે પણ અર્થ શોધવાનો પ્રયત્ન કરવો પડે છે.

"સર્પના માથે કહો શું શોભે ? રત્ન તણી શું કહીએ ?
રાજવી યુદ્ધ કરી શું પામે ? કવિનું નામ એમ લહીએ."
"મણિપ્રભવિજય"

હરિયાળીઓની સમીક્ષાત્મક વિગતો દ્વારા તેના ગૂઢાર્થના પરિચયની સાથે કવિપ્રતિભાની વિશિષ્ટતા દષ્ટિગોચર થાય છે. વિવિધ પ્રકારની હરિયાળીઓ કાવ્યના નિરતિશય રસાસ્વાદ માટે અનુકૂળ વાતાવરણ સર્જવામાં સફળ નીવડી છે. અધ્યાત્મવાદના વિચારો ઉપરાંત વિનોદવૃત્તિને લક્ષમાં લઈને કેટલાક શબ્દ પ્રયોગો દ્વારા કાવ્ય રચનાનો પરિચય થાય છે. ફૂલનીમાળા, દાંડો, નવકારવાળી, પડછાયો, જિનવાણી,

કાયા, સ્થાપનાચાર્ય, પુદ્ગલ વગેરે વિનોદયુક્ત શબ્દો હોવાની સાથે તેનો અધ્યાત્મ માર્ગમાં સંદર્ભ રહેલો છે, એ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. વિનોદ કરતાં મહત્વની હકીકત તો હરિયાળીના ગૂઢાર્થને પામી આત્મજાગૃતિ દ્વારા અધ્યાત્મ સાધનામાં જોડાવાનો સર્વ સામાન્ય વિચાર પ્રગટ થયો છે. હરિયાળી એ સાધનાનું અંતિમ લક્ષ્ય નથી પણ આ માર્ગનું દર્શન કરાવતી કાવ્ય રચના છે. તત્ત્વજ્ઞાન ને સાધનાના ગહન માર્ગને આ શૈલીમાં વ્યક્ત કરીને તેના પ્રસાદ માટેનો પ્રશસ્ય પુરુષાર્થ હરિયાળીઓ દ્વારા થયો છે. કાવ્યવિશ્વ વિરાટ છે તેમાં હરિયાળી કાવ્યો દ્વારા તેની ભવ્યતા, વિસ્તાર, વિવિધતા સાહિત્યનું અભિનવ આભૂષણ છે.

કાવ્ય શાસ્ત્ર વિનોદેન કાલો ગચ્છતિ ધીમતામ્<br>
વ્યસનેન તુ મૂર્ખાણાં નિદ્રયાકલહેન વા ાા૧ાા

બુદ્ધિશાળી માણસોનો સમય કાવ્ય અને શાસ્ત્રના વાર્તા-વિમર્શ-સ્વાધ્યાયમાં વ્યતીત થાય છે જ્યારે મૂર્ખ માણસોનો સમય વ્યસનનું સેવન, નિદ્રા અને કલહ (ઝઘડો-ક્લેશ)માં પસાર થાય છે.

હરિયાળી ગૂઢાર્થ અને રહસ્યયુક્ત કાવ્ય રચના છે. તેમાં રહેલી સાધનાની અનુભૂતિના વિચારો સાંપ્રદાયિક તત્વદર્શનને સ્પર્શે છે. કવિ હરિયાળીના માધ્યમ દ્વારા તત્વની કઠિન વિગતોનું પ્રચલિત રૂપકો અને પ્રતીકોના પ્રયોગથી સરળ ને સુગ્રાહ્ય બનાવે છે. નિર્ગુણ ઉપાસનાની વિચારધારાને સર્વ સાધારણ જનતા સુધી પહોંચાડવા માટે હરિયાળી કાવ્યો જ્ઞાનમાર્ગનું પ્રતિનિધિત્વ કરે છે.

સાંપ્રદાયિક શબ્દપ્રયોગોને પ્રતીકાત્મક રીતે સ્થાન આપવામાં આવ્યું છે.

આનંદઘનજીની હરિયાળીઓની કેટલીક પંક્તિ આ સંત કબીરની સાથે સમાન રીતે સ્થાન ધરાવે છે. બન્ને સમકાલીન હોવાથી એક બીજા

પર પ્રભાવ પડયો છે પણ આનંદઘનજી પર કબીરનો કે કબીર પર આનંદઘનજીનો પ્રભાવ પડયો છે તે નિશ્ચિત કરવું કઠિન છે.

"એક અચંભા દેખારે ભાઈ ઢાઢા સ્વયં ચરાવૈ ગાઈ" (પા.૧૪૯)

"અવધૂ ગ્યાન લહરિ કરિ માંડીરે." (પા.૧૪૮)

"અવધૂ જાગત નીંદ ન કીજે" (પા.૩૫૪)

"અવધૂ એસો જ્ઞાન વિચારી, જ્યું બહુરિ ન હૈ સંસારી" (પા. ૨૭૧)

"અવધૂ એસા ગ્યાન વિચારિ તાપે ભઈ પુરિષ થે નારિ"

"એક અચંભા એસા ભયા કરની થઈ કારણ મિટિ ગયા" (પા. ૨૪૩)

આનંદઘનજીનાં પદો હરિયાળી અને સજઝાય તરીકે પણ પ્રસિદ્ધ છે. એમનાં પદો મુખ્યત્વે તત્ત્વજ્ઞાન, યોગ, અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય, પ્રકૃતિદર્શન, સુમતિ અને શ્રદ્ધાની પરસ્પર ઉકિત, સુમતિનો વિરહાલાપ, સુમતિની અનુભવપ્રતિની ઉક્તિ, સુમતિની શુદ્ધચેતના પ્રતિની ઉક્તિ, સ્વાનુભવદર્શક સહિષ્ણુતા વગેરે વિષયોને સ્પર્શે છે. કલ્પનાનો ચમત્કાર પ્રતીકો, રૂપકો અને ગૂઢ રહસ્યવાળી હરિયાળીઓ એમની અધ્યાત્મ સાધનાની સિદ્ધિની સાથે વિરલ કવિપ્રતિભાનું દર્શન કરાવે છે.

હરિયાળીમાં કલ્પનાની કેટલીક વિચિત્રતા જોવા મળે છે. સાસુ બાળકુમારી, પિયુજી પારણામાં ઝુલે, પરણી નથી છતાં જંજાળ, કીડીએ હાથીને જન્મ આપ્યો, સસલો હાથી સામે થયો, લોખંડ તરે ને તરણું ડૂબે, સૂરજ અજવાળું નવિ કરે, દાંત નથી છતાં ચાવે, એક પુરુષ સાત સ્ત્રીને મસ્તક ઉપર ઉપાડે, સેવક આગળ સાહેબ નાચે, વેશ્યા ઘુમટો કાઢે, બેટીએ બાપને જન્મ આપ્યો, હરણના બળથી ડુંગર ડોલે, પગ વગર ચાલે, સસરો સૂતો છે અને વહુ હીંડોળે છે, નારી મોટી પતિ નાનો, મેરૂપર્વત પર હાથી ચઢ્યો, હાથી ઉપર વાંદરો બેઠો, સુતરને તાંતણે સિંહ બંધાયો, કીડી સાસરે ચાલી, ડુંગર ઊડીને આકાશમાં ચાલે, નપુંસક નારીને ભોગવે,

ઊંટ બંસરી વગાડે, કાનથી જુએ અને આંખથી સાંભળે વગેરે કલ્પનાઓથી વિચિત્રતા અને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે, પણ આવી કલ્પનાઓનું સાચું રહસ્ય, ગૂઢાર્થ જાણીએ ત્યારે અપરંપાર આનંદ થાય છે. હરિયાળી પ્રકારની કાવ્ય રચનામાં વિચિત્રતા એ નોંધપાત્ર લક્ષણ છે.

આત્માને ઉદ્દેશીને ઉપદેશાત્મક નિરૂપણ જોવા મળે છે.

ચેતન ચેતો ચતુર અબોલા, સૂતા જાગો રે, મારા નણદીના વીરા, દ્વારા ઉપદેશનું સૂચન થાય છે.

## જ્ઞાનગર્ભિત 'હ' વ્યંજનનો હાહાકાર અને હર્ષ

હર્ષ મુનિ કલ્યાણપ્રભવિજયજીએ કલ્યાણ કૌતુક કણિકામાં 'હ' વિશેનો કટાક્ષયુક્ત પરિચય આપીને હરિયાળી વિશેનો સંદર્ભ દર્શાવ્યો છે. 'હ' થી શરૂ થતી હરિયાળીમાં પણ કૌતુક છે.

જ્ઞાનગર્ભિત 'હ' વ્યંજનનો હાહાકાર અને હર્ષ વિદ્યાભ્યાસના પ્રથમ પગથીયામાં મૂળ પાયારૂપ મૂળાક્ષરો અને બારાક્ષરીની પંક્તિમાં બત્રીશ વ્યંજન આવે છે, તે માંહેલો છેલ્લો વ્યંજન જે મહાપ્રાણ 'હ' છે, તે એક સમયે પંડિતોની મહાસભામાં પોકાર (હાહાકાર) કરવા લાગ્યો કે વ્યંજનમાં મારો છેલ્લો નંબર રાખ્યો છે તેથી હું ઘણો જ દીલગીર છું, કારણ કે મારાથી નાના વ્યંજનોને પણ મારાથી ઉપરની પંક્તિમાં ગોઠવીને મને અત્યન્ત અન્યાય આપ્યો છે, માટે એ બાબતમાં મારી અરજ એ છે કે તમો જગત પ્રસિધ્ધ દુનિયાના ડાહ્યા વિદ્વાનોએ મને અદલ ઈન્સાફ આપી ઉંચ પંક્તિમાં મૂકવા કૃપા કરવી, ત્યારે કવિઓએ તેને કુશળતા-પૂર્વક ઊંડો વિચાર કરી જવાબ આપ્યો કે હે 'હ' તું શા માટે આમ હાહાકાર ને હાયવોય કરે છે, તું શાન્ત ચિત્તે વિચાર કરીશ તો માલુમ પડશે કે જે છેલ્લો છે, તે જ ચિત્તે વિચાર કરીશ તો માલૂમ પડશે કે જે

છેલ્લો છે તે જ પરિણામે પહેલો જ છે. જો સાંભળ, તને ક્યાં ક્યાં પહેલો નંબર મલ્યો છે, અને કેવા મહાન જ્યોર્તિધરોએ અને પૂર્વે થઇ ગયેલા મોટા મોટા શાસ્ત્રકાર મહારાજાઓએ તારૂં સન્માન અને સત્કાર કરીને મંત્રાક્ષરોની રચના જેવા ઉચ્ચ સ્થાને પ્રથમ દરજ્જે પધરાવ્યો છે. પ્રથમ તો શ્રી સિધ્ધચક્ર ભગવાનની શાશ્વતી બે ઓળી જે દરવર્ષે વર્ષમાં બે વાર ચૈત્ર માસમાં તથા આસો માસમાં આવે છે, જેની પુષ્કળ આરાધના ગામોગામ અને શહેરે શહેરમાં થાય છે તેના મંત્રાક્ષરો મધ્યે ગગન બીજરૂપે તારું સ્થાન છે. તે પછી હ્રૂઁ હ્રીઁ વિગેરે મંત્રાક્ષરોમાં પણ તારૂં અગ્રસ્થાન છે. પૂર્વે થઇ ગયેલા તપસ્વી મુનિ હરિકેશી મુનિવરે તથા બાવીસમા તીર્થંકર નેમનાથ ભગવાનના ભાઈ શ્રી કૃષ્ણ વાસુદેવે હરિનામ ધારણ કરીને તથા સ્વર્ગાધિપતિ ઈંદ્ર મહારાજાએ હરિનામ ધારણ કરીને તેમજ મહાન ધુરંધર એવા ચૌદશો ચુંવાલીસ ગ્રંથના કર્તા શ્રીમાન હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ તથા કલિકાળ સર્વજ્ઞ પરમાર્હત્ કુમારપાળ ભૂપાળ પ્રતિબોધક શ્રીમાન્ હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજાએ અને દીલ્લીપતી મોગલ બાદશાહ અકબરશાહ પ્રતિબોધક અહિંસાના પ્રખર ઉપદેશક તેમજ જૈન ધર્મનો ઝંડો જગતમાં ફરકાવનાર શ્રીમાન હીરવિજયસૂરિશ્વરજી મહારાજા (હીરલાદાદા) એ ઈત્યાદિ પૂર્વાચાર્યોએ પોતાના નામમાં પ્રથમ પદે બિરાજમાન કર્યો છે. તેમજ વિવિધ પૂજા સંગ્રહના કર્તા શ્રીમાન પ્રસિધ્ધ વક્તા કવિ પંડિત પન્યાસ પ્રવર શ્રી વીરવિજયજી ગણિવરજી મહારાજાએ અદ્ભૂત કૌતુક કુશળ કલ્યાણકારી શ્રી હરિયાળીઓમાં પણ પ્રથમ (હ) તારૂં જ ગૌરવ જણાય છે. માટે હે 'હ' હવે તારી દીલગીરી દુર કરી હર્ષ આનંદમાં મગ્ન થઇ રાજીરાજી થઇ જવું જોઇએ, એ સાંભળીને 'હ' તો ઘણો જ ખુશીખુશી થયો થકો અત્યંત ઉલ્લાસપૂર્વક ખડખડ હસવા લાગ્યો, નાચવા લાગ્યો, તે જોઇ તેના હિતસ્વિઓએ પણ તેને સભા ભરીને મુબારકબાદી તથા ધન્યવાદ આપ્યો. ઈતિ શુભં ભવતુ. સમાપ્ત વ્યંજનાધિપત્તિ મહાપ્રાણે હકાર વર્ણન.

(સંદર્ભ : કલ્યાણ કૌતુકકણિકા) પાન નં.-૨૧

# પ્રકરણ - ૫

# ઉપસંહાર

જૈન સાહિત્ય અન્ય પ્રાદેશિક ભાષાઓના સાહિત્યની તુલનામાં સાંસ્કૃતિક મૂલ્યોનું જતન અને સંવર્ધન કરીને સમસ્ત માનવ સમુદાયને સાત્ત્વિક્તાના સંસ્કારોના સિંચન દ્વારા જીવન ચેતનવંતુ અને શાંતિદાયક કરવામાં મહત્વનો ફાળો આપે છે. મધ્યકાલીન કાવ્ય સાહિત્ય પ્રત્યે દષ્ટિ કરતાં વિવિધ પ્રકારનાં કાવ્યો વિપુલ પ્રમાણમાં સર્જાયાં છે, તેમાં હરિયાળી કાવ્યપ્રકાર સુષુપ્ત દશામાં છે તેની સમૃદ્ધિ દર્શાવવા માટે સ્વરૂપ અને વિભાવના દ્વારા એમ જાણવા મળે છે કે ઊંચી કવિપ્રતિભા વગર હરિયાળી કાવ્યનું સર્જન થઇ શકે નહિ, સર્જકને વત્તે ઓછે અંશે જન્મજાત સર્જન પ્રક્રિયાની બક્ષિસ મળી છે, તેનો આર્વિભાવ એમની કૃતિઓમાં દષ્ટિગોચર થાય છે.

'હરિયાળી' કાવ્યોનું આગમ ગ્રંથોના સમયથી અને સંસ્કૃત ભાષામાંની વૈદિક પરંપરાથી વર્તમાન સમય સુધી સર્જન થઇ રહ્યું છે. યોગ સાધના અને ભક્તિના સમન્વયવાળી આ કાવ્યસૃષ્ટિમાં વિહાર કરવાનો અભૂતપૂર્વ આનંદ અવર્ણનીય છે. સંશોધન પ્રવૃત્તિના પરિણામે આ કાવ્યપ્રકારને પ્રકાશમાં લાવવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે. સાહિત્યના સમૃધ્ધ વારસાને સંશોધન દ્વારા પ્રગટ કરી શકાય છે તે દષ્ટિએ આ સંશોધન સાહિત્યની વિકાસ યાત્રામાં નમૂનારૂપ બની રહેશે.

સંશોધન પ્રવૃત્તિ અન્ય ક્ષેત્રોમાં ચાલે છે તેની તુલનામાં સાહિત્યના ક્ષેત્રમાં ઓછી છે. ભૌતિક સુવિધાઓ માટેનાં અન્ય સંશોધનો માત્ર આ જન્મમાં જ ઉપકારક નીવડે છે. જ્યારે ધાર્મિક સાહિત્યના સંશોધન દ્વારા એક અદના માનવીથી આરંભીને સમસ્ત જનસમુદાયના કલ્યાણની ઉદાર અને ઉદાત્ત ભાવનાને ચરિતાર્થ કરી શકાય છે. સાહિત્યનો માનવ સમાજ પર ઊંડો પ્રભાવ પડે છે. તે દષ્ટિએ આવી વિશિષ્ટ કૃતિઓ દ્વારા બૌધ્ધિક

વિનોદની સાથે નિર્દોષ આનંદ પૂરો પાડે છે.

હરિયાળીના સ્વરૂપલક્ષી અભ્યાસથી તેનો કાવ્ય તરીકે વિસ્તૃત પરિચય થાય છે, તદ્દુપરાંત તેમાં નવાં પરિમાણો નિહાળી શકાય છે. મધ્યકાલીન કાવ્ય પ્રકારોની વિવિધતામાં ચાર ચાંદ લગાવે તેવી એની કાવ્ય સૃષ્ટિ છે.

પંન્યાસ ધરણેન્દ્રસાગરજી સંપાદિત આધ્યાત્મિક હરિયાળી પુસ્તકમાં હરિયાળીઓનો સંચય થયો છે. કેટલીક હરિયાળીઓનો સામાન્ય અર્થ આપ્યો છે અને બાકીની હરિયાળીઓ સુધનહર્ષ અને અન્ય કવિઓની છે તેનો ગૂઢાર્થ આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવ્યો છે.

પ્રો. હીરાલાલ કાપડિયાની વર્ણ (સ્વર-વ્યંજન) વ્યવસ્થાનો આશ્રય લેતી પ્રયોગશીલતાનો પરિચય 'હરિયાળી સંચય' પુસ્તકમાંથી મળે છે.

હરિયાળી વિશે ઉપરોક્ત પ્રકાશન પ્રાપ્ત થાય છે. હરિયાળી સ્વરૂપ અને વિભાવના પુસ્તક પ્રગટ કરીને તેની લાક્ષણિક્તાની સાથે સાથે ઐતિહાસિક વિગતો દ્વારા સ્વતંત્ર કાવ્ય પ્રકાર તરીકેની તેની પ્રતિભાનું દર્શન કરાવવામાં આવ્યું છે તે આ પ્રકાશનની વિશેષતા છે.

હરિયાળી સ્વરૂપનો અન્ય પ્રાદેશિક સ્વરૂપો સાથે તુલનાત્મક અભ્યાસ કરવાથી કાવ્ય સાહિત્યની વિસ્તરેલી ક્ષિતિજનો અભિનવ ઉન્મેષ જોવા મળે છે. સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી, મરાઠી, હિન્દી, રાજસ્થાની, અરબી, ફારસી ભાષાઓની આવી કૃતિઓ જોઈએ છીએ ત્યારે એમ લાગે છે કે સાહિત્યને કોઈ એક ભાષા કે પ્રદેશ સાથે સંબંધ નથી પણ વિશ્વની વિવિધ ભાષાઓમાં તેનો પ્રસાર થયો છે. સાહિત્યનો જીવન સાથેનો અવિચ્છિન્ન સબંધ પ્રગટ થાય છે.

સાંપ્રદાયિક સાહિત્યમાં સમયને અનુરૂપ કલાતત્ત્વ નિહિત છે પણ માત્ર કલાતત્ત્વની માવજત એજ સર્જકની સર્વોપરિ પ્રવૃત્તિ નથી. કલા

અને જીવનનો સમન્વય સધાય, જીવન મૂલ્યોનો હ્રાસ થતો અટકે અને સંસ્કાર સંવર્ધન થાય એ સર્જક દ્વારા સિધ્ધ થાય તો તે સાહિત્યની પણ ઉત્તમોત્તમ ઉપલબ્ધિ છે. આવા સાહિત્યમાં સર્જકની ઉદાત્ત માનવ ચેતનાનો હૃદયસ્પર્શી આવિષ્કાર થયેલો હોય છે. અર્વાચીન જૈન સાહિત્યનો ઈતિહાસ, જૈન સાહિત્યની નવલકથાઓ, જીવનચરિત્ર, વિપુલ કથાસાહિત્ય, નાટક, બાળ સાહિત્ય, વિવેચન, પત્રકારત્વ, સામયિકો, અનુવાદ પ્રવૃત્તિ, હસ્તપ્રતોનું સંશોધન-સંપાદન, વગેરે ક્ષેત્રોમાં જૈન સાહિત્યની સમૃદ્ધિ ને ઓજસ ખાણમાં પૂરાયેલા કિંમતી રત્નો સમાન છે, એની ઝળહળતી કાંતિથી જીવનપંથ ઉજ્જવળ બને તેમાં કોઈ શંકા નથી. આ સિદ્ધ કરવા માટે સંશોધન પ્રવૃત્તિને વધુ ગતિશીલ કરવાની આવશ્યકતા છે. આપણા સમૃદ્ધ સાહિત્યનાં ઉપેક્ષિત ક્ષેત્રોમાં લેખકો, સંશોધકો અને સાહિત્યરસિક વર્ગના લોકોએ ઉત્સાહપૂર્વક પદાર્પણ કરીને તેના વિકાસમાં સહભાગી બનવું જોઈએ. તેનાથી શ્રુતજ્ઞાન ભક્તિ નિમિત્તે જ્ઞાનનો ક્ષયોપશમ અને સ્વાધ્યાય દ્વારા (અભ્યંતર તપ) સદ્ભાવના જાગૃત થાય છે. ભવાંતરમાં પણ તેના પ્રબળ સંસ્કારો પુનર્જીવિત થતાં આત્મોન્નતિના રાજમાર્ગ પર યાત્રા કરી શાશ્વત સુખની પ્રાપ્તિ સહજ બની જાય છે.

જૈન સાહિત્યનો અભ્યાસ આપણા સાંસ્કૃતિક, ધાર્મિક અને સમાજઘડતરની ત્રિવિધ પ્રક્રિયામાં પૂરક બને તેવી સમર્થ શક્તિનો વાચકોને પરિચય થાય એવી મનોકામના ઉચિત લેખાશે.

મારી મતિમંદતાને કારણે જિન શાસ્ત્ર વિરૂદ્ધ લખાયું હોય તો વિનમ્રભાવે ક્ષમા યાચું છું.

# ૬. પરિશિષ્ટ

પ્રહેલિકા એટલે ઉખાણાં જેની વ્યાખ્યા છે प्रहेलिका यथा नाम परः संदित्यते तादृश गुप्ता भिधानम्। નામ એ રીતે ગુપ્ત રાખવું કે જેથી સામેના માણસને સંદેહ થાય. આવા શ્લોકોથી તર્કશક્તિ વધે છે અને અર્થની વિવિધતાનો ખ્યાલ આવે છે. ઉદા. નીચે પ્રમાણે છે.

न तस्यादिर्न तस्यान्तो मध्ये यस्तस्य तिष्ठति ।
तवाच्चस्त्ति ममाच्यस्ति यदि जानासि तद्वद ॥

જેમાં 'ન' પહેલો આદિમાં છે અને 'ન' અંતમાં છે. વચ્ચે જેમાં 'ય' રહેલો છે જે મારી અને તારી બન્ને પાસે છે. જો જાણતા હો તો કહો.

જેનો આદિ અને અંત નથી અને મધ્યમાં રહે છે.

(જવાબ : નયન)

कृण्ण मुखी न मार्जारी द्विजिह्वा न च सर्पिणी ।
पंच भर्त्री न पांचाली यो जानाति स पंडितः॥

કાળું મુખ છે છતાં બિલાડી નથી, બે જીભ છે છતાં સાપણ નથી, પાંચ પતિ છે છતાં દ્રૌપદી નથી, આ જે જાણે છે તે પંડિત છે.

(જવાબ : કલમ)

अपदा दूरगामी च साक्षरो न च पण्डितः।
अमुखः स्फुटवक्ता च यो जानाति स पण्डितः॥

પગ વગરનો છે છતાં દૂર ગમન કરે છે, પોતે સાક્ષર છે છતાં પંડિત નથી, જેને મુખ નથી તો પણ સ્પષ્ટ વક્તા છે, તેને જે જાણે છે તે પંડિત છે.

(જવાબ : કાગળ-લખેલો અથવા- પત્ર)

सुवर्णालंकृता कन्या हेमालंकारवर्जिता।
सा कन्या विधवा जाता गृहे रोदिति तत्पतिः॥

**અર્થ :** સુવર્ણનાં અલંકારો ધારણ કરેલાં છે. સુવર્ણનાં (સોનાનાં) અલંકારોનો ત્યાગ કર્યો છે. જે (સ્ત્રી) વિધવા બની છે તેનો પતિ ઘેર રૂદન કરે છે. આવા વિરોધીભાસવાળાં વિધાનોથી આશ્ચર્ય થાય છે. આતો શબ્દાર્થ છે તેનો ગૂઢાર્થ નીચે પ્રમાણે છે.

સુવર્ણ ઉત્તમવર્ણ રૂપરૂપનો ભંડાર સમાન સ્ત્રી છે. શરીરનું સૌન્દર્ય નૈસર્ગિક રીતે જ સુંદર હોય તો તેનાથી તે સ્ત્રી શોભે છે. શરીરનાં અંગો, સપ્રમાણ રૂપ એ અલંકાર સમાન શોભા આપે છે એટલે રૂપ અને મોહક સૌન્દર્યવાળી સ્ત્રી છે. સુવર્ણ-સોનાનાં આભૂષણોનો ત્યાગ કર્યો છે તેનો અર્થ એ છે કે પ્રથમ પંક્તિમાં દર્શાવ્યા પ્રમાણે સર્વાંગ સુંદર સ્ત્રી છે. એટલે તેણીએ સોનાનાં આભૂષણોનો ત્યાગ કર્યો છે. આ સ્ત્રી વિધવા છે પણ અહીં વિધવાનો અર્થ વિશેષ વધારે પતિ વાળી છે એટલે કે વેશ્યા છે. વેશ્યાને ઘણા પતિ હોય છે. ઘણા પતિવાળી સ્ત્રી-વેશ્યા છે. આવી સ્ત્રીનો પતિ ઘેર રડતો હોય તે સ્વાભાવિક રીતે સમજી શકાય છે.

પ્રહેલિકાનો આ સંદર્ભ હરિયાળી સ્વરૂપના વિકાસનું એક વિનોદયુક્ત ઉદાહરણ છે.

वृक्षाग्रवासी न च पक्षिराजः
त्रिनेत्रधारी न च भूतनाथः
तृणं च शैया न च राजयोगी
जलं च बिभ्रत् न घटो न मेघः ॥ १॥

**અર્થ :** વૃક્ષના અગ્ર ભાગ ઉપર રહે છે પણ તે પક્ષી નથી. ત્રણ આંખવાળા છે છતાં શંકર નથી. ઘાસની શૈયા છે છતાં યોગી નથી.

પાણીને ધારણ કરે છે છતાં તે ઘડો નથી અને મેઘ પણ નથી.

(જવાબ : શ્રીફળ - નાળિયેર)

વૃક્ષના અગ્રભાગ ઉપર પક્ષી સમાન રહે છે. શ્રીફળને શંકર સમાન ત્રણ નેત્ર છે. ઘાસની શૈયા એટલે કે શ્રીફળના ઉપરના રેસાઓના સમૂહ શૈયા સમાન છે. શ્રીફળના અંદરના ભાગમાં ઘડો કે મેઘ નથી છતાં જળને ધારણ કરે છે.

**કૂટ પ્રશ્ન :**

तातेन कथितं पुत्र लेखं लिख ममाज्ञाया।
न तेन लिखितं लेखः पितुराज्ञा न लोपिता॥

પિતાએ પુત્રને કહ્યું કે મારી આજ્ઞાથી લેખ લખ. તેણે લેખ લખ્યો નહિ અને પિતાની આજ્ઞાનું પાલન કર્યું. કૂટ અર્થ - ન તેન એટલે નમ્ર અર્થ કરવાથી તેણે લેખ લખીને આજ્ઞા લોપી નહિ.

सुवर्णस्य सुवर्णस्य सुवर्णस्य च जानकि।
प्रेषिता तव रामेण सुवर्णस्य च मुद्रिकाः ॥

હનુમાન કહે છે હે જાનકી ! તમારા રામે સુવર્ણની સુવર્ણની સુવર્ણની સુવર્ણની વીંટી મોકલી છે. ૧ સુવર્ણ એટલે ચળકતો રંગ (glittering) ૨. સુવર્ણ - સુંદર અક્ષર ૩. સુવર્ણ - ૮૦ રતિ વજન ૪. સુવર્ણ - સોનું. સોનાની એમ સુવર્ણ શબ્દના ચાર અર્થવાળી હનુમાનની ઉક્તિ છે.

(સંદર્ભ : સુભાષિત રત્ન ભાણ્ડાગાર)

# પ્રતીકાત્મક હરિયાળી (સાર્થ)

પાંચો ઘોરે રથ એક જુતા સાહિબ ઉસકા ભીતર સોતા,
ખેડુ ઉસકા મદમત વારા ઘોરો કો દૌરવન હારા,
ઘોરે લુચ્ચે ઉડ ઉડ ચાહે રથકો ફેરી ઉવટ વાહે,
વિષમપંથ ચિંહુ ઔર અંધીયારા તો બિન જાગે સાહેબ પ્યારા. (૧)

ખેડુ રથકો દુર દોડાવે બે ખબરી સાહિબ દુઃખ પાવે,
રથ જંગલમેં જાય અસુઝે સાહિબ સોયા કછુ ન બુઝે. (૨)

ચોર ઠગોરા વહાઁ મીલ આયે, દોનોં કો મદ પ્યાલે પ્યાયે,
રથ જંગલ મેં જીરન કીના માલ ધનીકા ઉતાર દીના,
ધની જાગ્યા તબ ખેડુ બાંધ્યા રાસ પરોણા લે સીર સાંધ્યા,
ચોર ભગે રથ મારગ લાયા અપની રાજ વિનય ફિર પાયા. (૩)

(ઉપા. વિનયવિજયજી)

વિનયવિજય ઉપા.જીની આ હરિયાળી પ્રતીકાત્મક પ્રકારની છે તેમાં જીવાત્મા ભવભ્રમણ કરે છે અને મનુષ્ય જન્મ નિષ્ફળ ગુમાવી દે છે, તેના સંદર્ભમાં અભિવ્યક્તિ કરવામાં આવી છે.

**શબ્દાર્થ :** એક રથને પાંચ ઘોડા જોડવામાં આવ્યા છે. તેનો માલિક અંદર સૂતો છે. તે માલિક મદમસ્ત બનીને ઘોડાને દોરે છે. આગળ લઇ જાય છે. ઘોડા સીધા ચાલતા નથી, આડાઅવળા ચાલીને રથને અવળે માર્ગે લઇ જાય છે. તે પંથ વિષમ છે. ત્યાં ગાઢ અંધકાર છે તો પણ તેનો માલિક જાગતો નથી. માલિક રથને ગમેતેમ દોડાવે છે અને તે દુઃખ પામે છે. આવી રીતે જતાં રસ્તામાં ચોર મળ્યા અને અભિમાનમાં ગરકાવ કરી દીધો. આવી રીતે ફરતાં રથ જીર્ણ થઇ ગયો એટલે રથમાંથી માલિકને ઉતારી દીધો.

આવી સ્થિતિમાં રથનો માલિક જાગી ગયો પણ ખેડૂતે એને બાંધી દીધો અને રાસ (દોરડું) પરોણું લઈને મસ્તક પર લગાવ્યું ત્યારે ચોર ભાગી ગયો અને રથ સીધા રસ્તે આવી ગયો (સાચી દિશા-માર્ગ) છેવટે પોતાનું ગુમાવેલું સામ્રાજ્ય પામી ગયો એમ વિનયવિજયજી ઉપા. કહે છે.

**ગૂઢાર્થ :** પાંચ ઘોડા એટલે પાંચ ઈન્દ્રિયો અને તેના વિષયો. રથ એટલે શરીર. સાહિબ એટલે માલિક-આત્મા.

શરીરરૂપી રથને પાંચ ઈન્દ્રિયોરૂપી ઘોડા તેને દોડાવે છે. ઈન્દ્રિયો જુદા જુદા વિષયોમાં દોડે છે. વાસનામાં ભટકે છે. ખેડુ એટલે મન. મનુષ્યનું મન આ વિષયોમાં મદમસ્ત બની ગયું છે. પરિણામે જીવનરૂપી રથ આગળ વધે છે. મનની ઈચ્છા પ્રમાણે વિષયો તરફ પૂરપાટ દોડે છે. પાંચે ઈન્દ્રિયો આકાશને પણ આંબી જાય તેવી અવનવી ઈચ્છાઓ કરીને ઉડ્યા કરે છે જેથી શરીરરૂપી રથ અવળે માર્ગે વળી જાય છે. (ઉન્માર્ગે જાય છે.) માટે આ ઈન્દ્રિયો માટે લુચ્ચો શબ્દપ્રયોગ કર્યો છે. (Cunning) હવે અવળે માર્ગે ગયેલો જીવનરથ વિષમ-અંધકારમય માર્ગમાં જાય છે. જ્યાં ચોતરફ અજ્ઞાનરૂપી અંધકાર છે. છતાં આત્મા જાગતો નથી. (Conscious) મનની ઈચ્છાઓ એટલી પ્રબળ છે કે આવા માર્ગમાં પણ ઈન્દ્રિયના વિષયો જીવાત્માને દોડાવે છે, રઝળાવે છે. આવા રઝળપાટ અને મિથ્યા દોડને કારણે જીવાત્મા પારાવાર દુઃખ ભોગવે છે. જીવનરથ અજ્ઞાનતામાં ફસાયો છે. સાચો માર્ગ દેખાતો નથી, છતાં પણ તેનો આત્મા જાગતો નથી (બુઝતો). આવા ભયંકર માર્ગમાં ઠગાઈ કરનાર રાગ દ્વેષરૂપી ચોર મળ્યા અને એમને (ચોરે) જીવાત્માને મોહરૂપી મદ-મદિરા પીવડાવી એટલે એકતો ઉન્માર્ગ તેમાં અજ્ઞાનતાનો અભિશાપ ઉપરાંત રાગ દ્વેષની પરિણતિ અંતે મોહરાજાનું સામ્રાજ્ય પ્રગટ થયું, આવી સ્થિતિમાં શરીર

ઉતારી દીધું. (ત્યાગ કર્યો) માલનો અર્થ - આત્માની સંપત્તિ-જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપ આદિને ગુમાવી દીધી. હવે માલિક આત્મા એકદમ જાગી ગયો, ભાનમાં આવી ગયો. ત્યારે મનથી બંધાયો છે. શરીર વૃદ્ધ થાય પણ મન તો સદા યુવાન છે. મનથી તો રાગ દ્વેષ ને મોહ રહ્યા છે ત્યારે ઈન્દ્રિયોરૂપી ઘોડાને વશ કરવા માટે વ્રત-નિયમ-તપ-જપ આદિનો રાસ-પરોણા સમાન ઉપયોગ કરીને આત્માએ સ્થિરતા મેળવી. સંકલ્પ શક્તિથી વિરતિ ધર્મની આરાધના કરીને મનને વશ કર્યું. એટલે રાગ દ્વેષરૂપી ચોર ભાગી ગયા-સમતા-ઉપશમભાવ સ્થિરતા આવી ગઇ એટલે જીવનરૂપી રથ સન્માર્ગે આવી ગયો. અત્યાર સુધી ઈન્દ્રિયોના વિષયોમાં રખડીને રઝળેલો જીવાત્મા હવે બ્રહ્મજ્ઞાન - બ્રહ્મતેજના પ્રકાશથી સાચી દિશામાં આવી ગયો. છેવટે આત્માએ પોતાનું સામ્રાજ્ય આત્માની સંપત્તિ જ્ઞાન દર્શન ચારિત્ર આદિ ગુણયુક્ત સ્વસ્વરૂપ સિદ્ધબુદ્ધ સ્થિતિમાં આવી ગયો. વિનયવિજયજી ઉપા. કહે છે કે જીવાત્માએ પોતાનું અસલ મૌલિક સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

## હરીઆલી

પંડિત કહ્યો અર્થ વિચારી એ હરીઆલી કામણગારી ।
નારી નિરુપમ નેહ જ દીસઈ દેખી નરનારીનું મનડું હીંસઈ ॥ ૧ ॥

દીસઈં નાની ગુણમણિ ખાની રાય-રાયે તેહનિ સહૂ માની ।
બઈ નારિ મલી નઈ નર નીપાયો તેહનિ નારિ નિજવંશ દીપાયો ॥ ૨ ॥

તેહનો વાસ અછઈં વનમાંહિ ઊભી અહનિશિ રહઈ ઉચ્છાહિં ।
આદરમાન બહુ તેહનિં દેઈ જગ સઘલઈ માનિ કર લેઈ ॥ ૩ ॥

કૃશોદરી નઈં બહુ પુત્ર પ્રસવઈં પાર નહી તેહના પુત્રનો પુહવઈં ।
પાયવિહૂની(ણી) કરવિહુણી પુરણ આસ કરઈ તે સહૂની ॥ ૪ ॥

જેણઈ તે નારી સમીપઈં ન આવઈં તે નરનિં કોઈ નવિ બોલાવઈં ।
તેહસ્યું જે ઘણું નેહ લગાવઈં સુખ સંપત્તિ બહુલી તે પાવઈં ॥ ૫ ॥

ચ્યારિ નારિ એહવો પણિં તેહનિં નર સેવઈં છઈં અહનિર્શિ જેહનિં ।
પ્રગટ બાલ નવિ બોલઈં કહીઈં આણ અખંડિત સહુ નીર વહીઈં ॥ ૬ ॥

સાત દિવસની અવધિ કહ્યો નહીતર ગરવ કોઈ મત વહ્યો ।
વાચક શ્રી જસવિજયર્નિ સીસિં તત્વ વિજય કહઈં મનહ બગીસિં ॥ ૭ ॥

(અનુસંધાન - અંક ૧૫માં પ્રકાશિત)

**અર્થ :**

૧. હે પંડિત ! આ કામણગારી હરિયાળીનો અર્થ વિચારીને કહેજો. આ નારી અનુપમ છે એને જોઈને નરનારીનું મન ખેંચાય છે.

૨. એ દેખાવમાં નાની છે પણ ગુણોની ખાણ છે, એને રાય-રાણા પણ માને છે, બે નારીએ મળીને એક નર ઉત્પન્ન કર્યો અને એ નરે પોતાનો વંશ દીપાવ્યો.

૩. એનો વાસ વનમાં હોય છે. એ હમેશાં ઉત્સાહપૂર્વક ઊભી હોય છે જગત એને ઘણું માન આપે છે, આદરપૂર્વક હાથમાં લે છે.

૪. એ પાતળી છે પણ ઘણા પુત્રોને જન્મ આપે છે. એના પુત્રોનો પૃથ્વી ઉપર કોઈ હિસાબ નથી, એ હાથ-પગ વિનાની છે પણ બધાની આશા પૂરી કરનારી છે.

૫. આ નારી જેની પાસે ન જાય તેવા પુરુષને કોઈ બોલાવતું નથી. જે પુરુષ આ નારી પર પ્રેમ રાખે છે તે બહુ સુખ સંપત્તિ પામે છે.

૬. જેને ચાર પત્ની છે એવો એક નર આ નારીને હંમેશા સેવે છે. આ નારી પ્રગટ રીતે બોલતી નથી પણ તેની આજ્ઞા બધાય પાળે છે.

૭. આ હરિયાળીનો અર્થ સાત દિવસમાં કહેજો, નહીંતર ગર્વ મૂકી દેજો. વાચકજસવિજયના શિષ્ય તત્ત્વવિજય આનંદથી પ્રમાણે કહે છે.

જવાબ :-

આ નારી એટલે કલમ. બે નારીએ મળીને નર ઉત્પન્ન કર્યો-કલમ અને શાહી બંને મળીને અક્ષર પાડે છે. કલમ 'બરુ' જેવા ઘાસમાંથી બને છે. જે જંગલમાં નદી નાળામાં ઊગે છે. અને ઊંચું હોય છે. પુત્રો એટલે અક્ષર. ચાર પત્નીવાળો પુરુષ એટલે ચાર આંગળી.

અર્થકર્તા : મુનિશ્રી ભુવનચંદ્રજી

ઘોરા જુઠ હય મત તું ભુલે અસવારા
તું હીં મુધા હય લગ તોહે પ્યારા અંતે હો ગયા ન્યારા
અરે ચીજ ડરકયે દસે ઉવટ ચલે અટારા
જીને કરે તબ સોયા ચાહે ખાને કો હુંશીયારા
ખૂબ ખજીના ખરચ ખીલાઓ ધો સબ ન્યારા મતવારા
અસવારીકા અવસર હોયે ગળીયા હોવે ગમારા
છીનુ તાતા છીનુ પ્યાસા ખિદમત બહોત કરાવનહારા
દૂર દોરે જંગલમેં ડારે, ઝુરે ધની બિચારા
કરો ચૌકડા ચાતુર ચૌક્સ ધો ચાલક ચારા ધો
ઈસ ઘોરે કો વિનય શીખાઓ યું પાવો ભવપારા.

## રામાયણ - (રૂપકાત્મક હરિયાળી)

(રાગ-સારંગ)

વિરાજે રામા ઈન ઘટ માંહિ મર્મી હોય મરમ સો જાનૈ
મૂરખ માનૈ નાહિં. વિ. ॥૧॥

આતમરામ જ્ઞાન ગુણ લછિમન સીતા સુમતિ સમેત,
શુભ પયોગ વાનર દલમંડિત વર વિવેક રન ખેત. વિ. ॥૨॥

ધ્યાન ધનુષ ટંકાર શોર સુનિ ગઈ વિષૈ દિન ભાગિ,
ગઈ ભસમ મિથ્યામતિ લંકા, બઢિ ધારના આગિ. વિ. ॥૩॥

જો અજ્ઞાન ભાવ રાક્ષસકુલ, લહે નિકાચિત સૂર,
જુઝે રામ દોષ સેનાપતિ સંશય ગઢ ચકચૂર. વિ. ॥૪॥

વિલખિત કુંભકરન ભવ વિભ્રમ, પુલકિત મન દરિયાવ,
શંક્તિ ઉદાર વીર મહિરાવણ, સેતબંધ સમ ભાવ. વિ. ॥૫॥

મૂર્છિત મંદોદરી દુરાશા સજાગૈ વર હનુમાન,
ઘટી ચતુર ગતિ પરણતિ, સેના છુટ ક્ષિપક ગુનવાન. વિ. ॥૬॥

નિરખિ શકતિ ગુણ ચક્રસુદર્શન, ઉદે વિભીષન દીન,
ફિરૈ કર્માંધ મોહ રાવનકી પ્રાણ ભાવ શીર હિન. વિ. ॥૭॥

ઈહિ વિધિ સકલ સાધુ ઘટ અન્તર હોઈ સહજ સંગ્રામ,
યહ વ્યવહાર દષ્ટિ રામાઈન, નિહચૈ કેવલ રામ. વિ. ॥૮॥

- દેવચંદ્રજી

(અધ્યાત્મગીતા - પા. ૩૨)

# ૭. પુસ્તક સૂચી


૧. અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૭૭
સંકલનકાર પ્રો. કુમુદચંદ્ર જી. શાહ
પ્રથમ આવૃત્તિ - સં. ૨૦૪૯

૨. આનંદઘન પદ્ય રત્નાવલી - મોતીચંદ ગિ. કાપડિયા
પ્રકાશક : જૈન ધર્મ પ્રસારક સભા - ભાવનગર
પ્રથમ આવૃત્તિ - સં. ૧૯૭૧

૩. આનંદઘનજીનાં પદો ભાગ - ૧-૨ - મોતીચંદ ગિ. કાપડિયા
પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈ
પ્રથમ આવૃત્તિ - સં. ૨૦૨૦

૪. આધ્યાત્મિક હરિયાળી - સંપા. પંન્યાસ ધરણેન્દ્રસાગર
પ્રકાશક : શ્રી જૈન શ્વેતાં. મૂર્તિ. સંઘ
શ્રી રત્નપ્રભ ધર્મગુરુભવન, આહોરકી હવેલી, જોધપુર (રાજ.)
પ્રથમ આવૃત્તિ - ઈ.સ. ૧૯૮૮

૫. શ્રી કલ્યાણ કૌતુક કણિકા - લે. મુનિરાજ કલ્યાણપ્રભવિજયજી
પ્રથમ આવૃત્તિ - સં. ૨૦૧૧

૬. કબીર વાણી સુધા - ડૉ. પારસનાથ તિવારી
પ્રકાશક : રાકા પ્રકાશન - ૪૦૧, મોતીલાલ નહેરુ રોડ, ઈલાહાબાદ,
પાંચમી આવૃત્તિ - ઈ.સ. ૧૯૮૮

૭. કબીર વચનામૃત - ડૉ. વિજયેન્દ્ર, ડૉ. રમેશચન્દ્ર મિશ્રા
પ્રકાશક : નેશનલ પબ્લીકેશન હાઉસ,
૨૩, દરિયાગંજ નઈ - દિલ્હી

૮. કબીરવાણી વિચારધારા - ડૉ. ગોવિન્દ ત્રિગુણાયત
પ્રકાશક : સાહિત્ય નિકેતન, શ્રદ્ધાનંદ પાર્ક, કાનપુર - ૧.

૯. કબીરગ્રંથાવલી - મોતીપ્રસાદ ગુપ્ત
લોકભારતી પ્રકાશન : ૧૫ એ, મહાત્માગાંધી માર્ગ, ઈલાહાબાદ
પ્રથમ સંસ્કરણ - ફેબ્રુઆરી ૧૯૬૯

૧૦. કાવ્ય સુધાકર - આચાર્ય અજિતસાગરસૂરિ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
પ્રથમ આવૃત્તિ - ઈ.સં. ૧૯૨૫

૧૧. ગહુલી સંગ્રહ - આ. બુદ્ધિસાગરસૂરિ

૧૨. ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથ
લેખક : જયંતિલાલ આચાર્ય
પ્રકાશક : ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ

૧૩. ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો (મધ્યકાલીન)
પ્રો. મંજુલાલ મજમુંદાર, આચાર્ય બુક ડેપો, વડોદરા
પ્રથમ આવૃત્તિ - ઈ.સ. ૧૯૫૪

૧૪. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ લે.-મો. દ.દેસાઈ,
પ્રકાશક : શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ, મુંબઈ
પ્રથમ આવૃત્તિ - ઈ.સ. ૧૯૩૩

૧૫. જિનવચન - સંપા. ડો. રમણભાઈ સી. શાહ
પ્રકાશક : શ્રી જૈન યુવક સંઘ - ૩૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ

૧૬. જૈનયુગ પુ. ૨ અંક ૨-૩
શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ, પાયધુની, મુંબઈ

૧૭. પંડિત વીરવિજયજી સ્વાધ્યાય ગ્રંથ-સંપા-કાંતિભાઈ બી. શાહ
પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ઈ.સ. ૧૯૯૬.

૧૮. જિનગુણમંજરી સંગ્રાહક - પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા.
પ્રકાશક : જીતેન્દ્રકુમાર ચંદુલાલ શાહ
૪૪, હસમુખ કોલોની, વિજયનગર રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩ સંવત ૨૦૪૩

૧૯. સ્વયમ્ભૂ છન્દ - મહાકવિ સ્વયમ્ભૂ
પ્રકાશક : રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર
પ્રથમ આવૃત્તિ - સં. ૨૦૧૮

૨૦. સહજાનન્દ સુધા. - સંપા. ભંવરલાલ નાહટા
પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, રત્નકૂટ, હમ્પી, મહૈસૂર
પ્રથમ આવૃત્તિ - વીર સંવત - ૨૫૦૦

૨૧. સાધકનો સ્વાધ્યાય
પ્રકાશક : સુમનભાઈ મણિલાલ શાહ
૪૧૧, અલકા સોસા. એસ.વી. રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ

૨૨. સ્તુતિ તરંગિણી - લે. મણિપ્રભવિજયજી
પ્રકાશક : શાહ પુખરાજ જીવાજી રાજભંડારી
ગોદન જિ. જાલોર સંવત ૨૦૩૪ માગશર સુદ - ૬.

૨૩. હરિયાળી સંચય - લે. પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા
પ્રકાશક : શ્રી નેમિવિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર,
મોટો રસ્તો, ગોપીપુરા, સુરત
પ્રથમ આવૃત્તિ - ઈ.સ. ૧૯૬૯,

૨૪. હિન્દી સંતોકા ઉલટબાંસી સાહિત્ય - ડો. રમેશચંદ્ર મિશ્રા
પ્રકાશક : આર્ય બુક ડીપો
કરોલ બાગ, નઈ દિલ્હી
પ્રથમ આવૃત્તિ - ઈ.સ. ૧૯૬૯

૨૫. હંસરત્નમ મંજૂષા ભા-૨. - સંપા. નરેન્દ્રસાગર મ.સા.
પ્રકાશક : શ્રી શાસન કંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર
પો. ઠળીયા, જિ. ભાવનગર.

**સમાપ્ત**

## લેખકનો પરિચય

* શાહ કવિનચંદ્ર માણેકલાલ (જન્મસ્થળ : વેજલપુર, જ.તા. : ૩૦-૩-'૩૬)
* અભ્યાસ : બી.એ. (ઓનર્સ), એમ.એ., બી.એડ્., ટી.ડી., એલએલ. એમ., પીએચ.ડી.
* ઈ.સ. ૧૯૫૫થી ૧૯૬૬ સુધી ગજેરા, ડેરોલ સ્ટેશન અને દેલોલ હાઈસ્કૂલમાં શિક્ષક.
* ઈ.સ. ૧૯૬૬થી ૧૯૯૬ સુધી ભાદરણ, ખંભાત, કપડવણજ અને બીલીમોરા કોલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવા કરીને હાલ નિવૃત્ત.
* હળવા નિબંધો, કાવ્ય, વાર્તા અને ધર્મ-સંસ્કૃતિવિષયક લેખો લખવાનો શોખ. જૈન સાહિત્યમાં સર્જન સંશોધનપ્રવૃત્તિ.
* જૈન સાહિત્યમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કર્યા બદલ 'યશોભૂમિ સ્મારક ચંદ્રક' વિજેતા. (કવિપંડિત વીરવિજયજી : એક અધ્યયન.)
* સાહિત્ય, સંસ્કૃતિ, શિક્ષણ, કાયદો અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં અભિરુચિ અને સેવાકીય પ્રવૃત્તિઓમાં યોગદાન.
* ઈ.સ. ૧૯૭૦ના સપ્ટે. થી ૧૯૭૨ સુધીનો ૨‌ા (અઢી) વર્ષનો અમેરિકાનો શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવાસ, એમ.એડ્. (૧૯૭૨-જૂન), નોર્થ-ઈસ્ટર્ન યુનિ. બોસ્ટન, હેલિસ્ટન, વેલેન્ડ, પ્રોવિડન્સ, સ્પ્રિંગફીલ્ડ, ફોલરીવર, વેસ્ટ ન્યૂટન, વોલ્થેમ, ફ્રેમિંગહામ, બરલિંગ્ટન, વોશિંગ્ટન ડી.સી., ડેટ્રોઈટ, ફિલાડેલ્ફિયા, કેમ્બ્રિજ, રોકપોર્ટ વગેરે સ્થળોમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મવિષયક વાર્તાલાપ.
* પ્રગટ કૃતિઓ : નેમિ વિવાહલો, કવિરાજ દીપવજિય, જૈન સાહિત્યની ગઝલો, શ્રાવક કવિ મનસુખલાલ (સંશોધનગ્રંથ), કવિપંડિત વીરવિજયજી : એક અધ્યયન (મહાનિબંધનો સંક્ષેપ), બિંબ-પ્રતિબિંબ (કાવ્યસંગ્રહ), લલ્લુની લીલા (હળવા નિબંધો). આગામી પ્રકાશન. ગઝલની સફર, જૈન સાહિત્યમાં ગીતા કાવ્યો.
* શ્રી વિશા નીમા જૈન સમસ્ત જ્ઞાતિમંડળ વેજલપુર જૈન સંઘ, બીલીમોરા જૈનસંઘ, જૈન સોશ્યલ ગ્રૂપ-બીલીમોરા, દક્ષિણ ગુજરાત યુનિ. પ્રાધ્યાપક મંડળ- સુરત, વી. એસ. પટેલ કોલેજ-બીલીમોરા વગેરે સંસ્થાઓ દ્વારા સન્માનપત્ર- એવોર્ડપ્રાપ્તિ.
* શાળા-કોલેજ અને સેવાકીય ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં પ્રસંગોચિત પ્રવચન અને વાર્તાલાપ.
* પત્ની અ.સૌ. કુસુમબહેન, કિરણ, અસ્તિ, કિંચિત્ (પુત્રો), (સ્વાતિ) શાશ્વતયશાશ્રીજી મ.સા. (પુત્ર).